સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 43 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ કાર્તિક સુદ- ૧૧


■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

રવિવાર, ૨ નવેમ્બર ૨૦૨૫, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧

# બસ, ઈતના સા ખ્વાબ હૈ...



## આજે ભારતની દીકરીઓને મહિલા ક્રિકેટમાં ઈતિહાસ રચવાની તક છે અને કરોડો ભારતીયનું એક જ સ્વપ્ન છે કે આજે રાત્રે હરમનપ્રીતના હાથમાં હોય વર્લ્ડ કપ...તો શરૂ કરી દો આ મર્દાનીઓને ચિયર અપ કરવાનું...

નવી મુંબઈઃ હરમનપ્રીત કૌરના સુકાનમાં મહિલા ક્રિકેટરો ભારત માટે નવો ઇતિહાસ સર્જવાની તૈયારીમાં છે. આજે અહીં ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં વન-ડે વર્લ્ડ કપમાં ભારતની સાઉથ આફ્રિકા સામે ફાઇનલ (બપોરે ૩.૦૦ વાગ્યાથી લાઇવ) રમાશે.

૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં ભારતે પુરુષ ક્રિકેટમાં પ્રથમ વર્લ્ડ કપ ટ્રોફી જીતી લીધી હતી અને હવે હરમનપ્રીત મહિલાઓમાં તેમના જેવી સિદ્ધિ મેળવી શકે એમ છે. બસ, હવે એક જ સ્વપ્ન છે કે ભારતની દીકરીઓ ફાઇનલમાં સાઉથ આફ્રિકાને ધૂળ ચટાડે અને રવિવારે રાત્રે વર્લ્ડ કપ હરમનપ્રીત કૌરના હાથમાં હોય...તો તૈયાર થઈ જાવ આ મર્દાનીઓને ચિયર અપ કરવા.

આજની ફાઇનલ જીતવા માટે ભારતીય ટીમ ફેવરિટ છે. ડી. વાય. પાટીલનું મેદાન હાઈ-સ્કોરિંગ માટે જાણીતું છે. જોકે સાંજે ભેજ પણ ખેલાડીઓના પર્ફોર્મન્સ પર અસર કરી શકે. ખાસ કરીને ભારતની બૅટિંગ લાઇન-અપ જબરદસ્ત ફૉર્મમાં છે. જેમિમા રૉડ્રિગ્સે ગુરુવારે ઑસ્ટ્રેલિયા સામેની ફાઇનલમાં અણનમ ૧૨૭ રન કર્યા હતા. કૅપ્ટન હરમનપ્રીત કૌર તેમ જ વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના પણ બહુ સારા ફૉર્મમાં છે.

ભારતીય મહિલા ટીમ આજે ફાઇનલ જીતશે તો ક્રિકેટમાં ભારતીય મહિલાઓનું એ સૌપ્રથમ વર્લ્ડ કપ ટાઇટલ કહેવાશે. ભારત અગાઉ વન-ડે ક્રિકેટમાં બે વખત વર્લ્ડ કપની ફાઇનલમાં (૨૦૦૫માં અને (જુઓ પાનું ૨) ▸▸

# આંધ્ર પ્રદેશના મંદિરની ધક્કામુક્કીમાં નવનાં મોત

### મરનારાઓમાં આઠ મહિલા, એક બાળકનો સમાવેશ



**મંદિરના દ્વારે મોતઃ** આંધ્ર પ્રદેશના વેંકટેશ્વર મંદિરમાં શુક્રવારે ભક્તોની ધક્કામુક્કીમાં અનેક લોકોનાં મોત થયાં હતાં. (એજન્સી)

કાશીબુગ્ગા (આંધ્ર પ્રદેશ): અહીંના વેંકટેશ્વર મંદિરમાં શનિવારે સવારે આશરે ૧૧.૩૦ વાગ્યે થયેલી ધક્કામુક્કીમાં આઠ મહિલા અને એક બાળક સહિત ઓછામાં ઓછા નવ જણ માર્યા ગયાં હતાં.

આમ છતાં, શ્રીકાકુલમ જિલ્લાના કલેક્ટર સ્વપ્નિલ દિનકર પુંડલકરે આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા દસ જણ માર્યા ગયાં હોવાનો દાવો કર્યો હતો.

કાશીબુગ્ગા સબ-ડિવિઝન ઇન-ચાર્જ ડીએસપી લક્ષ્મણ રાવે જણાવ્યું હતું કે કાશીબુગ્ગાના વેંકટેશ્વર મંદિરમાં શનિવારે સવારે અંદાજે ૧૧.૩૦ વાગ્યે ભાગદોડ થઇ હતી.

(જુઓ પાનું ૨) ▸▸

### ઍન્ટ્રી-ઍક્ઝિટ પોઈન્ટ એક જ ને ત્યાં ૧૫,000 ભક્ત ભેગા થયા...

અમરાવતીઃ આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કાસિબુગ્ગામાં આવેલા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં શનિવારે સવારે એકાદશી દરમિયાન થયેલી ભાગદોડમાં અનેક શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. મંદિરની સાંકડી સીડી પર વધુ ભીડ એકઠી થઈ હતી. મંદિરમાં હજારો ભક્તો પૂજા માટે ભેગા થયા હતા.

આ ઘટના એ સમયે બની જ્યારે એકાદશીના અવસર પર એક ખાનગી મંદિરમાં હજારો લોકો ભેગા થયા હતા જેના કારણે ભીડ વધુ થઈ ગઈ હતી અને એક રેલિંગ તૂટી પડી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે જો મંદિર મેનેજમેન્ટે ભીડના (જુઓ પાનું ૨) ▸▸

# હિન્દુ પત્નીને ખ્રિસ્તી બનવા દબાણ કરેલું અમેરિકી ઉપ-પ્રમુખેઃ મોટો વિવાદ છેડાયો



વૉશિંગ્ટનઃ અમેરિકાના ઉપ-પ્રમખ જે.ડી. વૅન્સે પોતાની હિન્દુ પત્ની ઉષાને ધર્મ પરિવર્તન માટે પ્રેરિત કરતું નિવેદન આપ્યું હતું. જે.ડી. વૅન્સે જણાવ્યું હતું કે, હું આશા રાખું છું કે આખરે તે કોઈ રીતે ચર્ચથી પ્રભાવિત થઈ જાય. હા, સાચું કહું તો હું એવું ઈચ્છું છું. કારણ કે હું ઈસાઈ ધર્મના ઉપદેશમાં વિશ્વાસ રાખું છુ અને મને આશા છે કે આખરે મારી પત્ની પણ તેને આ દૃષ્ટિકોણથી જોશે. જો તે આવું નથી કરતી, તો ભગવાન કહે છે કે, દરેકની પાસે સ્વતંત્ર ઈચ્છાશક્તિ હોય છે. તેથી મને તેનાથી કોઈ તકલીફ નથી થતી. વૅન્સના આ નિવેદનને લોકો ધર્મ પરિવર્તન કરાવવાના દૃષ્ટિકોણથી જોઈ રહ્યા છે. જેની સોશ્યલ મીડિયા યુઝર્સ પણ આ અંગે જાતભાતની કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝર્સની કોમેન્ટ પર તો વૅન્સ રોષે ભરાઈને પોતાના નિવેદનને લઈને સ્પષ્ટતા આપવા માટે મજબૂર થઈ ગયા છે. આ નિવેદનને લઈને એક અમેરિકન પત્રકારે સોશ્યલ મીડિયા પર લખ્યું કે, ''ખ્રિસ્તી રાષ્ટ્રવાદીઓમાં પોતાની સ્વીકૃતિ વધારવા માટે સાર્વજનિક રીતે પોતાની પત્નીના ધર્મનો નીચો દેખાડી રહ્યા છે. આ કેટલું વિચિત્ર છે.'' ■

# દેશ માઓવાદીના ત્રાસમાંથી જલદી મુક્ત થશેઃ મોદી



રાયપુરઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે માઓવાદીઓના ત્રાસથી અસરગ્રસ્ત જિલ્લાની સંખ્યા ૧૧ વર્ષ પહેલાં ૧૨૫ હતી, તે હવે ઘટીને માત્ર ત્રણ જ રહી છે. દેશ નક્સલવાદના દૂષણથી જલદી મુક્ત થશે.

તેમણે છત્તીસગઢમાં વિવિધ કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે ભારત હંમેશાં વૈશ્વિક સમસ્યા વખતે મદદ કરવા આગળ આવનારો પ્રથમ દેશ રહ્યો છે. ભારત સહાય કરવા માટે વિશ્વસનીય ભાગીદાર ગણાય છે.

છત્તીસગઢની રચનાના પચીસ વર્ષ (રજત જયંતી)ની ઉજવણી નિમિત્તે નવા રાયપર ખાતે યોજાયેલા 'છત્તીસગઢ રજત મહોત્સવ'ને સંબોધતા વડા પ્રધાને જણાવ્યું હતું કે છત્તીસગઢ સ્થાપનાના પચીસ વર્ષમાં વિકાસનું 'વટ વૃક્ષ' બની ગયું છે. રાજ્ય હવે નક્સલવાદીઓની હિંસાથી મુક્ત બની રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યના લોકાએ છેલ્લાં અનેક દાયકાથી નક્સલવાદને કારણે ઘણું સહન કર્યું છે. સામાજિક ન્યાયના નામે નક્સલવાદનો બચાવ કરતા લોકો 'મગરના આંસુ સારી રહ્યા છે.'

મોદીએ આક્ષેપ કર્યો હતો કે માઓવાદી (જુઓ પાનું ૨) ▸▸



**શ્રદ્ધાંજલિઃ** રિયો ડિ જાનેરોમાં ડ્રગ ટ્રાફિકિંગ ગેન્ગને નિશાન બનાવીને પોલીસે હાથ ધરેલી કાર્યવાહીમાં ૧૦૦ કરતાં વધુ લોકોનાં મોત થયાના દિવસો બાદ શુક્રવારે સાઓ પાઓલોમાં મીણબત્તી સળગાવી રહેલા પ્રદર્શનકર્તાઓ. (એજન્સી)

### મુંબઈમાં યોજાયેલા 'સત્યાચા મોરચા'માં વિરોધ પક્ષોનો આક્ષેપ

# 'કલ્યાણ, ડોમ્બિવલી, મુરબાડ, ભિવંડીના હજારો મતદારોએ મલબાર હિલમાં મતદાન કર્યું'



**વિરોધઃ** મતદાર યાદીમાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિના વિરોધમાં મહાવિકાસ આઘાડીએ દક્ષિણ મુંબઈમાં મેટ્રો થિયેટર નજીક મોરચો કાઢ્યો હતો. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કલ્યાણ ગ્રામીણ, ડોમ્બિવલી, મુરબાડ અને ભિવંડીના ૪૫૦૦ મતદારોએ મુંબઈના મલબાર હિલ મતવિસ્તારમાં મતદાન કર્યું છે. પ્રભાકર તુકારામ પાટીલ, રામ મધુ ભોઈર અને ગજાનન પુંડલિક ભોઈર તેમાંથી કેટલાકના નામ છે, એવો ગંભીર આરોપ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારના 'સત્યાચા મોરચા'માં કરીને ચૂંટણી પંચને શાબ્દિક રીતે આડેહાથ લેતા કહ્યું કે જો છેલ્લાં પાંચ વર્ષમાં કોઈ ચૂંટણી ન થઈ હોય અને વધુ એક વર્ષ સુધી કોઈ ચૂંટણી ન થાય તો શું ફરક પડે છે?

'સત્યાચા મોરચા' (સત્ય માટે કૂચ) બપોરે મહાનગરના દક્ષિણ ભાગમાં ફેશન સ્ટ્રીટથી શરૂ થયો અને એક કિલોમીટર દૂર બીએમસી મુખ્યાલય પર સમાપ્ત થયો હતો, જેમાં (જુઓ પાનું ૨) ▸▸

# એલઓસી પરથી આક્રમણ કરવાની ફિરાકમાં પાકિસ્તાની કમાન્ડો

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુ : જો ગુપ્તચર એજન્સીની વાત સાચી માનીએ તો પાકિસ્તાનનું લશ્કર અંકુશરેખા પર તેની બોર્ડર એક્શન ટીમ (બૅટ) દ્વારા હુમલો કરાવવાનું વધારી દેશે. આ માટે લશ્કરે એલઓસીની પારના અનેક સેક્ટરમાં પોતાના કમાન્ડો તૈનાત કર્યા છે અને તેમને સાથ દેવા ૩૦૦-૪૦૦ આતંકવાદીઓને પણ ગોઠવી દીધા છે. આ અહેવાલને ભારતના સંરક્ષણ ખાતાનાં સૂત્રો સમર્થન આપી રહ્યાં છે. પાકિસ્તાન લશ્કરના આ બદઈરાદાને ધ્યાનમાં રાખીને ભારતના લશ્કરે પણ અનેક સીમા ચોકી પર કમાન્ડોને ગોઠવી દીધા છે. ગુપ્તચરના અહેવાલો બાદ ભારતે આ પગલું લીધું છે. પાકિસ્તાન આ સાથે સીઝફાયરનું ઉલ્લંઘન કરીને ઘૂસણખોરી પણ વધારી શકે.

પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરે છે એને લીધે જમ્મુ અને કાશ્મીરમાં એલઓસીને અડીને આવેલા વિસ્તારોમાં તંગદિલી વધી ગઈ છે. લશ્કરે શનિવારે માહિતી આપી કે પાકિસ્તાન એલઓસી પર કમાન્ડો હુમલાની તૈયારી કરી રહ્યું છે.

બૅટ એટલે કે બોર્ડર રેડર્સના નામે જાણીતા કમાન્ડો. આ પાકિસ્તાનના ખાસ દળોના જવાનો તથા આતંકવાદીઓનું સહિયારું સ્વરૂપ છે. છેલ્લા કેટલાંયે વર્ષોથી આ ભારતના જવાનોની કરપીણ હત્યા કરી ચુક્યું છે. અમુકના તો મસ્તક કાપી દીધા છે. એલઓસી પર બોર્ડર રેડર્સના હુમલા કંઈ નવી વાત નથી. આ હુમલા પાછળનો હેતુ ભારતીય સીમા ચોકી પર કબજો જમાવવાનો છે. પાકિસ્તાન લશ્કરની આ કોશિશ કંઈ નવી નથી. કારગિલ યુદ્ધની સમાપ્તિ બાદ હારથી હતાશ થયેલા પાકિસ્તાની લશ્કરે બોર્ડર રેડર્સની રચના કરીને અને આવા વીસ કમાન્ડો હુમલા કરીને ભારતને નુકસાન પહોંચાડ્યું હતું. ■

### બૅટ ટીમ વિશે જાણો

- બૅટ, બોર્ડ એક્શન ટીમ કે બોર્ડર રેડર્સ તરીક ઓળખાય છે. આ છાપો મારવાના યુદ્ધમાં હોશિયાર છે
- આ પાકિસ્તાન લશ્કરનું સ્પેશ્યલ સર્વિસ ગ્રુપ છે
- પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ આને સૂચના આપવાનું કામ કરે છે. બૅટ એલઓસી કે સરહદ પર દુશ્મનના વિસ્તારની એકથી ત્રણ કિલોમીટર અંદર ઘૂસે છે.
- ચાર અઠવાડિયાના હવાઈ યુદ્ધ સહિત કુલ આઠ મહિનાની તાલીમ આ કમાન્ડોને આપવામાં આવે છે.
- આ ટીમનો હેતુ સરહદે જઈને નાના હુમલાને અંજામ દેવાનો છે જેથી દહેશત ફેલાય, આ ટુકડી ઈનામ તરીકે દુશ્મનના જવાનનું માથુ સાથે લઈ જાય છે.

# ઝાયકા-એ-લખનવીઃ નવાબોના શહેરના નવાબી ખાનપાનને યુનેસ્કોની માન્યતા

લખનઊઃ બિરયાની, કબાબ સહિતના ખાનપાન માટે લખનઊનો યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક ઍન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન (યુનેસ્કો)એ 'ક્રિએટિવ સિટી ઑફ ગૅસ્ટ્રોનમી' (રચનાત્મક પાક-કલાનું શહેર)માં સમાવેશ કર્યો છે અને તેને લીધે નવાબોની આ નગરીની ખાવાની ચીજોને વૈશ્વિક માન્યતા મળી છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સમાચાર માટે ખુશી વ્યક્ત કરી હતી અને 'એક્સ' પર લખ્યું હતું કે હું વિશ્વભરના લોકોને લખનઊ આવીને અહીંના ખાનપાનની મજા લેવા માટે આમંત્રણ આપું છું. સંસ્કૃતિ માટે લોકપ્રિય આ નગર હવે ખાનપાન માટે પણ દુનિયામાં પ્રસિદ્ધિ મેળવશે. લખનઊએ ભારતની ખાનપાન કળાને વિશ્વ સ્તરે લોકપ્રિય બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

લખનઊમાં ધીમા તાપે પકવેલી બિરયાની, કબાબ, પાણીપૂરી, ક્રીમી મલાઇ ગિલોરી, આલુચાટ-મટર, સફેદ માખણમાં બનાવેલા કુલચા, ખાસ્તા-આલુ-મટર વગેરે ખાવાની ચીજો નવાબોના સમયથી દેશભરમાં લોકપ્રિય છે. ઉત્તર પ્રદેશ સરકારે સોશ્યલ મીડિયા પર મૂકેલી સંબંધિત પોસ્ટમાં લખ્યું હતું કે અવધી પરંપરાને (જુઓ પાનું ૨) ▸▸

# ૨000ની ૫,૮૧૭ કરોડ રૂપિયાની નૉટ હજુ ચલણમાં ફરી રહી છે

મુંબઈઃ ૫,૮૧૭ કરોડ રૂપિયાના મૂલ્યની ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટો હજુ પણ સર્ક્યુલેશનમાં હોવાનું આરબીઆઈ દ્વારા શનિવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું. આરબીઆઈએ ૧૯ મે ૨૦૨૩ના રોજ ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટો અર્થતંત્રમાંથી પાછી ખેંચી લેવાની જાહેરાત કરી હતી.

જોકે ૨૦૦૦ રૂપિયાની ચલણીનોટો હજુ પણ કાયદેસર ચલણ ગણાય છે. આરબીઆઈના જણાવ્યાનુસાર ૧૯ મે ૨૦૨૩ના રોજ ૩.૫૬ લાખ કરોડના મૂલ્યની ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટો અર્થતંત્રમાં હતી ત્યારે આ ચલણી નોટોને અર્થતંત્રમાંથી પાછી ખેંચી લેવાની જાહેરાત કરવામાં આવી હતી. ૩૧ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ આ આંકડો ઘટીને ૫,૮૧૭ કરોડ રૂપિયા થઈ ગયો હોવાનું આરબીઆઈએ કહ્યું હતું. ૧૯ મે ૨૦૨૩થી અત્યાર સુધીમાં ૨,૦૦૦ના મૂલ્યની ૯૮.૩૭ ટકા અર્થતંત્રમાંથી પાછી ખેંચાઈ ગઈ હોવાનું તેમણે કહ્યું હતું. ૧૯ મે ૨૦૨૩થી હજુ પણ આરબીઆઈના ૧૯ કાર્યાલયમાં ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટ બદલવાની સુવિધા ઉપલબ્ધ છે. લોકો કોઈપણ આરબીઆઈ ઈસ્યૂ ઑફિસને તેમના બૅન્ક ખાતામાં જમા કરવા દેશની એક પૉસ્ટ ઑફિસમાંથી અન્ય પૉસ્ટ ઑફિસમાં ૨,૦૦૦ રૂપિયાની ચલણી નોટ મોકલી શકે છે.

હાલ અમદાવાદ, બેંગલૂરુ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંડીગઢ, ચેન્નઈ, ગુવહાટી, હૈદરાબાદ, જયપુર, જમ્મુ, કાનપુર, કોલકાતા, લખનઊ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટણા અને તિરુવનંતપુરમ ખાતે આરબીઆઈની ઈસ્યૂ ઑફિસ આવેલી છે. (એજન્સી)■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨-૧૧-૨૦૨૫ થી તા. ૮-૧૧-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ સમગ્ર સપ્તાહમાં તુલા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ વૃશ્ચિક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં તા. ૨જીએ પ્રવેશે છે. શનિ મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૨જીએ કુંભમાંથી મીનમાં, તા. ૪થીએ મીનમાંથી મેષમાં, તા. ૬ઠ્ઠીએ વૃષભમાં, તા. ૮મીએ મિથુનમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં તેજીના કામકાજમાં લાભ થશે. વ્યક્તિગત પ્રશ્નો નોકરીમાં હળવા બનશે. તા. ૨જીએ, ૮મીએ કાર્યક્ષેત્રે સિદ્ધિદાયક કામકાજ સંપન્ન થશે. મિત્રો સાથેનો મેળાપ સફળ નીવડશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી મહિલાઓને ઉત્સાહનો અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના નિર્ણયો સફળતાસૂચક જણાય છે તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ સંપન્ન થઈ શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરીમાં અનુકૂળતા અનુભવશો. તા. ૩, ૪, ૮ શુભ ફળદાયી પુરવાર થશે. કાર્યક્ષેત્રે મિત્રો, ભાગીદાર પ્રાપ્ત કરશો. સંતાન કારોબારમાં ઉપયોગી થશે. પ્રવાસમાં સુખદ અનુભવ થાય. મુસાફરીમાં આ સપ્તાહમાં મહિલાઓને પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સંપન્ન થતાં જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન મેળવશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષિત પ્રવૃત્તિઓ સંપન્ન થઈ શકશે. નોકરી માટે તા. ૩, ૪, ૫ શુભ જણાય છે. વેપાર અનુકૂળ બની રહેશે. વેપારના જૂનાં ઉઘરાણીનાં નાણાં મેળવશો. કોર્ટ–કાયદાના પ્રશ્નોનો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ કરવામાં મહિલાઓને સફળતા જણાશે. અર્થવ્યવસ્થા સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કામકાજ પૂર્ણ કરવામાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરીમાં જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરી શકશો. વારસાગત મિલકતનો પ્રશ્ન હળવો થશે. અધ્યાત્મ, ધર્મ વગેરે પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. ભાઈ–બહેનોમાં મહિલાઓ યશપ્રાપ્તિનો અનુભવ કરશે. વિભાગીય પરીક્ષામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસનો પણ પ્રારંભ કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારની પ્રવૃત્તિઓ એકંદરે લાભદાયી પુરવાર થશે. નોકરીમાં તા. ૨, ૬, ૭ શુભ જણાય છે. નોકરીના અધિકારી જૂનાં અધૂરાં કાર્યો પૂર્ણ કરવામાં મદદરૂપ થશે. ભાગીદાર ઉપયોગી થાય. મહત્ત્વના કાર્યક્ષેત્રના નિર્ણયો લેવા માટે મહિલાઓને સ્વતંત્રપણે સફળતા જણાશે. આરોગ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસક્રમને અનુસરી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબ સફળતા દર્શાવે છે. લે–વેચનો વેપાર પણ સફળ નીવડશે. નોકરી માટે તા. ૩, ૪, ૭ શુભ જણાય છે. નોકરીમાં પ્રગતિ સફળતા જળવાઈ રહેશે. ભાગીદારીના મતભેદોનો ઉકેલ આવશે. નાણાં વ્યવહાર સફળ બની રહેશે. અર્થવ્યવસ્થા એકંદરે સફળ બની રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા વ્યવસાયના પ્રારંભ માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ નીવડશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં આ સપ્તાહમાં પરિવર્તનો શક્ય જણાય છે. આત્મવિશ્વાસપૂર્વક પરિવર્તનો અપનાવી શકશો. અર્થવ્યવસ્થા વધુ દૃઢ, મજબૂત બનશે. જૂનાં નાણાંના લેવડદેવડના કામકાજ સંપન્ન થશે. વેપારમાં નાણાં વ્યવહાર જળવાઈ રહેશે. મહિલાઓને કુટુંબ જીવનનો યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કાર્યક્રમો નિયમિતપણે જળવાઈ રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારના કામકાજ અપનાવી શકશો. નોકરીમાં યશ મેળવશો તથા તા. ૩, ૫, ૬ નોકરીમાં સફળતા દર્શાવે છે. મિત્રોમાં યશસ્વી બનશો. કાર્યક્ષેત્રે નાણાંના અવરોધો દૂર થશે. વિભાગીય પરીક્ષામાં સફળતા મેળવશો. કુટુંબ જીવનનો મહિલાઓને સુખદ અનુભવ થાય. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ વાંચન અભ્યાસમાં નિયમિતતા જાળવશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીમાં આ સપ્તાહમાં તા. ૫, ૬, ૭ શુભ જણાય છે. લાંબા સમયનું રોકાણ ટાળવું જરૂરી છે. વેપાર વધશે. કુટુંબમાં મહિલાઓ યશ મેળવશે. સાહસિકતાથી વિદ્યાર્થીઓ અભ્યાસના નિર્ણયો લેવામાં સફળ રહેશે. પ્રવાસ દ્વારા શૈક્ષણિક જવાબદારીના કામકાજ પૂર્ણ થાય.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ દૈનિક વેપાર જાળવી શકશો. નોકરીમાં યશ મેળવશો. નોકરીની પ્રવૃત્તિઓમાં પ્રગતિ થયેલી અનુભવશો. લાંબા અંતરનો પ્રવાસ સફળ નીવડશે. કુટુંબમાં મહિલાઓને યશ પ્રાપ્તિનો અનુભવ થાય. મહિલાઓ નવા કામકાજ, નવી નોકરીનો પ્રારંભ કરી શકશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસના નિર્ણયો સફળતાથી લઈ શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યોગ્ય માર્ગદર્શન ઈચ્છા મુજબ મેળવી શકશો. લાંબા સમયનું નાણાંરોકાણ પણ શક્ય જણાય છે. નોકરીમાં સહકાર્યકરો તથા અધિકારીનો સહયોગ મેળવશો. વ્યક્તિગત પ્રભાવ તથા યશ અનુભવશો. આરોગ્ય અનુકૂળ બનશે. પ્રવાસ સફળ રહેશે. મહિલાઓ આ સપ્તાહમાં જીવનસાથીનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત કરશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસની અનુકૂળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ સફળ પુરવાર થશે. નોકરીના સ્થળની બદલી જણાય છે. કાર્યક્ષેત્રે મિત્રો તથા ભાગીદાર ઉપયોગી થશે. નાણાંની જોગવાઈ સરળતાથી બની શકશે. મહિલાઓને નોકરીમાં અધિકારીનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે તથા કિંમતી ચીજોની ખરીદી સફળ બનશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભમાં અનુકૂળતાઓ જણાશે. ■

## આજનું પંચાંગ

દક્ષિણાયન – સૌરહેમંતઋતુ, રવિવાર, તા. ૨–૧૧–૨૦૨૫,
દેવઊઠી, પ્રબોધિની ભાગવત એકાદશી (બિલિપત્ર)

ભારતીય દિનાંક ૧૧, માહે કાર્તિક, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭,
કાર્તિક સુદ–૧૧
જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક,
તિથિ વદ–૧૧
પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ,
માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ,
માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને,
માહે ૯મો આદર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૦મો,
માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૨મો,
માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૭–૦૩ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા.
ચંદ્ર કુંભમાં સવારે ક. ૧૧–૨૬ સુધી, પછી મીનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભમાં (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૬, સ્ટા. ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.
– મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ –
ભરતીઃ સવારે ક. ૦૮–૫૮, રાત્રે ક. ૨૧–૪૭
ઓટઃ બપોરે ક. ૧૫–૨૩ મધ્યરાત્રિ પછી ક. ૦૩–૪૦ (તા. ૩)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, કાર્તિક શુક્લ – એકાદશી. પ્રબોધિની ભાગવત એકાદશી (બિલિપત્ર), દેવઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા, મન્વાદિ, દ્વાદશી ક્ષય તિથિ છે. ચાતુર્માસ સમાપ્તિ, ગરુડ દ્વાદશી (ઓરિસ્સા), પંચક ભદ્રા સમાપ્તિ સવારે ૦૭–૩૧, શુક્ર તુલામાં રાત્રે ક. ૧૩–૧૭. શુભાશુભ દિનશુદ્ધિઃ સાંસરિક શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ પર્વ શુભ દિન, તર્પણ શ્રાદ્ધ, દેવઊઠી એકાદશી પર્વની ઉજવણી, મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, ગાયત્રી જાપ, હવન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, તુલસીપૂજા, આંબો વાવવો, ગુરુગ્રહદેવતાનું પૂજન, ખેતીવાડી પશુ લે–વેંચના નિત્ય થતાં કામકાજ.

આચમનઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ આધ્યાત્મિક વલણ, ચંદ્ર–શનિ યુતિ શંકા, ભય રહે, ચંદ્ર–નેપ્ચૂન યુતિ યાદશક્તિ સારી, ચંદ્ર–બુધ ત્રિકોણ પ્રવાસનો શોખ.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–ગુરુ ત્રિકોણ, ચંદ્ર–શનિ યુતિ, ચંદ્ર–નેપ્ચૂન યુતિ, ચંદ્ર–બુધ ત્રિકોણ.

ગ્રહગોચરઃ સૂર્ય–તુલા, મંગળ–વૃશ્ચિક, માર્ગી બુધ–વૃશ્ચિક, ગુરુ–કર્ક, શુક્ર–કન્યા/તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨–૧૧–૨૦૨૫ થી તા. ૮–૧૧–૨૦૨૫

રવિવાર, કાર્તિક શુક્લ–૧૧, વિ. સં. ૨૦૮૨, તા. ૨જી નવેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સાંજે ક. ૧૭–૦૩ સુધી, પછી ઉત્તરાભાદ્રપદા. ચંદ્ર કુંભમાં સવારે ક. ૧૧–૨૬ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. પ્રબોધિની ભાગવત એકાદશી (બિલિપત્ર), દેવઊઠી એકાદશી, પંઢરપુર યાત્રા, મન્વાદિ, દ્વાદશી ક્ષય તિથિ છે. ચાતુર્માસ સમાપ્તિ, ગરુડ દ્વાદશી (ઓરિસ્સા), પંચક, ભદ્રા સમાપ્તિ સવારે ૦૭–૩૧, શુક્ર તુલામાં રાત્રે ક. ૧૩–૧૪. સાંસારિક શુભ કાર્ય વર્જ્ય છે. પર્વ પવિત્ર દિવસ.

સોમવાર, કાર્તિક શુક્લ–૧૩, તા. ૩જી, નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા ૧૫–૦૫ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. સોમ પ્રદોષ, તુલસી વિવાહ પ્રારંભ, વૈકુંઠ ચતુર્દશીનો ઉપવાસ, પંચક. શુભ દિવસ.

મંગળવાર, કાર્તિક શુક્લ–૧૪, તા. ૪થી, નક્ષત્ર રેવતી બપોરે ક. ૧૨–૩૪ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં બપોરે ક. ૧૨–૩૪ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. વૈકુંઠ ચતુર્દશી, બડાઓસા (બિહાર), પંચક સમાપ્તિ સવારે ક. ૧૨–૩૪. મંગળ અશ્વિની અમૃતસિદ્ધિ યોગ (પ્રવેશે વર્જ્ય) બપોરે ક. ૧૨–૩૪થી સૂર્યોદય, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨–૩૬. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, કાર્તિક શુક્લ–૧૫, તા. ૫મી, નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૯–૩૯ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૦૩–૩૦ સુધી (તા. ૬) પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, ત્રિપુરારી પૂનમ, દેવદિવાળી, ભીષ્મ પંચક વ્રત સમાપન, તુલસી વિવાહ સમાપ્તિ, કાર્તિક સ્નાન સમાપ્તિ, અન્વાધાન, મન્વાદિ, ધાત્રી પૂજન, પુષ્કળ મેળો (અજમેર), ગુરુ નાનક જયંતી, કેદારવ્રત (ઓરિસ્સા), અન્નાભિષેકમ્ (દક્ષિણ ભારત), ભદ્રા સમાપ્તિ ક. ૦૮–૪૩, અન્વાધાન. સામાન્ય દિવસ.

ગુરુવાર, કાર્તિક કૃષ્ણ–૧, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૭ સુધી (તા. ૭), પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૧૧–૪૬ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, મંગળ પશ્ચિમમાં અસ્ત થાય છે. સામાન્ય દિવસ.

શુક્રવાર, કાર્તિક કૃષ્ણ–૨, તા. ૭મી, નક્ષત્ર રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૪–૩૨ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧–૧૬. શુભ દિવસ.

શનિવાર, કાર્તિક કૃષ્ણ–૩, તા. ૮મી, નક્ષત્ર મૃગશીર્ષ રાત્રે ક. ૨૨–૦૧ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં બપોરે ક. ૧૧–૧૩ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ચતુર્થી ક્ષય તિથિ છે. સંકષ્ટી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૦–૪૨, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૭–૩૨. શુભ કાર્ય વર્જ્ય છે. ■

# 'ભારતીય પ્રતિભાની અમેરિકાને જરૂર, એચ–વનબી પરનાં નિયંત્રણો હળવા કરો'

## આવી વિનંતી સાથે અમેરિકી સાંસદોએ લખ્યો ટ્રમ્પને પત્ર

વોશિંગ્ટનઃ અમેરિકી સાંસદોના એક જૂથે તાજેતરમાં રાષ્ટ્ર પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા એચ–વન બી વિઝા સંબંધિત આદેશને તાત્કાલિક પાછો ખેંચવાની માગ કરી છે. સાંસદોએ ચેતવણી આપી છે કે વિઝા અરજીઓ પર લાદવામાં આવેલી નવી એક લાખ અમેરિકી ડોલરની ફી અને અન્ય કડક પ્રતિબંધો અમેરિકાની ટેક્નોલોજિકલ નેતૃત્વ ક્ષમતાને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. આ પગલું ભારત સાથેની તેની મહત્ત્વપૂર્ણ વ્યૂહાત્મક ભાગીદારીને પણ નબળી પાડશે, જેનાથી અમેરિકાને ખાસ કરીને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના ક્ષેત્રમાં સૌથી વધુ નુકસાન થશે. કોંગ્રેસ સભ્યો જિમી પનેટા, અમી બેરા, સાલુદ કાર્બાજલ અને જુલી જોન્સન સહિતના સાંસદોએ ટ્રમ્પને પત્ર લખીને ૧૯ સપ્ટેમ્બરના આદેશ પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે આ આદેશ, જેમાં અન્ય નિયંત્રણો ઉપરાંત નવા અરજીકર્તાઓ પર ૧૦૦,૦૦૦ નું જંગી શુલ્ક લાદવામાં આવ્યું છે, તે અમેરિકા–ભારત સંબંધો પર નકારાત્મક અસર કરી શકે છે. સાંસદોએ ભારપૂર્વક જણાવ્યું કે એચ–૧બી કાર્યક્રમ માત્ર અમેરિકી અર્થતંત્ર, રાષ્ટ્રીય સુરક્ષા અને સ્પર્ધાત્મકતા માટે જ નહીં, પરંતુ ભારતીય–અમેરિકન સમુદાયો અને ભારત સાથેના સંબંધો માટે પણ નિર્ણાયક છે. ભારત, જે ગયા વર્ષે ૭૧ટકા એચ–વનબી ધારકોનો મૂળ દેશ હતો, તે આ કાર્યક્રમ દ્વારા અમેરિકામાં પ્રતિભા લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ■

# સિંધુ જળ કરાર મોકૂફ રાખી ભારતે નાક દબાવ્યું પાકિસ્તાનનુંઃ તેની ખેતી મુશ્કેલીમાં

સિડનીઃ 'ઇકોલૉજિકલ થ્રેટ રિપોર્ટ ૨૦૨૫'માં દાવો કરાયો હતો કે પાકિસ્તાનની ૮૦ ટકા ખેતી સિંધુ નદીના જળ પર આધારિત છે, પરંતુ ભારતે સિંધુ જળ કરાર મુલતવી રાખતા પાકિસ્તાનમાં ખેડૂતો અને તેઓની ખેતી સિંચાઇની સુવિધાના અભાવે મુશ્કેલીમાં મુકાઇ છે. આ ઉપરાંત, અફઘાનિસ્તાને પણ કુનાર નદી પર બંધ નિર્માણનું કાર્ય ઝડપી બનાવ્યું છે અને પાકિસ્તાનમાં અવારનવાર પૂર આવે છે અથવા દુષ્કાળ પડતો હોવાથી પાકિસ્તાનના ખેડૂતો સંકટમાં મુકાઇ ગયા છે. સિડનીની સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ફોર ઇકોનોમિક્સ એન્ડ પીસે સંબંધિત અહેવાલ તૈયાર કર્યો છે.

જમ્મુ અને કાશ્મીરમાંના પહલગામમાં પાકિસ્તાની ત્રાસવાદીઓએ ૨૬ નિર્દોષ લોકોની હત્યા કરી તે પછી ભારતે ૧૯૬૦ના સિંધુ જળ કરારનો અમલ અટકાવ્યો હતો. ભારતે આ કરાર મુલતવી રાખ્યો હોવાથી તેને પશ્ચિમની નદીઓના સિંધુ, ઝેલમ, ચિનાબ નદીના પાણીની વહેંચણી માટે ફરજ પાડી શકાય એમ નથી. ભારત આ નદીઓના પાણીનું વહેણ સંપૂર્ણ અટકાવી કે વાળી નથી શકતું, પરંતુ ઉનાળાના સમયે નદી પરના બંધના પાણીની (સંગ્રહ કે છોડવાની) કામગીરીમાં મામૂલી ફેરફાર કરે તો પણ પાકિસ્તાનના ગીચ વસતિ ધરાવતા સપાટ પ્રદેશમાંની ખેતીની સિંચાઇ પર સંકટ આવી પડે એમ છે. અહેવાલમાં દાવો કરાયો હતો કે પાકિસ્તાનના આ પ્રદેશમાંની જળસંગ્રહની ક્ષમતા માત્ર ૩૦ દિવસની હોવાથી ઉનાળામાં જળસંકટ સર્જાવાની પૂરી શક્યતા છે. ભારતે મેમાં પાકિસ્તાનને જણાવ્યા વિના ચિનાબ નદી પરના સલાલ બંધ અને બાગલીહાર બંધમાંથી પાણી છોડતા પાકિસ્તાનના ચિનાબ નદીના તટપ્રદેશમાં પૂર આવ્યું હતું. દરમિયાન, અફઘાનિસ્તાને કુનાર નદી પરના બંધના નિર્માણનું કાર્ય ઝડપી બનાવ્યું છે અને તેને લીધે અફઘાનિસ્તાન પણ પાકિસ્તાનમાં જળસંકટ લાવી શકે છે. ■

# જીએસટી વસૂલીની વૃદ્ધિ ધીમી પડીઃ ઑક્ટોબરમાં ૧.૯૬ લાખ કરોડ

નવી દિલ્હીઃ તહેવારોને ધ્યાનમાં રાખીને જીએસટીના દરમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ ઑક્ટોબરમાં જીએસટી કલેક્શનનો આંક ૪.૬ ટકાની ધીમી ગતિએ વધીને ૧.૯૬ લાખ કરોડ રૂપિયા થયો હતો જે ચાલુ નાણાંકીય વર્ષનો સૌથી ધીમો વૃદ્ધિદર હતો.

રસોડામાં વપરાતી વસ્તુઓથી લઈને ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમોબાઈલની ૩૭૫ આઈટમો પરનો જીએસટી ઘટાડવાનો નિર્ણય બાવીસ સપ્ટેમ્બરે એટલે કે નવરાત્રિના પ્રથમ દિવસથી અમલી બનાવવામાં આવ્યો હતો.

શનિવારે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ મુજબ ઑક્ટોબર ૨૦૨૪ની સરખામણીએ ઑક્ટોબર ૨૦૨૫માં જીએસટી કલેક્શનનો આંક ૧.૮૭ લાખ કરોડથી ૪.૬ ટકા વધુ એટલે કે ૧.૯૬ લાખ કરોડ રૂપિયા રહ્યો હતો.

સ્થાનિક વેચાણના સૂચકાંક લેખાતા ગ્રોસ ડોમેસ્ટિક રેવેન્યૂનો આંક બે ટકા વધીને ૧.૪૫ લાખ કરોડ રૂપિયા રહ્યો હતો. આયાતી વસ્તુઓ પરના જીએસટી કલેક્શનનો આંક ઑક્ટોબરમાં ૧૩ ટકા વધીને ૫૦,૮૮૪ કરોડ રૂપિયા રહ્યો હતો. (એજન્સી) ■

# સામૂહિક સુરક્ષા એ દરેક દેશના સાર્વભૌમત્વની ચાવી છેઃ રાજનાથ

નવી દિલ્હી : ચીને ઈન્ડો પેસિફિક રીજનમાં લીધેલા આક્રમક લશ્કરી વલણ અંગે વિશ્વમાં વધતી ચિંતાની પાર્શ્વભૂમિમાં ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે કહ્યું હતું કે ભારત માને છે આ રીજન ખુલ્લો, સમાવેશક અને કોઈ જાતની સખતાઈથી મુક્ત હોવો જોઈએ

અસોસિયેશન ઑફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન)ના સભ્યદેશોના વિદેશ પ્રધાનોના સંમેલનમાં બોલતા રાજનાથે રીજનમાંના દરેક દેશના સાર્વભૌમત્વની તકેદારી લેવા 'સામૂહિક સુરક્ષા'ની હિમાયત કરી હતી. સંરક્ષણપ્રધાને કહ્યું હતું કે ભારત યુએન કન્વેન્શન ઓન ધ લો ઑફ ધ સી (યુએનસીએલઓએસ)નું પાલન કરવા પર ભાર મૂકે છે અને નેવિગેશનની સ્વતંત્રતાને ટેકો આપે છે. ભારત માને છે કે ઓવરફ્લાઈટ એ કોઈ દેશની સામે નથી, પરંતુ દરેક રિજનલ સ્ટેકહોલ્ડરના હિતનું રક્ષણ કરે છે. આસિયાનના અનેક સભ્યદેશો અને લોક્તાંત્રિક દેશોએ બીજિંગ વિવાદાસ્પદ સાઉથ ચાઈના સીમાં જે રીતે લશ્કરી દાદાગીરી કરે છે એના વિરોધમાં યુએનસીએલઓએસનું પાલન કરવાની સતત માગણી કરી છે ત્યારે રાજનાથે ઉક્ત ટિપ્પણી કરી હતી. (એજન્સી) ■

# ચીનની સીમાએ ભારતીય ઍરફોર્સ કરશે કવાયત

નવી દિલ્હીઃ ભારતીય વાયુસેના તેના ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં મોટા પાયે યુદ્ધાભ્યાસ કરવા જઈ રહી છે, જેના માટે એરમેનને નોટિસ જારી કરવામાં આવી છે. આ અભ્યાસ છ દિવસ માટે યોજાશે, જે દરમિયાન ભારતીય સેના ચીન, ભૂતાન, મ્યાનમાર અને બાંગ્લાદેશની સંવેદનશીલ સરહદો નજીક કવાયત કરશે. વાયુસેનાનો યુદ્ધાભ્યાસ ત્રણ તબક્કામાં યોજાશે. જેમાં ૬ અને ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પહેલો તબક્કો, ૪ અને ૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બીજો તબક્કો અને ૧ અને ૧૫ જાન્યુઆરીના રોજ ત્રીજા તબક્કાનો અભ્યાસ થશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, વાયુસેનાના યુદ્ધાભ્યાસને લઈને આગામી કેટલાક મહિનાઓ માટે ઘણા દિવસોના નૉટૅમ જારી કરવામાં આવ્યા છે. ■

# બિહારમાં ડબલ એન્જિન સરકાર નથી, બધુ દિલ્હીથી કન્ટ્રોલ થાય છેઃ પ્રિયંકા ગાંધી વાડ્રા

બેગુસરાયઃ બિહારમાં બેરોજગારી અને સ્થળાંતરના મુદ્દાને લઇને એનડીએ સરકાર પર પ્રહાર કરતાં કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દાવો કર્યો કે રાજ્યમાં કોઇ ડબલ એન્જિન સરકાર નથી કારણ કે બધું દિલ્હીથી કન્ટ્રોલ થાય છે.

તેમણે આ વર્ષે બિહાર ચૂંટણીમાં બેગુસરાયમાં તેમની પહેલી ચૂંટણી રેલીને સંબોધતા આરોપ લગાવ્યો કે કેન્દ્ર અને રાજ્યની એનડીએ સરકાર વિભાજનકારી રાજનીતિમાં રચીપચી છે અને વાસ્તવિક મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે બનાવટી રાષ્ટ્રવાદનો પ્રચાર કરી રહી છે.

વાડ્રાએ જણાવ્યું કે મત આપવાનો અધિકાર ભારતીય બંધારણનું સૌથી મોટું વરદાન છે. તેમણે કહ્યું કે એનડીએ સરકારે એસઆઇઆર દ્વારા લોકોના મત આપવાના અધિકારને નબળો પાડ્યો છે. જે અંતર્ગત રાજ્યની મતદાર યાદીમાંથી ૬૫ લાખ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે.

કોંગ્રેસ સાંસદે રેલીને સંબોધતા દાવો કર્યો કે બિહારમાં ડબલ એન્જિન (સરકાર) નથી, પરંતુ સિંગલ એન્જિન છે... બધું દિલ્હીથી કન્ટ્રોલ થાય છે. ન તો તમારી વાત સાંભળવામાં આવી રહી છે અને ન તો તમારા મુખ્ય પ્રધાન નીતીશ કુમારનું સન્માન કરવામાં આવી રહ્યું છે.

તેમણે બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર)ને લઇને પણ ભાજપની ટીકા કરી હતી. તેમજ આરોપ લગાવ્યો કે મતદારોના નામ કાઢી નાખવા એ લોકોના અધિકારોનું ઉલ્લંઘન છે. ભાજપ પર પ્રહાર કરતાં વાડ્રાએ આરોપ લગાવ્યો કે તેમણે પહેલા લોકોને વિભાજિત કર્યા, યુદ્ધ કર્યું, પરંતુ વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન હટાવી શક્યા નહીં, તેથી હવે તેઓ મત ચોરી રહ્યા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### બસ, ઈતના

૨૦૧૭માં) પહોંચ્યું હતું, પરંતુ પરાજિત થયું હતું. ૨૦૦૫નો પરાજય ઑસ્ટ્રેલિયા સામે અને ૨૦૧૭નો પરાજય ઇંગ્લૅન્ડ સામે હતો.

આ વખતે ભારતે ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાને સેમિ ફાઇનલમાં હરાવીને એને સિંહાસનથી વંચિત રખાવ્યું છે. ઑસ્ટ્રેલિયા અગાઉના ૧૨માંથી સાત ટાઇટલ જીત્યું હતું. લીગ રાઉન્ડમાં સાઉથ આફ્રિકા સામે ભારત હારી ગયું હતું, પરંતુ એ હારનો બદલો હરમનની ટીમ આજે લઈ શકે.

ભારત આજે જીતશે તો દેશમાં મહિલા ક્રિકેટની લોકપ્રિયતામાં પ્રચંડ વધારો જોવા મળશે. ત્રણ વર્ષ પહેલાં વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની શરૂઆત કરવામાં આવી ત્યારે મહિલા ક્રિકેટની પૉપ્યુલારિટી જે રીતે વધવા લાગી એના કરતાં અનેકગણી વધુ વર્લ્ડ કપના વિજયને પગલે જોવા મળશે.

### દેશ માઓવાદીના

વિચારધારા આદિવાસી વિસ્તારના લોકોને મૂળભૂત જરૂરિયાતથી વંચિત રાખે છે.

અગાઉ છત્તીસગઢની ઓળખ નક્સલવાદી હિંસા અને પછાતપણાની રહી હોવાનું જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે નક્સલવાદથી સમૃદ્ધિ, સ્થિરતા અને સુરક્ષા સુધીની છત્તીસગઢની છેલ્લાં પચીસ વર્ષની સફર પ્રેરણાદાયક રહી છે.

વિધાનસભા માત્ર કાયદા ઘડી કાઢવાનું સ્થળ નથી, પરંતુ રાજ્યના ભાવિને આકાર આપવાનું વાઈબ્રન્ટ કેન્દ્ર છે, એમ તેમણે કહ્યું હતું.

નવા રાયપુરના અટલનગર ખાતે વિધાનસભાની નવી ઈમારતનું ઉદ્ઘાટન કરતાં મોદીએ કહ્યું હતું કે વિધાનસભામાંથી ઉદ્ભવતા દરેક વિચાર જાહેર સેવા, વિકાસની વચનબદ્ધતા અને દેશને નવી ઊંચાઈએ લઈ જવાનું પ્રતિબિંબ પાડતો હોવો જોઈએ.

વિધાનસભાની નવી ઈમારતના ઉદ્ઘાટનનું ખરું મહત્ત્વ ફરજ બજાવવાની આપણી સામૂહિક જવાબદારી, નિષ્ઠા અને લોકતંત્રને જાળવી રાખવાની આપણી પ્રતિબદ્ધતા છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### આંધ્રના મંદિરના

શ્રીકાકુલમના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ કે. વી. મહેશ્વર રેડ્ડીએ જણાવ્યું હતું કે આ દુર્ઘટનામાં નવ જણ જ માર્યાં ગયાં હતાં અને અન્ય એક ઘાયલ શ્રદ્ધાળુની તબિયત થોડી ગંભીર છે. મરનારા લોકોમાં ૧૨ વર્ષના બાળક અને અન્ય બધી મહિલાનો સમાવેશ થાય છે. આ સરકારી નહિ, પરંતુ ખાનગી માલિકીનું મંદિર છે. આ મંદિરનું નિર્માણ તાજેતરમાં જ થયું હતું.

પોલીસે જણાવ્યું હતું કે મંદિરના પગથિયાંની પાસે આવેલી લોખંડની જાળી તૂટવાથી આ દુર્ઘટના થઇ હતી. લોકો ડરી ગયા હતા અને ધક્કામુક્કી કરવા લાગ્યા હતા. અમુક લોકો અંદાજે છ ફૂટની ઊંચાઇએથી નીચે પડ્યા હતા. દુર્ઘટનાસ્થળે એક વ્યક્તિ બીજી વ્યક્તિ પર પડતી હતી.

પોલીસે આક્ષેપ કર્યો હતો કે મંદિરના માલિકની બેદરકારીને લીધે જ આ દુર્ઘટના થઇ હતી. મંદિરવાળાએ પોલીસ બંદોબસ્ત માટે અરજી પણ નહોતી કરી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને તેમાં મરનારી દરેક વ્યક્તિના નજીકના સગાંને રૂપિયા બે લાખ અને દરેક ઘાયલ વ્યક્તિને રૂપિયા બે હજાર આપવાની જાહેરાત કરી હતી.

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને આંધ્ર પ્રદેશના ગૃહ પ્રધાન વેંગલાપુડી અનીતાએ પણ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. આ દુર્ઘટનામાં મરનારા અંદાજે સાત જણ ૩૫થી ૪૦ વર્ષના વયજૂથના હતા. (એજન્સી) ■

### ઝાયકા–એ–લખનવી

આગળ વધારનારું નગર લખનઊ પાકશાસ્ત્ર (ખાનપાનની કળા)માં નવીનીકરણ લાવવા માટે પ્રખ્યાત છે. તેને મળેલી વૈશ્વિક માન્યતાથી રાજ્ય સહિત સમગ્ર દેશને ગૌરવ મળ્યું છે.

યુનેસ્કોએ તાજેતરમાં લખનઊ સહિત વધુ ૫૮ શહેરનો 'ક્રિએટિવ સિટી ઑફ ગૅસ્ટ્રોનમી'માં સમાવેશ કર્યો છે. આ યાદીમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધારે દેશના ૪૦૮ શહેરનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

### ઍન્ટી–ઍક્ઝિટ

અપેક્ષિત વધારા અંગે અધિકારીઓ સાથે સંકલન કર્યું હોત તો આ ઘટના ટાળી શકાઈ હોત.

આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન મુજબ, મંદિરના દરવાજા ખુલતાની સાથે જ મોટી ભીડ આગળ વધી ત્યારે ભાગદોડ મચી ગઈ હતી, જેના કારણે ભક્તોમાં ગભરાટ ફેલાયો. નિવેદનમાં ઉમેરાયું છે કે ઘટના સમયે લગભગ ૧૫,૦૦૦ લોકો સ્થળ પર એકઠા થયા હતા. સરકારે કહ્યું હતું કે ભીડના દબાણમાં રેલિંગ તૂટી પડી, જેના કારણે અફરાતફરી મચી ગઈ હતી કારણ કે પ્રવેશ અને બહાર નીકળવાનો માર્ગ એક જ હતો. ■

### કલ્યાણ

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, એનસીપી (એસપી) સુપ્રીમો શરદ પવાર, મનસેના રાજ ઠાકરે અને કૉંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાત સહિત અન્ય નેતાઓ સહભાગી થયા હતા.

તેમણે મતદાર યાદીઓ પર કામ કરવાની અપીલ કરી હતી. રાજ ઠાકરેએ ડુપ્લિકેટ મતદારોના આંકડા અને પુરાવા રજૂ કર્યા અને કહ્યું કે સમગ્ર મહારાષ્ટ્રમાં આ મતદાન માટે લાખો લોકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

રાજે કહ્યું કે ભવિષ્યમાં, જ્યારે ચૂંટણીઓ હશે ત્યારે તેમણે કાર્યકરોને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. ચૂંટણી યોજાશે ત્યારે શું કરવું તે અંગે. તેમણે કહ્યું હતું કે પહેલા તમારે ઘરે ઘરે જવું જોઈએ, દરેકે યાદીઓ પર સખત મહેનત કરવી જોઈએ. જો આ બેવડા-ત્રેવડા નામ ધરાવતા લોકો મળી આવે છે, તો તેમને ત્યાં ફટકારવા જોઈએ અને પછી પોલીસને સોંપી દેવા જોઈએ, નહીં તો તેઓ ચૂંટણીમાં આવું કરતાં અચકાશે નહીં, એમ તેમણે કહ્યું હતું.

રાજે ૧ જુલાઈ સુધીની યાદી મુજબ વિવિધ લોકસભા મતવિસ્તારોમાં બેવડા મતદારોના આંકડા વાંચીને સંભળાવ્યા હતા. તેમણે આટલા પુરાવા આપ્યા પછી પણ જાન્યુઆરીમાં ચૂંટણી યોજવાના આગ્રહ સામે સખત વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે 'આટલા પુરાવા આપ્યા પછી પણ આગ્રહ હજુ પણ છે. ના, કોર્ટે કહ્યું, જાન્યુઆરીમાં ચૂંટણી યોજો, તમે તે કેમ કરો છો? પાંચ વર્ષથી ચૂંટણી યોજાઈ નથી. જો બીજું વર્ષ પસાર થઈ જાય તો શું ફરક પડશે?' એમ તેમણે કહ્યું હતું. ■

# માવઠાની વિકટ પરિસ્થિતિમાં સરકાર ખેડૂતોની પડખે: મુખ્ય પ્રધાન

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પડી રહેલા કમોસમી વરસાદથી ખેડૂતોને થઈ રહેલા અને પાક નુકસાન મુદ્દે તાકીદની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કમોસમી વરસાદ અને વાતાવરણમાં આવેલા પલટાને કારણે ખેતી પાકોને થયેલા નુકસાન અંગે સંપૂર્ણ સંવેદનશીલતા દાખવીને ધરતીપુત્રોને મુસિબતરૂપી માવઠાથી રાહત મળે તેવાં પગલાં લેવા અને આ વિકટ સમયે તેમની પડખે ઊભા રહેવાના દિશાનિર્દેશો આપ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે આ અસાધારણ સંજોગોમાં પડેલા કમોસમી વરસાદ તેમજ તેની વ્યાપકતા જોઈ આવા સંજોગો જવલ્લેજ ઊભા થતા હોય, ખાસ સંવેદનાથી રાજ્યના ખેડૂતોના હિતમાં પાકને થયેલા નુકસાન અંગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પચંકામ કરી, જરૂરી કાર્યવાહી કરી, કોઈ ખેડૂતને અડચણ ન થાય તે રીતે ત્રણ દિવસમાં કામકાજ પુરૂં થાય અને તેનો અહેવાલ રાજ્ય સરકારને તુરંત જ મોકલવામાં આવે, તે માટે ચીફ સેક્રેટરી, એ.સી.એસ, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને સૂચના આપી હતી. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા ખેતીવાડી અધિકારીને તુરંતમાં જાણ કરવા આદેશો આપ્યા હતા. મુખ્ય પ્રધાનને આ અસાધારણ સંજોગો અને રાજ્યના ખેડૂતોના પાકને થયેલા નુકસાન અંગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પંચકામ કરીને ઝડપથી ત્રણ દિવસમાં સમીક્ષા થાય તથા તેનો અહેવાલ રાજ્ય સરકારને તુરંત જ મોકલવામાં આવે તે માટેની સૂચનાઓ જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને આપી હતી.

# રાજકોટમાં ગુનાખોરી વધતા રાતે ૧૨ વાગ્યા બાદ લારી, ગલ્લા અને હોટલો બંધ કરવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ગુનાખોરી વધતા સ્થાનિકોમાં ભયનો માહોલ છે, શહેરમાં હત્યા, લૂંટ, મહિલાની છેડતી સહિતના ગુનાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. રાજકોટ શહેરના જાગૃત નાગરિકો દ્વારા અગાઉ આ મામલે પણ નવ મહિના પૂર્વે પોલીસ કમિશ્નરને રજૂઆત કરવામાં આવી હતી.

શહેરમાં અસામાજિક તત્ત્વો ઉપર સકંજો કસવા અને ગુનાખોરી ઉપર અંકુશ લગાવવા માટે પોલીસ કમિશનર દ્વારા શહેરનાં ન્યુશન્સ પોઈન્ટ ગણાતા લારી, ગલ્લા અને હોટલોને ૧૨ વાગ્યે બંધ કરાવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુનાખોરીને અંકુશમાં લેવા જાગૃત નાગરિકો દ્વારા કરાયેલી રજૂઆત અને રાજકીય અગ્રણીઓના અભિપ્રાય બાદ પોલીસે એક્શન લીધા હતા. આ મામલે સ્થાનિક રાજકીય અગ્રણીઓના અભિપ્રાય બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આથી હવે રાત્રે ૧૨ વાગ્યા બાદ પોલીસ આવા ન્યુશન્સ પોઈન્ટ ઉપર તૂટી પડશે.

રાજકોટના કેટલાક ન્યુશન્સ પોઈન્ટ ખાસ કરીને ચાની હોટલો, પાનના ગલ્લા તેમજ નોનવેજની લારી અને હોટલાએ અસામાજિક પ્રવૃત્તિઓ કરતાં તત્ત્વોનો જમાવડો રહેતો હોય છે. જેના કારણે શહેરમાં વધી રહેલી ગુનાખોરીમાં વધારો થઈ રહ્યો છે. મોડી રાત્રે રખડતાં આ તત્ત્વો ગુનાઓને અંજામ આપતાં હોય, ત્યારે આવા લુખ્ખાઓને અને નશાખોરી હુમલા અને ચોરીના બનાવો રોકવા અને લુખ્ખાઓને કાયદાઓનું ભાન કરાવવાના ઉદેશથી રાત્રીના ૧૨ વાગ્યા બાદ ચાની દુકાનો તેમજ લારી ગલ્લાને બંધ કરાવવામાં આવશે.

પોલીસ દ્વારા રાત્રે શહેરભરનાં રાજમાર્ગો ઉપર કડક ચેકીંગ પણ કરશે અને જાહેરમાં હથિયારો લઈને ફરતાં તત્ત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

સ્થાનિક પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચ, એસઓજી, એલસીબી, પેરોલ ફર્લો સ્કવોર્ડ અને એન્ટી હ્યુમન ટ્રાફીક યુનિટની ટીમને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમજ સ્થાનિક પોલીસની પીસીઆર વાનને આવા વિસ્તારોમાં પેટ્રોલિંગ કરીને કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે.

# રાજ્યમાં નવા પ્રધાનમંડળની રચના બાદ જિલ્લા પ્રભારી પ્રધાનોની નિમણૂક કરવામાં આવી

અમદાવાદ: રાજ્યમાં નવા પ્રધાનમંડળની રચના બાદ પ્રધાનોને પ્રભારી જિલ્લાઓની ફાળવણી કરવામાં આવી હતી. સુવ્યવસ્થિત સંચાલન માટે મંત્રીઓને કામગીરી સોંપવામાં આવી હતી. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીને વડોદરા અને ગાંધીનગર, કનુભાઈ દેસાઈને સુરત અને નવસારી, જીતુ વાઘાણીને અમરેલી અને રાજકોટ, કુંવરજી બાવળીયાને પોરબંદર અને દેવભૂમિ દ્વારકાના પ્રભારી પ્રધાનની જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે નરેશ પટેલને વલસાડ અને તાપી, અર્જુન મોઢવાડીયાને જામનગર અને દાહોદ, ડૉ. પ્રદ્યુમન વાજાને સાબરકાંઠા અને જૂનાગઢ, રમણ સોલંકીને ખેડા અને અરવલ્લીના પ્રભારી પ્રધાન બનાવાયા હતા. ઈશ્વરસિંહ પટેલને નર્મદા, મનિષા વકીલને છોટા ઉદેપુર, પુરષોત્તમ સોલંકીને ગીર સોમનાથ, કાંતિલાલ અમૃતિયાને કચ્છ, રમેશ કટારાને પંચમહાલ, દર્શના વાઘેલાને સુરેન્દ્રનગર, જયરામ ગામીતને ડાંગ, સ્વરૂપજી ઠોકોરને પાટણ અને રિવાબા જાડેજાને બોટાદના પ્રભારી પ્રધાન નિયુક્ત કરવામાં આવ્યા હતા. કૌશિક વેકરીયાને ભાવનગર અને જૂનાગઢ (સહપ્રભારી), પ્રવીણ માળીને મહેસાણા અને નર્મદા (સહપ્રભારી), ત્રિકમ છાંગા મોરબી અને રાજકોટ (સહપ્રભારી), કમલેશ પટેલને બનાસકાંઠા અને વડોદરા (સહપ્રભારી) સંજય મહીડાને આણંદ અને ભરૂચ (સહપ્રભારી), પી સી બરંડાને મહીસાગર અને દાહોદ (સહપ્રભારી) તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી.

# ગુજરાતમાં નવેમ્બરમાં પણ સામાન્ય કરતાં વધુ વરસાદની આગાહી: ૧૦૬ તાલુકામાં માવઠું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઓક્ટોબર મહિનામાં સામાન્યથી વધુ વરસાદ પડ્યો હતો. આઈએમડીના ડેટા મુજબ, ઓક્ટોબરમાં સામાન્ય કરતાં બમણાથી વધુ વરસાદ થયો હોય તેવા ભારતના છ રાજ્યોમાં ગુજરાત પણ હતું. હવામાન વિભાગ મુજબ, રાજ્યવાસીઓને હજુ પણ કમોસમી વરસાદથી રાહત નહીં મળે. નવેમ્બરમાં પણ ગુજરાતમાં સામાન્યથી વધુ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, નવેમ્બર ૨૦૨૫ દરમિયાન દેશના મોટા ભાગના વિસ્તારોમાં સામાન્યથી વધુ વરસાદ થવાની સંભાવના છે ઉત્તર-પશ્ચિમ ભારત અને દક્ષિણ દ્વીપકલ્પના કેટલાક વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની સંભાવના છે. આગાહી મુજબ, ગુજરાતમાં નવેમ્બરમાં સામાન્ય રીતે વરસાદની સંભાવના ખૂબ ઓછી હોય છે પરંતુ આ વર્ષે નવેમ્બરમાં અહીં વરસાદનું જોર વધારે જોવા મળશે.

હવામાન વિભાગ મુજબ, રાજ્યમાં રવિવારે કેટલાક ભાગોમાં વીજળીના કડાકા અને પવન તથા ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. પૂર્વ મધ્ય અરબ સમુદ્ર પરનું ડિપ્રેશન ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધીને ધીમે ધીમે નબળું પડે તેવી શક્યતા છે. આ ઉપરાંત દેશના મોટા ભાગના વિસ્તારોમાં નવેમ્બર મહિનામાં મહત્તમ તાપમાન સામાન્યથી ઓછું રહેવાની શક્યતા છે. ઉત્તર-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્યથી વધુ રહી શકે છે.

રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦૬ તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. અમદાવાદના ધંધૂકામાં સૌથી વધુ ૨.૪૮ ઇંચ વરસાદ પડ્યો હતો. પોરબંદરમાં ૨.૨ ઇંચ, લોધિકામાં ૧.૬૧ ઇંચ, ઉમરાળામાં ૧.૩૪ ઇંચ, ચુડામાં ૧.૨૬ ઇંચ, સાયલામાં ૧.૧૮ ઇંચ, જંબુસરમાં ૧.૧૮ ઇંચ કમોસમી વરસાદ ખાબક્યો હતો. રાજ્યમાં બે તાલુકામાં બે ઇંચથી વધુ, પાંચ તાલુકામાં એક ઇંચથી વધુ અને ૯૯ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા પ્રમાણે, રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૧૨૭.૫૭ ટકા વરસાદ વરસ્યો છે. કચ્છમાં સૌથી વધુ ૧૪૯.૭૭ ટકા, સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૧૨૨.૧૫ ટકા વરસાદ વરસ્યો છે. ઉત્તર ગુજરાતમાં ૧૨૬.૫૯ ટકા, પૂર્વ મધ્યમાં ૧૨૫.૮૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૩૨.૫૨ ટકા વરસાદ વરસ્યો છે.

# અમદાવાદમાં પૂર્વ પ્રેમીએ યુવતીની સામે તેના પતિને આડેધડ છરીના ઘા ઝીંક્યા, યુવતી પણ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના જગતપુર વિસ્તારમાં પત્નીના પૂર્વ પ્રેમી દ્વારા એક યુવકની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો બનાવ બહાર આવ્યો હતો. જેમાં કારમાં પરાણે ઘૂસી આવેલા આરોપીએ પૂર્વ પ્રેમિકાની નજર સામે જ તેના પતિને આડેધડ છરીના ઘા ઝીંકીને લોહીલુહાણ કરી નાખ્યો હતો.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના સોલા વિસ્તારમાં રહેતી જાન્વી નામની યુવતીએ હિંમતનગરમાં રહેતા સુભાષ નામના પોતાના પ્રેમી સાથે સંબંધ કાપી નાખ્યો હતો. જે બાદ જાન્વીએ શરદ નામના યુવક સાથે લગ્ન કરીને પોતાના પતિ સાથે રહેતી હતી.

આ નવદંપતીએ નવો ફ્લેટ બુક કરાવ્યો હોવાથી બિલ્ડરે તેમને મળવા માટે બોલાવ્યા હતા. આથી પતિ-પત્ની કારમાં ફ્લેટ જોવા નીકળ્યાં હતાં. આ દરમિયાન જગતપુર પહોંચતા પતિ સિગારેટ લેવા માટે પાનના ગલ્લે ગયો હતો, ત્યારે જ સુભાષ અચાનક આવી ગયો હતો અને કારની પાછળની સીટમાં બેસી ગયો હતો.આથી પતિ પણ કારની અંદર આવ્યો અને કંઈ સમજે તે પહેલા જ પૂર્વ પ્રેમીએ પોતાની પાસે રહેલી છરી કાઢીને અચાનક હુમલો કરી દીધો હતો. સુભાષે આડેધડ છરીના ઘા ઝીંકીને શરદને લોહીલુહાણ કરી દીધો હતો. આ દરમિયાન પત્ની પતિને બચાવવા વચ્ચે પડી, તો તેને પણ છરી હુલાવી દીધી હતી. આ સમયે પત્નીએ ચીસાચીસ કરી મૂકતા પૂર્વ પ્રેમી સુભાષ ગાડીમાંથી બહાર નીકળીને ફરાર થઈ ગયો હતો.

આ ઘટના બાદ એકઠા થયેલા આસપાસના લોકોએ તાત્કાલિક શરદને સારવાર અર્થે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

### પ્રતાપ દૂધાતની સરકારને ચીમકી

# ખેડૂતોને છેતરવાનું બંધ કરો: આવતીકાલથી ધરણા પર બેસશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા અઠવાડિયાથી રાજ્યમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ખેડૂતોના પાકનો નાશ થયો છે. ખેડૂતોના મગફળી, ડાંગર અને કપાસ સહિતના પાક ખરાબ થઈ જતાં જગતના તાતને રડવાનો વારો આવ્યો છે. આ દરમિયાન અમરેલી જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ પ્રતાપ દૂધાતે ૩ નવેમ્બરે ખેડૂતો માટે ધરણા ધરવાની જાહેરાત કરી હતી. તેઓ ૩ નવેમ્બરે વડિયા અને બગસરા, ૪ નવેમ્બરે ધારીના નાના બસ સ્ટેન્ડ અને ખાંભા, ૫ નવેમ્બરે રાજુલા અને જાફરાબાદ, ૬ નવેમ્બરે લીલીયા અને સાવરકુંડલા, ૭ નવેમ્બરે લાઠી અને બાબરા, ૮ નવેમ્બરે અમરેલી શહેરમાં ધરણા ધરશે.આ ઝુંબેશ ખેડૂતોના દેવા માફ કરવાની માગ સાથે શરૂ થશે.

પ્રતાપ દૂધાતે ખેડૂતોના પાક નુકસાની અને વળતર અંગે બોલતા કહ્યું, ઉદ્યોગપતિઓ, સાધુ-સંતો આજે કેમ ચૂપ છે? ખેડૂતો માટે સાધુ-સંતો આગળ આવે, અમુક ઉદ્યોગપતિઓ સરકારના વચેટિયાઓ બન્યા છે. ખેડૂતોના મુદ્દે સાધુ-સંતોએ બોલવું પડશે. સજ્જન માણસો કેમ આજે મૌન છે. કૉંગ્રેસ રાજકારણ નથી કરતી. ભૂતકાળમાં કૉંગ્રેસ સરકારે દેવા માફ કર્યા છે. રાજ્ય સરકારે પણ પાક ધીરાણના દેવા માફ કરવા જોઇએ. તેમણે જણાવ્યું કે છેલ્લા આઠ દિવસથી જિલ્લામાં ભારે કમોસમી વરસાદને કારણે ખેડૂતોના મગફળી અને કપાસના પાકને મોટું નુકસાન થયું છે. દિવાળીના સમયે જ્યારે ખેડૂતોએ મગફળી કાઢીને ખેતરોમાં પાથરા મૂક્યા હતા, ત્યારે આ કુદરતી આફત આવી હતી.

# મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બૅંકને નિર્દેશોની અવગણના બદલ ₹ પચીસ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ)એ ગુજરાતની મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેંક લિમિટેડ પર ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેન્ક લિમિટેડને નિયમોનું પાલન ન કરવા બદલ ૨૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. 'આવકની ઓળખ, અસ્ક્યામતોનું વર્ગીકરણ, જોગવાઈઓ અને અન્ય સંબંધિત બાબતો - શહેરી સહકારી બેન્ક'ના વિશિષ્ટ નિયામકીય નિર્દેશોનું પાલન ન કરવા બદલ બેન્કને દંડ ફટકારવામાં આવ્યો હતો.આરબીઆઈએ આપેલી જાણકારી અનુસાર, બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ની કલમ ૪૬(૪)(આઈ) અને ૫૬ સાથે કલમ ૪૭એ (૧)(સી) દ્વારા આપવામાં આવેલી સત્તાઓ અંતર્ગત ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ના એક આદેશ હેઠળ આ દંડ ફટકારવામાં આવ્યો હતો. આરબીઆઈ દ્વારા બેન્કની ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીની આર્થિક સ્થિતિનું આકલન કરાયું હતું, જે બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. નિરીક્ષણ અને ત્યારબાદના સુપરવાઇઝરી રિવ્યુમાં બેંકે આરબીઆઈના કેટલાક નિર્દેશોનું પાલન ન કર્યું હોવાનું બહાર આવ્યું હતું. જે બાદ સેન્ટ્રલ બેંકે મહેસાણા અર્બન કો-ઓપરેટિવ બેન્કને કારણ બતાવો નોટિસ ઇશ્યૂ કરી હતી, જેમાં પૂછવામાં આવ્યું હતું કે નિયમોના ઉલ્લંઘન છતાં દંડ કેમ વસૂલવામાં ન આવે. આરબીઆઈને બેન્કનો જવાબ સંતોષકારક ન લાગતાં આરબીઆઈએ કાર્યવાહી કરી હતી.

# કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી મોકૂફ: આગામી સમયમાં જાહેર કરવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં સર્જાયેલી કમોસમી વરસાદની પરિસ્થિતિ, વિપરીત સંજોગો અને વાતાવરણને ધ્યાનમાં રાખીને ટેકાના ભાવે ખરીફ પાકોની ખરીદી હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ટેકાના ભાવે ખરીદીની હવે પછીની તારીખ આગામી સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. ગુજરાતમાં ખરીફ-૨૦૨૫માં પ્રાઇઝ સપોર્ટ સ્કીમ હેઠળ મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી માટે તમામ પ્રાથમિક પૂર્વતૈયારીઓ પૂર્ણ કરવા માટે સંભવિત તા.૦૧ નવેમ્બર, ૨૦૨૫ને ધ્યાને રાખીને સૂચનાઓ આપવામાં આવી હતી. હાલની સ્થિતિએ ગુજરાતના વિવિધ જિલ્લામાં કમોસમી વરસાદની પરિસ્થિતિ ઊભી થઈ છે તેમજ કેટલાક જિલ્લામાં સામાન્યથી ભારે વરસાદ પણ નોંધાયો છે. રાજ્યમાં સર્જાયેલી આ કમોસમી વરસાદની પરિસ્થિતિ, સંજોગો અને વાતાવરણને ધ્યાને લઈ ટેકાના ભાવે ખરીફ પાકની ખરીદીનું આયોજન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું છે.

ટેકાના ભાવે ખરીફ પાકની ખરીદી શરૂ કરવાની તારીખ આગામી સમયમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. તેમ રાજય સરકાર દ્વારા સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું હતું. હવામાન વિભાગ દ્વારા હજુ એકાદ દિવસ વરસાદના માહોલની આગાહી કરવામાં આવી છે. મોટા ભાગે આવતા સપ્તાહે ખરીદી ફરી શરૂ થાય તેવી શક્યતા છે. ગુજરાત સ્ટેટ કો- ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન મગફળી જ નહીં, અડદ, સોયાબીન અને મગની ખરીદી માટે નોડલ એજન્સી છે પણ મગફળીની ખરીદી અંગે કોઈ અધિકૃત જાણકારી અપાઈ નથી. દિલીપ સંઘાણીનું કહેવું છે કે, ગુજકોમાસોલના અધિકારીઓને કશું જ ખબર નથી. નોંધનીય છે કે, કેન્દ્ર સરકારે લીલીઝંડી આપતાં રાજ્ય સરકારે મગફળી ખરીદવા નક્કી કર્યું હતું જેના પગલે ગુજરાતમાં ૯.૩૨ લાખથી વધુ ખેડૂતોએ મગફળીના વેચાણ માટે રજિસ્ટ્રેશને કરાવ્યું છે. હવે જ્યારે ખરીદી નહીં કરવા સરકારે નિર્ણય કર્યો છે જેના પગલે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સરકારના મતે, હાલમાં કમોસમી વરસાદના કારણે ટેકાનો ભાવે મગફળી સહિત અન્ય જણસની ખરીદી મોકૂફ રાખવામાં આવી હતી.

# ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપકોની ૧૧૦ જગ્યા ખાલી: નેકના રિપોર્ટમાં ખુલાસો થયો

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા અનેક વર્ષોથી ટીચિંગ અને નોન ટીચિંગ પોસ્ટની કામયી ભરતી જ થઈ નથી. છેલ્લા કેટલાક વર્ષોથી હંગામી ધોરણે કરાર આધારિત જગ્યાઓ ભરીને ટીચિંગ અને નોન ટીચિંગમાં કામગીરી ચલાવવામા આવી રહી છે. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપકોની એટલે કે શૈક્ષણિકની ૧૧૦ જગ્યાઓ ખાલી છે. ૫૦ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોઈ નેકની ટીમે પણ આ વર્ષે ઈન્સપેકશન બાદ આપેલા રિપોર્ટમાં જગ્યાઓ ખાલી હોવા મુદ્દે નોંધ કરી હતી. યુનિવર્સિટી દ્વારા નવી જગ્યાઓ સાથે ખાલી જગ્યાઓ ભરવાની-ભરતી કરવીની મંજૂરી માગી છે, પરંતુ હજુ સુધી સરકારે પણ મંજૂરી આપી નથી. હવે ભરતી ક્યારે થશે તે મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લે ઘણાં વર્ષો બાદ ઓક્ટોબર ૨૦૨૨માં ટીચિંગ અને નોન ટીચિંગ પોસ્ટની અનેક જગ્યાઓ કાયમી ધોરણે ભરવા માટે મોટી ભરતી જાહેર કરી હતી. જે અંતર્ગત સૌપ્રથમ નોન ટીચિંગ પોસ્ટ માટે અરજીઓ મગાવી લેવાઈ હતી અને ઈન્ટરવ્યૂ પણ ગોઠવી દેવાયા હતા. પરંતુ આંતરિક વિવાદ વચ્ચે આ ભરતી રદ કરી દેવાઈ હતી.

જ્યારે ટીચિંગ પોસ્ટ માટે આગળ કોઈ પ્રક્રિયા જ થઈ ન હતી. આ દરમિયાન જુલાઈ ૨૦૨૩માં કોમન યુનિવસિટી એક્ટ લાગુ થઈ ગયો હતો અને ત્યારબાદ અગાઉનાં તમામ ભરતી પ્રક્રિયા રદ કરીને ઉમેદવારોને ૫૦ લાખ જેટલી અરજી ફી પાછી આપી દેવાઈ હતી. પરંતુ ત્યારબાદ ફરીવાર નવી ભરતીને લઈને કોઈ પ્રક્રિયા થઈ નથી કે જાહેરાત થઈ નથી.

# ગુજરાત સરકાર કોચિંગ ક્લાસિસના નિયમન માટે વટહુકમ બહાર પાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાના શિયાળુ સત્ર દરમિયાન કોચિંગ ક્લાસિસની નોંધણી, વિદ્યાર્થીઓનો સલામત પ્રવેશ અને કામકાજના કલાકો સહિતના વિવિધ પાસાઓને નિયંત્રિત કરવા માટે વટહુકમ બહાર પાડવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓની સલામતી અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને કોચિંગ ક્લાસિસના નિયમન માટે વ્યાપક માર્ગદર્શિકા બહાર પાડ્યા પછી રાજ્ય સરકાર ટૂંક સમયમાં કોચિંગ ક્લાસના નિયમન માટે વટહુકમ બહાર પાડે તેવી શક્યતા છે. આ સૂચિત વટહુકમનો મુસદ્દો તૈયાર કરવા માટે એક સમિતિની પણ રચના કરવામાં આવી હતી.

કોચિંગ ક્લાસિસ માટે વટહુકમમાં કેટલાક નિયમો જાહેર થઈ શકે છે. તેમાં ૧૬ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ, દરેક વિદ્યાર્થી માટે ન્યૂનતમ જગ્યા નક્કી કરવી, વહેલા બહાર નીકળવા માટે સ્પષ્ટ રિફંડ નીતિ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ બંને માટે ફરજિયાત વીકલી રજા, વિદ્યાર્થીઓની માનસિક સુખાકારી સુનિશ્ચિત કરવી અને ફરજિયાત બી.યુ. પરવાનગી તથા ફાયર સેફ્ટી એનઓસી મેળવવાનો સમાવેશ થાય છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ સૂચિત વટહુકમમાં જુલાઈમાં સુપ્રીમ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા નિર્દેશોનો સમાવેશ કરવામાં આવશે. રાજ્યમાં જે કોચિંગ ક્લાસિસની સરકારમાં નોંધણી નથી થઈ તેઓ વર્ષે રૂ. ૧.૨૫ લાખથી રૂ. ૨.૨૫ લાખ સુધીની ફી વસૂલ કરે છે. જો કેન્દ્ર સરકકારની માર્ગદર્શિકા અનુસાર વટહુકમ લાગુ કરવામાં આવશે તો કોચિંગ ક્લાસિસમાં ધો. ૧૦થી નીચેના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં.

આ ઉપરાંત સૂત્રોએ કહ્યું, રાજ્યમાં કાર્યરત કોચિંગ ક્લાસિસનો વ્યાપક ડેટાબેઝ રાખવા ઉપરાંત, સૂચિત વટહુકમ કોચિંગ સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણમાં અભ્યાસ કરી શકે તે સુનિશ્ચિત કરશે. કોચિંગ સેન્ટરોમાં વિદ્યાર્થીઓની માનસિક સુખાકારી પર સૂચિત વટહુકમમાં વિશેષ ભાર મૂકવામાં આવશે.

# મુખ્ય પ્રધાનને મળેલી ભેટ-સોગાદોની હરાજી શરૂ: ઓનલાઈન બિડિંગ 30 નવેમ્બર સુધી ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને દેશ-વિદેશમાંથી મળેલી કિંમતી અને કલાત્મક ભેટ-સોગાદોની હરાજી આયોજીત કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ ભેટોની ઈ-હરાજી પ્રક્રિયા ૧થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન શરૂ કરી છે. આ હરાજીમાંથી મળેલી રકમનો ઉપયોગ જનકલ્યાણના હેતુ માટે કરવામાં આવશે. આ પહેલનો મુખ્ય હેતુ મુખ્ય પ્રધાનને મળેલી દરેક સોગાદ હવે લોકહિતના કાર્યોમાં યોગદાન આપવાનો છે. આ ઈ-હરાજી દ્વારા મળેલી આવકનો ઉપયોગ રાજ્યના કલ્યાણકારી પ્રોજેક્ટો અને સમાજહિતના કાર્યક્રમો માટે કરવામાં આવશે. આ ઈ-હરાજી માટે રાજ્ય સરકારે ખાસ વેબસાઈટ શરૂ કરી છે, જ્યાં નાગરિકો તમામ ભેટોની માહિતી જોઈ શકશે અને ઓનલાઈન બિડિંગમાં ભાગ લઈ શકશે.

આ હરાજીમાં ચાંદીના શિલ્પો, હસ્તકલા ચિત્રો, ધાતુની પ્રતિમાઓ, અને ગુજરાતની લોકકલા દર્શાવતી અનેક અનોખી કૃતિઓ સામેલ છે.

# રાજયના સસ્તા અનાજના રેશનિંગ દુકાનદારો ૨૦ મુદ્દાની માગણી સાથે હડતાળ પર

અમદાવાદ: રાજ્યભરના સસ્તા અનાજના રેશનિંગ દુકાનદારો ૨૦ જેટલી પડતર માગણીઓ ન સંતોષાતા શનિવાર ૦૧ નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઊતર્યા છે. ઓલ ગુજરાત ફેર પ્રાઇસ શોપ એસોસિયેશન દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. શનિવારથી રાજ્યભરમાં સસ્તા અનાજ વિતરણ પ્રક્રિયા બંધ રહેશે. સરકારી અનાજના જથ્થાનાં ચલણ ભરવાની પ્રક્રિયા બંધ રહેશે. રાજ્યના ૧૭ હજારથી વધુ ડીલરો આંદોલનમાં જોડાઈને વિતરણ વ્યવસ્થાથી અળગા રહેશે. વડા પ્રધાન મોદીના ભાઈ પ્રહલાદ મોદીએ પણ દુકાનદારોને હડતાલ માટે આહવાન કરતાં કહ્યું હતું કે આંદોલન ચાલુ રહેશે, અડીખમ રહેજો.

સસ્તા અનાજની દુકાનો બંધ રહેતા સામાન્ય માણસો પર તેની માઠી અસર થશે. એક સામાન્ય અનુમાન મુજબ, રાજકોટમાં ૭૦૦ વેપારીની હડતાળથી ત્રણ લાખ કાર્ડધારકોને રેશન મળશે નહીં. સુરત શહેરમાં અંદાજે ૧૧૦૦ જેટલી સરકારી અનાજની દુકાનો સંપૂર્ણપણે બંધ રહેશે. મહેસાણા જિલ્લાના ૬૭૦થી વધુ ડીલરો હડતાળમાં જોડાયા છે. ભાવનગર શહેર તથા જિલ્લાના ૭૫૦થી વધુ રેશન શોપધારકો હડતાળ પર ઊતર્યા છે. અમદાવાદ અને વડોદરામાં પણ ઠેર ઠેર રેશન દુકાનો બંધ જોવા મળી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નાના ભાઈ અને ઓલ ગુજરાત ફેર પ્રાઈસ શોપ એસોસિયેશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ જણાવ્યું હતું કે દુકાનદારોનું આંદોલન હજુ સતત ચાલુ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે સરકાર અને કેટલાક વેપારીઓ દ્વારા આંદોલન તોડી પાડવા માટે એ સમાપ્ત થઈ ગયું હોવાના ખોટા સમાચારો ફેલાવવામાં આવી રહ્યા છે. પ્રહલાદ મોદીએ સ્પષ્ટતા કરી હતી કે તેમણે સચિવને જાણ કરી દીધી છે કે દુકાનદારો વધારાની પ્રવૃત્તિ કરવા બંધાયેલા નથી, જે અંગે તેઓ હાઇ કોર્ટમાં કેસ પણ જીતેલા છે. તેમણે તમામ દુકાનદારોને આવી અફવાઓથી ભ્રમિત ન થવા અને આંદોલનમાં અડીખમ રહેવા માટે અપીલ કરી હતી.

# વડોદરામાં ભારે જહેમત બાદ ચાર ફૂટના મગરનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચોમાસની સિઝન પૂરી થઈ ગઈ હોવા છતાં વડોદરામાં મગર નીકળવાનો સિલસિલો યથાવત્ રહ્યો હતો. વડોદરા શહેરમાં ૧૦ દિવસમાં બીજી વખત મગરનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. શહેરના હરણી સમા લિંક રોડ પર આવેલી એક રેસિડેન્સીના પાર્કિંગમાં ચાર ફૂટનો મગર આવી ચડ્યો હતો. ભારે જહેમત બાદ તેનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

મગર સોસાયટીમાં આવી ગયો હોવાની જાણ રહીશોને થતાં લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકોએ બૂમાબૂમ કરતાં લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં. મગરને જોયા બાદ લોકોમાં દોડધામ મચી હતી અને ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. સ્થાનિક વ્યક્તિએ વન વિભાગ અને કેનાઈન ગ્રૂપને જાણ કરી હતી કે ફ્લેટની નીચે ટૂ-વ્હિલર પાર્કિંગમાં મગર આવી ચડ્યો છે.

ઘટનાની જાણ થતાં જ વન વિભાગની સાથે રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ સમયે મગર ટૂ-વ્હિલરની નીચે બેસી ગયો હતો. રેસ્ક્યૂ કરવા જતા તે છંછેડાઈ ગયો, જેને પગલે લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ટૂ-વ્હિલર નીચે બેઠેલા મગરને પકડવા જતાં એ ભાગીને કાર નીચે જઈને સંતાઈ ગયો હતો. ભારે જહેમત કરીને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કર્યો હતો અને વડોદરા વન વિભાગના રેસ્ક્યૂ સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો હતો.

# બળાત્કારના કેસમાં બાંગ્લાદેશી નાગરિકને આઠ વર્ષની જેલ

કસૂરવારની પત્ની સહિત બેને ગેરકાયદે વસવાટ પ્રકરણે પાંચ વર્ષની કેદ

થાણેઃ બળાત્કારના કેસમાં બેલાપુરની સેશન્સ કોર્ટે બાંગ્લાદેશી નાગરિકને કસૂરવાર ઠેરવી આઠ વર્ષની જેલની સજા સંભળાવી હતી, જ્યારે તેની પત્ની સહિત બેને ભારતમાં ગેરકાયદે વસવાટ પ્રકરણે પાંચ વર્ષની કેદ ફટકારી હતી.એડિશનલ સેશન્સ જજ પરાગ એ. સાનેએ ૨૪ ઑક્ટોબરે આપેલા ચુકાદાની નકલ શુક્રવારે પ્રાપ્ત થઈ હતી. અલગ અલગ કેસમાં દોષી ઠરેલા ત્રણેયને સજા પૂરી થયા પછી બાંગ્લાદેશમાં ડિપોર્ટ કરવામાં આવશે.

તપાસકર્તા પક્ષ અનુસાર જોશીમ સોબુર મુલ્લા (૨૬) પર બાંગ્લાદેશથી લવાયેલી બે સગીર છોકરી પર બળાત્કાર ગુજારવાનો આરોપ હતો. એક એનજીઓની માહિતીને આધારે પોલીસે કાર્યવાહી કરી ૨૦૧૭માં બન્ને સગીરને છોડાવી હતી. કોર્ટે જોશીમને ભારતીય દંડ સંહિતાની બળાત્કારની કલમ હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો, પરંતુ તપાસકર્તા પક્ષ બન્ને છોકરીની ઉંમર સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો હોવાથી પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ હેઠળ જોશીમને કસૂરવાર ઠેરવાયો નહોતો. કોર્ટે માનવ તસ્કરીનો આરોપ પણ પડતો મૂક્યો હતો. જોશીમને બળાત્કારના કેસમાં કસૂરવાર ઠેરવવા ઉપરાંત તેની પત્ની મુર્શિદા અને જના રાબુલ મુલ્લાને પાસપોર્ટ ઍન્ડ ફોરેનર્સ ઍક્ટનું ઉલ્લંઘન કરવા બદલ કોર્ટે પાંચ વર્ષની કેદની સજા સંભળાવી હતી. વિશેષ સરકારી વકીલ યોગેન્દ્ર પાટીલે જણાવ્યું હતું કે ખટલા દરમિયાન ૧૨ સાક્ષી તપાસવામાં આવ્યા હતા. બાંગ્લાદેશની બન્ને છોકરીને દેહવેપારમાં ધકેલવા પ્રકરણે સંડોવાયેલા પાંચ આરોપીને કોર્ટે બધા આરોપોમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

# મુંબઈ, સુરત, અમદાવાદ સહિત અનેક પ્રમુખ ટર્મિનસ પર વિશ્રાંતિ ગૃહ બાંધવામાં આવશે

મુંબઈઃ ભારતીય રેલવેએ મુંબઈ સહિત અનેક મહત્ત્વના પ્રમુખ ટર્મિનસ પર ૭૬ કાયમી પ્રવાસી વિશ્રાંતિ ગૃહ (પેસેન્જર લાઉન્જ) બનાવવાની યોજનાને મંજૂરી આપી દીધી છે. તહેવારોની મોસમમાં વધારાના ધસારાને વિભાજીત કરવા તેમજ મુસાફરોને સુવિધા પૂરી પાડવા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આવતા વર્ષે તહેવારો પહેલા મુંબઈના મુખ્ય રેલવે સ્ટેશનો પર કાયમી પેસેન્જર લાઉન્જ તૈયાર કરી દેવામાં આવશે.

મધ્ય રેલવેમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી), લોકમાન્ય તિલક ટર્મિનસ (એલટીટી), દાદર, નાગપુર, નાસિક રોડ અને પુણે સ્ટેશનો પર કાયમી પેસેન્જર લાઉન્જ હશે. પશ્ચિમ રેલવે અંતર્ગત મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, ઉધના, સુરત, અમદાવાદ, ઉજ્જૈન, વડોદરા અને શિહોરમાં આઠ વિશ્રાંતિ ગૃહ બનાવવામાં આવશે. સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને બાંધકામ કરવામાં આવશે.

લગભગ સાત હજાર મુસાફરોને સમાવવાની યોજના બનાવવામાં આવી છે. ઉપરાંત યોગ્ય પેસેન્જર ટ્રાફિક માટે આ રેસ્ટરૂમને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો છે. ટિકિટ લેનારા મુસાફરો, જેમની પાસે ટિકિટ છે અને ટ્રેનની રાહ જોઈ રહ્યા છે એવા મુસાફરો અને ટ્રેનમાં ચડી રહેલા મુસાફરો એમ ત્રણ કેટેગરી છે. ત્રણેય વિભાગમાં મુસાફરોને શૌચાલય, ટિકિટ કાઉન્ટર, ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન અને મફત પીવાના પાણીની સુવિધા આપવામાં આવી છે.

# પુણેમાં ગેન્ગવૉરઃ હત્યાકેસના આરોપીના ભાઇની ગોળી મારી હત્યા

પુણેઃ પુણેના કોંઢવા વિસ્તારમાં ગેન્ગવૉરમાં ૩૫ વર્ષના યુવકની ગોળી મારીને તથા કોયતાના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ મોટરસાઇકલ પર ફરાર થયેલા ચાર આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને પોલીસે તેમની શોધ આદરી હતી.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પુણેના કોંઢવામાં શનિવારે બપોરે આ ઘટના બની હતી, જેમાં મૃત્યુ પામેલા યુવકની ઓળખ ગણેશ કાળે (૩૫) તરીકે થઇ હતી, જે હત્યાકેસના આરોપીનો ભાઇ હતો.

ગણેશ કાળે શનિવારે બપોરે કામ અર્થે પોતાના ઘરેથી નીકળ્યો હતો ત્યારે બે મોટરસાઇકલ પર આવેલા ચાર શખસે તેના પર પિસ્તોલથી ગોળીબાર કર્યો હતો. ઉપરાંત તેના પર કોયતાથી હુમલો પણ કરવામાં આવ્યો હતો.

ગોળીબારમાં ઘવાયેલા કાળેને હૉસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગણેશ કાળે કોમકર ગેન્ગના સભ્ય સમીર કાળેનો ભાઇ હતો. વનરાજ આંદેકરની હત્યાના કેસનો આરોપી સમીર કાળે હાલ જેલમાં છે. આથી ગેન્ગવૉરમાં ગણેશ કાળેની હત્યા કરવામાં આવી હોવાનું કહેવાય છે.

બારમા પાનાનું ચાલુ

## આર્યએ શાળા પાસેથી

શાળાઓમાંથી લગભગ ૮૦,૦૦૦ શાળાઓએ આ પહેલ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું, જેનો એ અર્થ થાય છે કે આશરે ચાર કરોડ રૂપિયા ગેરકાયદે એકઠા કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ આ પ્રોજેક્ટ પર રોક લગાવાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## રોહિત આર્યના

અને બાદમાં મૃતદેહને પુણે લઇ જવામાં આવ્યો હતો. આર્યની પત્ની, પુત્ર તથા પરિવારના નજીકના સભ્યોની હાજરીમાં તેના અંતિમસંસ્કાર કરાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આર્ય કેટલાક સમયથી પુણેમાં રહેતો નહોતો. પ્રારંભિક માહિતી સૂચવે છે કે તાજેતરના વર્ષોમાં તેનો તેના પરિવાર સાથે ઓછો સંપર્ક હતો. (પીટીઆઇ)

## આર્યને ન મળેલા

કરાઇ નહીં. આ સાથે શિક્ષણ પ્રધાનના કહેવા પરથી શાળામાં સ્વખર્ચે અભિયાન ચલાવવાનો દાવો કરનારા આર્યએ પણ સરકાર પાસે કોઇ પ્રસ્તાવ રજૂ કર્યો નહીં. સમગ્ર શિક્ષણ અભિયાનમાં વિવિધ ઉપક્રમ માટે અપાતા ભંડોળની અમુક રકમ આ ઉપક્રમ માટે અપાઇ હતી. રોહિતને આગામી વર્ષે ૯.૯૦ લાખ આપવામાં આવ્યા હતા. જોકે બાદમાં ફરી દસ્તાવેજો ન હોવાથી રકમ આપવાનો અમુક અધિકારીએ ઇનકાર કર્યો.

## મતદાર યાદીમાં

હતું કે 'ભાજપને પણ બે ત્રણ વાર મતદાન કરતા મતદારો સામે વાંધો છે. દેવેન્દ્ર ફડણવીસે આ અંગે સૌથી પહેલા વાંધો ઉઠાવ્યો હતો અને કોર્ટના દરવાજા ખખડાવ્યા હતા. એટલા માટે હવે ઘરે ઘરે જઈને સંપૂર્ણ મતદાર યાદી બનાવવી જોઈએ. ડબલ વોટર લિસ્ટ આજથી નહીં, છેલ્લા ૨૫ વર્ષથી જોવા મળી છે. આવી મતદાર યાદીમાં બે વખત તમને લોકસભામાં વિજય મળ્યો, તમને વિધાનસભામાં પણ સફળતા મળી.

આખી યાદી રદ નહીં કરવામાં આવે ત્યાં સુધી ડબલ મતદારો ઓછા નહીં થાય. મતદારોના નામનો ઉમેરો અને કાઢી નાખવાનો મુદ્દો અલગ છે. વિરોધ પક્ષોનો મોરચો જુઠ્ઠાણાનો છે. આ લોકો ફરીથી પરાજિત થશે ત્યારે પરાજય મતદાર યાદીને કારણે થયો એ કહેવા માટે જ આ મોરચો કાઢવામાં આવ્યો હતો.'

## આજે મધ્ય અને

સાયન, માટુંગા, દાદર, પરેલ અને ભાયખલા સ્ટેશન પર જ ઊભી રહેશે.

હાર્બર લાઈનની વાત કરીએ તો હાર્બર લાઈન પર સવારે ૧૧થી બપોરે ૪ વાગ્યા સુધી કુર્લા-વાશી વચ્ચે અપ-ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટીથી વાશી, બેલાપુર, પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર બંધ રહેશે.

બ્લોકના સમયગાળા દરમિયાન સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી સેક્શન વચ્ચે સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. મધ્ય રેલવે દ્વારા બ્લોકના સમય દરમિયાન હાર્બર લાઈનના પ્રવાસીઓને બ્લોકના સમય દરમિયાન ટ્રાન્સ હાર્બર લાઈન પર પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવી છે.

પશ્ચિમ રેલવે દ્વારા ચર્ચગેટ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે સવારે ૧૦.૩૦ કલાકથી બપોરે ૩.૩૫ કલાક સુધી અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન આ બંને સ્ટેશનો વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ અપ-ડાઉન સ્લો લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે.

## શિવસેના ઠાકરેના

પાર્ટી (એનસીપી) સાથે સત્તામાં છે, જે બંને દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના (યુબીટી) અને શરદ પવારની એનસીપી (એસપી) કોંગ્રેસ સાથે વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ)નો ભાગ છે. કાર્યક્રમમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ખાતાના પ્રધાન ચંદ્રકાંત પાટીલે કહ્યું હતું કે, 'શિવસેના હંમેશા બાળાસાહેબ ઠાકરેની પાર્ટી તરીકે ઓળખાતી હતી, પછી ઉદ્ધવ ઠાકરેની પાર્ટી તરીકે, અને કદાચ ભવિષ્યમાં તે આદિત્ય ઠાકરેની પાર્ટી તરીકે ઓળખાશે. એનસીપી સાથે પણ એવું જ છે, જે હંમેશા શરદ પવારની પાર્ટી તરીકે ઓળખાતી હતી, પરંતુ ક્યારેય કાર્યકરોની પાર્ટી તરીકે નહીં.'

'બીજી બાજુ, ભાજપ હંમેશા તેના કાર્યકરોની પાર્ટી તરીકે ઓળખાય છે,' એમ તેમણે કહ્યું હતું.

જૂન ૨૦૨૨માં શિવસેનાનું વિભાજન થયું જ્યારે પાર્ટીના નેતા એકનાથ શિંદે, જે તે સમયે પ્રધાન હતા, તેમણે ઉદ્ધવ ઠાકરે સામે બળવો કર્યો હતો અને રાજ્યમાં સરકાર બનાવવા માટે પાર્ટીના મોટાભાગના વિધાનસભ્યો સાથે ભાજપ સાથે હાથ મિલાવ્યા હતા. ભાજપના સમર્થનથી શિંદેને મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા. એક વર્ષ પછી મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષી નેતા અજિત પવારે તેમના કાકા અને એનસીપીના સ્થાપક શરદ પવાર સામે બળવો કર્યો અને એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે જોડાયા હતા. ઉદ્ધવ ઠાકરેને ઝટકો આપતા, ચૂંટણી પંચે ફેબ્રુઆરી ૨૦૨૩માં શિંદેના નેતૃત્વ હેઠળના જૂથને 'શિવસેના' નામ અને તેનું ચૂંટણી પ્રતીક 'ધનુષ્ય અને તીર' આપ્યું હતું. બાદમાં ચૂંટણી પંચે અજિત પવાર જૂથને પણ વાસ્તવિક એનસીપી તરીકે માન્યતા આપી અને તેમના નેતૃત્વ હેઠળના જૂથને પાર્ટી પ્રતીક 'ઘડિયાળ' ફાળવ્યું હતું. ઠાકરે જૂથને શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) નામ અને 'સળગતી મશાલ'નું પ્રતીક આપવામાં આવ્યું હતું, જ્યારે શરદ પવારના પક્ષને એનસીપી (શરદચંદ્ર પવાર) નામ અને 'પરંપરાગત રણશિંગું' આપવામાં આવ્યું હતું, જેને મરાઠીમાં તુતારી તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ભાજપનું

ચૂંટણીઓ પહેલા એમવીએ દ્વારા ખોટી વાતો ફેલાવવાના કથિત પ્રયાસોનો પર્દાફાશ કરવાનો છે.

'એમવીએના નેતાઓએ દરેક ચૂંટણી પહેલા સતત લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા પણ આવા જ પ્રયાસો કરવામાં આવ્યા હતા, જ્યારે તેઓ ઇરાદાપૂર્વક બંધારણમાં સુધારા અંગે ખોટા દાવા ફેલાવતા હતા,' એમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે એવો આરોપ લગાવ્યો હતો કે કેટલાક વિપક્ષી નેતાઓ, વિદેશમાં સ્થિત વ્યક્તિઓ અને એનજીઓ સાથે મળીને ખોટી માહિતી ફેલાવીને સમાજ અને સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

'કેટલીક એનજીઓના નામ અને તેમના ભંડોળના સ્રોત હવે દુનિયા સમક્ષ આવી ગયા છે,' એમ તેમણે કહ્યું હતું.

કોંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)નો સમાવેશ કરતી એમવીએએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે મળીને મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓ સામે વિરોધ રેલી યોજી હતી, જેમાં વિપક્ષે એવો દાવો કર્યો હતો કે ચૂંટણી પંચ ભાજપને મદદ કરવા માટે ગેરરીતિઓ આચરી રહી છે.

## પાર્ટી ચોરી કર્યા

કહેતી હૈ સો જાઓ નહીં તો ગબ્બર આ જાયેગા' આ સંવાદની જેમ, હું તમને બધાને કહેવા માગુ છું કે જાગતા રહો નહીંતર એનાકોન્ડા આવી જશે,' એમ ઠાકરેએ કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે વિપક્ષ ઈચ્છે છે કે ચૂંટણી થાય કારણ કે તે શાસક ગઠબંધનને હરાવવા માટે ઉત્સુક છે.

'તમે મારી પાર્ટી, મારું પ્રતીક, મારા પિતાનું નામ ચોરી લો છો અને હવે તમે મત ચોરી કરવા માંગો છો,' એમ ઠાકરેએ ભાજપની આગેવાની હેઠળની સત્તાધારી મહાયુતિ પર કટાક્ષ કરતા કહ્યું હતું.

**મારા નામે નકલી અરજી, આ હેકિંગનો પ્રયાસ છે!**

ઉદ્ધવ ઠાકરેએ મતદાર યાદીમાં તેમના નામ અંગે ચોંકાવનારો ખુલાસો કર્યો. તેમણે કહ્યું, મારા નામે નકલી અરજી દાખલ કરવામાં આવી હતી, મારા મોબાઇલ નંબર વિના. ચકાસણીમાં જાણવા મળ્યું કે મેં આ અરજી દાખલ કરી નથી. તે અરજી ૨૩ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ દાખલ કરવામાં આવી હતી. આ સમગ્ર મામલો હેક કરવાનો પ્રયાસ છે. હવે આપણે શોધવું પડશે કે શું મારા પરિવારના ચારેય સભ્યોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**મુખ્ય પ્રધાન પણ સ્વીકારે છે કે મત ચોરી થઈ રહી છે**

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, 'મુખ્ય પ્રધાને પોતે કહ્યું હતું કે મત ચોરી થઈ રહી નથી. પરંતુ નામ બેવડાયા છે એવી કબૂલાત એમણે પોતે જ કરી હતી. આમ તેમણે પોતે જ સ્વીકાર્યું છે કે મત ચોરી થઈ રહી છે. હું મુખ્ય પ્રધાનને પડકાર ફેંકું છું, અમને ખુલ્લા પાડો! અમને દૂધનું દૂધ, પાણીનું પાણી કરવું છે. તેમણે કહ્યું, ચૂંટણી કમિશનર ત્યાં લાચાર છે. કોનું નામ રાખવું, કોનું નામ દૂર કરવું, આખી વ્યવસ્થા તેમના હાથમાં છે.

**આ વિરોધ પક્ષોની એકતા નથી, પરંતુ લોકશાહીની એકતા છે**

સંયુક્ત મહારાષ્ટ્ર પછી પહેલીવાર, મહારાષ્ટ્રમાં બધા રાજકીય પક્ષો એક સાથે આવ્યા છે. આ વિરોધ પક્ષોની એકતા નથી, પરંતુ લોકશાહીનું નેતૃત્વ કરતી પાર્ટીઓની એકતા છે, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી કે, અમે એમ નથી કહેતા કે આપણે ચૂંટણીઓ ન થવા દેવી જોઈએ. અમે ચૂંટણીઓ ઇચ્છીએ છીએ, પરંતુ તે પ્રામાણિક હોવી જોઈએ. અમે ચોરી, હેરાફેરી અને પૂર્વનિર્ધારિત પરિણામો સાથે ચૂંટણીઓ ઇચ્છતા નથી. જો આવું થવાનું છે, તો લોકો નક્કી કરશે કે ચૂંટણીઓ યોજવી કે નહીં.

**મતદારોને તપાસો, તમારું નામ દૂર કરવામાં આવ્યું નથી**

ઉદ્ધવ ઠાકરેએ લોકોને સીધી અપીલ કરતા કહ્યું હતું કે, બધા મતદારોએ તપાસ કરવી જોઈએ કે તેમના નામ યાદીમાં છે કે નહીં. ઉપરાંત, જુઓ કે તમારા ઘરમાં એવા લોકો રહે છે કે જે તમને દેખાતા નથી. જો ૧૦૦ લોકો શૌચાલયમાં રહી શકે છે, તો વિચારો કે તમારા ઘરમાં કેટલા લોકો રહી શકે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, 'જો તમે કોઈ મત ચોર જુઓ છો, તો તેને લોકશાહી માધ્યમથી માર મારવો. અમે કોર્ટમાં જવાના છીએ. અમે બધા પુરાવા રજૂ કરીશું અને જોઈશું કે કોર્ટમાં ન્યાય થાય છે કે નહીં.'

## રોહિત આર્યએ

અપનાવવામાં આવ્યો હતો.

પવઇમાં ગુરુવારે બનેલી બાળકોને બંધક બનાવવાની ઘટના બાદ રાજ્ય શિક્ષણ વિભાગના લોકોએ રોહિત આર્યએ સરકારની પરવાનગી વિના કાર્યક્રમમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન ફી તરીકે લગભગ ૮૦,૦૦૦ શાળાઓમાંથી ચાર કરોડ રૂપિયા એકઠા કર્યા હતા. આ વાત સામે આવ્યા બાદ સરકારે આર્યને વ્યવહારોના દસ્તાવેજો રજૂ કરવા અને ગેરકાયદે મેળવેલી રકમ પાછી કરવા માટે કહ્યું ત્યારે તેણે તમામ વાતચીત બંધ કરી દીધી હતી.

એક દાયકા અગાઉ ગુજરાતમાં આર્યના લેટ્સ ચેન્જ અભિયાનને એ સમયના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ બિરદાવ્યું હતું. તેની સફળતા બાદ ગુજરાત સરકારે ૨૦૧૪ની શરૂઆતમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની જાહેરાત કરી હતી. તેની સફળતાને જોતા ૨૦૧૪માં તેને મિશન સ્વચ્છ ભારત સુધી લંબાવવામાં આવ્યું હતું.

શિવસેનામાં વિભાજન બાદ, જ્યારે મહાયુતિ સરકાર ૨૦૨૨માં સત્તામાં આવી, ત્યારે આર્યએ લેટ્સ ચેન્જ બ્રાન્ડ હેઠળ શાળાઓમાં સ્વચ્છતા અભિયાન માટે એ સમયના શાળા શિક્ષણ પ્રધાન દીપક કેસરકરનો સંપર્ક સાધ્યો હતો. એવું માનવામાં આવે છે કે તેની સફળતાએ તેના માટે શાળા શિક્ષણ વિભાગ સાથે કામ કરવાના દરવાજો ખોલી દીધા.

## મરાઠી હિન્દુઓ માટે

તો કોઈ સમસ્યા નહીં રહે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે પક્ષના કાર્યકરોને બેવડા મતદારો માટે મતદાર યાદીઓની કાળજીપૂર્વક તપાસ કરવા કહ્યું.

'જ્યારે પણ બેવડા મતદારો પકડાય, ત્યારે તેમને માર મારવો અને પછી તેમને પોલીસને સોંપી દેવા,' એમ તેમણે જણાવ્યું હતું.

રાજ ઠાકરેએ પક્ષના કાર્યકરોને ફક્ત એટલા માટે આત્મસંતુષ્ટ ન થવા કહ્યું કે તેઓ અને ઉદ્ધવ ઠાકરે એક સાથે આવ્યા છે.

'અમે મરાઠી હિન્દુઓ અને મહારાષ્ટ્રના લોકો માટે હાથ મિલાવ્યા છે,' એમ મનસેના વડાએ કહ્યું.

એનસીપી (એસપી)ના સુપ્રીમો શરદ પવારે જણાવ્યું હતું કે આ મોરચો બંધારણ અને સંસદીય લોકશાહીના રક્ષણ માટે શક્તિ અને એકતાનું એક દાખલારૂપ પ્રદર્શન હતું.

તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર અને કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારો હરીફોને નિશાન બનાવવા માટે સત્તાનો દુરુપયોગ કરી રહી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા બાળાસાહેબ થોરાતે કહ્યું હતું કે 'મત ચોરીનો મુદ્દો સૌપ્રથમ રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો અને હવે તે દેશભરમાં ગુંજી રહ્યો છે.'

'વિધાનસભા ચૂંટણી દરમિયાન, મતદાર યાદીઓ સામેના અમારા વાંધાને અવગણવામાં આવ્યો હતો. મતદાર યાદીમાં સુધારો થવો જોઈએ અને તે પછી જ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ થવી જોઈએ,' એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. કોંગ્રેસના નેતાઓ નસીમ ખાન, સતેજ પાટિલ અને ભાઈ જગતાપ, એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળે પણ વિરોધ મોરચામાં સહભાગી થયા હતા.

**વિધાનસભ્ય કહે છે કે ૨૦,૦૦૦ મતદાર બહારથી લાવ્યોઃ રાજ ઠાકરે**

તેમણે કહ્યું કે જે લોકોએ ખોટા મતદાન કર્યા છે તેમની સાથે શું કરવું જોઈએ? આને શું કહેવાય ચૂંટણીઓ એકબીજામાં પૂર્ણ કરવા અને તેમને ફરીથી સફળ બનાવવા માટે? શું લોકશાહી આ રીતે ટકી રહેશે? એમ તેમણે કહ્યું હતું. એક વિધાનસભ્યનો ભાઈ કહે છે કે હું બહારથી ૨૦ હજાર મતદારો લાવ્યો. નવી મુંબઈ કમિશનરના બંગલામાં મતદારો નોંધાયેલા હતા. કોઈ જાહેર શૌચાલયમાં નોંધાયેલ હતું, જો તેઓ ક્યાંય બેઠેલા જોવા મળે તો શું તેમનું નોંધણી કરવી જોઈએ? તેમણે કહ્યું કે આ ખૂબ જ શરમજનક બાબત છે જે દેશભરમાં થઈ રહી છે. ઈવીએમ વિશે વાત કરતા, રાજે ૨૦૧૭ થી પોતાના વલણનો પુનરાવર્તિત કર્યો. આ બધું ષડયંત્ર કમિશન દ્વારા ચાલી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું.

**કોંગ્રેસે પણ કૂચમાં ભાગ લીધો**

બીજી તરફ, મનસે અને શિવસેના વચ્ચે વધતી જતી નિકટતાને કારણે, કોંગ્રેસે મહા વિકાસ આઘાડીમાં આનો વિરોધ કરવાનું શરૂ કર્યું છે. તેથી, એવી ચર્ચા થઈ હતી કે પ્રદેશ કોંગ્રેસના નેતાઓ અને મુંબઈ કોંગ્રેસના નેતાઓ શનિવાર ની કૂચમાં ભાગ લેશે કે નહીં. જોકે, છેલ્લી ઘડીએ કોંગ્રેસના નેતાઓ પણ કૂચમાં જોવા મળ્યા હતા. મનસેનો સીધો વિરોધ કરી રહેલા ભાઈ જગતાપ પણ કૂચમાં સહભાગી જોવા મળ્યા હતા. બાળાસાહેબ થોરાત, સતેજ પાટિલ, વિજય વડેટ્ટીવાર સહિતના કોંગ્રેસના નેતાઓ પણ કૂચમાં ચાલતા જોવા મળ્યા હતા. એનસીપીના નેતાઓએ પણ કૂચમાં ભાગ લીધો હતો. આમ મનસેના આવ્યા પછી પણ મહાવિકાસ આઘાડીમાં એકતા હોવાનું ચિત્ર જોવા મળ્યું હતું.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી સ્વ. કમળાબેન દુર્લભજી મહેતાના સુપુત્ર ચંદ્રકાન્ત ભાઇ (ઉં.વ. ૯૦) તે તરુલતાબેનના પતિ. જયશ્રી દિગંત મહેતા, ભાવના જયપ્રકાશ વર્મા, પ્રીતિ સત્યેન ઠાકર તથા વિરલના પિતા. સ્વ. નગીનદાસ દુર્લભજી મહેતાના ભાઇ. સ્વ. જેઠાલાલ વ્રજપાલ કામદારના જમાઇ. નીલ, સૌમિલ, સ્વ. હિનલ તથા તનિષના નાના તા. ૧-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ટીકર નિવાસી હાલ અમેરિકા દક્ષા હસમુખભાઇ દયાળજી મહેતા (ઉં.વ. ૭૨) તે ઇશાની મમ્મી. વાંકાનેર નિવાસી જેઠાલાલ કીરચંદ શેઠની સુપુત્રી અમેરિકા મુકામે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના-લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સવિતાબેન વાડીલાલ શાહના સુપુત્ર જગદીશભાઇ (ઉં. વ. ૭૫) તે ભારતીબેનના પતિ. અ. સૌ. શીતલબેન પરેશભાઇ શાહ, શ્વેતાબેન પ્રશાંતભાઇ રૂપાણી, શ્રેયાબેન જગદીશભાઇ શાહ તથા કાર્તિકેયભાઇના પિતાશ્રી. તે સ્વ. નવીનભાઇ તેમ જ લીંબડી ગોપાલ સંપ્રદાયના બા. બ્ર. પ. પૂ. પ્રિયદર્શનાજી મ. સ., બા. બ્ર. પ. પૂ. મનીષાજી મ. સ.ના ભાઇ તે બા. બ્ર. પ. પૂ. ખ્યાતીજી મ. સ. ના કાકાશ્રી. રાણપુર નિવાસી હાલ મુંબઇ સ્વ. ઇન્દુલાલભાઇ જગજીવનદાસ ખાટડીયાના જમાઇ તા. ૩૧-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩-૧૧-૨૫ સોમવારના બપોરે ૩થી ૫. ઠે. હિંગવાલા ઉપાશ્રય.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂતન ત્રંબોના સ્વ. મીણાબેન રાજી સાંગણ નંદુના સુપુત્ર વેલજીભાઇ (ઉં. વ. ૯૦) તા. ૩૧-૧૦-૨૫ના શુક્રવારના અવસાન પામેલ છે. હીરુબેનના પતિ. હસમુખ, ઉર્મિલા, રમેશ, શારદા, પ્રવીણના પિતા. શાંતિ, વાડીલાલ, હંસા, જીતેન્દ્ર, પ્રવીણાના સસરા. સચીન, મિલીંદ, આશીતા, રીમ્પલ, રાહુલ, ઝલકના દાદા. હિતેશ, ચિરાગ, પ્રિયંકા, પ્રણયના નાના. સુવઇના સ્વ. રખુબેન રાઘવજી પૂંજા છાડવાના જમાઇ. પ્રાર્થના સ્થળ : ટીપ ટોપ પ્લાઝા, થાણા (વેસ્ટ), નિવાસ પામ્સ થાણા (વે).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના મીઠાંબેન લખમશી કેનીયા (ઉં.વ. ૯૫) તા. ૩૦-૧૦નાં અવસાન પામેલ છે. વેલબાઇ પ્રેમજીના પુત્રવધૂ. સ્વ. લખમશીના પત્ની. મુલચંદ, રશ્મી, કુસુમ, કીરીટ, ઉષાના માતુશ્રી. મો. આસંબીયા સ્વ. ભમીબાઇ પુનશીના પુત્રી. દેવજી, શીવજી, ગાંગજી, મુરજી, વશનજી, કલ્યાણજી, મેઘબાઇ હરશી, મુરીબાઇ ગેલા, લક્ષ્મીબેન કલ્યાણજી, ગોમીબાઇ ઠાકરશીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કીરીટ લખમશી કેનીયા, ભગવતી કોલોની, ઉદવાડા, પીન-૩૯૬૧૮૫.

વડાલાના દામજી ગાલા (ઉં. વ. ૮૩) ૩૧-૧૦ના દેહાવસાન પામેલ છે. નેણબાઇ લાલજી વિજપારના પુત્ર. સાકરના પતિ. રીટા, મનીષ, કેતનના પિતા. રાઘવજી, જેન્તીલાલ, ડો. ચુનીલાલ, સી.એ. ધીરજ, પંકજ, હસમુખ, લુણી કેસરબેન ગાંગજીના ભાઇ. મોખા મમીબાઇ હીરજી નાગશીના જમાઇ. પ્રા. યોગી સભાગૃહ, દાદર (ઇ.) ટા. ૨ થી ૩.૩૦.

ડોણના નલીન કલ્યાણજી વીરા (ઉં. વ. ૫૯)તા.૩૧-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. કસ્તુરબેન કલ્યાણજીના પુત્ર. જીજ્ઞાના પતિ. પ્રણવના પિતા. જયંત (બાબા), યોગેશના ભાઈ. રાયણ મોટીના વિમલા જયંતિલાલ ભવાનજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ.નલીન કલ્યાણજી વીરા, ૧૬-એ, વીરા બિલ્ડીંગ, ન્યુ એન.એલ.પી. માર્ગ, પરેલ વિલેજ, મુંબઇ-૧૨.

પ્રાગપુરના શ્રી રમેશ ડુંગરશી ખીમસીયા (ઉં. વ. ૬૩) તા. ૩૧-૧૦-૨૫ના અવસાન પામેલ છે. રતનબાઇ ડુંગરશીના પુત્ર. ગીતાના પતિ. ચાર્મી, ઋષભના પિતા. હીરજી, તલકશી, પોપટ, વસંત, મહેશ, હરેશ, કાંતા, કસ્તુર, સુશીલા, ચંદ્રીકા, મુંદ્રીકાના ભાઇ. ઝવેરબેન જેઠાલાલ દેઢીયાના જમાઇ. પ્રા. શ્રી ક.વી.ઓ. સ્થા. જૈન મહાજનવાડી, ચીંચપોકલી. ટા. ૩ થી ૪.૩૦. ઠે. રમેશ ડુંગરશી ખીમસીયા, એ/૧૮, સીમંધર સો., સે.૧૪, વાશી-૪૦૦૭૦૩.

બાડાના અ.સૌ. પ્રમીલા (પાનબાઇ) ભાઇલાલ ગડા (ઉં. વ. ૭૪) તા. ૩૧-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ચંચલબેન ધનજી કેશવજી ગડા (પટેલ)ના પુત્રવધૂ. ભાઇલાલભાઇના પત્ની. હીતેન અને આરતીના માતુશ્રી. મેરાવાના ચાંપબેન કુંવરજી હંસરાજ મામણીયાના સુપુત્રી. રામજી, જગશી, રમણીક, તલકશી કિશોરના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિર્મલા નિવાસ, એ/૮૬, પરેલ, મુંબઇ-૧૨.

બેરાજાના માતુશ્રી ભારતીબેન ઠાકરશી મામણિયા (ઉં. વ. ૮૦) તા. ૩૧-૧૦-૨૫ ના અવસાન પામેલ છે. હાંસબાઇ રવજીના પુત્રવધૂ. સ્વ. ઠાકરશીના ધર્મપત્ની. પિયુષના માતુશ્રી. લાયજા વેલબાઇ વેલજી ખેરાજ ગડાના સુપુત્રી. જગદીશ, કિરીટ, કુંદનબેનના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પિયુષ મામણિયા, ૧/૩, રવિન્દ્ર હાઉસ, ૫૪૩, કાલબાદેવી રોડ, સનલાઇટ રેસ્ટોરેન્ટની ઉપર, મુંબઇ-૦૨.

લુણીના ભાનુબેન નવીન કરમશી છેડા (ઉં. વ. ૭૧) શુક્રવાર તા. ૩૧-૧૦-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી મકાંબાઇ કરમશી દેવજી છેડાના પુત્રવધૂ. નવીનભાઇના ધર્મપત્ની. ચંદા, જેનીશના માતુશ્રી. પ્રતાપરના અમૃતબેન કુંવરજી મોણશી ગાલાની સુપુત્રી. સ્વ. હિરજી, સ્વ. રાઘવજી, રતનબેન, પ્રેમીલાના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મુ. જૈન સંઘ, નારાયણજી શામજી મહાજનવાડી, માટુંગા (સે.રે) ટા. ૪ થી ૫.૩૦.

## પારસી મરણ

ધન રુસી મિસ્ત્રી તે મરહુમ રુસીના ધન્યાની. તે મરહુમો જાઇજી બેહરામજી સોપારીવાલાના દીકરી. તે વાબીઝ, હુતોકસી ને મરહુમ પરવીનના માતા. તે યઝદી, કેરસી, ને દારાના સાસુ. તે મેહલી, હોમાય ને બરજોરના બહેન. તે મેહર, બેનાઝ, ફરાદ ને પરીઝાદ ના મમઇ. (ઉં. વ. ૯૩) રે. ઠે. પી/૪, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૧-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે લાલબાગ અગિયારીમાં છેજી.

ડો. સાઇરસ બેહરામ વાડીયા તે મરહુમ રોશનના ધની. તે મરહુમો જાલુ બેહરામ વાડીયાના દીકરા. તે મરહુમ આબાનના ભાઇ. તે સતીરા હોમી રાનીનાના મામા. (ઉં. વ. ૮૦) રે. ઠે. આર્યન મહાલ, ચોથે માળે, સી-રોડ, ફલેટ નં-૨૨, ચર્ચગેટ, મુંબઇ-૪૦૦૦૨૦. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૧-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

મરઝબાન નવરોજી સરકારી તે મરહુમ આબાનના ધની. તે મરહુમો તેહમીના નવરોજી સરકારીના દીકરા. તે મીનુ, જાલ, મેરી ને મરહુમ નરીના ભાઇ. તે મેહરનોઝના કાકા. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૬૦૩, બી-વિંગ, શબનમ, ૬થે માળે, સી.ડી. બરફીવાલા માર્ગ, અંધેરી-મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૧-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે મેવાવાળા અગિયારીમાં.

ગુલ બેહરામ ભરદા તે મરહુમ બેહરામના ધનીયાની. તે મરહુમો આલામાય મંચેરશી ભાદાના દીકરી. તે પરવીન ને ખુશરૂના મમા. તે દરાયસ ને હવોવીના સાસુ. તે આબાન, શેહરૂ, ડોલીના બહેન. તે તાન્યા ને રૂશાડના બપઇજી. (ઉં. વ. ૮૮) રે. ઠે. ૨૮૬, ડો. કાવસજી હોરમઝજી સ્ટ્રીટ, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨-૧૧-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી.

## હિન્દુ મરણ

**કપોળ વૈષ્ણવ**

રાજુલાવાળા હાલ કાંદિવલી સ્વ. વિઠ્ઠલદાસ અને ચંદ્રભાગા ભુતાના પુત્ર વસંતરાય ભુતા (ઉં. વ. ૯૨) તા. ૨૯-૧૦-૨૫ના દિને શ્રીજીચરણ પામ્યા છે. તે ચારુબેનના પતિ. સ્વાતિ, હેમાંગીની (હિના), વિપુલ ભુતાના પિતા. સંજય, ઉદય તથા હેતલના સસરા. સ્વ. દ્વારકાદાસ, જયકિશનદાસ, મુકુંદરાય, શાંતાબેન, નલિનીબેનના ભાઇ. સ્વ. લલિતાબેન છોટાલાલ ગાંધીના જમાઇ. પ્રાર્થનાસભા વિશ્વેશ્વર ભવન, ૧લે માળે, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (પશ્ચિમ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. આનંદ મંગલ હોલ), ૧લા માળે, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. હર્ષદરાય વિઠ્ઠલદાસ સંઘવીના ધર્મપત્ની અલકાબેન (ઉં. વ. ૮૫) બુધવાર તા. ૨૯-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે બીના, મહેશ, મનીષના માતુશ્રી. કૌશીક, કાનન, નીત્યાના સાસુ. રૂતુ, મનન, અનન્યા, દેવના દાદી. પિયર પક્ષે શિહોરવાળા, લીલાવતી ગમનલાલ મહેતા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મોડાસા એકડા દશા ખડાયતા ક્રોવાડીયા**

ગં. સ્વ. નંદિનીબેન મહેશભાઈ મહેતા (ઉં. વ. ૮૭) ગુરુવાર, તા. ૩૦/૧૦/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મહેશભાઈ શિવલાલ મહેતા (રાજપીપલાવાળા)ના ધર્મપત્ની. કેયુરના માતુશ્રી. પ્રદીપ અને પ્રતિમાના માસી. સંજય અને મમતાના કાકી. પર્લ અને શેલના દાદી. એમની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૦૩/૧૦/૨૫ના ૫ થી ૭. સ્થળઃ ખડાયતા ભુવન, હનુમાન રોડ, વિલેપાર્લે પૂર્વ.

**ખંભાતી દશા પોરવાડ વણિક**

નડિયાદ નિવાસી હાલ મુંબઈ, ગં. સ્વ. કોકિલાબેન મનુભાઈ દેસાઈ (ઉં. વ. ૮૬) તા. ૩૧.૧૦.૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યાં છે. તે સ્વ. લીલાવતીબેન ઇન્દુલાલ શાહના પુત્રી. સ્વ. રાકેશ, જીગ્નેશ અને સોનલ નીલેશ શાહના માતુશ્રી. ગં. સ્વ. મીતા, મનીષાના સાસુ. ગં. સ્વ. ચૈતનબેન અરૂણકુમાર નરખી, પ્રીતિ ગિરીશ શાહ, ગીતાબેન દિલીપભાઈ ચોકસીના બહેન. ધરણ-સંગીતા, કરણ-વૈશાલી, જય-કિંજલ, અંશિકા, પ્રિશાના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દસા અડાલજા મોઢ વણિક**

મૂળ સુરત નિવાસી હાલ મલાડ વેસ્ટ, નલિની મહેતા (ઉં. વ. ૮૮) તા. ૩૧.૧૦.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કૃષ્ણકાંત વામનલાલ મહેતાના પત્ની. ધવલના માતુશ્રી. મંજુલાના સસરા. ધ્યેયના દાદી. પ્રાર્થનાસભા કે લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

સ્વ. નટવરલાલ અને સ્વ. હસમુખબેનના પુત્ર પ્રફૂલ ધારિયા ૩૧/૧૦/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વાતિના પતિ. રાહિલ, આશનાના પિતા. શિવાનીના સસરા. સાન્વીના દાદા. સ્વ. દિનકરલાલ અને સરલાબેન (પાક્કા)ના જમાઈ. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી. લૌકિક પ્રથા બંધ છે.

## હર્બલ, તમાકુ-મુક્ત

એક એવી સ્થાપના તરીકે વ્યાખ્યાયિત કરે છે જ્યાં લોકો સમુદાયના હુક્કામાંથી તમાકુ પીવા માટે ભેગા થાય છે, જે પ્રતિબંધિત છે. પરંતુ હુક્કા પીરસનારાઓને, જેમાં તમાકુ કે નિકોટિન ન હોય તેમને દંડ કરી શકાતો નથી, એમ બેન્ચે જણાવ્યું હતું. આ વર્ષની શરૂઆતમાં, એક રેસ્ટોરન્ટ માલિક મુનીબ આર્ય અને અન્ય ૧૧ લોકોએ હાઇ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં રેસ્ટોરન્ટ કાયદેસર રીતે હર્બલ કે તમાકુ-મુક્ત હુક્કા પીરસવામાં આવી શકે છે કે નહીં તેની પુષ્ટિ માગવામાં આવી હતી. અરજદારોનું પ્રતિનિધિત્વ એડવોકેટ ઝુબીન બેહરામકામદીન દ્વારા કરવામાં આવ્યું હતું, તેમણે આરોપ લગાવ્યો હતો કે ૨૦૧૯ માં કોર્ટના હર્બલ હુક્કાને મંજૂરી આપવાના આદેશ છતાં પોલીસ ગેરકાયદેસર દરોડા પાડી રહી છે અને રેસ્ટોરન્ટ માલિકોને તેમના વ્યવસાયો બંધ કરવાની ધમકી આપી રહી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

સૌરાષ્ટ્ર આવૃત્તિ

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૨-૧૧-૨૦૨૫

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ આવાં ગાંડાંઘેલા કેમ કાઢે છે... એમાંય એમની કોઈ ચોક્કસ ગણતરી છે કે શું?



**કહેવાતા મિત્ર દેશ ભારત અને કહેવાતા જાની દુશ્મન એવા ચીન સાથે 'કભી હા ...કભી ના' જેવી વર્તણૂક કરતાં અમેરિકાના આ પ્રેસિડન્ટના મનોભાવ કોઈ મનોચિકિત્સક પણ જલદી પારખી શકે તેમ નથી ...સિવાય કે એમાં પણ ટ્રમ્પ કોઈ અ-નોખી રાજકીય ચાલ ખેલી રહ્યાં હોય!**

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ પોતે જ કહેલી વાતમાંથી પલટી જાય છે અને એકદમ વિરોધાભાસી વાતો કરે છે. એમાંય દર બીજા દિવસે કંઈ ને કંઈ નવા તુક્કા વહેતા કરે છે તેના કારણે એમની ડાગળી તો ચસકી નથી ગઈ કે શું? એવા સવાલ ખુલ્લેઆમ પૂછાઈ રહ્યો છે.

ટ્રમ્પ એક તરફ અમેરિકામાં શટડાઉન કરાવીને બેસી ગયા છે. તેના કારણે અમેરિકાનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સંખ્યાબંધ સેવાઓ ખોરવાઈ ગઈ છે. બીજી તરફ, વિદેશી બાબતોમાં પણ આડેધડ નિર્ણયો અને નિવેદનબાજી કરીને ટ્રમ્પ વરસોથી અમેરિકા સાથે ગાઢ સંબંધો ધરાવતા દોસ્તોને દૂર ધકેલી રહ્યા છે.

વચ્ચે ટ્રમ્પને વિશ્વના 'શાંતિદૂત' તરીકે સ્થાપિત થઈને શાંતિ માટેનું નોબલ પ્રાઈઝ મેળવવાની પણ એવી જોરદાર ચળ ઉપડી હતી કે એમણે દુનિયાભરના દેશોના આંતરિક મામલાઓમાં કડછા માર્યા. ટ્રમ્પને શાંતિદૂત બનવાનો એવો ધખારો ઉપડ્યો છે કે, દુનિયામાં જે દેશો વચ્ચે યુધ્ધ થયું જ નથી એવા દેશો વચ્ચે 'પોતે યુદ્ધવિરામ કરાવી દીધો' હોવાના ફાંકા મારીને જશ ખાટવાનાં હવાતિયાં મારે છે. આ કારણે એ આખી દુનિયાની નજરમાં હાસ્યાસ્પદ ઠરી રહ્યા છે. ટ્રમ્પને અમેરિકાને ફરી દુનિયાનું જમાદાર બનાવી દેવાનો પણ ભારે સણકો ઉપડેલો તેથી દુનિયાભરના દેશોના વડાઓને ફરમાન છોડ્યા કરે છે. ઈઝરાયલ સહિતના અમેરિકા પર નિર્ભર દેશો ને પાકિસ્તાન જેવા નાણાં માટે ગમે તેનાં તળવાં ચાટવા તૈયાર દેશો સિવાય કોઈ ટ્રમ્પની વાત સાંભળવા તૈયાર નથી છતાં ટ્રમ્પ ગાંડાંવેડાં કર્યાં કરે છે. રશિયા, ચીન, ભારત જેવા દેશ તો ટ્રમ્પને ગણકારતા જ નથી ને ટ્રમ્પની વાતોને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખે છે.

તાજેતરમાં ટ્રમ્પે રશિયા સાથે ક્રૂડનો વેપાર બંધ કરવા ભારતને ફરમાન કરીને ધમકી આપેલી કે, રશિયા પાસેથી ક્રૂડ લેવાનું બંધ નહીં કરે તો ભારતથી આવતા માલ પર ૧૦૦ ટકા ટૅરિફ ઠોકી દઈશું... જોકે, ટ્રમ્પની આ ધમકીને ભારત ઘોળીને પી ગયું છે. ભારતે સત્તાવાર રીતે ટ્રમ્પની સીધી નાફરમાની નથી કરી પણ વાસ્તવિક રીતે ટ્રમ્પની ઐસીતૈસી કરીને રશિયા સાથે ક્રૂડનો વ્યાપર ચાલુ રાખ્યો છે... રશિયા અને ચીન તો ભારત કરતાં એક કદમ આગળ વધીને ટ્રમ્પ કંઈ પણ કરે તો તરત તેનો એ જ ભાષામાં ને એક્શનમાં પણ જવાબ આપી દે છે. રશિયા સાથે અમેરિકાના હમણાં આર્થિક સંબંધો નથી, પણ ચીન સાથે છે. ચીનને દબાવવા માટે ટ્રમ્પે ઉપરાછાપરી ટૅરિફ લાદ્યા પણ ચીને તેનાથી ડર્યા વિના સામે ટૅરિફ ઠોકી દીધા. ચીનનાં પગલાંને કારણે ઢીલાઢફ થઈ ગયેલા ટ્રમ્પ પોતે જ થૂંકેલું ચાટીને ચીનના માલ પરના ટૅરિફ ઘટાડી રહ્યા છે. તેના કારણે ટ્રમ્પનું જે નીચાજોણું થયું છે એ વાત ટ્રમ્પ સમજવા તૈયાર નથી.

ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામના મામલે પણ ટ્રમ્પ જોકરની જેમ વર્તી રહ્યા છે. ટ્રમ્પનો દાવો છે કે, મેં ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાવ્યો, બાકી બંને દેશો વચ્ચે પરમાણુ યુદ્ધ છેડાઈ ગયું હોત...! ટ્રમ્પે ફડાકો માર્યો છે કે, મેં બંને ન્યૂક્લિયર દેશો વચ્ચેનું યુદ્ધ રોકવા માટે વેપારનું દબાણ કર્યું હતું અને ૨૫૦ ટકા ટૅરિફ લાદવાની ધમકી આપી હતી. તેના કારણે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે તૈયાર થયા. ભારત આ વાતનો વારંવાર ઈનકાર કરી ચૂક્યું છે છતાં ટ્રમ્પ એકની એક કેસેટ વગાડ્યા જ કરે છે.

ટ્રમ્પ આ કેસેટ વગાડે ત્યારે મોદીનાં વખાણ પણ કરે છે ને સાથે સાથે પાકિસ્તાનના શાસકોને પણ વખાણે છે. ટ્રમ્પ એવું પણ કહ્યા કરે છે કે, વડા પ્રધાન મોદી માટે મને પ્રેમ અને માન છે. મોદીની જેમ પાકિસ્તાનના વડા પ્રધાન પણ મહાન વ્યક્તિ છે અને તેમના ફિલ્ડ માર્શલ પણ મહાન લડવૈયા છે!

ટ્રમ્પની આવી અણઘડ વાતો અને વર્તનના કારણે તેમની માનસિક સ્થિતિ શંકાસ્પદ હોવાના દાવા થઈ રહ્યા છે, પણ વાસ્તવમાં ટ્રમ્પ પોતાના જ ચક્રવ્યૂહમાં અટવાઈ ગયા છે. ટ્રમ્પે ફરી પ્રમુખ બનવા માટે ચૂંટણી પ્રચાર વખતે અમેરિકાને ફરી દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ બનાવવાનું વચન આપેલું , પણ અમેરિકાને કોઈ ગણકારતું નથી તેથી ટ્રમ્પ ભોંઠા પડી રહ્યા છે. ટ્રમ્પ એ ભોંઠપ છૂપાવવા માટે ધમકીઓ આપે છે પણ ટ્રમ્પની ધમકીઓની કોઈ અસર થતી નથી તેથી ટ્રમ્પ રઘવાયા થઈ ગયા છે. શું કરવું એ સમજાતું નથી એટલે છબરડા પર છબરડા કરે છે અને હાસ્યાસ્પદ ઠરી રહ્યા છે.

આ લેખ તૈયાર થઈ રહ્યો છે ત્યારે એક સમાચાર આવ્યા છે...જે અનુસાર ડોનલ્ડ ટ્રમ્પ તળિયા વિનાના લોટા જેવા છે તેનો વધુ એક પુરાવો ભારત અને અમેરિકા વચ્ચે થયેલા સંરક્ષણ કરાર છે.

ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે એ બદલ ભારત પર ૨૫ ટકા પેનલ્ટી ટૅરિફ અમેરિકાએ લાદી છે. રશિયા સાથે વ્યાપાર કરનારા દેશો સાથે અમેરિકા આકરું વલણ અપનાવશે એવી વાતો ટ્રમ્પ કર્યા કરે છે, પણ રશિયા સાથે બિઝનેસ કરતા ભારત સાથે સંરક્ષણ કરાર કરવામાં તેમને વાંધો નથી!

આ તાજા સંરક્ષણ કરાર મુજબ ભારત અને અમેરિકાએ આગામી ૧૦ વર્ષ સુધી સંરક્ષણ સહયોગ વધારવા માટે માળખાગત કરાર પર હસ્તાક્ષર કર્યા છે તેમાં બંને દેશ વચ્ચે ઈન્ફર્મેશન શેરિંગ ઉપરાંત ટેક સહયોગ વધારવાની પણ દરખાસ્ત છે. તેનો મતલબ એ કે, અમેરિકા ભારતને શસ્ત્રો પણ વેચશે ને તેના મેન્ટેનન્સમાં પણ મદદ કરશે. ટ્રમ્પને ભારત સાથે ટ્રેડ ડીલ કરવામાં પણ રસ છે. ટ્રમ્પ પોતે ભારત સાથે બહુ જલદી ટ્રેડ ડીલ થશે એવી વાતો પણ હમણાં ફરી કરી છે. રશિયા સાથે ભારત વ્યાપાર કરે તો પ્રતિબંધોની વાત કરનારા ટ્રમ્પને અમેરિકાનાં હિત ન સચવાય તો કોઈ વાંધો નથી. ટ્રમ્પનાં આ વિરોધાભાસી વલણો એ વાતનો પુરાવો છે કે, ટ્રમ્પના વિચારો સ્થિર નથી અને તળિયા વિનાના મુરાદાબાદી લોટાની જેમ એ ગમે ત્યારે ગમે તે બાજુ ઢળી શકે છે...! ■

## મિત્રના દેશને પરેશાન કરે એ કેવી દોસ્તી?

ટ્રમ્પ આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સારા માણસ ગણાવે છે અને પોતે મોદીના મિત્ર હોવાનો દાવો પણ દર ત્રીજા દિવસે કરે છે, પણ ટ્રમ્પ-મોદીની મિત્રતા સમજાતી નથી. એવો ક્યો મિત્ર હોય કે જે પોતાના મિત્રને જ નુકસાન કરે ? ટ્રમ્પ ઉપરાછાપરી ભારત વિરોધી પગલાં લઈ રહ્યા છે અને પાકિસ્તાનને થાબડી રહ્યા છે ને હવે તો ચીનને પણ પંપાળી રહ્યા છે. ટ્રમ્પ આ રીતે ત્રણ બાજુથી ભારતની મેથી મારી રહ્યા છે અને ઘા પર મીઠું ભભરાવતા હોય એમ પાછા મોદીને મિત્ર ગણાવે છે.


જે માણસે ભારતને નીચું બતાવવામાં કોઈ કસર છોડી નથી ને હજુય ભારતને ઘૂંટણિયે પાડવા માટેની તરકીબો કર્યા કરે છે એ માણસ ભારતના વડા પ્રધાનનો મિત્ર કઈ રીતે હોઈ શકે?



અમેરિકામાં રાજકીય વિશ્લેષકોનો એક વર્ગ માને છે કે, વાસ્તવમાં ટ્રમ્પ મોદી પર કટાક્ષ કરી રહ્યા છે, પણ આપણે આ કટાક્ષ સમજી નથી રહ્યા ને આપણને પણ એ કહેવાતી મૈત્રીના નામે નાહકના વટનાં ગાજર ખાવાં પડે છે...

---

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com



## ભારતમાં લોકો પ્રદૂષણની પરવા શા માટે નથી કરતા?

### આપણે ત્યાં જોખમ પર આનંદ કેમ ભારે પડી જાય છે?

અહીં શીર્ષકમાં પૂછાયેલો સવાલ જેટલો સામાન્ય લાગે છે તેટલો જ જટિલ છે.

તાજેતરમાં દિવાળી દરમિયાન દિલ્હીમાં ફટાકડા ફોડવાના પગલે હવાનું પ્રદૂષણ સાધારણ કરતાં ઘણું બધું વધી ગયું હતું. દેશમાં મોસમના બદલાવની સાથે તહેવારોનો પ્રભાવ પણ હવામાં સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. દરેક વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી પ્રસંગે દેશભરમાં જબરદસ્ત ફટકડા અને આતશબાજી થઇ હતી, જેણે હવાને ફરીથી વધુ ઝેરી બનાવી દીધી હતી.

કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ૨૩ ઓક્ટોબરે જાહેર કરવામાં આવેલા આંકડાઓના વિશ્લેષણથી ખબર પડે છે કે દેશમાં માત્ર ૧૬ ટકા શહેરમાં જ શુદ્ધ હવા છે. લગભગ ૩૩ ટકા શહેરોમાં સ્થિતિ સંતોષજનક છે, જ્યારે બીજી બાજુ ૫૧ ટકા શહેરોમાં સ્થિતિ ચિંતાજનક છે અર્થાત્ દેશમાં મોટા ભાગના શહેરોમાં આજે હવા ચિંતાજનક છે.

આ બધા વચ્ચે રાહતની વાત એ છે કે દિવાળીના બીજા દિવસથી શહેરોમાં હવા શુદ્ધ થવા લાગી હતી.

આવું દર વર્ષે થાય છે. કેમ?

દિલ્હી જેવાં શહેરોમાં હવાનું પ્રદૂષણ મોસમની જેમ નિયમિત થઇ ગયું છે તે બતાવે છે કે તેનો સંબંધ ટેક્નિકલ કમી અથવા જાગૃતિના અભાવ સાથે નથી. તેમાં મનોવિજ્ઞાન, સમાજ-સંસ્કાર, આર્થિક અને સંસ્થાકીય કારણો બધાનું મિશ્રણ છે. આ વાત જરા સમજવાની કોશિશ કરીએ:

દિવાળી અને ફટાકડા અસ્થાયી તો હોય છે, પરંતુ તેની અસર ખૂબ જ તીવ્ર હોય છે. ફટાકડા ફૂટવાથી PM૨.૫ અને PM૧૦ (અત્યંત સૂક્ષ્મ કણો)નું જબરદસ્ત ઉત્સર્જન થાય છે; અનેક અભ્યાસે દર્શાવ્યુ છે કે દિવાળીની રાત્રે હવામાં આ કણોની ઘનતા તહેવાર પહેલાંના નાના સ્તર કરતાં અનેક ગણી વધી જાય છે અને તેમાં લોખંડ આધારિત મિશ્રણો (બેરિયમ, સ્ટ્રોન્શિયમ વગેરે) પણ હોય છે જે સ્વાસ્થ્ય માટે ગંભીર છે- તેનાથી શ્વાસના - હૃદયના રોગો, શ્વસન સંક્રમણ અને દીર્ઘકાલીન કેન્સરની સમસ્યાઓનું જોખમ વધે છે. ઉપરાંત, શિયાળામાં હવા સ્થિર રહે છે અને ધુમાડાને વિખરવા નથી દેતા, તેથી ઉત્સર્જન જમીનના સ્તરે રહે છે, જેને આપણે 'સ્મોગ' અથવા ધુમ્મસ કહીએ છીએ.

આટલી સાદી અને વૈજ્ઞાનિક સ્પષ્ટતા આપણી સમજમાં કેમ નથી આવતી? મૂળ કારણ છે માનસિકતા. માણસ 'દેખીતા અને તાત્કાલિક' જોખમ પર ઝડપથી પ્રતિક્રિયા આપે છે, પણ ભવિષ્યના જોખમ પ્રત્યે ઉદાસીન હોય છે. પ્રદૂષણનું જોખમ ધીમું, અસ્પષ્ટ અને સમયમાં ફેલાયેલું હોય છે- થોડી ખાંસી આવે કે આંખોમાં જલન થાય તો માણસોને એવું નથી લાગતું કે આ જીવન-મરણનો મામલો છે. લોકો તેને તરત જ અવગણી કાઢે છે એટલું જ નહીં, તેને હવાની સમસ્યા ગણવાને બદલે શરીરની કમજોરી પણ માની લેતા હોય છે.

બીજું, ઉત્સવોમાં લોકો સામૂહિક રીતે ઉત્સાહિત હોય છે. તે સોશ્યલ કોન્ટેજન (સામાજિક સંસર્ગ) કામ કરે છે- જ્યારે આસપાસમાં અનેક લોકો ફટાકડા ફોડતા હોય ત્યારે, વ્યક્તિગત જોખમને જોવા-સમજવાની ક્ષમતા ઓછી થઇ જાય છે. આપણી 'ક્રાઉડ સાઈકોલોજી' એવું પ્રતીત કરાવે છે કે આટલા બધા લોકો ફટાકડા ફોડતા હોય, તો એ બધા સારું જ કરતા હશે ને!

ઉપરાંત, કોગ્નેટિવ ડિઝોનન્સ (બૌદ્ધિક અસંગતિ) પણ કામ કરે છે. લોકો જાણે છે કે ફટાકડા હાનિકારક છે, પરંતુ આનંદની પરંપરાની વિરુદ્ધ જવું મુશ્કેલ લાગે છે. તેમના માટે આનંદ જોખમ પર ભારે પડે છે એટલે એ બધા જાતને આ રીતે સમજાવે છે; 'થોડાંક જ ફટાકડા ફોડીશું' અથવા 'ગ્રીન-ક્રેકર્સની અસર તો ઓછી હોય છે.' અને આ રીતે એ મનને 'મનાવી' લે છે.

આ સાથે સામાજિક અને સાંસ્કૃતિક કારણો પણ વધુ ઊંડા હોય છે. દિવાળી જેવા તહેવારોનો સામાજિક-સાંસ્કૃતિક અર્થ માત્ર રોશની નથી. તે ઓળખ, સમુદાય સાથે મેળ-મિલાપ અને 'પરંપરાગત સ્વાતંત્ર્ય'નું પ્રતીક પણ છે એટલે આ તહેવારોમાં ફટાકડા ફોડવાનો સંદર્ભ સદીઓ જૂની પરંપરાઓ સાથે જોડાયેલો છે- તે બાળકોની ખુશી છે અને અંધકારનો વિનાશ છે.

હા, જ્યારે સરકાર અથવા અદાલત એના પર પ્રતિબંધ મુકે ત્યારે કેટલાક જૂથ આ પ્રતિબંધને સાંસ્કૃતિક દબાવ તરીકે લેતા હોય છે- અને તેનો વિરોધ સહજ બની જાય છે. આ વિરોધ પ્રદર્શનની પાછળ રાજકીય ઓળખ, સામુદાયિક ગર્વ અને 'અલગાવનો ભય' પણ હોય છે તેથી લોકો નિયમોનું ઉલ્લંઘન કરવાને રાજકીય અથવા સાંસ્કૃતિક અવાજ ગણી લેતા હોય છે. એટલા માટે સરકાર અને કોર્ટ હથિયાર હેઠાં મૂકી દેતી હોય છે.

બીજી તરફ, લોકોએ પણ સમજતા નથી કે પ્રદૂષણ બહુ-સ્તરીય સ્ત્રોતોનું મિશ્રણ છે. વાહનો, બાંધકામ, બાયોમાસ સળગાવવો, ઔદ્યોગિક ધુમાડા, અને ઉત્સર્જન કરતા ફટાકડા- આ બધાનો સંયુક્ત પ્રભાવ બને છે. જ્યારે કારણો અલગઅલગ હોય ત્યારે વ્યક્તિગત જવાબદારીનો ભાર ઓછો લાગતો હોય છે: 'મારા એક-બે ફટાકડા શું ખરાબી લાવશે?' પ્રદૂષણ જ્યારે પ્રણાલીગત હોય અને તેના ઉપાય માટે મોટા પાયે પગલાં લેવાની જરૂર હોય (કૃષિ-કચરાની વ્યવસ્થા, પાવર-પ્લાન્ટ સ્વચાલન), ત્યારે વ્યક્તિગત નિર્ણયનો પ્રભાવ સીમિત લાગે છે, અને લોકો એવું માનતા થઇ જાય છે કે આ કામ મારું નથી, સરકારનું છે.

આનું સમાધાન શું? માત્ર 'લોકોને ચેતવણી આપવી' પૂરતી નથી- આપણને બહુ-સ્તરીય રણનીતિની જરૂર છે:

- વૈજ્ઞાનિક અને સરળ રીતે સમજી શકાય તેવી સરકારી માહિતી (રીઅલ-ટાઇમ AQI, આરોગ્ય માટેનો સંદેશ) જેથી જોખમ તાત્કાલિક અનુભવાય.
- સામાજિક વિકલ્પ- સ્થાનિક સ્તરે 'ફટાકડા-વગર'ના સામૂહિક ઉત્સવનું આયોજન
- આર્થિક પ્રોત્સાહન- વૈકલ્પિક ગ્રીન મનોરંજન (લાઈટ શો, ડ્રોન શો) સસ્તું અને સુલભ બનાવવું
- કડક અને કાયદેસર દેખરેખ- જે વિસ્તારોમાં ઉલ્લંઘન વધારે થાય ત્યાં તરત દંડ અને જાહેરમાં નામકરણ
- અને સૌથી જરૂરી- કૃષિ-કચરા, ઇંધણ અને વાહન ઉત્સર્જન પર લાંબાગાળાની નીતિ, કારણ કે દિવાળી જેવા ઘટનાક્રમ માત્ર તાત્કાલિક અસર છે, મૂળ સમસ્યા તો વર્ષભરના ઉત્સર્જનમાં છે.

નિષ્કર્ષ એ છે કે 'લોકો પ્રદૂષણ વિશે ચિંતા કરતા નથી' એવું કહેવું અર્ધસત્ય છે. વાસ્તવમાં ઘણા લોકો ચિંતા કરે છે, પરંતુ ભાવનાત્મક, સામાજિક અને માનસિકતા તેમને એવું વર્તન કરવા દેતું નથી જે વૈજ્ઞાનિક રૂપે યોગ્ય હોય. જ્યાં સુધી સરકાર લોકોની ચિંતાને સામાજિક-સાંસ્કૃતિક ભાષામાં નહીં બાંધે- પરંપરાનું સન્માન જાળવી રાખીને નવી આદતો નહીં વિકસાવે, સંસ્થાકીય જવાબદારી નહીં વધારે અને પ્રદૂષણના હાનિકારક પ્રભાવને સીધા જીવન (બાળકોની તંદુરસ્તી, વૃદ્ધોના રોગ, આર્થિક ભાર) સાથે નહીં જોડે- ત્યાં સુધી દિવાળી જેવા દરેક અવસરો પર આપણે આનંદની સાથે જોખમની પણ આગતાસ્વાગતા કરતા રહીશું. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# બિહાર -૨૦૨૫ (૨)



ઘણા મિત્રોની દુઆ આવી કેઃ 'યાર તું/ તમે / આટલા/ આટલો/ સારા/ સારો/ રાજકીય વિશ્લેષક ક્યાંથી? કોઈની પાસે લખાવ્યું કે ક્લાસ ભર્યા?' કોઈ પણ માણસ કોઈ પણ કમિટમેન્ટ કે સિદ્ધાંત કે ક્વોલીફિકેશન વગર જેમ પોલિટીક્સમાં જઈ શકે, પોલિટીક્સ કરી શકે, એમ અક્ષરજ્ઞાનથી વાકેફ કોઈ પણ પોલિટીક્સ પર લખીય શકે એ કક્ષાએ પોલિટીક્સ પહોંચ્યું છે, નહીં?!

મૈથીલી ઠાકુરને હું મળ્યો હતો પદંર વર્ષ પહેલા પશ્ચિમ એક્સપ્રેસના નોન એસી રિઝર્વ્ડ કપાર્ટમેન્ટમાં. બારીની સીટ પર સામસામે બાપ દીકરી બેઠેલાં. પસાર થતાં એવી અદ્‌ભુત તાન પીલુ રાગની મારા કાને પડી કે હું બેહોશ... બે સેકન્ડ પછી ભાન આવ્યું અને જોયું તો સુરત તરફ જતી ટ્રેનની મુંબઈ તરફની બારી પર બેઠેલી એક અગિયાર-બાર વરસની છોકરી હજી અભાન આજુબાજુ તરફ, પીલુ રાગ ગળેથી વહાવી રહી હતી. હું વિચારું મારા પગ ક્યાં? કેમ આગળ વધતા નથી?

એ મૈથીલી બિહાર-૨૦૨૫માં (ચવાઈને ચુથ્થો શબ્દઃ હસમુખ ગાંધી) ઝંપલાવી રહી છે. 'એ દેશની ખાજો દયા' પંક્તિવાળી કવિતા યાદ નથી જ આવતી (મને?) પણ જે દેશના એટલીસ્ટ પચાસ ટકા લોકો સીધા આડા પોલિટીક્સના 'ધંધા'માં હોય ત્યાં અને ત્યારે શું થાય?હા બસ એ જ. બરાબર સમજ્યા તમે. કોઈક એવૉર્ડ ફંકશનમાં કોઈકની 'બાજ' નજર પડી અને ટિકિટ મળી 'ને વાત ચાલી એવી તો ભાઈ ચાલી (અનિલ જોશી)' પોપ્યુલારીટી લીધી અને સીટ આપીનો વિનિમય. ફોરેન એક્સચેન્જ કાઉન્ટર્સની ૭% દલાલી જીત્યા પછી વસૂલ કરવામાં આવશે. જે રાજ્યમાં ગળાથી દુંટી સુધી લગભગ અવસ્ત્ર નાચતી હોય સ્ત્રી જાહેરમાં અને રૂપિયા ઉછળતા હોય એના શરીર પર એ સ્ટેજના ખૂણા પાસે આવે ત્યારે, એ રાજ્યમાં મૈથીલી અલી દમ દમ દે અંદર (પરમઆત્મા મારા શ્વાસ શ્વાસમાં...) ગાતી હોય એ એમ કહે કે અલીનગરનું નામ બદલીને સીતાનગર કરીશું તો મારા વહાલા, તને નવાઈ શેની છે? ભૂલી ગયો? દેશના ૫૦% લોકોનો સીધો-આડો ધંધો? પોલિટીક્સ? અને હજુ તું અજાણ છે?... સત્તા ભ્રષ્ટ બનાવતી જ નથી. હજી સત્તા ક્યા છે? હજી તો ફક્ત ટિકિટ છે. સત્તા આમંત્રણ આપે છે એવાને જેમનામાં ભ્રષ્ટ બનવાની પૂરી 'ક્ષમતા' અને શક્યતા હોય. મૈથીલી પોતાની રુધિરાભિસરણ થંભાવી દે એવી ગાયકી બરકરાર રાખે એટલું જો પરમાત્મા કરે તો તો તો ચરણોમાં માથું.

સત્તા પોતે સ્વતંત્ર હસ્તી ન ધરાવતી અને એનો ઉપયોગ કરનાર પર આધાર રાખનારી સાપેક્ષ 'ચીજ'થી વિશેષ કંઈ જ નથી. ૨૦૧૨ થી ૨૦૧૪ એક જ વ્યક્તિ આખા દેશને કેમ વશ કરી શકે છે એ આપણે ૧૧ વરસ જ પહેલાં જોયું. સુપાત્રના હાથમાં સત્તા જ્યાં આવે છે દેશનું કલ્યાણ થાય છે જ. ઈબ્રાહિમ ટ્રાઓરેએ બુર્કીના ફાસોને પશ્ચિમી અને આંતરિક ભીષણ નાગચૂડમાંથી મુક્ત કરાવીને આત્મનિર્ભરતા અને પ્રગતિના સિક્સ લેન હાઈવે પર ધમધમતો કરી જ દીધો છે, 'બુર્કીના ફાસો'નું સોનું, માણસો અને અન્ય કુદરતી સંપત્તિની પશ્ચિમી દેશો (ફ્રાન્સ ઈત્યાદી) દ્વારા ચાલતી બેફામ લૂંટને ખચ્ચ કરી નાખીને. બિહાર ૧૦૦% સેલ ફોનના ડેટા જે કોઈક બેટાએ બહુ સસ્તા, લગભગ મફત કર્યા છે એ મોંઘાદાટ ભાવે ખરીદવા તૈયાર છે જો એના ૫૦ લાખથી વધુ બેટા જે કમાવા માટે દર બદરની ઠોકરો ખાતા અન્ય રાજ્યના આશ્રિત થઈને જીવે છે એમને બિહારમાં જ સ્થાયી રોજગાર નોકરી મળે તો. શું ખરેખર પ્રશાંત કિશોર એટલા સક્ષમ છે? કોઈક જરૂર કહેશે કે ભઈ અત્યારે એવું લાગે તો છે એ એ એ... આપણે ભોળાભટ્ટ (સવર્ણ અટક નહીં, મૂળ શબ્દ) દરેક વખતે બધું જ માની લઈએ છીએ અને પછી ચીફ બન્યા પછી ફ્લેટમાંથી આલીશાન આવાસમાં રહેવા જતા રહીએ છીએ અને પછી એક પછી એક સાથીદારો (એય બધા વેસ્ટેડ ઈન્ટરેસ્ટવાળા મહાઉસ્તાદ)ને ગુમાવી ચંદ હુકમ બજાવનારાઓ દ્વારા શરાબના અબજોના કૌભાંડમાં સાપેક્ષ સત્તા સ્વની બદનીતિ (જે પણ ઉસ્તાદીથી આચરનારા છે જ, જુઓ ૨૦ વરસના આયારામ ગયારામને)થી ગુમાવીએ છીએ. અવાજ બળજબરી કે લાચારીથી મૌન બની જાય એથી મોટી ઘાત જીવનમાં કોઈ હોય તો મારું અજ્ઞાન દૂર કરશો?

પ્લેટોએ અદ્‌ભુત કહ્યું છે કે જે સત્તામાં આવવા ચાહે છે એ સત્તાને લાયક જ નથી તો સત્તા વરે કોને? સત્તાને પરણવા જે યોગ્ય છે એમને સત્તા ગમતી નથી. સત્તાય બિચારી શું કરે? કંઈ આજીવન કુંવારી રહેવાનું વ્રત ઓઢું લઈને બેઠી છે એ? એ ય પછી ભલે ઘરડો ખખ હોય, બેડોળ હોય, બોલતા ન આવડતું હોય, જે હોય તે બસ જીવતો હોય એને પરણી જાય છે. કોઈક જઈને કહે આવા કોઈક પ્રોફેસરને કે સાહેબ! તમે ૩૦ વર્ષ સુધી ભણાવીને કોલસાની ખાણમાંથી નર્યા હીરા બહાર કાઢ્યા છે. તમારી ઈમાનદારીનાં ચરણોમાં અમે માથું મુકીને કહીએ છીએ કે તમે અમારા એમ.પી. બનો... અને એ કાલ્પનિક પ્રોફેસર બને તો વાત બને.

આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




'સર, લાગે કે ટીવી ન્યૂઝની અસર પડી પણ અવળી અસર.' સોલંકીએ કહ્યું. ડો. શાહ અને સોલંકીની પાછળ જયમાલા, રમેશ, ગોપાળ અને હરિ પણ હતાં. બધાં વોર્ડની બહાર ઊભા રહી ગયાં. જયમાલાએ વોર્ડનો દરવાજો ખોલ્યો. ડો. શાહ અને સોલંકી અંદર ગયા...એની પાછળ જયમાલા ગઇ. બાકી બધા બહાર ઊભા રહ્યા.

મિસ એક્સના બેડની આસપાસ બીજી મહિલા દરદીઓ ઊભી હતી. મિસ એક્સ બે ગોઠણની વચ્ચે માથું નાખીને હિબકાં ભરી રહી હતી.

'પતા નહીં કોઇ બુરખેવાલી કો દેખ કર યે ચિલ્લાઇ.' એક દરદી બોલી.

'બાદ મેં રોને લગી....તબ સે રો રહી હૈ....બિચારી ગૂંગી ક્યા બોલેગી...' બીજી એક દરદીએ કહ્યું. જયમાલાએ એની પીઠ પર હાથમોજાં પહેરેલો હાથ મૂક્યો. મિસ એક્સે ઊંચું જોયું.

'કૌન થા વો...તુમ્હારા ક્યા લગતા હૈ....?' જયમાલાએ ઇશારેથી પૂછ્યું. જવાબમાં માત્ર એની રડતી આંખ જોવા મળી.

'બધાની હાજરીમાં કહેવા માગતી ઓહે તો પણ ની બોલે...' સોલંકી બોલ્યો.

'આપ સબ સો જાઓ.' જયમાલાએ બીજી બધી દરદીઓને પોતપોતાના બેડ પર જતા રહેવા કહ્યું.

'એ તારો હસબન્ડ હતો?' સોલંકીએ હાથ વડે અભિનય કરતા પૂછ્યું.

'ના, એ મારો હસબન્ડ નહતો....મારે એની સાથે નથી જવું...મને પ્લીઝ એની સાથે નહીં મોકલતા.' મિસ એક્સે આંખમાં આંસુ, હાથના ઇશારે અને મૂક વાણી થકી લાચારી ભરી વિનવણી કરી.

'તને અહીંથી કોઇ ક્યાંય નહીં મોકલે. તું અહીં અમારી પાસે સુરક્ષિત છો બિલકુલ ચિંતા ન કર.' ડો. શાહે ધીરજ બંધાવતા શબ્દોમાં કહ્યું.

'જયમાલા તું થોડીવાર એની પાસે રહે' કહીને ડો. શાહ ચાલતા થયા.

'સોલંકી, અગર બુરખાધારી માણસ એનો પતિ નહતો તો એ કોણ હતો?' ડો. શાહે પૂછ્યું.

'સર, આનો જવાબ હો આપણને એટુઝેડ ચેનલવાળો સંજુ જ મેળવી આપહે.'

'સોલંકી, યુ ટેક રેસ્ટ નાઉ...હું આવું છું.' ડો. શાહે કહ્યું.

**************

ડો. શાહ હોસ્પિટલના ગેટ પર પહોંચ્યા ત્યારે મિશ્રા ઝોકાં ખાતો બેઠો હતો.

'મિશ્રાજી, અબ તો જાગો.'

'સાહબ, હમ તો જાગ હી રહે હૈ, બસ સસૂરી ઉસી વક્ત જરા આંખ લગ ગઇ.' કાયમ નિંદરને શરણ રહેતો નિંભર મિશ્રા બોલ્યો.

'એક રાત દો લોગ મિસ એક્સ કો મરને કે લિયે યહાં છોડ કર ચલે ગયે ઔર આજ એક આદમી મિસ એક્સ કો શાયદ મૌત સે ભી બદ્‌તર જિંદગી દેને કે લિયે ઘૂસ આયા. તુમ જાગ જાઓ...જાગતે રહો. તુમ્હારે જાગને સે શાયદ કિસી કી જિંદગી બચ જાયે.'

ડો. શાહની ગહન ફિલસૂફી મિશ્રાને પલાળી ગઇ કે નહીં એ તો કળી શકાયું નહીં, પરંતુ એણે ઊભા થઇને બાટલીમાંથી પાણીની છાલકો મોં પર મારીને ઊંઘ ઉડાડવાની કોશિશ કરી.

**************

કેશુકાકા હાથમાં મોબાઇલ લઇને રૂમમાં આંટા મારી રહ્યા હતા. 'નિર્મલને આટલું બધું થઇ ગ્યું ને મને ખબર ય નો પડી. ઇમર્જન્સી વોર્ડમાં છે. મેં ફોન નંબર નો લીધો ઇમાં ગોટાળો થૈ ગ્યો. એની બૈરી હાર્યે વાત હું કરવી. હું પૂછવું. એ બિચારી ય દુઃખી હશે. એને પૂછીને દુઃખમાં વધારો કરવો હારું નૈ લાગે.' કેશુકાકાને કોઇના મૃત્યુ પર ખરખરો કરવા કરતા પવિત્રા સાથે વાત કરવાનું અઘરું લાગી રહ્યું હતું. 'ના, પણ એની હાર્યે વાત કરું તો એને થોડું હારું લાગશે....ને મારા મનને ય થોડી રાહત થાશે.' કેશુકાકાએ ફોન જોડ્યો. થોડીવારે પવિત્રાએ ઉપાડ્યો.

'ડો. ત્રિવેદી, આપણું કામ દરદીઓના સગાઓને ગભરાવવાનું નથી, ચિંતામુક્ત કરવાનું છે.'

'હેલો...કોણ?'

'હું કેશુભાઇ ગજેરા. હું અને નિર્મલ વિમાનમાં હારે જ હતા. બાજુ બાજુમાં જ બેઠા'તા.'

પવિત્રાને કોઇની સાથે વાત કરવામાં રસ નહતો, પણ પ્લેનમાં સાથે હોવાનું જાણીને એની ઇન્તેજારી વધી.

'નિર્મલને રસ્તામાં કોઇ તકલીફ થતી હતી?' પવિત્રાએ પૂછ્યું.

'ના ના ઇને કાંઇ કરતા કાંઇ નો'તું. ઉલ્ટાનું એણે મને બઉ હાંચયવો આખે રસ્તે. આંઇ એરપોર્ટ પર ચેકિંગ કયરું એમાં બધો ગોટાળો થૈ ગ્યો. પેલા મારું ચેકિંગ થ્યું. મને કીધું જાવ તમે, પણ હું તો ન્યા જ ઊભો રિયો નિર્મલની વાટ જોતો. પછી ઇનું ચેકિંગ કરીને એને સીધો બેહાડી દીધો એમ્બ્યુલેન્સમાં ને લઇ ગ્યા...મેં બૂમો મારી પણ..કોણ હાંભળે...એમ્બ્યુલેન્સ મારી મૂકી. પાછો બીજો ગોટાળો ઇ થૈ ગ્યો કે અમે એકાબીજાના મોબાઇલ નંબર નો લીધા. મારા છોકરાએ માંડમાંડ ક્યાંકથી ઇસ્પિતાલનો નંબર ગોયતો ને ન્યાંથી કોઇ ભલા માણહે તમારો નંબર આયપો.'

'તમારો ખૂબ ખૂબ આભાર તમે ખબર પૂછ્યા.' પવિત્રાએ કહ્યું.

'હું તને ઇના ખબર પૂછતો રઇસ અને બેટા, તું કોઇ વાતે મુંઝાતી નૈ...આ કેશુકાકો બેઠો છે.'

એક અજાણ્યા માણસના શબ્દો પવિત્રાની આંખ ભીની કરી ગયાં.

***************

ઇલિયાસના કાર્ડિયોગ્રામનો રિપોર્ટ લઇને ડો. ત્રિવેદી ડો. શાહ સામે ઊભા હતા.

'માઇલ્ડ અટેક હતો.' એમણે કહ્યું. ઇલિયાસની હાલત જોઇને ડો. શાહે એ જ વખતે કરેલું નિદાન સાચું પડ્યું.

'સર, વન મોર પ્રોબલમ ઇઝ હાઇપરટેન્શન, બીપી. એને લઇને સમસ્યા વકરી શકે છે. બ્લડ પ્રેશર ઓછું થતું નથી અને ઓક્સિજન લેવલ ઓછું-વધતું થયા કરે છે. ધીસ વિલ એડ ટુ સમ મોર પ્રોબલમ.'

'ઓહ, મલ્ટીપલ પ્રોબલમ્સ. સતત મોનિટર કરતા રહો.' ડો. શાહ માત્ર એટલું જ બોલ્યા.

'સર, એટ ધીસ સ્ટેજ, ડુ યુ થિંક આપણે એના મા-બાપને જાણ કરવી જોઇએ?'

'નો નો....નોટ નાવ...આપણે અત્યારે એમને ખબર આપીને એમની ચિંતામાં વધારો કરવા સિવાય બીજું કંઇ કરવાના નથી. ડો. ત્રિવેદી, આપણું કામ દરદીઓના સગાઓને ગભરાવવાનું નથી, ચિંતામુક્ત કરવાનું છે.'

'સર, બીજા એક બેડ ન્યુઝ છે. આજે એક જ દિવસમાં...અત્યાર સુધીમાં આપણી હોસ્પિટલમાં અઢારનાં મોત થયાં છે. એમના સગાઓને સ્મશાને પહોંચી જવાનું જણાવતા કોલ સોલંકી કરે છે.'

'હા, મને સોલંકીએ કહ્યું' ડો. શાહે કાંડું ફેરવીને ઘડિયાળમાં જોયું. 'સાંજના છ થયા છે. હજી રાત બાકી છે.' ડો. શાહ ઊંડો નિઃસાસો નાખીને બોલ્યા.

***************

'મેરે બચ્ચે કો હાર્ટ એટેક આયા હૈ...' સોલંકીએ વાત કરી ત્યારથી જાફરભાઇને મુંઝારો ચડ્યો હતો. ગળે ડૂમો અટકી ગયો હતો. તેઓ ઝુબૈદાને સાચું કહી શક્યા નહીં ને એના દેખતા સોલંકી સાથે ખુલીને વાત ન થઇ શકી. લોકડાઉનને લીધે નીચે જઇને ફોન કરીને જાણી શકાય એમ પણ નહતું. ઝુબૈદા નહાવા જાય ત્યારે સોલંકીને ફોન કરીશ. એવા ખયાલ સાથે એણે પૂછ્યું: 'તૂમ પહેલે નહાને ચલી જાઓ, મૈં બાદ મેં જાઉંગા.'

'તુમ્હારા દિમાગ તો ઠીક હૈ. મૈ કબ સે નહા ચૂકી હું. નમાઝ ભી અદા કી.... આપ કા ધ્યાન કિધર હૈ?'

જાફરભાઇ ઝુબૈદાને કેમ કરીને સમજાવે કે ધ્યાન અને મન ક્યાં ચોટેલાં છે ને શ્વાસ ક્યાં અટકેલો છે. કોઇક રસ્તો કાઢવો પડશે ફોન કરવાનો. આમ દિલ પર પથ્થર રાખીને વધુ નહીં રહી શકાય. જાફરભાઇ સટ્ટાક દઇને ઊભા થયા.

'મૈં નીચે જા રહા હું. અપને કોર્પોરેટર ફકીરભાઇ સે મિલને. ઇલિયાસ સે મિલને કી બાત કરની હૈ.'

'અરે ઇસ લોકડાઉન મેં જાઓગે? ચપ્પે ચપ્પે પર પુલીસ હોગી.'

'ગલી કે નાકે પર તો ઘર હૈ ઉસકા....કૌન સા લંબા જાના હૈ. જાફરભાઇએ કહ્યું.

'અરે વો નામ કા ફકીર હૈ. ફકીર જૈસા કામ નહીં કરતા વો. આપ કો મુલાકાત ભી નહીં દેગા. ઉસકે પાસ વક્ત કહાં હોતા હૈ?'

'અબ તો વક્ત હી વક્ત હૈ સબ કે પાસ. મૈં બસ, યું ગયા ઔર યું આયા.' જાફરભાઇએ મોબાઇલ ખિસ્સામાં મૂક્યો અને ઘરની બહાર નીકળી ગયા. સોલંકીને ફોન કરવાની ઉતાવળમાં એક સાથે બબ્બે દાદર ઉતરવા લાગ્યા. પાછળ જ ઊભેલી ઝુબૈદાએ જોયું.

'અરે ધીરે ધીરે ઊતરો...કોર્પોરેટર ભાગ નહીં જાયેગા.'

જાફરભાઇએ પાછું વળીને જોયું. ઝુબૈદાને ઊભેલી જોઇને ધીમા પગલે ઉતરવા લાગ્યા, પણ એને ચડેલી હાંફ ઊતરતી નહોતી! ગલીમાં આવીને એણે મોબાઇલ કાઢ્યો અને પાછા વળીને ઉપર જોયું. ઝુબૈદા બારી પકડીને ઊભી હતી. જાફરભાઇએ મોબાઇલ પાછો ખિસ્સામાં સરકાવી દીધો. થોડા આગળ જઇને એક દુકાનને ઓટલે બેસીને ફોન લગાડ્યો.

'સોલંકી સાબ, મૈં ઇલિયાસ કા વાલિદ....' અગાઉ સોલંકીને મોઢે જે સાંભળી ચુક્યા હતા એ ફરી સાંભળવાની હિંમત એકઠી કરીને એમણે ફોન કાન પર દાબી રાખ્યો.

'હાં, હાં, પહેચાન લિયા. ઉસ દિન આપ ક્યા બોલ રહે થે...મુઝે કૂછ સમજ મેં નહીં આયા....' સોલંકીએ કહ્યું.

'ઇલિયાસ કી અમ્મી સામને થી. મૈંને અભી તક ઉસકો બતાયા નહીં હૈ. મૈં બેટે કી હાલત સેહ નહીં સકતા ઔર ઉસકી અમ્મી કો સચ કેહ નહીં પાતા'

'જાફરભાઇ, ઇલિયાસ કો માઇલ્ડ હાર્ટ એટેક આયા હૈ.' એ આટલું જ બોલીને આગળ કહેવા ગયો, પણ પોતેય જાફરભાઇની જેમ બન્ને બાજુથી ઘેરાયેલો છે એવું લાગ્યું. ઇલિયાસની બીજી બધી હેલ્થની હકીકત જણાવે તો એના માબાપને દુઃખ થાય અને સાચું ન કહે તો પોતાનું મન ડંખે.

'સારવાર હો રહી હૈ....ફિકર ન કરો. જવાન લડકા હૈ. ઠીક હો જાયેગા.' સોલંકી સારી રીતે જાણતો હતો કે પોતે જાફરભાઇની સાથે વાત કરી રહ્યો છે, પણ ઇલિયાસને કોઇ પણ ઘડીએ કાંઇ પણ થઇ શકે એમ છે.

કાળમુખા કાળમાં કમોત સામાન્ય બની ગયા હતા એવા વખતે સોલંકીના ઠાલાં શબ્દો સાંત્વના આપવામાં નિષ્ફળ ગયા, આમછતાં સોલંકીને ખોટું બોલવું જ યોગ્ય લાગ્યું હતું. અંતે તો એ પોતે પણ સાંપ્રત સંજોગોમાં દુનિયાના લાચાર લોકોમાંનો એક લાચાર જીવ જ હતો.

જાફરભાઇ ક્યાંય સુધી દુકાનના ઓટલે બેસી રહ્યા. એમણે નક્કી કરેલું કે રડવું નથી, પણ, પોક મુકાઇ ગઇ. ગળે બાઝેલો ડૂમો ગળું ફાડીને બહાર નીકળ્યો. અવાજ સાંભળીને આસપાસની કેટલીક બારીઓ ઉઘડી. એક નાની છોકરી ઘરની બહાર દોડી આવીને પૂછવા લાગીઃ 'જાફરચાચા, ક્યા હુઆ? ક્યોં રો રહે હો?'

અને અચાનક મહોલ્લાની એક ખિડકીમાંથી ચિલ્લાતો અવાજ આવ્યોઃ 'સાદિયા, અંદર આઓ...છૂના નહીં...છૂના નહીં...!'

(ક્રમશઃ) ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# સુગરી શાળાઃ હસ્તકલા ને શિક્ષણનો સંવેદનશીલ સંગમ...




કચ્છની ધરતી હંમેશાં પોતાની કારીગરી, રંગો અને પરંપરાઓ માટે જાણીતી રહી છે. અહીંની હસ્તકળા માત્ર રોજગારનું સાધન નથી, પરંતુ જીવનની એક જીવંત શૈલી છે. આ પરંપરા અને આધુનિક શિક્ષણ વચ્ચેનું એક અનોખું પુલ બનીને ભુજની ખમીર સંસ્થાએ સુગરી શાળા નામની પહેલ શરૂ કરી છે, જે વિદ્યાર્થીઓને હસ્તપ્રયોગ, વાર્તાઓ, સંગીત અને સર્જનાત્મકતા દ્વારા શિક્ષણની નવી અનુભૂતિ કરાવે છે.

સુગરી શાળામાં વિદ્યાર્થીઓને માટી, સૂત, વણાટ, રંગકામ, લાકડું જેવી પરંપરાગત કારીગરીઓ સાથે જોડવામાં આવે છે. આ પ્રક્રિયામાં કારીગરો, જેઓ પરંપરાગત જ્ઞાનના સાચા વાહક છે, તેઓ પોતાના હુન્નર સાથે જોડાયેલી વાર્તાઓ, પરંપરાઓ અને મૂલ્યો બાળકોને જણાવીને શિક્ષણને જીવંત બનાવે છે.

મહાત્મા ગાંધીજીની નઈ તાલીમની ફિલસૂફી પરથી પ્રેરાઈને ખમીર સંસ્થાએ શિક્ષકો, ફેસિલિટેટર અને કારીગરો સાથે મળીને એક સંકલિત અભ્યાસક્રમ તૈયાર કર્યો છે, જે બાળકને માત્ર પુસ્તકી જ્ઞાન સુધી સીમિત રાખતો નથી, પરંતુ જીવન સાથે જોડાયેલી સમજ આપે છે.

**સુગરી શાળાના મુખ્ય ઉદ્દેશો**

૧. કુદરત અને પર્યાવરણ સાથે જોડાણ

વિદ્યાર્થીઓ જ્યારે માટી, સૂત કે કુદરતી રંગો સાથે કામ કરે છે, ત્યારે તેઓને કુદરતના તત્ત્વો સાથે સીધો સંપર્ક મળે છે. આ પ્રક્રિયા તેમને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવે છે અને સ્થાયી જીવનશૈલીની સમજ આપે છે.

**૨. સમુદાયની જીવનશૈલીની સમજ**

સુગરી શાળા સમુદાયના કારીગરો અને વિદ્યાર્થીઓ વચ્ચે જીવંત સંવાદ સર્જે છે. કારીગરોના જીવન અને તેમની કાર્યપદ્ધતિને નજીકથી જાણવાથી બાળકોને સમજ થાય છે કે કેવી રીતે સમાજના દરેક વર્ગની મહેનત અને કૌશલ્ય આપણા જીવનમાં મહત્ત્વ ધરાવે છે.

**૩. ભજનો અને લોકવાર્તાઓમાંથી સાંસ્કૃતિક મૂલ્યો**

શિક્ષણ સાથે સાથે વિદ્યાર્થીઓને લોકસંગીત ભજનો અને વાર્તાઓ દ્વારા સંસ્કૃતિના મૂલ્યો શીખવવામાં આવે છે. આ અનુભવો બાળકોમાં સંસ્કાર, સહાનુભૂતિ અને સર્જનાત્મકતા વધારવામાં મદદરૂપ થાય છે.

**૪. સ્વતંત્રતા ચળવળના પ્રતીક તરીકે ચરખાની ભૂમિકા**

સુગરી શાળામાં ચરખા દ્વારા સ્વતંત્રતા ચળવળના આદર્શો, સ્વાવલંબન, સ્વશક્તિ અને રાષ્ટ્રીય ગૌરવ ને જીવંત રાખવામાં આવે છે. આથી વિદ્યાર્થીઓને સ્વતંત્ર વિચાર અને આત્મવિશ્વાસનો સંદેશ મળે છે.

સુગરી શાળાનો અભ્યાસક્રમ ત્રણ મુખ્ય તબક્કામાં વિભાજિત છેઃ

સુગરિયો કી કિલ્લોલ, સાપ્તાહિક હસ્તકલા મેળો, જ્યાં વિવિધ શાળાઓના બાળકો કારીગરો સાથે મળીને લાઇવ ડેમો અને પ્રયોગો કરે છે.

સુગરિયો કી ખોજ ટૂંકા ગાળાના વર્કશોપ (૧૦-૧૫ કલાક) દ્વારા વિદ્યાર્થીઓ વિશિષ્ટ કલા ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક શીખે છે.

સુગરિયો કી ઉડાન એક વર્ષની અવધિનું અભ્યાસક્રમ, જેમાં હસ્તકળા, વિજ્ઞાન, ઇતિહાસ અને પર્યાવરણનો સંકલિત અભ્યાસ થાય છે.

૨૦૨૧થી શરૂ થયેલા આ પ્રકલ્પમાં અત્યાર સુધી ૩૨૦૦ વિદ્યાર્થી, ૫૦ શાળાઓ, ૩૫ કારીગરો અને ૨૦૦થી વધુ શિક્ષકો જોડાઈ ચૂક્યા છે. તાજેતરમાં યોજાયેલ સુગરિયો કી કિલ્લોલ મેળામાં માધાપર કન્યા પ્રાથમિક શાળાની આચાર્ય નેહાબેન મહેતાએ જણાવ્યું કે, અહીં સર્જનશીલતાની વાત માત્ર થતી નથી, પરંતુ કારીગરોથી સીધું શીખવાની તક મળે છે. બાળકોના મનમાં રહેલી નિરસતા દૂર થાય છે અને તેમની કલ્પનાશક્તિનું પંખ ફેલાય છે.

સુગરી શાળા હસ્તકલા અને શિક્ષણ વચ્ચેનું એક જીવંત મંચ છે, જ્યાં હાથનું હુન્નર અને મનનું વિજ્ઞાન એકસાથે પોતાની ભૂમિકા ભજવે છે. આ પ્રયોગ માત્ર શિક્ષણની નવી રીત નથી, પરંતુ સંવેદનશીલ, સર્જનાત્મક અને પર્યાવરણપ્રેમી નાગરિકો ઘડવાનો પ્રયાસ છે. ખમીરની આ પહેલ કચ્છની ધરતી પરથી શરૂ થઈ છે, પરંતુ તેનું સ્વપ્ન આખા દેશના શિક્ષણ તંત્રને જીવંત બનાવવાનું છે. ■

કલોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# કાળમીંઢ આર્થર રોડ જેલઃ કોઈ એક નયે મહેમાન કી આને કી ખબર હૈ...!

**ભાગેડુ શ્રીમંત કૌભાંડકારી નીરવ મોદી- વિજય માલ્યા અને મેહુલ ચોકસીને વારાફરતી કાયદાના લાંબાં હાથે ઝડપી લીધા પછી બ્રિટનની કોર્ટે અગાઉ આર્થિક અપરાધી મોદી-માલ્યા અને તાજેતરમાં બેલ્જિયમની અદાલતે મેહુલ ચોકસીને 'ઘરવાપસી'નું કડક ફરમાન ફટકારી દીધું છે. એ ત્રણેયમાંથી મેહુલ ચોકસી પ્રથમ સ્વદેશ પરત આવશે એવો સિનારિયો સર્જાઈ રહ્યો છે ત્યારે મુંબઈના આર્થર રોડ જેલમાં એને કેવી કેવી સુવિધા સાથે સુરક્ષા મળશે એનો લેટેસ્ટ અહેવાલ...**

આમ તો 'મામા- ભતીજા' ની જોડી કાલ્પનિક કથા-ફિલ્મોમાં જેટલી જાણીતી હોય છે એવી વાસ્તવિક જીવનમાં ભાગ્યે જ જોવા સાંભળવા મળે.

હા, અપવાદ રૂપ છેલ્લાં કેટલાંક વર્ષથી એક જોડી ઘણી કુ-ખ્યાત થઈ છે ખરી અને એ છે દેશ આખાને હચમચાવી દેતી એવાં જબરા આર્થિક ગોટાળામાં સંડોવાયેલી ભાણેજ એવા નીરવ મોદી અને મામા મેહુલ ચોકસીની જોડી... આ બન્નેને નામે 'પંજાબ નેશનલ બેન્ક'ના ૧૩, ૦૦૦ કરોડ રૂપિયાના ફ્રોડ નોંધાયેલો છે.

એમનાં આર્થિક કૌભાંડનો અણસાર સત્તાવાળાને આવે એ પહેલાં મામા મેહુલ અને ભતીજો નીરવની લુચ્ચા શિયાળ જેવી જોડી ૨૦૧૮ની એક કાળી રાત ઓઢીને દેશમાંથી પલાયન થઈ ગઈ!


મેહુલ ચોકસી : મોદી - માલ્યા કરતાં ય પહેલો ચાન્સ મળશે


મુંબઈની આર્થર રોડ જેલ... એક વિહંગાવલોકન

એ પછી ૧૯ માર્ચ ૨૦૧૯માં નીરવ લંડનથી ઝડપાયો અને મેહુલને એપ્રિલ ૨૦૨૫ના એન્ટવર્પમાંથી બેલ્જિયમ પોલીસે ઝડપી લીધો હતો.

અનેક કાયદાકીય ધમપછાડા પછી આ બન્ને ભાગેડુ અપરાધીને બ્રિટિશ અને બેલ્જિયમ કોર્ટે 'સ્વદેશાગમન'નું કડક ફરમાન ફટકારી દીધું છે ત્યારે 'ઘરવાપસી' પછી એમને જે જેલમાં 'ઉતારો' એનાયત થશે એ મુંબઈની આર્થર રોડ જેલમાં એમના માટે સુવિધાથી લઈને સુરક્ષા સુધીની ગોઠવણ કેવી છે એની અલપ-ઝલપ પણ આપણે જાણી લઈએ...

આ દરમિયાન નીરવની જેમ ફેમસ 'કિંગફિશર' બિયરના ઉત્પાદક એવા વિજય માલ્યાના નામે પણ પોલીસ ચોપડે ભાગેડુ એવા આશરે ૧૦ હજાર કરોડનાં કૌભાંડ નોંધાયેલા છે...

એ બન્નેના વકીલોએ બ્રિટનના ન્યાયાલયોમાં અનેક કાયદાકીય ઉક્તિ- પ્રયુક્તિઓ અજમાવી, જેમકે કે 'ભારતની આર્થર જેલ ઘણી ગંદી-ગોબરી છે અમારા અસીલની માનસિક અવસ્થા ડામાડોળ છે જેલ- બેરેકનો માહોલ એવો છે કે એ કદાચ આપઘાત કરવા પણ પ્રેરાય! '

આ પછી બ્રિટિશ કોર્ટે ભારત સરકાર પાસેથી સૌથી સુરક્ષિત ગણાતી મુંબઈની આર્થર રોડ જેલની બેરેક નંબર -૧૨ની વિગતો ફોટા-વીડિયો ક્લિપ્સ મંગાવી એનો અભ્યાસ કર્યા પછી વિજય માલ્યા તથા નીરવ મોદીની સુનાવણી વખતે કોર્ટે એના ચુકાદામાં તડ ને ફડ સંભળાવી દીધું કે 'તમારા જેવા હાઈ-ફાઈ આરોપી- અપરાધીઓ માટે આર્થર રોડ પ્રિઝન બેરેક-૧૨ એકદમ સુરક્ષિત છે...ત્યાં માનસિક- શારીરિક તબીબી સેવાની પૂરતી સગવડ છે ને કેદી આપઘાત કરી શકે એવી કોઈ જ કચાશ કે ત્રુટિ ત્યાં શોધી જડે તેમ નથી માટે તમે નિશ્ચિંત થઈ પધારો તમારે સ્વદેશ -જેલ!

આમ તો આપણી જેલ કેવી છે એ કોઈ આરોપી-અપરાધી કે પછી કોઈ વિદેશી સરકાર દેખાડવા- દર્શાવવા માટે આપણે તસુભાર બંધાયેલા નથી. જેલ એટલે જેલ મહેલ તો હરગીજ નહીં. આપણી જેલમાં પોતાની સુવિધા કે અનુકૂળતા મુજબ માલ્યા કે મોદી સાજા ભોગવે એ જરાય જરૂરી નથી. જેણે ગંભીર અપરાધ કર્યા છે એણે કાનૂન અનુસાર સખત સજા ભોગવવી જ પડે.

આમ છતાં આપણી સરકારે બ્રિટિશ સરકારને (અને હવે બેલ્જિયમ કોર્ટને) જોઈતી વિગતો તરત જ પૂરી પાડી, કારણ કે 'ભારતની જેલ બદતર છે -માનવ અધિકારોનું ત્યાં પાલન નથી થતું' એવો હોબાળો મચાવી માલ્યા-મોદી- ચોકસી જેવા હાઈ પ્રોફાઈલ અપરાધી રાજકીય આશરો માગી-મેળવી વિદેશમાં જ રહી ન જાય એને અટકાવવા આપણી સરકારે વાણિયા બુદ્ધિ વાપરી બન્ને કોર્ટને જેલની બધી વિગતો તાત્કાલિન પૂરી પાડીને પ્રત્યર્પણનો પહેલો રાઉન્ડ તો જીતી લીધો છે...

મેહુલ ચોકસી -વિજય માલ્યા-નીરવ મોદી જેવાને જે કારાગારને વર્ષો સુધી 'નિવાસસ્થાન' બનાવવું પડશે એ આર્થર રોડ જેલનું બેરેક નંબર-૧૨ની વિશેષતા અનેક છે.


આમ તો છેક ૧૯૨૬માં બંધાયેલી આર્થર રોડ જેલ જગતની સૌથી ખીચોખીચ ગીર્દીવાળી જેલ તરીકે બહુ બદનામ છે. આશરે અઢી એકરમાં પથરાયેલા આ જેલ સંકુલમાં સત્તાવાર રીતે ૮૦૫ કેદી રાખવાની ક્ષમતા હોવા છતાં, અત્યારે અહીં ૨૫૦૦થી વધુ કેદીઓને ઘેટાં બકરાંની જેમ ઠાંસી-ઠાંસીને ભરવામાં આવે છે.

જોકે આ બધા વચ્ચે આર્થર રોડ પ્રિઝન કંપાઉન્ડના સૌથી વધુ સુરક્ષિત ગણાતા વિસ્તારમાં એક અલાયદી ઈમારત છે, જેમાં બેરેક નંબર-૧૨ છે. ગ્રાઉન્ડ ફ્લોર- એક માળના આ બિલ્ડિંગમાં ૩૦૦ સ્કેવર ફૂટના બબ્બે સેલ છે. એક સેલ-કોટડીમાં વધુમાં વધુ ૩ કેદીને રાખી શકાય, પરતું અગત્યના કેદીઓની સુરક્ષા ખાતર એટલા પણ કેદી અહીં રાખવામાં નથી આવતા.

પહેલા માળની કોટડીમાં માત્ર કુખ્યાત કે પછી વીઆઈપી કેદીને રાખવામાં આવે છે. આમ તો છેક ૨૦૨૦થી બેરેક -૧૨ નીરવ મોદી- વિજય માલ્યા માટે તૈયાર રાખવામાં આવ્યો છે. એ બે માંથી જેનું પણ સ્વદેશાગમન વહેલું થશે એને આ પ્રથમ માળની એ કોટડીનો લાભ મળશે. એ બે માંથી કોઈ નહીં આવે તો અત્યારે દિલ્હીની તિહાર જેલમાં છે એવા મુંબઈ બ્લાસ્ટ (૨૬/ ૧૧)ના એક નાપાક કાવતરાખોર તહવ્વુર રાણાને પણ આનો લાભ મળી જાય...!



મુખ્ય પ્રવેશદ્વાર...


નવી બેરેક સેલ નંબર : ૧૨

જોકે આ અઠવાડિયે બેરેક -૧૨નો પ્રથમ મહેમાન કોણ બનશે એ વાતે એક નવો જ વળાંક લીધો છે. તાજેતરમાં નીરવ મોદીના મામા મેહુલ ચોકસીને બેલ્જિમની કોર્ટે ભારત તાત્કાલિક પરત કરવાની પરવાનગી આપી દીધી છે.

## ખૂનખાર આતંકવાદી અજમલ કસાબે પણ આર્થર જેલની 'મહેમાન ગતિ' માણી છે...!

મુંબઈ ૨૬/૧૧ના હીચકારા હુમલામાં ૧૩૩ લોકોની નિર્મમ હત્યા કરનારા પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબને પુણેની યરવડા જેલમાં ફાંસીએ લટકાવવામાં આવ્યો એ પહેલાં એને મુંબઈની આર્થર જેલમાં રાખવામાં આવ્યો ત્યારે એના માટે સૌથી વધુ સુરક્ષા ગોઠવણ થઈ હતી.

અજમલ કસાબને પણ આ જ બેરેક્માં રાખવામાં આવ્યો હતો. એ વખતે આજ જેટલી આધુનિક સુવિધા નહોતી ,પણ એ વખતે કોર્ટમાં કસાબને પેશ કરવા એની સુરક્ષા માટે એક ખાસ ભૂગર્ભ ટનલનો ઉપયોગ થતો હતો.!

આશરે ચાર વર્ષ આર્થરમાં ઘરજમાઈ તરીકે રાખવામાં આવેલા 'કેદી નંબરઃ ઈ-૭૦૯૬' પાછળ અન્ય ખર્ચ તો ઠીક, પણ માત્ર એની લેટેસ્ટ ટેક્નોલોજીથી સજ્જ સુરક્ષા પાછળ સરકારે કુલ રૂપિયા ૩૧ કરોડ ૪૧ લાખનો ખર્ચ કર્યો હતો !

અલબત્ત, બ્રિટનની જેમ બેલ્જિયમ કોર્ટે પણ રૂપિયા ૧૩ હજાર કરોડના કૌભાંડકારી મેહુલ ચોક્સીને આર્થર રોડ જેલમાં કયાં અને કઈ રીતે રાખવામાં આવશે એની વિગતો માગી છે.

એ અનુસાર ભારત સરકારે મેહુલ માટે બેરક -૧૨માં જે સ્પેશિયલ સેલ તૈયાર રાખ્યો છે એની વિવિધ તસવીરો સાથે ઝીણી ઝીણી વિગતો બહાર પાડી છે. એ અનુસાર, આર્થર રોડની બેરેક ૯ નંબર- ૧૨ મૂળ બે સેલ- કોટડીને જોડીને બનાવવામાં આવી છે. આમ મેહુલ ચોક્સી માટે તૈયાર કરવામાં આવેલી આ ૪૬ સ્કેવર મીટરના આ સેલમાં યુરોપિયન સ્ટાઈલના સ્વતંત્ર બાથરૂમ ટોઈલેટ હશે. આ ઉપરાંત કેદીને પૂરતો સૂર્ય પ્રકાશ મળી રહે એ માટે પાંચ વેન્ટિલેટર ૯ ની સાથે ત્યાં ૩ બારી પણ છે. રાતના સમયે પણ એ સેલ ઝળહળતો રહે એ માટે છ જેટલી ટ્યૂબલાઈટ પણ ત્યાં છે. આમ સેલમાં જોઈતા ઉજાસની સાથે પૂરતી હવા માટે ત્રણ સિલિંગ ફેનની પણ ગોઠવણ છે.

કોર્ટની સુનાવણી વખતે જરૂર પડે તો કોર્ટ સાથે વીડિયો કોન્ફરન્સિન્ગની પણ અહીં ગોઠવણ છે આમ છતાં, કોર્ટની સુનાવણી સમયે જરૂર પડશે તો કેદી મેહુલને બહાર કાઢવામાં આવશે અન્યથા એણે આ જ જેલ કસ્ટડીમાં સતત રહેવું પડશે.

મોબાઈલનો અહીં ઉપયોગ ન થાય એટલે જેલમાં પાવરફૂલ જામરની સાથે રાઉન્ડ કલોક સીસીટીવી પણ ગોઠવવામાં આવ્યા છે. હા, સવાર સાંજ એ વોક લઈ શકે એ માટે બેરેકની બહાર એક કોરિડોર પણ છે.

આમ આવનારા નવા મહેમાન મેહુલ ચોકસીની આગવી આગતા સ્વાગતા માટે આપણા જેલ સત્તાવાળાએ જે આધુનિક સુવિધા કરી છે એની તસવીરો વીડિયો ક્લિપ્સ પણ બેલ્જિયમ કોર્ટે જોઈને સંતોષ પણ વ્યક્ત કર્યો છે.

આમ જોઈએ તો અત્યારે સિનારિયો એવો છે કે નીરવ મોદી અને વિજય માલ્યા માટે આર્થર રોડ જેલમાં જે જે ફેરફાર થયા એમાં હવે નવી આધુનિક સુવિધા ઉમેર્યા પછી એ બધાનો લાભ નવા આવનાર 'મહેમાન' મેહુલ ચોકસી માણશે !

જેલવાસમાં પણ કયારેક આવા કિસ્મત કનેકશન કામ કરી જતા હોય છે...! ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# કુદરતી ડિપ ફ્રિઝર યાકુત્સ્કના લોકોને માઈનસ ૧૦ ડિગ્રીએ ગરમી લાગે!





શિયાળાના એંધાણ સાથે વસાણા, સ્વેટર, મફલર, ધાબળા, મસાલેદાર ચા, કોફી, રમ વગેરેની બોલબાલા વધી જાય. ઠંડી અને હુંફની જુગલબંધી વિશે ઘણું કહી શકાય.

ઠંડીના તાપમાનની વાત કરીએ તો ૧૯૮૩ની ૨૧મી જુલાઈએ પૃથ્વી પરનો સૌથી ઠંડો દિવસ હતો. એન્ટાર્કટિકાના રશિયન વોસ્ટોક સ્ટેશન પર માયનસ ૮૯.૨ સેન્ટિગ્રેડ એટલે કે - ૧૨૮ ફેરનહિટ ઉષ્ણતામાન નોંધાયું હતું.

મેરા ભારત મહાનના સૌથી ઠંડા દિવસ કે સ્થળ ક્યા? લદ્દાખના દ્રાસને નામે દેશનો ઠંડીનો રેકોર્ડ બોલે છે. અહીં માયનસ ૪૫થી લઇને માઈનસ ૬૦ ડિગ્રી ઠંડી પણ પડી ચુકી છે. હિમાચલ પ્રદેશની સ્પીતી ખીણમાં પારો માયનસ ૩૦ સુધી પહોંચી જાય છે. ગુજરાતમાં કચ્છના નલિયામાં જોરદાર ટાઢ ધ્રુજાવી નાખે. ૨૦૨૩ની ૧૬મી જાન્યુઆરીએ અહીં પારો બે ડિગ્રીએ પહોંચ્યો હતો, જે રાજ્યભરમાં ન્યુનતમ છે.

ભારતનાં મહાનગરોમાં સૌથી વધુ ઠંડી દિલ્હીમાં, ૯.૪ ડિગ્રી, ૨૦૧૯ની ૩૧મી ડિસેમ્બરે નોંધાઈ હતી. મસ્ત મુંબઈએ ૧૯૬૨ની ૨૨મી જાન્યુઆરીએ હાડ ઠારી નાખતી ૭.૪ ડિગ્રી વિક્રમી ઠંડી અનુભવી હતી.

જોકે આ બધાં સ્થળોનું યાકુત્સ્ક (Yakutsk)ની સરખામણીમાં ઠંડીની બાબતમાં કઇ ન ઊપજે હો. હા, રશિયાના સાઇબેરિયા સ્થિત આ છે વિશ્વનું સૌથી ઠંડું શહેર. અહીં શિયાળામાં તો અધધ ઠંડી પડે જ છે, બાકીના વર્ષનું સરેરાશ તાપમાન પણ આશરે માયનસ સાંઠ ડિગ્રી જેટલું હોય છે.

યાકુત્સ્ક માત્ર વિશ્વના સૌથી ઠંડા શહેર તરીકે જ નહિ પણ અને તેની એકદમ અલગ પ્રકારની જીવનશૈલી માટે પણ જાણવા જેવું ખરું. અહીં શિયાળામાં તાપમાન -૬૦ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે પડી જાય છે અને ક્યારેક તો -૬૪.૪ઓઈ (અર્થાત -૮૩.૯ઓ ફેરનહીટ) સુધી પહોંચી જાય છે. આ વિક્રમી તાપમાન ૫ ફેબ્રુઆરી, ૧૮૯૧ના રોજ નોંધાયું હતું.

આટલી ઠંડીમાં આખું શહેર જાણે કુદરતી ડિપ ફ્રીઝર બની જાય એ કહેવાની જરૂર રહેતી નથી. આથી યાકુત્સ્કના ખુલ્લા બજારોમાં વસ્તુઓ બગડતી જ નથી. અરે, માછલી માર્કેટમાં જરાય દુર્ગંધ આવતી નથી! કારણ એ કે અતિશય કે ઠંડીમાં બધું જ થીજી જાય છે.

અહીંના લોકોનો આહાર મોટાભાગે માંસ પર આધારિત છે. દુનિયાના સૌથી ઠંડા સ્થળના રહેવાસીઓને -૧૦ ડિગ્રીએ ગરમી લાગે! હકીકતમાં અહીં દસ મિનિટથી વધુ સમય બહાર રહેવું જોખમી સાબિત થઈ શકે છે.

ટાઢની પરાકાષ્ઠા સમાન યાકુત્સ્કની વસતી અંદાજે ૩,૫૫,૪૪૩ (૨૦૨૧ની ગણતરી પ્રમાણે) છે. અહિંની પ્રજા જાન્યુઆરીમાં સરેરાશ -૪૨ સેલ્સિયસ તાપમાનમાં જીવે છે. આખા દિવસમાં સૂર્યદેવ માંડ માત્ર ચાર કલાક દર્શન આપે. શહેરની ઇમારતો કોન્ક્રીટના થાંભલાઓ પર ઊભી છે જેથી ગરમીથી જમીન ન પીગળે.

અહીંના પ્રજાજનો ઠંડીથી બચવા માટે એક ઉપર એક એમ કેટલાય સ્તરના વસ્ત્રો એટલેકે ગરમ કપડાં પહેરે છે. આમાં મુખ્યત્વે રેંડિયર, સસલા કે શિયાળના ચામડા વપરાય. આમ છતાં ઘરની બહાર ૧૦ મિનિટથી વધુ ઠંડીમાં રહેવાથી ફ્રોસ્ટબાઇટ (ચામડી થીજી-જામી જવી) થઈ જાય.

ટ્રાવેલ વ્લોગર અંકિતા કુમારના અનુભવ જાણવા જેવો છે : મેં બજારમાં એક મોટી માછલી ઉઠાવી હતી, પણ માછલીની જરાય ગંધ આવી ન હતી. અહીંના લોકો મુખ્યત્વે માંસાહારી છે કારણકે નહિતર ઠંડીને કારણે ખેતી કરવી શક્ય ન બને. હવે વધુ ઠંડી લાગે ત્યારે કુદરતી ડિપ ફ્રિઝર યાકુત્સ્કને યાદ કરજો. ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ખોબો ભરીને અમે એટલું હસ્યાં કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા

## કોમળ મનના કવિ જગદીશ જોષી

આજે આપણે કોમળ મનના કવિ જગદીશ જોષીની વાત કરીશું. ગુજરાતી કવિતાના આકાશમાં જગદીશ જોષી, વિપિન પરીખ અને પન્ના નાયક આ ત્રણેયનો ઉદય એકસાથે થયો. વિપિન પરીખ મોટે ભાગે અછાંદસ લખતા, સામાજિક કટાક્ષ એમાં ભરપૂર છે. પન્ના નાયક પણ વિશેષ અછાંદસ લખે છે. એમણે 'આવન જાવન' નામનો ગીતસંગ્રહ આપ્યો છે. પન્નાની કવિતામાં આત્મકથા અને કાવ્ય એમ બન્નેની વાત સમાંતરે ચાલે છે. જગદીશ જોષી એ ગીત, અછાંદસ, સૉનેટ અને ગઝલ સહિત બધામાં વિહાર કરતો કવિ છે. સૉનેટના તળપદા શબ્દો એ એમનો કાવ્ય વિશેષ છે. આ ત્રણેય કવિઓએ મોટી ઉંમરે કાવ્યો લખવાની શરૂઆત કરી. ચાલો આપણે જગદીશની વાત કરીએ.

જગદીશે 'વમળના વન', 'આકાશ', 'મોન્ટા-કૉલાજ' જેવા કાવ્યસંગ્રહો આપ્યા. 'મોન્ટા-કૉલાજ' એમના દીર્ઘ કાવ્યોનો સંગ્રહ છે. એમાં તર્કના અંકોડાઓને એમણે તોડી નાખ્યા છે. લાગણી અને બુદ્ધિને જાણે કે કોમામાં રાખીને કાવ્યો લખ્યા છે. આ બધા સંગ્રહો ખૂબ જ સુઘડ રીતે છપાયા છે. જગદીશનો જન્મ ૯મી ઑક્ટોબર, ૧૯૩૨ અને મૃત્યુ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૭૮. જગદીશે ઑક્તાવિયો પાઝના દીર્ઘ કાવ્યનો અનુવાદ 'સૂર્યઘટિકા-યંત્ર'ના નામે કર્યો છે, જેનું પ્રકાશન ૧૯૮૧માં થયું હતું.

જગદીશના કાવ્યસંગ્રહ 'વમળના વન'ને દિલ્હી સાહિત્ય અકાદમીનો મરણોત્તર ઍવૉર્ડ પણ મળ્યો. જગદીશની હયાતી દરમિયાન એમનાં ગીતો નથી ગવાયાં પણ મૃત્યુ પછી અનેક ગીતો ગવાતાં થયાં. જગદીશે મબલખ અનુવાદો કર્યા છે જે અગ્રંથસ્થ છે.

એ વખતે મુંબઈમાં પ્રગટ થતા 'જનશક્તિ' દૈનિકમાં એમણે કાવ્યાસ્વાદની કોલમ પાંચ વર્ષ લખી એટલે મૃત્યુ સુધી લખી. આ રસાસ્વાદો 'એકાંતની સભા' પુસ્તકમાં પ્રગટ થયા છે અને બેનમૂન છે. એમાં જગદીશે ફક્ત ગુજરાતી કવિતા નહીં પણ આપણી અન્ય ભાષાઓના અને પરદેશી કાવ્યોના રસાસ્વાદ વિવેચનના ભાર વગર સહૃદયની ભૂમિકા પર કર્યા છે.

જગદીશે અછાંદસ, સૉનેટ, ગઝલ અને દીર્ઘકાવ્યો લખ્યાં છે પણ એ યાદ રહેશે ગીતકવિ તરીકે

કવિને પોતાની સર્જનસૃષ્ટિના ઉદ્યમનો વિસ્મય છે, એટલે જ એમણે કહ્યું છે કેઃ-



*આ તો બીજમાંથી ફૂટી છે ડાળ*
*કે એક એક પાંદડીમાં પ્રગટ્યું પાતાળ*

જગદીશનાં ગીત પર નજર કરીએ તો ખ્યાલ આવે કે ગીતની ભાષા પોતીકી છે. મણિલાલ, રાવજી અને જગદીશમાં તળપદું વાતાવરણ અને ભાષાના લહેકા અને લય જોવા મળે પણ આ બધું જગદીશમાં વધારે મ્હોર્યું છે. જોકે એમાં વિનોદ જોશી અને રમેશ પારેખ અપવાદ છે. એક જ કાવ્ય પરથી ખ્યાલ આવી શકે કે તળપદા વાતાવરણ અને બીજાના કેવા પરિમાણો લયની સૂઝબૂઝ સાથે એમણે પ્રકટાવ્યાં છે.

*નાનકડી શેરીને છેલકડી પહેરાવો એવી આ ડેલી લાગશે*
*અણિયાળી મોજડીમાં ચમક્યો સૂરજઃ*
*એમાં પાલવ સફાળો જાગશે*
*લ્હેરિયાતા સાફાનું છોગું છકેલ*
*મારી ભીની ભીની પાંપણમાં મરકે*
*પોતીકા થડકારા ભૂલીને દલડું તો*
*રોઝડીના ડાબલા શું ફરકે,*
*ગરકેલો મોર મારો પીંછાનાં માંડવડે*
*એકાદો ટહુકો તો માંગશે!*

જગદીશ જેટલો શહેરનો કવિ છે એટલો જ સૌરાષ્ટ્રના ગામડાંનો છે. ગ્રામજીવનને જોયું છે અને શહેરી જીવનની મધ્યમાં રહ્યો છે. જગદીશના કેટલાંક કાવ્યો કાનમાં કાયદનો સ્વાદ મૂકી જાય છે, જેમ કેઃ

*ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં*
*પણ આખા આ આયખાનું શું?*
*ખુલ્લી આ આંખ અને કોરી કિતાબ એને ફરી ફરી કેમ કરી વાંચશું?*
*માનો કે હોઠ સ્હેજ મ્હોરી ઊઠ્યાં ને છાતીમાં મેઘધનુષ ફોરી ઊઠ્યાં*
*પણ બળબળતી રેખાનું શું?*
*અને*
*ખોબો ભરીને અમે એટલું હસ્યાં*
*કે કૂવો ભરીને અમે રોઈ પડ્યા*

આ બન્ને ગીતો એટલાં પ્રસિદ્ધ છે કે એના વિશે વાત કરવી એ મીણબત્તીના પ્રકાશમાં સૂરજને વખાણવા જેવું થાય. જગદીશની કવિતામાં પ્રેમનો પ્રસાદ નથી પણ વિષાદ છે, ભાવના નથી પણ યાતના ડોકાય છે. કવિતાના કંઠમાં મૃગજળની જાળ છે અને આંખમાં ભડભડ બળતી આગ છે. એ લગ્નરથના ઘૂઘરા સાંભળે છે અને એની નજરમાંથી કશુંક ખરતું લાગે છે. પ્રણયની પછેડીમાં વિષાદ, વિફળતા અને વિચ્છિન્નતાના વેલબુટ્ટાઓ દેખાય છે.

જગદીશ જોષીએ ગઝલો છે એનાં કરતાં વધારે માણી છે. મહેફિલનો માણસ હતો એટલે ગઝલનો દોર એમનો મિજાજ અને માહોલ બની જતો. ગઝલમાં જગદીશ સોળે કળાએ ખીલી શકતો નથી. એમની એક ગઝલ જોઈએ.

*હું અધૂરી પ્યાલીને પંપાળતો બેસી રહ્યો,*
*આ ભરી મહેફિલઃ મને ઊઠી જતાં ન આવડ્યું.*
*લ્યો, સુરાલય પણ કરે છે બંધ દરવાજા હવે,*
*ના નશો, ના ભાન છે ઊઠી જતાં ન આવડ્યું*
*ગેલમાં આવીને ભીની ફૂંક મારી, એ છતાં*
*દીપને અમળાઈને ઊડી જતાં ન આવડ્યું.*

જગદીશ 'ઈન્દ્રયોપનિષદ' જેવું કાવ્ય કોઈ પણ છોછ વિના લખે છે પણ એનો અર્થ એ નથી કે એમાં અશ્લીલતા છે. હકીકતમાં કામુક્તા છે પણ આવી કામુક્તા પર કવિનો કટાક્ષ છે. જગદીશે સીધી અને સોંસરવી વાતો કરી છે.

જગદીશની કવિતામાં જે યાતના છે એ છે સંબંધોના ક્ષણભંગુરતાની અને પ્રેમને નામે થતા જુલ્મોની.

'ઈન્ટેલેક્ચ્યુઅલ ડીઝઓનેસ્ટી' જગદીશની કવિતામાં આ બાબતમાં નિર્ભ્રાંત થઈ છે, પરંતુ નિર્ભ્રાંતી પછી જ્ઞાન અને ધ્યાનની અવસ્થા આવે ને પછી શાંતિ અને આનંદ પ્રકટતાં નથી. નર્યો અંજપો છે, બેચેની છે, જેમ કેઃ

*હવાલા, હેલાવો, હરફર બધી સભ્યપદની,*
*સભાઓ, સ્હેરાઓ, ખડખડ થતી તાળી મેઘનીઃ*
*અને સિદ્ધાન્તોની અદલીબદલીઃ વંધ્ય શમણાં*
*કુટુંબે કાંતેલી સફળ કથતી સ્નેહ ભ્રમણાં,*
*સહી છે કૈં કૈં મેં વમળવનમાં અંધ ઘૂમરી...*

જગદીશ 'હું જોઉં છું મારી ઉત્તરક્રિયા' કાવ્યમાં પણ સામાજિક વંચનાની જ વાત કરે છે. દેહ બળતો હોય ત્યારે લોકો તો સ્મશાનમાં છાપાંની જ વાત કરતાં હોય છે.

*સ્મશાન બહાર વહી જતા વાહનોની ભીડને*
*કાયમ માટે ક્રોસ કરીને આવ્યો છું...*
*છાપામાં યુદ્ધના, ખૂનના, વિમાન પડવાના,*
*આગના સમાચાર હશે*
*પણ, એમાંથ શું? મારું પાંચ માળનું મકાન*
*થોડીક જ વારમાં ભસ્મીભૂત થશે*

અને એની નોંધ છાપામાં 'ન્યૂઝ વેલ્યુ' વિનાની.

આમ છતાં કવિને માણસમાં રસ છે, માણસની વાતોમાં રસ છે. વાતની શરૂઆત એમણે કરી હતી પણ અંતે કહે છે કે 'આદરેલી વાત અમે અધવચ્ચે આંતરી ને શબ્દોના ટૂંપાયા શ્વાસ!' શહેરનો કવિ હોવાને લીધે પાંચ ઈન્દ્રિયોના બનેલા શરીરને પાંચ માળનું મકાન કહે છે. જગદીશ એકલતા આવકારે છે અને મિત્રને કહે છે કે 'માફ કરજે દોસ્ત, I'd rather be alone.'

રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, પ્રિયકાંત મણિયાર અને જગદીશ એ આપણા અકાળે આથમી ગયેલા સૂર્ય અને ચન્દ્ર જેવા કવિઓ. કવિ મૃત્યુ ભલે પામે કવિતા કદીયે મૃત્યુ પામતી નથી. 'નાસ્તિ યેષાં યશઃ કાયે જરામરણ જ ભયમ.' ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બધુ ખતમ થઈ ગયું હોય ત્યારે પણ...


ઈંગ્લેન્ડના ચેસ્ટર શહેરના ૧૭ વર્ષીય પ્રતિભાશાળી મિકેનિક જે વિન્સેન્ટને બાઇક રાઇડિંગનો ગાંડો શોખ હતો. તે ઘણી વાર બાઇક રાઈડ પર નીકળી પડતો. આવી જ રીતે એક દિવસ તે તેના કેટલાક મિત્રો સાથે બાઇક રાઇડ પર નીકળ્યો. તે ૯૦ માઈલ એટલે કે ૧૪૪.૮ કિલોમીટરની ઝડપે બાઇક ભગાવી રહ્યો હતો. અચાનક મોટરસાઈકલ પરથી કાબૂ ગુમાવ્યો ને એ ટેલિગ્રાફના થાંભલા સાથે અથડાઈ ગઈ. અકસ્માત એટલો ખતરનાક હતો કે વિન્સેન્ટના શરીરભરમાં અત્યંત ગંભીર ઈજાઓ પહોંચી.

એને કારણે જે વિન્સેન્ટ કોમામાં જતો રહ્યો. અકસ્માતમાં તેણે જમણો પગ ગુમાવવો પડ્યો. કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયું, તેના જમણા હાથમાં ત્રણ ફ્રેક્ચર થયાં અને ફેફસાંને પણ નુકસાન થયું. જો કે એમ છતાં તે બચી ગયો.

હોસ્પિટલમાં અનેક કલાકોની સર્જરી બાદ ડોક્ટરોએ તેનો જીવ બચાવ્યો, પરંતુ તેમણે કહ્યું કે 'આ દર્દી હવે કદી ચાલી નહીં શકે.'

વિન્સેન્ટ ત્રણ સપ્તાહ પછી કોમામાંથી બહાર આવ્યો, પણ ત્રણ મહિના આઈ.સી.યુ.માં રહેવું પડ્યું. તે છ મહિના પછી હોસ્પિટલમાંથી બહાર આવ્યો ત્યારે ખબર પડી કે ડોક્ટરે કહી દીધું છે કે તે હવે ક્યારેય ચાલી નહીં શકે. એ જાણીને તેને લાગ્યું કે હવે મારા જીવનનો અંત આવી ગયો છે.....હવે હું ક્યારેય જીવનને માણી નહીં શકું.

વિન્સેન્ટ ભાંગી પડ્યો હતો. તેણે નોકરી ગુમાવવી પડી હતી અને તે બીજું કશું કામ કરવા માટે પણ લાયક નહોતો. જીવનમાં આવી ગયેલા એ અણધાર્યા આઘાતજનક વળાંકને કારણે તે હચમચી ગયો હતો, પણ એ વખતે તેની પ્રેમિકા જેમા જેક્સને કહ્યું, 'જે, હજી બધું ખતમ નથી થઈ ગયું. હું તારી સાથે છું. ભૂતકાળ ભૂલીને ભવિષ્ય પર ધ્યાન આપ. મને ખાતરી છે કે તું આ સ્થિતિમાંથી બહાર આવીને વધુ મજબૂત માણસ બનીશ.' વિન્સેન્ટની એવી હાલતમાં તેને છોડી દેવાને બદલે તેની પ્રેમિકા જેમાએ તેને ફરી ઊભા થવા માટે પ્રેરણા આપી.



જે વિન્સેન્ટ

ફિટનેસ ટ્રેનર જેમા એ સમયમાં વિન્સેન્ટ માટે નર્સ તરીકે સંભાળ લેનાર વ્યક્તિ કે પ્રેમિકા જ નહોતી તે તેના માટે પ્રેરકબળ બની ગઈ.

વિન્સેન્ટ હોસ્પિટલના બેડ પર નિરાશ વદને પડ્યો હોય એ વખતે જેમા તેનો હાથ પકડીને કહેતીઃ 'તારે હાર માનવાની નથી. તું હજી જીવતો છે એટલે બધું શક્ય છે. અને હું તારી સાથે અડીખમ ઊભી છું.'

જેમાના આ શબ્દો વિન્સેન્ટમાં આશાનો અને આત્મવિશ્વાસનો સંચાર કરતા. જેમાએ તેની ફિઝિકલ થેરાપીમાં મદદ કરી, કૃત્રિમ પગ પહેરવાની તાલીમમાં સાથ આપ્યો. તે હતાશ થઈને કે શારીરિક પીડાને કારણે રડી પડતો ત્યારે તે તેના આંસુ લૂછીને તેને ગળે વળગાડી લેતી.

મહિનાઓ સુધી શારીરિક સારવાર અને માનસિક ઉપચાર પછી વિન્સેન્ટ ધીમે-ધીમે ઊભો થવા લાગ્યો.

જેમાએ વિન્સેન્ટને કૃત્રિમ પગ લગાવડાવ્યો ને તેને જિમમાં જતો કર્યો. જેમાએ તેને ફિટનેસ માટે તાલીમ આપવા માંડી. તે હતાશ થઈ ગયેલા વિન્સેન્ટને કહેતી કે 'તારે મારી સાથે જિમમાં સ્પર્ધા કરવાની છે.'

વિન્સેન્ટની સ્થિતિ થોડી સુધરી એટલે એક દિવસ જેમાએ તેનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યુંઃ 'જે, આજે મારે તારી પાસે કશુંક માગવું છે. તું પહેલાં બગડેલાં મશીનોને ઠીક કરીને દોડાવતો હતો. હવે તું પોતાની જાતને ઠીક કરીને એને દોડાવ. તારું મનોબળ મજબૂત કર પછી બધું થઈ પડશે.'

આ શબ્દોએ વિન્સેન્ટમાં નવી સ્ફૂર્તિનો સંચાર કર્યો. તેણે નક્કી કર્યુંઃ 'હવે હું મારા શરીર પર ધ્યાન કેન્દ્રિત કરીને શક્તિ પાછી મેળવીશ...બોડી બિલ્ડર તરીકે એક નવી ઓળખ બનાવીશ.'

જેમાના પ્રોત્સાહનથી વિન્સેન્ટ માનસિક - શારીરિક રીતે નવી શરૂઆત માટે તૈયાર થયો. જોકે એ શરૂઆત અત્યંત તકલીફદાયક હતી. એક પગ પર સંતુલન રાખીને વજન ઉઠાવવું, કમરના દુખાવા સાથે રોજ તાલીમ લેવી અને એમાં વળી હાથની અશક્તિ એ બધા વચ્ચે પણ પ્રયાસ ચાલુ રાખવાનું અતિશય કઠિન હતું, પરંતુ જેમા તેને કહેતી કે 'મને પૂરતી ખાતરી છે કે તું બધુ કરી શકીશ...' જેમા દરરોજ તેની સાથે જિમમાં હાજર રહેતી. ક્યારેક તે શારીરિક સહારો આપતી તો ક્યારેક પોતાની હાજરીથી વિન્સેન્ટનો આત્મવિશ્વાસ વધારતી.

ધીરે-ધીરે વિન્સેન્ટનું શરીર ફરીથી શક્તિશાળી બનતું ગયું. તેની કમર મજબૂત થવા લાગી, હાથમાં શક્તિ પાછી આવવા લાગી, અને એ બધાનાં પરિણામે તેની આંખોમાં ફરી નવી ચમક જોવા મળી. જેમાની મદદથી તે ફરી વાર ઊભો થઈ ગયો.

અકસ્માતનાં સાત વર્ષ બાદ તે બોડી બિલ્ડર બની ગયો. બોડી બિલ્ડર તરીકે સ્પર્ધાઓમાં ભાગ લેવાનું પણ શરૂ કરી દીધું અને તે ફરી વાર જીવન માણતો થઈ ગયો. થોડા સમય પછી તે 'યુનિવર્સિટી ઓફ ચેસ્ટર'માં ફિટનેસ ટ્રેનર બની ગયો.

વિન્સેન્ટ માટે બોડી બિલ્ડિંગ માત્ર શરીર પૂરતું ન હતું - એ તેના માટે માનસિક પુનર્જન્મ સમાન હતું.

જેમાની મદદથી તેણે સોશ્યલ મીડિયા પર પોતાના જીવનની વાતો શેર કરવાનું શરૂ કર્યું. લોકો તેને 'ધ આયર્ન સોલ' તરીકે ઓળખવા લાગ્યા.

આજે વિન્સેન્ટ માત્ર પ્રોફેશનલ બોડી બિલ્ડર જ નહીં, પણ એક મોટિવેશનલ સ્પીકર અને ફિટનેસ કોચ પણ છે. એ એવા લોકોને પાનો ચડાવે છે જે અકસ્માત-બીમારી કે માનસિક તાણને કારણે જીવનથી નિરાશ થઈ ગયા હોય.

અકસ્માતને કારણે વિન્સેન્ટે એક પગ ગુમાવ્યો, નોકરી ગુમાવી, પણ તેણે જીવનનો અર્થ શોધી લીધો. તે કહે છેઃ

'એ અકસ્માતે મારું શરીર તોડી નાખ્યું, મેં એક પગ ગુમાવ્યો, પણ મને જીવનનો ઉદ્દેશ મળી ગયો અને એ ઉદ્દેશ છે બીજા લોકોને બતાવવાનો કે તૂટ્યા પછી પણ ઊભા થઈ શકાય છે. બોડી બિલ્ડિંગે મને ફરી મારું જીવન પાછું આપ્યું. હું હવે અન્ય લોકોને શીખવું છું કે જીવન ગમે એટલું કઠિન હોય, પણ જો મનોબળ મજબૂત હોય તો ચમત્કાર શક્ય છે.'

એની પ્રેમિકા જેમા કહે છેઃ 'જેને મેં હોસ્પિટલના બેડ પર તૂટી પડેલો જોયો હતો એ જે આજે તે સ્ટેજ પર હસતા-હસતા ઊભો હોય છે, તે સ્પર્ધાઓ જીતે છે, લોકોને પ્રેરણા આપે છે...બસ. આ જ મારા માટે સૌથી મોટું ઈનામ છે.'

જીવનમાં બધું જ ખતમ થઈ ગયું હોય એવું લાગે ત્યારે માણસ મનોબળ થકી ઊભો થઈ શકે છે અને નજીકની કોઈ વ્યક્તિની હૂંફથી ફરી વાર ઊભો થઈને જીવન માણી શકે છે એનો જીવંત પુરાવો જે વિન્સેન્ટ છે. તે કહે છેઃ 'મારી પ્રેમિકા જેમા જેકસને મારા જીવનમાં ચમત્કાર કર્યો છે.' ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# બારેમાસ ભરવાલાયક ફટાકડા... તહેવાર પછીનો તરખાટ!

**ટાઈટલ્સઃ**
**ઉજવણી ને ઉધારી વધારીએ એટલી વધે. (છેલવાણી)**

એક માણસે મિત્રને પૂછ્યું,'અલ્યા, આજે કેમ આટલો ખુશ છે?'

પેલાએ કહ્યું, 'હાશ...હવે તહેવારો પૂરા થઈ ગયા. હવે મન વગરની મીઠાઈઓ નહીં ખાવી પડે, કપડાં- લતાના ખર્ચાઓ ઓછા થશે. જીવન પહેલા જેવું કેટલું સરળ થઈ જશેને?'

જી હાં, જીવનને જોવાનો આ પણ એક નજરિયો છેને? ચલો, ૩ દિવસ પછી દેવ-દિવાળી છે એટલે દેવકૃપાથી તહેવારો ને વહેવારો બંને પતી જશે. દિલથી કે પરાણે ખાધેલી મીઠાઇઓ, ફરસાણો, જાત જાતની ગિફ્ટ, મોબાઇલ પર એનાં એ જ ફોર્વર્ડ મેસેજો વગેરે આપણે સૌએ માંડ માંડ પચાવી લીધા હશે ને બધા ફટાકડાઓ ફૂટી ગયા હશે. તો ચાલો, એવાં ફટાકડાઓની વાત કરીએ, જે આપણાં રૂટિન જીવનમાં સતત અવિરત સાલભર ફૂટ્યા જ કરે છે.

**સોશ્યલ મીડિયાના ફટાકડાઃ**

જેમ આપણું મોત ક્યારે આવશે એ આપણાં કાબૂમાં નથી એમ જ સવારે ઊઠીને અંગડાઇ લઇએ એ પહેલાં 'ગુડ-મોર્નિંગ'ના સતરંગી સુંવાળા સંદેશાઓ પણ આપણે રોકી શકતા નથી. વળી 'નાગાલેંડમાં કેટલા ટકા લોકો સુખી છે ને હરિયાણામાં કેટલા લોકો દુઃખી છે?'... એનાં આંકડાથી આપણે શું કરી શકીએ? પણ આવા મેસેજ તો તમને આવશે જ! કે પછી 'મોંઘવારી કેટલી વધી છે અને એ વધવા પાછળ ગાંધી કે નેહરુ આજે પણ કેટલા જવાબદાર છે' એ બધાં વિશે માહિતી આપતી વાતો સતત આપણી સંવેદનાઓ પર સર્જિકલ સ્ટ્રાઇક કરે જ રાખશે.. જેમ કે 'ફલાણા દેશનો રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન ભારતીય મૂળનો છે એટલે હવે આપણે એ દેશને આપણો ગુલામ બનાવીશું!'

ઓકે, આ તો બહુ સારી વાત છે, એમાં અમે શું કરીએ?

'મોબાઈલમાં એસ.એમ.એસ. પર કે ઈ-મેલમાં કે ફેસબુક- કે X પર દુશ્મન દેશ પર નફરતના સંદેશા મોકલનાર લોકોને સરકાર દ્વારા ફરજિયાત ફૌજમાં ભરતી કરવામાં આવશે! વગેરે... સોશ્યલ મીડિયા પર મોકલવામાં આવતી એવી માહિતીઓના ફટાકડા છે, જે રોજેરોજ આપણા મગજ પર ફોડવામાં આવે છે અને ઘણાંને એ મગજનાં લાડુ જેવા મીઠાં પણ લાગે છે.

**ખોટેખોટા દાવાઓના ફટાકડાઃ**

બધી જ પાર્ટી અને એના નેતાઓ ચૂંટણી સમયે આપણી ભોળી પ્રજાને જાતજાતની સગવડો પૂરી પાડવાના દાવા કરતા હોય છે. જેમ કે 'અમે તમારા ખાતામાં અમુક પૈસા દર મહિને જમા કરાવીશું...'

કે પછી 'સહુને દારૂનો બાટલો ને નવો ખાટલો મફતમાં આપીશુ!'



**ઇન્ટરવલઃ**
**કોઈ ફર્ક નહીં નામ તેરા, રઝીયા હો યા રાધા,**
**વાદા તેરા વાદા... (આનંદ બક્ષી)**

**મેડિકલ ફડાકડાઃ**

ડોક્ટરો અને મોટી હોસ્પિટલવાળાઓ દાવા કરતાં હોય છે કે 'જો તમે અમારે ત્યાં ઘૂંટણનું ઓપરેશન કરાવશો તો ઓપરેશનના ૧ કલાક પછી તમે હિમાલયની ચોટી સુધી ચઢી શકશો, અમારે ત્યાં હાર્ટ-સર્જરી પછી તમે તળેલું, વધારે મીઠાવાળું પણ ખાઈ શકશો અને પ્રેમ પ્રકરણમાં પણ તમારું દિલ તૂટશે નહીં.' જો કે આવું કહેનારા ડોક્ટરો તમને ફાઇનલી લાંબું બિલ આપીને હાર્ટ એટેકનો બોંબ ફોડી શકે છે.

**ફિલોસોફીના ફટાકડાઃ**

'તમારા હિસ્સામાંનું અને ખિસ્સમાંનું દુઃખ કોઇ ઓછું નહીં કરી શકે' કે પછી ';બીજાનું વજન અને આપણાં સ્વજન આપણને હંમેશાં ઓછા જ લાગે'..અથવા 'જિંદગી એક નાટક છે, તો એના પ્રેક્ષકો કોણ છે?'... 'મફતમાં સલાહ આપવી નહીં કારણ કે અંબાણી કે ટાટા વારેવારે મફતમાં શેર સર્ટિફીકેટ કોઈને આપે છે?' આવા ફિલોસોફીનાં ફટાકડા મોટિવેશનલ સ્પીકરો આપણા માથા પર સતત ફોડતા જ હોય છે.

**સુંદર સલાહોના ફટાકડાઃ**

ભારતમાં કે રાધર જગતમાં, સલાહ આપવાનો ધંધો પૂરબહારમાં ચાલે છે.. જેમ કે- 'ધારો કે તમે રોજ એક કિલો આઇસક્રીમ ખાશો તો તમારાં આયુષ્યમાં એક કિલો વજન વધશે. એમાંયે તમે જો વૃષભ રાશિનાં હોવ તો વેનિલા ના ખવાય અને મીન રાશિના હોવ તો મેંગો આઇસક્રીમ ના ખવાય!'

અથવા તો... 'તમે દિવસના ૧૦૦૦ પગલાં ચાલશો તો આ જન્મે તમારી હેલ્થ સારી રહેશે અને એટલા જ પગલાં ઊંધા ચાલશો તો તમે પાછલા જનમમાં જઇને પણ હેલ્ધી રહી શકશો!'

અથવા તો 'ચ્યુંગ-ગમ ખાવાથી જીવનનો ગમ કે દુઃખ ૧૦ ટકા જેટલો ઓછો થઈ જાય છે!'

વળી 'વહેલી સવારે ચાલવા જવામાં ઘણાં ફાયદા છે પણ સૌથી મોટો ફાયદો એ છે કે તમે છાપાં-મીડિયામાં આવતાં ખરાબ સમાચારો તમે થોડાં મોડા જોઈ શકશો!'

**અગણિત આંકડાઓના ફટાકડાઃ**

દેશે કેટલી પ્રગતિ કરી છે-એનાં આંકડાઓ, ફિલ્મોએ કેટલાં કરોડ રૂપિયા કમાયા- એનાં આંકડાઓ, શેરબજાર કેટલું ઉપર ગયું?- એના આંકડાઓ, ટાટા કે બિરલાએ દેશની ઈકોનોમીમાં કેટલો ફાયદો કરાવ્યો એના આંકડાઓ, વગેરે અગણિત આંકડાઓના ફટાકડા આખું વર્ષ ફૂટતા જ રહે છે. એ બધાનું પ્રદૂષણ કોઇ રોકી શકે એમ નથી.

**રસીલા રિસર્ચના ફટાકડા :**

હવે રિસર્ચ કરવા પાછળ પણ કોઇએ રિસર્ચ કરવું જોઇએ! કારણ કે હવે જાંગિયાથી જંગ સુધી કોઇપણ રિસર્ચ કરે જ રાખે છે, જેમ કે-'૫૦% ભારતીયોને મફતમાં ખવડાવવામાં આવે તો ૨૫% લોકોએ ખાવાનું વધુ ખાઈ જાય. આમાં કસમ ખાનારાંની સંખ્યા ૮૫% ટકા છે.'

અથવા તો- 'દુનિયાભરની ૧૦૦% સરકારો, ૧૧૦% મદદની ગેરંટી આપે છે, પણ ૯૦% લોકોને એ વાત પર ભરોસો નથી હોતો!' યા તો પછી... 'આપણે ત્યાં પાર્ટી કે મહેફિલમાં ૯૦% ક્રિકેટ, ફિલ્મ અને રાજકારણ આ જ વિષયો પર ચર્ચા થતી હોય છે અને એમાંથી ૯૫% લોકોએ વિચારવાનું બંધ કર્યું છે.'

યારો, તહેવારો ખતમ થયા પણ સાવધાન, હજી બે મહિનામાં ન્યૂ-યર તો આવવાનું બાકી છે, હોં!

**એન્ડ-ટાઈટલ્સઃ**
**આદમ : કાલે તું સપનામાં આવેલી.**
**ઈવ : સોરી!** ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# નાટકના આનંદ સામે સિરિયલ - ચિત્રપટ પાણી ભરે

કલાકારો વચ્ચે આપસી તાલમેલ બની ગયા પછી નાટક ભજવતી વખતે કલાકારો વચ્ચે અનોખો સંવાદ તો સર્જાય જ, વ્યાવસાયિક સંબંધો પણ ઘનિષ્ઠ બને. હકથી કહેવાનો ભાવ આવે. મારી નાટ્ય સફરમાં મને એવા ઘણા અનુભવ થયા છે જ્યારે ‘મહેશ્વરી બહેન, તમારે આ રોલ કરવાનો છે, ના નહીં પાડતા’ એવું કહેવામાં આવ્યું હોય. શ્રી દેશી નાટક સમાજનાં નાટકો હોય કે પછી કાંતિ મડિયા જેવા દિગ્ગજનાં નાટકો હોય કે પછી શૈલેષ દવે, રાગિણી, હોમી વાડિયા કે રસિક દવે હોય, તેમના ફરમાન આવ્યા અને મેં ‘જી હું કરીશ’ એવો હોંકારો આપી નાટકો પણ કર્યા છે. અમેરિકાના પ્રવાસેથી પાછા ફર્યા બાદ તરત આવેલો રસિક દવેનો ફોન એનું જ અનુસંધાન હતો.

અંગત રીતે લગ્નજીવન વસમું રહ્યું હતું, પણ રસિક દવેના ‘પરણ્યા એટલે પ્યારા લાડી’ નાટકમાં કામ કરી અલગ અનુભવ લીધો. રિહર્સલ કરી નાટક બરાબર બેસાડ્યું અને રસિક ઈચ્છતો હતો એ જ તારીખે નાટક ઓપન થઈ શક્યું. રંગભૂમિના કલાકારો અચાનક આવી પડેલા પડકારને પહોંચી વળવા ખૂબ સક્ષમ હોય છે. નાટકમાં મારી સાથે અજીત વાચ્છાનીની દીકરી તેમ જ એક મરાઠી આર્ટિસ્ટ હતો અને રસિક ડિરેક્ટ કરવા ઉપરાંત રોલ પણ કરી રહ્યો હતો. અગાઉના ઘણા હપ્તામાં મેં ગુજરાતી નાટકો પરથી બનેલી હિન્દી ફિલ્મો વિશે વાત કરી છે, એના ઉદાહરણ પણ આપ્યા છે. ‘પરણ્યા એટલે પ્યારા લાડી’માં ઊલટી ગંગા વહી હતી. આ નાટક હિન્દી ફિલ્મ ‘બદલતે રિશ્તે’ પર આધારિત હતું. પ્રણય ત્રિકોણની કથા ધરાવતી આ ફિલ્મમાં જીતેન્દ્ર, રિશી કપૂર અને રીના રોય હતાં. ફિલ્મ સુપરહિટ થઈ હતી, પણ ગુજરાતી નાટકો જોતા દર્શકોએ એને મોળો આવકાર આપ્યો. પરિણામે થોડા શો પછી નાટક બંધ પડી ગયું. ફરી એક વાર ઘરે હાથ જોડી બેસવાનો વારો આવ્યો.

અને એક દિવસ મને ‘રશ્મી શર્મા ટેલિફિલ્મ્સ’માંથી ફોન આવ્યો. નાટક કે ફિલ્મ માટે નહીં, ટેલીવિઝન ધારાવાહિક માટે. ‘સાથ નિભાના સાથિયા’ સિરિયલ માટે. મેઈન રોલ કરતી અભિનેત્રીની માતાનો રોલ હતો. મને ટીવી સિરિયલમાં કામ કરવાનો અનુભવ હતો એટલે મેં હા પાડી દીધી. મને ઓફિસમાં બોલાવી અને બધું નક્કી થઈ ગયું અને મને કહેવામાં આવ્યું કે ‘આવતી કાલથી તમારું શૂટિંગ શરૂ થઈ જશે. સમયસર આવી જજો.’ હું તો સમયસર શૂટિંગમાં પહોંચી ગઈ અને કામ શરૂ કરી દીધું.

મારા રોલનો વિસ્તાર ખાસ્સો હતો એટલે બે વર્ષ સુધી હું એમાં વ્યસ્ત રહી. આ ધારાવાહિક દર્શકોને બહુ પસંદ પડી અને મને યાદ છે ત્યાં સુધી એના બે હજારથી વધુ શો થયા. આ પ્રોડક્શન હાઉસનાં સર્જનો એટલા લોકપ્રિય થયા કે એક સમયે એક સાથે એના અલગ અલગ છ શો ટીવી પર પ્રસારિત થઈ રહ્યા હતા. નાના પડદા પર સફળતા મળ્યા બાદ મોટા પડદા પર એટલે કે ચલચિત્ર નિર્માણમાં પણ ‘રશ્મી શર્મા ટેલિફિલ્મ્સ’એ હાથ અજમાવ્યો. ૨૦૧૬માં આવેલી અમિતાભ બચ્ચન, તાપસી પન્નુની ‘પિન્ક’ પણ આ પ્રોડક્શન હાઉસનું જ નિર્માણ હતું. એ વાત ખરી કે ટીવી સિરિયલમાં કામ કરવાની મજા અલગ હોય છે. એમાં પૈસા વધુ મળે છે અને જો સિરિયલ લાંબી ચાલે તો મીટર પણ ચાલતું રહે છે. મેં સિરિયલો ઉપરાંત ચિત્રપટમાં પણ અભિનય કર્યો છે. જોકે, નાટક જેવા આનંદ - સંતોષ નથી મળ્યા એ હકીકત



છે. રંગભૂમિની વાત જ ન્યારી છે.

નાટકનું માધ્યમ અભિનય છે અને અભિનયના કેન્દ્રમાં નટ રહ્યો છે એટલે એનું વર્ચસ્વ વધે એ સ્વાભાવિક કહેવાય. અલબત્ત, નટ નાટકની કથા કરતા વધુ પ્રભાવી બની જાય તો નાટક પાછળનો હેતુ દબાઈ જાય અને દર્શકોના સ્મરણમાં નટની અદાકારી વધુ રહે. આવું જો સતત થાય તો રંગભૂમિને નુકસાન થાય. જૂની રંગભૂમિમાં નટના પ્રભુત્વને કારણે અમૃત કેશવ નાયક, બાપુલાલ નાયક, પ્રાણસુખ ‘એડીપોલો’, મોહનલાલ, માસ્ટર અશરફખાન, પ્રભાશંકર ‘રમણી’, જયશંકર ‘સુંદરી’, મોતીબાઈ, માસ્ટર કાસમ, આણંદજી ‘કબૂતર’, મુન્નીબાઈ, માસ્ટર વસંત જેવા કલાકારો રંગભૂમિની શાન હતા. પોતાનાં પાત્રો દર્શકોના હૈયામાં જડાઈ જાય એ માટે આ કલાકારોએ પોતાની સૂઝબૂઝ કામે લગાડી. અભિનયમાં એક્કો સાબિત થવા ટ્રેઈનિંગ પણ લીધી. તાલીમ મેળવવા માટે કલાકારની નિષ્ઠા કેવી હતી એ સમજવા અમૃત નાયકની વાત જાણવા જેવી છે.

ગુજરાતી ઉપરાંત હિન્દી, મરાઠી અને ઉર્દૂ ભાષા શીખવા પર જોર આપ્યું. અભિનયને ધારદાર બનાવવા એક્ટિંગની ટ્રેઈનિંગ લેવા લખનઊ ગયા હતા. ‘યહૂદી કી લડકી’ જેવું ખ્યાતનામ નાટકના લેખક આગ હશ્ર કશ્મીરીના એક ઉર્દૂ નાટકમાં અમૃત નાયકનો રોલ ખાસ્સો ગાજ્યો હતો. ‘યહૂદી ની લડકી’ પરથી કલકત્તાની ન્યૂ થિયેટર્સ કંપનીએ તેમજ અન્ય બે ફિલ્મમેકરે એ જ નામની હિન્દી ફિલ્મ બનાવી હતી. બિમલ રોયે દિલીપ કુમાર - મીના કુમારીને લઈ ‘યહૂદી’ ફિલ્મ બનાવી હતી. દર્શકો અમૃત નાયકની ભૂમિકા પાછળ એ હદે ઘેલા થતા હતા કે નાટક પૂરું થયા પછી એમને જોવા અને એમનું અભિવાદન કરવા લોકો વન્સમોર કરતા હતા. નાટકનો કોઈ સંવાદ કે ગીત ગમી જાય અને વન્સમોર થાય એના તો અનેક ઉદાહરણ છે, પણ અમૃત નાયકનો ઠસ્સો અનેરો હતો. આ હતું અભિનેતાનું કાઠું, એનું સામર્થ્ય. ■

### શ્રીમતી ઉત્તમલક્ષ્મીનું યોગદાન અનન્ય છે

અધ્યાપક કેશવલાલ જીવરામ જૈન લિખિત ‘સંગીત લીલાવતી’ નાટકના ગીત બેહદ પસંદ પડ્યા હોવાથી નાટક જોવા ગયેલા ડાહ્યાભાઈ ધોળશાજીને ‘નાટક કંપની કાઢી જુઓ તો ખબર પડે કે વન્સમોર કેમ અપાય’ એવું મેણું મારવામાં આવ્યું. ગુજરાતી નાટ્ય રસિકો કાયમ માટે મેણું મારનારા કલાકારના ઋણી રહેશે. ડાહ્યાભાઈને ખૂબ લાગી આવ્યું હશે અથવા એ પડકાર ઝીલી લેવાનું મન થયું હશે એટલે નાટક કંપનીને દેશી નાટક સમાજ નામ આપીને ચાલુ રાખી. કંપનીની સ્થાપનાના ૧૦ વર્ષ પછી ડાહ્યાભાઈનું અવસાન થયું, પણ નાટક કંપની બંધ ન પડી. અલગ અલગ સંચારમાં નાટક કંપની આગળ વધતી ગઈ અને જનતાનું મનોરંજન થતું રહ્યું. સૂત્રો બદલાતા રહ્યા અને ૧૯૨૪માં હરગોવિંદદાસ જેઠાલાલ શાહ શ્રી દેશી નાટક સમાજનાં માલિક હતા. જોકે, ૧૯૩૮માં હરગોવિંદદાસનું અવસાન થયા પછી કંપનીનાં સૂત્રો બહારની કોઈ વ્યક્તિએ નહીં, તેમનાં પત્ની ઉત્તમલક્ષ્મી બહેને પોતાના હાથમાં લીધા. ગુજરાતી રંગભૂમિના ઇતિહાસમાં એક અનોખા સર્જક તરીકે હંમેશાં ઉલ્લેખનીય રહેશે. ઉત્તમલક્ષ્મી બહેન કેવળ ઘરરખ્ખુ નહોતા, કંપનીની માલિકી તેમના પતિના હસ્તક આવી ત્યારથી તેની વ્યવસ્થામાં રસ લેવા માંડ્યો હતો અને પતિનો સહકાર મળતા સંચાલન સંબંધી સારો અનુભવ તેમને મળી ગયો હતો. પતિના અવસાન પછી નાટક કંપની ચલાવવી એ તેમના જીવનનું ધ્યેય બની ગયું. કંપનીના સંચાલન ઉપરાંત તેમણે નાટકોના નિર્માણમાં રસ લેવાનું શરૂ કર્યું. એમણે એક પછી એક સુંદર, શિષ્ટ, હેતુલક્ષી, સમાજોપયોગી નાટકોની રજૂઆતને પ્રાધાન્ય આપવાની શરૂઆત કરી. એમની કોશિશ અને પહેલને કારણે જે નાટ્યકારો આગળ આવ્યા એમાં પ્રભુલાલ દ્વિવેદી, જી. એ. વેરાટી, પ્રફુલ્લ દેસાઈ, રઘુનાથ બ્રહ્મભટ્ટ, જીવણ લાલ બ્રહ્મભટ્ટ, રમણલાલ, નંદલાલ નકુભાઇ શાહ, કવિ મણિલાલ ‘પાગલ’ વગેરે નોંધપાત્ર છે. આ લેખકો દ્વારા રજૂ થયેલાં નાટકો શત પ્રયોગોની સીમા વટાવી ગયા હતા. તેમના સંચાલનમાં સંસ્થાએ એક અગ્રગણ્ય વ્યવસાયી નાટ્ય સંસ્થા તરીકે નામના મેળવી. શ્રીમતી ઉત્તમલક્ષ્મી સ્વતંત્ર માલિક થયા પછી રેલ કે દુષ્કાળ જેવા સંકટ સમયે નાટકો દ્વારા મદદ કરી હતી. ગુર્જર સન્નારીની નાટક કંપનીના માલિક તરીકે આવી યશસ્વી કારકિર્દી ભાગ્યે જ જોવા મળી. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# આજે તમે શું શોધી રહ્યા છો... ઉંદર કે હરણ?!

આપણા નિજી જીવનમાં કે વેપારમાં ઘણીવાર એવું બનતુ હોય છે કે આપણે આપણી શક્તિ જોઈએ ત્યાં ન વાપરતા બીજી ચીજોમાં વાપરતા હશું. આજે આ વાત કરવાનું જરૂરી એટલે લાગ્યું કારણ કે આ વાત મેં ઘણા વેપારીઓમાં અને કોર્પોરેટ દુનિયામાં પણ અનુભવી છે. જેટલી આ વાત આપણા જીવનમાં અને વેપારમાં જરૂરી છે તેટલી વેપારનો એક અંગ માર્કેટિંગ માટે પણ જરૂરી છે.

આપણે આજે એક સિદ્ધાંતની વાત કરીયે. કદાચ આપણે આ સિદ્ધાંત વિષે સાંભળ્યું હશે અથવા વાંચ્યું હશે. અંગ્રેજીમાં આ સિદ્ધાંત ‘એન્ટેલોપ પ્રિન્સીપલ’ તરીકે ઓળખાય છે. જેને ગુજરાતીમાં આપણે ‘કાળિયારનો સિદ્ધાંત’ કહી શકીયે. ૨૦૦૨માં એક પુસ્તક આવ્યું હતું ‘લાઇફ વિઝડમ’ તેમાં આ સિદ્ધાંતને સારી રીતે સમજાવવામાં આવ્યો છે. સિદ્ધાંત સરળ છે અને સમજવા જેવો છે, પણ આપણે આ ભૂલ જાણતા-અજાણતા કરી બેસતા હોઈએ છીએ.

આ સિદ્ધાંતને બે રીતે જોઈએ : કાળિયાર કે પછી હરણને ખબર છે કે મારો શિકાર આજે થવાનો છે તેથી મારે જાન લગાવીને દોડવું પડશે તો મારો જીવ બચશે અને સિંહ જે શિકારી છે તેને લાગે છે કે આજે મારે જાન લગાવીને દોડવુ પડશે તો જ શિકાર પકડી શકીશ નહિં તો ભૂખ્યું રહેવું પડશે... આમ બંને જાન લગાડીને દોડવાની વાત કરે છે પણ બંનેના હેતુ અલગ છે.

**બીજી રીતે આ સિદ્ધાંતને જોઈએ :**

સિંહ ખેતરના ઉંદરને પકડવા, મારવા અને ખાવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે, પરંતુ આમ કરવામાં તેની ઊર્જા જેટલી વપરાશે તેની સરખામણીએ ખાવાનું જે મળશે તેની બરોબરી ના થઇ શકે અને આમ થતા તે ધીમે ધીમે ભૂખે મરી જશે. સિંહ ખેતરના ઉંદર પર જીવી શકતો નથી. સિંહને કાળિયારની કે હરણ જેવાની જરૂર હોય છે. આ મોટા પ્રાણીઓ છે. તેમને પકડવા અને મારવા માટે વધુ ગતિ અને શક્તિની જરૂર પડે છે અને એકવાર માર્યા ગયા પછી, એ સિંહ અને તેના ગૌરવ માટે મિજબાની પૂરી પાડે છે. સિંહ આ ખોરાક પર લાંબું અને સુખી જીવન જીવી શકે છે.

હવે તમારી જાતને સિંહ તરીકે કલ્પના કરો. દરરોજ, તમારી પાસે પસંદગી હોય છે. તમે આ કરી શકો છોઃ ખેતરના ઉંદરનો પીછો કરો અથવા કાળિયારનો શિકાર કરો. તમે શું પસંદ



કરો છો તેનું મહત્ત્વ છે કારણકે તમે તમારા કિંમતી, મર્યાદિત સમય અને ધ્યાનનો ઉપયોગ કેવી રીતે કરો છો તે તમારાં પરિણામો નક્કી કરશે.

આ આપણા વ્યાવસાયિક અને વ્યક્તિગત બંને જીવન માટે એક રૂપક છે. સિંહની જેમ, દરરોજ, આપણી પાસે એક જ વિકલ્પ હોય છે : ક્ષેત્રના ઉંદરોનો પીછો કરો. અર્થાત્ નાની, તાત્કાલિક સમસ્યાઓ અને તકો તમારું ધ્યાન ખેંચતી રહેશે અથવા કાળિયારનો શિકાર કરો. મોટી, મહત્ત્વપૂર્ણ સમસ્યાઓ અને તકો જેને વધુ પદ્ધતિસરની, વિચારશીલ અભિગમની જરૂર હોય છે, જે ઘણીવાર તરત જ દેખાતી નથી, તેને શોધવી પડે છે અને તે પડકારજનક છે. ટૂંકમાં, આ એવો સંઘર્ષ છે જેનો આપણે બધા સામનો લગભગ દરરોજ કરીએ છીએ.

પહેલા વિકલ્પમાં આપણને લાગે છે કે આપણે વ્યસ્ત રહ્યા છતાં દિવસ થાક અને હતાશામાં પસાર થયો તે અનુભવીએ છીએ. આપણને ખ્યાલ આવે છે કે મેં મારી બધી શક્તિ નાના, તાત્કાલિક કાર્યો પાછળ નાખી દીધી છે જે ખરેખર ઉત્પાદક નથી. આના પરિણામ રૂપે આપણને જે પ્રગતિ દેખાય છે તે ખરા અર્થમાં પ્રગતિ નથી. તો સમય છે કે પોતાને પ્રશ્ન પૂછીએ કે; શું તમે કાળિયારનો શિકાર કરો છો કે ખેતરના ઉંદરોનો પીછો કરો છો? શું તમે મોટી- મહત્ત્વપૂર્ણ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો જે તમારી શક્તિ અને સમય માટે પૂરતું વળતર આપે છે? અથવા તમે નાની જીતનો પીછો કરવામાં ખૂબ વ્યસ્ત છો જે નાના કાંકરાને પણ ખસેડતી નથી?

વેપારમાં વેચાણ જરૂરી છે પણ તેના પરે પણ વિચારવું પડશે. અલગ વિચારધારા અપનાવવી પડશે, સમય સાથે બદલવું પડશે, માર્કેટિંગને ખરા અર્થમાં અપનાવવું પડશે, બ્રાન્ડ બનાવવી પડશે. બ્રાન્ડ બનશે તો તે તમારું કામ આસાન કરશે. તેનો ઉપયોગ લોકોને શિક્ષિત કરવા, પ્રેરણા આપવા, વિશ્વાસ વધારવા, મૂલ્ય પૂરું પાડવા અને અંતે વેચાણ કરવા માટે થશે. બ્રાન્ડ બનાવી વેપાર કરવો તે કાળિયારનો શિકાર છે, કારણ કે તે તમને લાંબાગાળા સુધીનો ખોરાક આપશે.

સિંહ અને હરણની જેમ દોડ તો દરરોજ લગાવવી પડશે. ગ્રાહકને બતાવવું પડશે કે તમારું ઉત્પાદન અથવા સેવા સ્પર્ધક કરતા કેવી રીતે અલગ, વિશિષ્ટ અથવા અનન્ય છે, નહીં તો તમે તે સ્પર્ધકોના ટોળામાં ખોવાઈ જશો. દરરોજ, નવીનતમ વલણનો સામનો કરીને ઝડપી અને વધુ અસરકારક બનવું પડશે, બ્રાન્ડ બનાવવા અથવા વેચાણ માટે શ્રેષ્ઠ તકો ક્યાં છે તે ગોતવી પડશે માટે તમે તમારું ધ્યાન ઉંદરોથી દૂર કરીને હરણ તરફ કેવી રીતે ફેરવી શકો છો તે સમજવાની જરૂર છે.

ઉંદરનો પીછો કરતો સિંહ ભૂખ્યો રહેશે ને હરણનો શિકાર કરતો સિંહ સંતુષ્ઠ થશે...

તો બોલો, આજે તમે શું શોધી રહ્યા છો... ઉંદર કે હરણ?! ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સરદાર પટેલ ને એકવીસમી સદીનું ભારત...

## કેવો હોત એમનો પ્રતિભાવ?


ગુજરાતના ખેડા જિલ્લામાં આમ તો દર વર્ષે ૩૦ ઇંચ જેટલો સરેરાશ વરસાદ વરસતો હતો, પરંતુ ૧૯૧૭માં લીલો દુકાળ પડ્યો. સમગ્ર જિલ્લાના ખેડૂતોનો પાક ધોવાઈ ગયો. બચેલા પાકનું ઉંદરો અને કીટકો ભક્ષણ કરી ગયા. એમાંય અંગ્રેજ સરકારે ખેડૂતો પાસેથી જમીનનો કરવેરો ઉઘરાવવા માટે દબાણ કર્યું અને શરૂ થયું ગુજરાતનું પહેલું પાટીદાર આંદોલન, જેને આજે વિશ્વ ‘ખેડા સત્યાગ્રહ’ તરીકે ઓળખે છે.

ખેડાના પાટીદારોએ બ્રિટિશરોને કરવેરો મુલતવી રાખવા રજૂઆત કરી, પણ અંગ્રેજો માન્યા નહિ. ખેડૂતોએ ગાંધીજીનો સંપર્ક કર્યો અને ખેડાને મળ્યા બે પાટીદાર બંધુઓ વિઠ્ઠલભાઈ તથા વલ્લભભાઈ પટેલ. બન્નેએ પાટીદારોમાં રહેલી સુષુપ્ત શક્તિ અને ચેતનાને જાગૃત કરી. ધરતીપુત્રોને પોતાના હક અને અધિકારોથી વાકેફ કરાવ્યા ત્યારે ભારતને ખબર પડી કે પાટીદારો ગુજરાતના અર્થતંત્રનું ચાલક બળ છે. જો પાટીદારો વિફર્યા તો અંગ્રેજોના વંશવેલા વિખાય જશે. ગાંધીજી સત્યાગ્રહનો ચહેરો હતા તો પટેલ બંધુઓ સત્યાગ્રહની શક્તિ. ગાંધીજીને એ વાતનો સંતોષ હતો કે પાટીદારો સત્તા માટે નહિં પણ સમગ્ર ભારતમાં ચાલી રહેલી અંગ્રેજોની દમનકારી નીતિને ડામવા અને લોકોમાં સત્યાગ્રહની સમજ કેળવી ધરતીપુત્રોની સેવા કરવા માટે લડી રહ્યા છે.

આ અંતિમ ઘટના હતી, જ્યારે ગાંધીજીએ પાઘડી પહેરી હોય, પણ એમની સાથે રહેલા પટેલ બંધુઓ તો ઉઘાડા માથે ફરતા હતા. તેમાંય વલ્લભભાઈના વક્તવ્ય અને વ્યક્તિત્વમાં ગબજની શક્તિ હતી. ત્રણ મહિનાની લડતમાં જેટલી વાર સભા સંબોધવામાં આવે ત્યારે પાટીદારોમાં વલ્લભભાઈના શબ્દોથી નવચેતનાનો સંચાર થતો.

અંતે બ્રિટિશરોએ નમતું જોખવું પડ્યું. ખેડા સત્યાગ્રહ સફળ થયો. બ્રિટીશરો મોંમાં આંગળા નાખી ગયા.


પાટીદારોનો સંગ્રામ આઝાદીની ચળવળમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા. ગુજરાતમાં નાત-જાતના ભેદ નાબૂદ થયા. વલ્લભભાઈના મનમાં અખંડ ભારતના બીજ રોપાયા અને આઝાદી બાદ રજવાડાઓ રાષ્ટ્રમાં જોડાયા. દર વર્ષે સરદાર પટેલ જયંતિ પર બધા સરદારને યાદ કરે પણ ખરેખર કોઈ સરદારના શ્રમનું અનુસરણ કે અનુકરણ કરે છે ખરું? ‘સરદાર’નું બિરુદ મળ્યું એ પહેલાં પણ વલ્લભભાઈ સમાજને એક તાંતણે બાંધવા મથતા હતા અને આઝાદી બાદ શરીરના ગંભીર રોગની પરવા કર્યા વગર દેશમાં એકસૂત્રતાનું ગઠન કરવા વિલીનીકરણનું અભિયાન ચલાવવા નીકળી પડ્યા હતા. જેમના લોહીના ટીપે ટીપામાં રાષ્ટ્રની એકતા અખંડિતતા અને રાષ્ટ્ર સમર્પણ ઘોળાયેલું હતું એવા મહાન સરદાર પટેલ કેમ આજે રાજકારણનું અભિન્ન અંગ બની ગયા?



સરદાર જેવા વૈરાગી નેતા ભારતમાં છે ખરા? છે તો કેમ હજુ સુધી કોમી તોફાનો થયા કરે છે! વોટબેંક જ્ઞાતિઓમાં વિભાજીત થઈ ગઈ છે? ભારત એક છે તો હિન્દી કે બીજી કોઈ ભાષા અંગે વિવાદ કેમ થાય છે? શું આ સરદાર પટેલના સ્વપ્નનું ભારત છે? સરદાર ભારતને અસરદાર બનાવવા માગતા હતા. તેમના વિચારો તો સમય ગંગાના પ્રવાહમાં વહી ગયા, પરંતુ ચૂંટણી આવે એટલે એમના નામે રાજકરણ શરૂ થઈ જતું આપણે જોયું છે. સરદારે ક્યારેય પ્રસિદ્ધિ પામવાની ખેવના નથી કરી પણ એમના નામને પ્રસિદ્ધ કરવાના પ્રયત્નો વર્ષોથી થતા આવ્યા છે. આજીવન સરદાર પટેલ જેનો સખત વિરોધ કરતા રહ્યા એ બધું જ આજે એમના નામ સાથે થાય છે. સરદાર કોઈ પક્ષની અંગત અસ્કયામત નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્ર અને વિશ્વના લોકનેતા છે. આ મહાન પુરુષના વિચારોએ સમસ્ત જગતને સાચી રાજકીય દિશા, લોકાભિમુખ ચિંતન અને માર્ગદર્શન આપ્યા છે.

દર વર્ષે સરદાર પટેલની જન્મજયંતી આવે ત્યારે અખબાર, ટીવી ચેનલ અને સોશ્યલ મીડિયામાં ફરી એ જ મુદ્દો ઉછળે કે નહેરુની જગ્યાએ સરદાર પટેલ દેશના પહેલા વડા પ્રધાન બન્યા હોત તો ચીન, તિબેટ, નેપાળ, કાશ્મીર, પાકિસ્તાન સહિતની ઘણી બધી સમસ્યાઓનું બાળમરણ થઈ ગયું હોત, પણ આ સવાલ આઝાદી વખતે જેટલો નહોતો ચગ્યો એટલો આજે લોકમુખે ચર્ચાય છે. આઝાદીના અમૃતકાળમાં પણ દેશના બુદ્ધિજીવીઓ એ સાબિત કરવા મથે છે કે, સરદારનું નેતૃત્વ સબળ હતું, પણ કોઈ સરદારના વિચારોને અનુસરતું નથી. દુનિયા સરદારને સંત તરીકે પૂજે છે, પણ સરદારનું સ્વપ્ન તો સંતાપ અનુભવે છે.

દેશમાં આજે પણ સરહદી વિવાદ યથાવત છે, કોમી તોફાનોમાં યુવાધનનું રક્ત વહી રહ્યું છે. ભારતની બૌદ્ધિક સંપદા કેનેડા અમેરિકા અને બ્રિટન જતી રહે છે. બાબુશાહી બેલગામ બની છે. ભ્રષ્ટાચાર અને પક્ષપાતથી શિથિલ બનેલા અમલદારો લોકશાહીને પીંખી રહ્યા છે ત્યારે સરદાર યાદ આવે છે. ભાવનગરમાં કોમી તોફાનો સર્જાયા ત્યારે સરદાર વચ્ચે પડી ગયા. બન્ને પક્ષની તલવાર પોતાના શરીર પર ખમી લીધી અને નિર્દોષ વ્યક્તિનું રક્ત વહેતું અટકાવી દીધું. તનાવ પૂર્ણ વાતાવરણમાં તંગદિલી ન સર્જાય એટલે પોતે ચોકી પહેરો કર્યો. સૌરાષ્ટ્રના અભિમાની રજવાડાંઓને સરહદના સીમાડા તોડવાની સમજ આપવી એટલે સિંહના ગળામાં ઘંટી બાંધવા સમાન હતું, છતાં સરદારે નીડર બનીને રાજાને તેની રૈયતના રુદન અને રકાસથી અવગત કરાવ્યા, રજવાડાને રાષ્ટ્રમાં જોડાવવા સમજાવ્યા, રાજપાટનો આરામ છોડી શ્રમ કરવા અગ્રેસર કર્યા તથા પ્રજાને એ વાતની ખાતરી આપી કે આ દેશ પર લોકોનું રાજ છે. નેતાઓ તેના સેવક છે એટલે જ ભારતમાં લોકશાહીનો ઉદ્ભવ થયો.



સરદાર પટેલ ફક્ત ઈતિહાસમાં નથી રહેતા પરંતુ એ તમામ ભારતીયોના હૃદયમાં રહે છે. સરદાર પટેલ હંમેશાં ઈચ્છતા હતા કે, ભારત સશક્ત, સમાવેશી, સંવેદનશીલ, સતર્ક, વિનમ્ર અને વિકસિત બને. એમણે દેશહિતને હંમેશાં સર્વોપરી રાખ્યું. આઝાદ ભારતના નિર્માણમાં સૌનો પ્રયત્ન જેટલો પ્રાસંગિક હતો, તેના કરતાં ઘણો વધારે પ્રયત્ન સરદારનો હતો, પણ સરદારને યાદ કરીને મનોહર કલ્પના કરનારા આ દેશમાં સરદાર જેવો બીજો એક સપુત જોવા મળતો નથી તેનો અફસોસ રહેશે.

સરદાર આજના ભારતમાં એક લટાર મારે તો પણ એમને કેટલો અફસોસ થયો હોત!? એની કલ્પના આજે કોઈને પણ ધ્રુજાવી જાય એવી છે! ■




# વાટકી વહેવાર

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

‘અરે ચિન્ટુઉઉઉઉ..’

સવાર સવારમાં ભદ્રાબહેનનો ઘાંટો લગભગ પોળનાં નાકા સુધી પહોંચ્યો. ચિન્ટુ જો કે આ રીતે તાર સપ્તકમાં પોતાનું નામ સાંભળવા ટેવાયેલો હતો. તે જાગીને મમ્મી ભદ્રાબહેન પાસે ગયો. ભદ્રાબહેને સવારની પહોરમાં શરૂ કર્યું,

‘ચિન્ટુડા, આ જો ને તારા પપ્પાને બે દિવસથી કહું છું કે ઘરમાં સાકર પૂરી થવા આવી છે, દુકાનથી પાછા આવતા લેતા આવજો પણ ના, તારા પપ્પાને ભજિયા માટે મરચાં લાવવાનું યાદ રહે પણ ચા માટે સાકર લાવવાનું ભૂલી જાય આજે તો સાકર પતી જ ગઈ. હવે ચા મારે એકલીને થોડી પીવાની હોય છે... ઊઠતાની સાથે ચા ના પીએ ત્યાં સુધી એ હલતાંય નથી. આજે તો ખાંડ વગરની જ ચા પીવડાવું તો જ એ લાવવાનું યાદ રહેશે...!’

સહેજ અટકીને ભદ્રાબહેને ઉમેર્યું :

‘બેટા, તું એક કામ કરને, બાજુવાળા સવિતામાસીને ત્યાંથી એક વાટકી ખાંડ લઈ આવ ને તો બધા ચા ભેગા થાય અરે, આ સાકર ખલાસ થઈ એમાં તો બઉ મોડું થઈ ગયું છે આજે.’

આમ આક્રોશ વ્યક્ત કરતા કરતા ભદ્રાબહેન બીજા કામે વળગ્યાં અને ચિન્ટુ ઉતાવળે સાકર લઈને આવી ગયો. ભદ્રાબહેન સાકર મગાવે તો કોઈવાર સવિતાબહેન બે બટાકા મગાવે. મંગુબા આદુંનો કટકો મગાવે તો મંજરીભાભી લીમડો મગાવે. પોળ હોય કે ફ્લેટ, નાની નાની જરૂરીયાતો માટે આ પ્રકારની આપ-લે ચાલુ રહેતી હોય છે. આ છે સ્ત્રીઓનો સ્વભાવ, વાનગી બદલી નાખે પણ જે વાનગીમાં જે સામગ્રી જોઈએ એના વગર ચલાવી ન જ લે.

દરેક સમયે ઘરમાં બધી જ વસ્તુઓ હાજર હોય તેવું ન પણ બને. અને ત્યારે જ કામમાં આવે છે સ્ત્રીઓની આ SOS સર્વિસ એટલે કે વાટકી વ્યવહાર....

કોઈવાર આવો વાટકી વહેવાર નાની વસ્તુઓથી ચાલુ થઈને આખેઆખી વાનગી સુધી પહોંચતો હોય છે. મંગુબાએ નમૂનાનાં બે લાડુ મોકલ્યા એટલે લાડુનું વાસણ ખાલી પાછું જાય એ મંજરીભાભીને ન ગમે એટલે ઘરમાં જે સારી વાનગી બને એ વાનગી લાડુની વાટકીમાં મંગુબાને ઘેર જાય અને આ રીતે વસ્તુવિનિમય ચાલુ રહે. આમ તો આ વહેવાર ફક્ત ખાવા પીવાથી આગળ વધીને કપડાં, દાગીના, વાસણો એમ જીવનને અડતાં દરેક પાસા સુધી વિસ્તરેલો જોવા મળે છે. એ વાત અલગ છે કે વાટકી વહેવારથી બધું સચવાઈ જાય તો કોઈવાર કેટલાક લોકોની અપેક્ષાઓ વધી જતી હોય છે. ખબર છે કે પાડોશી પાસે માગી લેવાશે તો પોતે જરૂરિયાતની વસ્તુ લેવા જવામાં આળસ કરે કે પછી ઘરમાં શું છે શું નહીં એ તરફ બેધ્યાન પણ થઈ જવાય. નાછૂટકે માગવું અને માગવાની આદત પડી જવી એમાં ફેર છે. દરેકનું મન મોટું નથી હોતું. ઘણીવાર એવું પણ લાગે કે કંઈ માગીએ એ સામેવાળી વ્યક્તિને નથી ગમતું, પરંતુ એવી અમુક વ્યક્તિઓથી પ્રથા નથી બદલાઈ જતી.

વાટકી વહેવારની વાત આવે એટલે જૂની બાર્ટર સિસ્ટમ એટલે કે વિનિમય પદ્ધતિનો યાદ આવે છે. હું ઘઉં ઉગાડું તો તમે શાકભાજી, હું કપડાં બનાવું તો સામે તમે કપડાંના બદલામાં મને વાસણ આપો વગેરે. આમ નાણાકીય વહેવારની શોધ નહોતી થઈ ત્યારે લોકો બાર્ટર સિસ્ટમમાં જીવન નિર્વાહ ચલાવતા હતાં. વાટકી વહેવાર નાણાકીય વહેવાર શરૂ થયા પછી આ જ પદ્ધતિનું આધુનિક સ્વરૂપ લાગે.

આજકાલ નવી પેઢીને વાટકી વહેવાર આઉટ ડેટેડ એટલે કે જૂના જમાનાનો લાગે છે. મમ્મી પાડોશીને ત્યાંથી કંઈ લાવી આપવાનું કહે તો બાળકો ના પાડે છે અને ઓનલાઈન મંગાવી આપે છે. બે પેઢી વચ્ચેનું અંતર આ જ કહેવાતું હશે કદાચ અહીં બંને પોતપોતાની જગ્યાએ સાચા છે, ક્યાંક લાગણી છે, ક્યાંક સ્વભાવ છે તો ક્યાંક સ્વમાન. પહેલાનાં લોકોમાં વસુધૈવ કુટુંબકમ્નીભાવના પ્રબળ હતી ને મન મોટાં. આપવાની, લોકોને મદદરૂપ થવાની, ઉદારતા દાખવવાની ભાવનાઓ મોખરે હતી. સમય અને સંજોગો બદલાતાં માન્યતાઓ, વહેવારની રીતો બદલાય તે સ્વાભાવિક છે જેનો સ્વીકાર જ કરવાનો હોય.

આમ તો વાટકી વહેવાર એક એવા સમાજનું પ્રતિબિંબ છે જે હળીમળીને સુમેળથી સાથે રહે છે. સુખ દુઃખમાં એકમેકની પડખે ઊભો રહે છે. એક એવો સમાજ જે પોતાનાં જ પરિવારનું વિસ્તૃત સ્વરૂપ છે. જ્યાં કાકા- કાકી માસા- માસી જેવાં સંબોધનોને અંકલ - આન્ટીનો કહેવાનો રંગ નથી ચઢ્યો. જ્યાં મળવા જતા પહેલાં ફોન નથી કરવો પડતો, કોઈને કામ સોંપતા પહેલાં સંકોચ નથી થતો. કોણે કોના કેટલાં કામ કર્યાં તેની ગણતરીઓ નથી થતી.: ‘પહેલો સગો તે પાડોશી’ની કહેવતને આધુનિકપણાની ઘેલછાની વચ્ચે પણ જીવંત રાખે છે. ખાંડ-બટાકાનાં ભાવ આસમાને હોવા છતાં ઉદારતામાં ખોટ નથી આવતી. વાટકી વહેવાર એટલે એ ઓટલો જ્યાં અમીરી- ગરીબીનાં હિસાબ માત્ર દિલના હોય છે નહીં કે તુલના કે દાનતનાં.આવા વાટકી વહેવાર માટે

બોલો, તમે શું કહો છો? ■

# વિશ્વ પ્રવાસી યાયાવર પક્ષીઓનું ભારતમાં આગમન

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com



**પક્ષીઓનો** કલરવ, મોંસૂઝણું થતા જ આકાશમાં V આકારની પંખીઓની ઊડતી લયબદ્ધ કતાર, કાઠિયાવાડ અને કચ્છનાં વગડામાં થતો કુંજારવ શિયાળાના પગરવની આછેરી ઝલક આપે છે. આંગણામાં અવનવા રંગોમાં સજીને આવેલી નાની મોટી ચકલીઓ શિયાળાનાં આગમનનો સંકેત આપે છે. દેશભરનાં જંગલોમાં અવનવા પક્ષીઓને મેં કેમેરામાં કંડાર્યા છે પણ એથી વિશેષ મેં તેમને નિહાળ્યા છે. શિયાળો આવે કે પક્ષી જગતના ભીષ્મ પિતામહ ગણી શકાય એવા ડો. સલીમ અલીને યાદ કરવા ઘટે જ. મારો સહુથી પ્રિય રાષ્ટ્રીય ઉદ્યાન ‘કિઓલાદેવ નેશનલ પાર્ક’ ભરતપુરને રાષ્ટ્રીય ઉદ્યાન બનાવવાનો સંપૂર્ણ શ્રેય ડો. સલીમ અલીને જાય છે આ ઉપરાંત ગુજરાતના ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાં પણ એમનો ખૂબ જ મોટો ફાળો છે. ગુજરાતના પક્ષી જગતને તેમની નજરથી નિહાળ્યા પછી કુદરતનું સર્જન કેટલું અદ્ભુત હોઈ શકે છે તેવા નિષ્કર્ષની લગોલગ તો પહોંચી જ શકાય. ડો. સલીમ અલીએ લખ્યું છે કે ‘યેલો થ્રોટેડ સ્પેરો’ એમના જીવનનો મુખ્ય ટર્નિંગ પોઇન્ટ હતો અને એટલે જે એમની આત્મકથાનું નામ પણ ‘ધી ફોલ ઓફ સ્પેરો’ છે જેમાં પંખીઓ વિશેના રસપ્રદ તારણો એમણે લખ્યા છે અને દસ વર્ષની ઉંમરથી તેઓની ડાયરી લખવાની આદતે જ આવી સરસ ભેટ આપણને આપી છે. ખૂબ જ નાની ઉંમરે માતાપિતાની છત્રછાયા ગુમાવી દેનાર આ મહાન વ્યક્તિની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા જ એમની બંદૂકથી છૂટેલી ગોળીએ કેળવી હતી. શિકારમાં રસ ધરાવતા ડો.સલીમ અલીની બંદૂકથી ‘યેલો થ્રોટેડ સ્પેરો’ મરાઈ અને એ પક્ષીની સુંદરતાને જોઈને દુઃખી થયેલા સલીમ અલીએ એ પક્ષીને ઉઠાવી લીધું અને પોતાનાં મામા પાસે પક્ષી વિશેની જિજ્ઞાસા રજૂ કરી જે એમના મામા ના સંતોષી શક્યા અને મુંબઈમાં BNHS સુધી દોડી ગયા અને આપણને પક્ષીઓની દુનિયાના ભીષ્મ પિતામહ એવા ડો. સલીમ અલી મળ્યા. BNHSમાં મૃત પક્ષીઓનાં સંગ્રહાલયમાં માર્ગદર્શક તરીકે નોકરી કરતા કરતા એમની પક્ષીઓ પ્રત્યેની જિજ્ઞાસા તેમને જર્મની સુધી ખેંચી ગઈ. ત્યાર બાદ તેઓએ પક્ષીઓને નિહાળવામાં ક્યારેક પાછા ફરીને જોયું નથી જેથી તેઓ પક્ષીઓનાં વિશ્વકોષ તરીકે ઓળખાય. પદ્મવિભૂષણ એવા ડો. સલીમ અલીએ એમને મળેલું રૂ.૫ લાખનું આંતરરાષ્ટ્રીય ઇનામ પણ BNHSને સમર્પિત કરી દીધું. તેઓએ પોતાના જીવનના રોચક કિસ્સાઓ અને પક્ષીઓનાં સંસર્ગમાં વિતાવેલા વર્ષોનાં નિચોડને એક પુસ્તક સ્વરૂપે રજૂ કર્યો જે ‘ધી ફોલ ઓફ સ્પેરો’ નામે પ્રસિદ્ધ થયું.

આ સૃષ્ટિનાં સમગ્ર જમીની વિસ્તાર, સમુદ્ર અને આકાશ પર લાખો વર્ષોથી લઈને આજની ઘડી સુધી પક્ષીઓ રાજ કરતા આવ્યા છે. વસંત ઋતુ ખીલે કે આ પક્ષીઓ મુસાફરની માફક ધરતીનાં એક છેડેથી બીજા છેડા સુધી લાંબી મુસાફરીનો આરંભ કરે છે અને પાનખર બેસતા જ ફરી એ જ રસ્તે પરત ફરે છે, જેનું એક માત્ર કારણ છે પોતાનાં જીવનનાં અસ્તિત્વને ટકાવી રાખવું.

મુસાફરીનો મુખ્ય હેતુ જીવનને ટકાવી રાખવાનો જ હોય છે જેમાં અમુક વિસ્તારોનું તાપમાન શિયાળામાં ખૂબ જ ઘટી જાય છે જેથી જીવી શકાય તેવી પરિસ્થિતિ નથી હોતી, એ સિવાય ખોરાક પણ પૂરતો ન મળી રહે જેથી તેઓ ધરતીનાં એવા વિસ્તારોમાં માઈગ્રેશન કરે છે જ્યાં યોગ્ય વાતાવરણ મળી રહે, સુરક્ષિત જીવન જીવી શકે. વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ વિવિધ પ્રકારની મુસાફરી કરે છે. મોટાભાગના પક્ષીઓ રશિયન અને યુરોપિયન દેશો જેવા વિસ્તારમાં તાપમાન નીચે જતા તેઓ ધરતીનાં દક્ષિણી પ્રદેશો જેવા કે એશિયાઈ દેશો તરફ મુસાફરી આદરે છે તો વળી આર્કટિક ટર્ન પોતાનાં આર્કટિક બ્રીડિંગ ગ્રાઉન્ડથી છેક એન્ટાર્કટિકા સુધી હજારો માઈલ લાંબી મુસાફરી કરે છે. કેટલાક પક્ષીઓ લોકલ માઈગ્રેશન કરે છે જેઓ એક તળાવથી બીજા તળાવ કે એક વિસ્તારથી બીજા વિસ્તાર તરફ મુસાફરી કરે છે. નવરંગ તરીકે ઓળખાતું પક્ષી દક્ષિણ ભારતથી ગુજરાત અને છેક હિમાલયની તળેટીના વિસ્તારો સુધીની મુસાફરી કરે છે. ફોરેસ્ટ સ્ટાર્લિંગ નામનું પક્ષી અરુણાચલ પ્રદેશ એટલે કે દેશનાં પૂર્વીય વિસ્તારમાંથી હિમાલયની તળેટીમાં આવેલા કુમાઉં વિસ્તાર તરફ મુસાફરી કરે છે. કુદરતની અદ્ભુત રચના એવાં પક્ષીઓનાં વર્તનને કળવું ખૂબ જ અઘરું છે. અમુક પક્ષીઓ પેસેજ માઈગ્રેશન કરે છે જેમાં સમજી લો કે નાના વેકેશન પર ન આવ્યા હોય! આફ્રિકન પ્રદેશો, રશિયન અને યુરોપિયન પ્રદેશોમાંથી કચ્છનાં મોટા રણમાં આવેલ છારીઢંઢમાં ટૂંકા સમયગાળા માટે રોકાય છે અને ફરી પોતાની મુસાફરી આદરે છે.

પક્ષીઓનું મુસાફરી પાછળનું વિજ્ઞાન ઘણું જ રસપ્રદ છે, પક્ષીમાં કુદરતે એટલી અદ્ભુત રચના આપી છે કે તેઓ તાપમાનમાં જરાક જેટલો બદલાવ અનુભવશે કે એમનામાં હોર્મોનલ શારીરિક ફેરફારો આવવા લાગશે અને તેઓ માઈગ્રેશનની શરૂઆત કરશે. તેઓનું શરીર તાપમાન ખૂબ જ સારી રીતે નિયમન કરી શકે તેવી ક્ષમતા નથી ધરાવતું હોતું પણ યોગ્ય તાપમાન ને પારખી શકે અને માઈગ્રેશનનાં ચોક્કસ સમયને પારખી શકે તેવું ચોક્કસ હોય છે એટલે જ તેમના માટે માઈગ્રેશન ખૂબ જ જરૂરી પ્રક્રિયા છે. યોગ્ય માત્રામાં અને યોગ્ય દિશામાં વહેતા પવનનો ઉપયોગ કરીને તેઓ મુસાફરી કરે છે જેથી ઓછામાં ઓછી તાકાત લગાવી તે વધુમાં વધુ અંતર ખૂબ ઓછા સમયમાં કાપી શકે. ઘણા ખરા પક્ષીઓ રાત્રે પણ મુસાફરી શરૂ રાખે છે જ્યારે કઝાકિસ્તાનથી આવતા કુંજ માત્ર દિવસે જ ઉડાન ભરે છે અને રાત્રે યોગ્ય સ્થળે આરામ કરે છે, એમ કરતા કરતા તેઓ ૧૦-૧૨ દિવસમાં આશરે ૪૫૦૦ કિમી સુધીની મુસાફરી કરીને ગુજરાત અને રાજસ્થાનમાં ઉતરાણ કરે છે. કુંજ પક્ષીઓમાં મોટા ભાગે વડીલ કુંજ હોય જ છે જે માર્ગદર્શક બની રહે છે. રાત્રિના સમયે મુસાફરી કરતા પક્ષીઓ મોટાભાગે તારાઓ અને નક્ષત્રોનો ઉપયોગ માર્ગદર્શક તરીકે કરે છે જેથી તેઓ વાદળોથી પણ ઉપરનાં વિસ્તારમાં મુસાફરી કરતા હોય છે. ગાર્ગને એટલે કે ચેતવા નામનું પક્ષી ૪૦ દિવસ સુધી ખોરાક પાણી વિના સતત ઉડતું રહે છે. બાર ટેઇલ્ડ ગોડવિટ એટલે કે પટાપૂછ ગડેરા સતત ૧૪૦૦૦ કિમી સુધી ન્યુઝીલેન્ડ સુધીની નોનસ્ટોપ ઉડાન ભરીને મુસાફરી કરે છે. પક્ષીઓની શારીરિક રચના એટલી વિશિષ્ટ હોય છે કે તેઓનાં હાડકાં પણ હવાને જાળવી રાખવામાં મદદ કરે છે પરિણામે વજનમાં તેઓ ખૂબ જ હલકા હોય છે અને સરળતાથી ઉડી શકે. ગમે તેવા ઠંડા તાપમાનમાં પોતાના શરીરની ગરમી ટકાવી રાખવા માટે પીંછાની નીચેનાં ભાગમાં વિશિષ્ટ પ્રકારનાં મુલાયમ વાળ હોય છે જેથી તેઓ ખૂબ નીચા તાપમાન સામે સંઘર્ષ કરી શકે. રાજહંસ તરીકે ઓળખાતાં પક્ષીઓ હિમાલયના ઉત્તુંગ પહાડોને ઓળંગીને વિશ્વની સહુથી ઊંચી ઉડાન ભરીને ભારત અને ગુજરાતનાં વિવિધ જળ પ્લવિત ક્ષેત્રો તરફ આવે છે એ જ રીતે ભગવી સુરખાબ પણ હિમાલયનાં સરોવરોમાંથી ગુજરાત અને પશ્ચિમ બંગાળના વિવિધ વિસ્તારોમાં મુસાફરી કરે છે.

પક્ષીઓ સદીઓથી આ સૃષ્ટિ પર રાજ કરતા હોવા છતાં તેઓએ ક્યારેય કોઈ જ વિસ્તાર પર આધિપત્ય જમાવ્યું નથી કે અતિક્રમણ કર્યું નથી. સમૃદ્ધ દેખાવાની હોડમાં બનાવાયેલા આધુનિક ગગનચુંબી ઇમારતોનાં કાચની પેનલ મોટાભાગનાં યાયાવર પક્ષીઓને દિશાભ્રમ કરાવીને જીવનું જોખમ સર્જે છે. ગુજરાતથી રાજસ્થાનનાં વિસ્તારમાં આવેલ પવનચક્કીઓ આવા પક્ષીઓનાં માથે તોળાતો સહુથી મોટો ખતરો છે જેને આપણે આપણા ગૌરવ સમા પક્ષી એવા ઘોરાડનું અસ્તિત્વનાં સંઘર્ષમાં સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. નજીકના જ ભવિષ્યમાં ગુજરાતની શાન એવા ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ એટલે કે ઘોરાડ માટે અને બંગાળ ફ્લોરિકન માટે પણ ભારતમાં નામશેષ શબ્દ લાગી જાય તો નવાઈ નહિ. માનવીની પર્યાવરણમાં દખલ કેટલો મોટો બદલાવ લાવી શકે એનું વરવું ઉદાહરણ સાઈબેરિયન ક્રેન કહી શકાય. વિશ્વપ્રસિદ્ધ અને નામશેષ થવાને આરે આવી ગયેલ સાઈબેરિયન ક્રેન એક સમયે ભારતભરમાં ખાલી અહીંયા જોવા મળતા હતા. આ જગ્યાને પ્રકૃતિએ ખુલીને રંગો ભર્યા છે અને પક્ષીઓના વિહાર માટે ખૂબ જ સુંદર પ્રાકૃતિક વાતાવરણ પૂરું પાડ્યું અને વિશ્વભરના પક્ષીઓએ અહીં પોતાનું ઘર શોધી લીધું. માણસ આવતા પહેલાં વર્ષોથી ભારતમાં આ જગ્યા સાઇબેરિયન ક્રેનનું ઘર હતી. ૧૭મી સદીના ઐતિહાસિક ચિત્રકાર ઉસ્તાદ મન્સુર એ વખતે જૂના એક ચિત્રમાં સાઈબેરિયન ક્રેનને અહીં મહાલતા દર્શાવ્યા હતા. ૧૯૬૪-૬૫ના વર્ષ દરમ્યાન આશરે ૨૦૦ જેટલા સાઈબેરિયન ક્રેન અહીંયા જોવા મળ્યા હતા એવું લોરેન્સ એચ. વોકિંશોએ પોતાની બુક ‘ક્રેન્સ ઓફ ધ વર્લ્ડ - ૧૯૭૩’માં નોંધેલું જે સહુથી મોટી સંખ્યા કહી શકાય. ૯ નવેમ્બર ૨૦૦૧ની સવારે ૮-૩૦ આસપાસ કેટલાક નેચર ગાઈડને સાઈબેરિયન ક્રેનનો કોલ સંભળાયો. પાર્કમાં સાઇબેરિયન ક્રેનની હાજરી ન હોઈ આશ્ચર્યમાં ગરકાવ સહુ કોઈએ આકાશ તરફ મીટ માંડી અને એક સાઈબેરિયન ક્રેનની જોડી પાર્ક તરફ આવતા નજરે ચઢી એ દિવસે સહુ કોઈના મોઢે હર્ષની લાગણી હતી કે ભરતપુરમાં સાઈબેરિયન ક્રેન આવી ગયા, પણ આ છેલ્લી સાઈબિરિયન ક્રેનની એક જોડી એ ભારતને હંમેશાં માટે અલવિદા કહી દીધું અને તેઓ ભારતમાંથી નામશેષ થઇ ગયા. ૨૦૦૧ પછી આજ સુધી ભારત દેશે સાઇબેરિયન ક્રેન ક્યારેય જોયા નથી અને ભવિષ્યમાં ક્યારેય તેઓ ભારત આવશે પણ નહિ. આજે સમગ્ર વિશ્વમાં વિનાશના આરે આવીને ઉભેલા સાઈબેરિયન ક્રેન માત્ર બે જ સ્થળે જોવા મળે છે જેમાં એક પૂર્વીય(સાઇબિરિયાથી ચાઈના) વિસ્તાર અને પશ્ચિમી વિસ્તાર, પૂર્વીય વિસ્તારના ક્રેન્સ ઉત્તર-પૂર્વીય સાઇબિરિયામાં બ્રિડિંગ કરે છે અને ચાઇનાની યાન્ગ જે નદીમાં શિયાળો પસાર કરે છે. સાઇબેરિયા પશ્ચિમ વિસ્તારના જૂજ રહેલા ક્રેન્સ ઇરાનના કાસ્પિયન સમુદ્ર કિનારા વિસ્તારોમાં શિયાળો વિતાવે છે અને રશિયાની ઓબ નદીના દક્ષિણમાં આવેલા ઉરલ માઉન્ટેન વિસ્તારમાં બ્રિડિંગ કરે છે. મધ્ય સાઈબેરિયામાં બ્રિડિંગ કરતી અને ભારતમાં શિયાળો ગાળવા માટે આવતી ક્રેન્સની વસ્તી આજે લુપ્ત થઈ ગઈ છે. આ સાઈબેરીયન ક્રેનનો સમૂહ લુપ્ત થવાનું કારણ પણ માણસ છે. તેને માઈગ્રેશન રૂટ સાઇબિરિયાથી નીકળી રશિયા, કઝાકિસ્તાન, ઉઝબેકિસ્તાન, અફઘાનિસ્તાન અને છેલ્લે પાકિસ્તાન થઈને ભારત આવતો હતો. તે અફઘાનિસ્તાનમાં અબી -ઈ-ઇસ્તદા લેક પર થોડા દિવસો માટે આરામ કરવા માટે રોકાતા હતા અને દર વર્ષે તેઓ અહીં શિકારનો ભોગ બનતા હતા પરિણામે વર્ષોવર્ષ એમની સંખ્યામાં ઘટાડો થતો ગયો અને છેલ્લે તેઓ આ રૂટ પર આવતા કાયમ માટે બંધ થઈ ગયા અથવા તો તેનું અસ્તિત્વ જ ના રહ્યું.

ભારત દેશમાંથી ૨૦૨૫માં ૮ નવી અલગ અલગ સાઇટ્સને રામસર સાઇટ્સમાં સમાવવામાં આવી. રામસર એટલે ઈરાનમાં આવેલ એક વિશાળ કુદરતી સરોવર. ૧૯૭૧માં યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં આવેલા કુદરતી સરોવર કે જે પક્ષીઓ અને અન્ય છીછરા પાણી પર આધાર રાખનાર જીવસૃષ્ટિ માટે ઈરાનમાં આવેલા રામસર સાઈટ ના માપદંડ અનુસાર ચોક્કસ ધોરણો નક્કી કરવામાં આવ્યા અને એની જાળવણી માટે વિશેષ નિયમો બનાવવામાં આવ્યા જે રામસર સાઈટ તરીકે ઓળખાશે ઓળખવામાં આવશે. ભારત દેશમાં ઓક્ટોબર ૨૦૨૫ સુધી કુલ ૯૩ જેટલી રામસર સાઈટ આવેલી છે અને એની જાળવણી યુનેસ્કોની દેખરેખ હેઠળ જે તે રાજ્યના વન વિભાગ દ્વારા કરવામાં આવે છે. ■

# પ્રી-આઈપીઓ સલાહકારોઃ રોકાણકારો માટે સારું, છતાં સંભાળવું જરૂરી

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

**ભારતીય મૂડીબજારમાં લિસ્ટિંગની તેજીથી કંપનીઓને આઈપીઓ લાવવામાં ચોકકસ સહાય-માર્ગદર્શન આપનાર નિષ્ણાતોની એક નવી પેઢી તૈયાર થઈ રહી છે, આ દર્શાવે છે કે વધુને વધુ આઈપીઓ બજારમાં આવવાની તૈયારીમાં છે. આમ તો આઈપીઓને મેનેજ કરનારાઓની (ઈસ્યૂ મેનેજર્સ-બેન્કર્સ-મર્ચન્ટ બેન્કર્સ)ની એક પેઢી તો વરસોથી સક્રિય છે જ, પરંતુ હવેના સમયને પારખતા અને બદલાતા સંજોગોને ધ્યાનમાં રાખતા પ્રી-આઈપીઓના માર્ગદર્શન માટેનો નવો બિઝનેસ ઊભરી રહ્યો છે, જેને સમજવું રસપ્રદ રહેશે.**

**૨૦૨૫માં** આપણે આઈપીઓની પબ્લિક ઈસ્યુઓની લાંબી કતાર જોઈ, તેમાં તેજી પણ જોઈ, ઊંચા લિસ્ટિંગ પણ જોયા અને એક નવા ટ્રેન્ડ સ્વરૂપે અનલિસ્ટેડ સ્ટોકસના સોદાઓના વ્યવહારો પણ જોયા. મેઈન બોર્ડ ઉપરાંત હવે તો એસએમઈ (સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસિસ) કંપનીઓની પણ લાંબી કતાર બની છે. ૨૦૨૫માં સૌથી વધુ એસએમઈ આઈપીઓ બજારમાં આવ્યા છે. આ નાની-મધ્યમ કંપનીઓ બેંકોની મોંઘી અને મુશ્કેલ લોન કરતા ફંડ ઊભું કરવા માટે મૂડીબજારનો માર્ગ પસંદ કરવા લાગી છે, જેનો સ્કોપ પણ સતત વધી રહ્યો છે.


આમ ભારતની ઝડપથી આગળ વધી રહેલી પ્રાયમરી માર્કેટના નિષ્ણાતોએ એક નવા વર્ગને જન્મ આપ્યો છે. આ કહેવાતા પ્રી-આઈપીઓ અથવા આઈપીઓ સંબંધિત સલાહકારો, જે કંપનીઓને જટિલ આઈપીઓ યાત્રામાં માર્ગદર્શન આપવામાં સહાય કરે છે.

ઈન્વેસ્ટમેન્ટ બેંકરો તથા મૂડીબજારના કાનૂન નિષ્ણાતોથી અલગ, આ કંપનીઓ અનલિસ્ટેડ કંપનીઓને લિસ્ટિંગમાં નડતી મુશ્કેલીઓ માટે સજ્જ બનવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં આંતરિક નિયંત્રણોને મજબૂત બનાવવાથી લઈને મેનેજમેન્ટ પરિવર્તનના સંચાલનને તેમ જ આઈપીઓની સમગ્ર પ્રક્રિયાને પ્રોજેક્ટ કરવા અને સંભાળવામાં સહાયતા પૂરી પાડવાનો સમાવેશ થાય છે.

હાલનાં વર્ષોમાં રેકોર્ડ માત્રામાં ભંડોળ ઊભું કરવા અને ઘરેલુ મૂડીના વધતા પ્રવાહની સાથે આવી સેવાઓની જરૂરીયાત અને માગમાં વધારો થયો છે. આ વ્યવસાય નાની-નાની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપનીઓ અથવા સ્વતંત્ર સલાહકારોથી વિકાસ પામ્યો છે, જે એક સમયે પ્રોફેશનલ કંપનીઓને બોર્ડ સ્તરે સલાહ પૂરી પાડતા હતા તે હવે મોટી ટીમોવાળી પ્રોફેશનલ કંપનીઓમાં પલટાઈ ગયા છે અને હવે આઈપીઓ લાવવા ઈચ્છતી કંપનીઓને શરૂથી અંત સુધી મદદ કરવા તત્પર હોય છે.

ભારતીય મૂડીબજાર જેમ જેમ વિકસિત થઈ રહ્યું છે, રિટેલ પાર્ટિસીપેશનમાં નોંધનીય વૃદ્ધિ થઈ રહી છે અને ઘરેલુ નાણાંપ્રવાહ બજારને ગતિ પૂરી પાડી રહ્યો છે, તે જોતાં કહી શકાય કે ઢગલાબંધ કંપનીઓ માટે આઈપીઓ મૂડી ઊભી કરવાનો મહત્ત્વપૂર્ણ માર્ગ બની રહ્યો છે. જોકે આઈપીઓ એક ગૂંચવણભર્યો અને નવો અનુભવ હોવાથી એને માટે ઘણી મહેનતની અને માર્ગદર્શનની જરૂર પડે છે.

આ ક્ષેત્રમાં આવી માર્ગદર્શનની સર્વિસ આપવા પ્રવેશેલી વિવિધ કંપનીઓના મતે આધુનિક સમયના આઈપીઓ મોટા નાણાકીય વ્યવહાર ઉપરાંત ઓપરેશનલ ટ્રાન્સફોર્મેશન પણ છે. આ સલાહકાર કંપનીઓ પરંપરાગત કન્સલ્ટિંગને બદલે પ્રોજેક્ટ અમલીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. એ વર્ગ કહે છે, આજકાલ બિઝનેસ વધુ ને વધુ જટિલ બની રહ્યા છે અને સતત નવા-નવા




નિયંત્રણો લાગુ થતા જાય છે. બીજી તરફ, જાણકારોના કહેવા મુજબ પ્રી-આઈપીઓ સલાહકારની માગમાં વધારા માટે ત્રણ મુખ્ય પરિબળ છે.

એક, ભારતમાં મૂડીબજારમાં સતત ગતિ જોવા મળી રહી છે, જ્યાં ઘરેલુ તેમ જ વિદેશી, એમ બંને પ્રકારના ઈન્વેસ્ટરો ઉચ્ચ- ગુણવત્તાવાળા આઈપીઓમાં રસ બતાવી રહ્યા છે. આને લીધે મૂડીબજારમાં પ્રવેશ મેળવવા ઈચ્છતી કંપનીઓનો એક મોટો વર્ગ તૈયાર થાય છે.

બીજું, જાહેરાતો, મેનેજમેન્ટ અને આંતરિક નિયંત્રણો મામલે નિયામકની અપેક્ષાઓ નોંધનીય રીતે વધી છે.

ત્રીજું, કંપનીઓના સીએફઓ એ વાત સમજી રહ્યા છે કે આઈપીઓ માત્ર વન ટાઈમ ઘટના નથી, પરંતુ આર્થિક, જોખમ અને મેનેજમેન્ટ કાર્યોનું એક રૂપાંતરણ છે. આ માર્ગમાં નાણાકીય રિપોર્ટિંગ બાબતોમાં સહાયતા, ઓડિટ અને નિયામક સાથે સમન્વય સાધવા જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે.

આઈપીઓ લાવવા ઈચ્છતી ઘણી કંપનીઓ આર્થિક રિપોર્ટિંગની જટિલતા અને ડેટા ક્વાલિટી લઈને ઝઝૂમતી જોવા મળતી હોય છે. આવી કંપનીઓ ઘણી વાર નિયામકે લાગુ કરેલા ધારાધોરણોને અનુરૂપ જરૂરી પગલાં માટેના પ્રયાસને ઓછો આંકતી હોય છે. અનલિસ્ટેડ કંપનીઓ અનૌપચારિક પ્રક્રિયાઓ પર નિર્ભર હોય છે અને લિસ્ટેડ કંપની બનવા માટે એક મોટા પરિવર્તનની જરૂર હોય છે, જેમાં સ્વતંત્ર ડિરેક્ટરો હોય, બોર્ડ સમિતિઓ હોય, સંબંધિત પક્ષકારોની મંજૂરીની પ્રણાલી હોય અને ઈન્સાઈડર-ટ્રેડિંગ સંબંધી અંકુશો હોય. જયારે કે અમલીકરણનું પણ ખાસ મહત્ત્વ હોય છે.

ભારતીય ઉદ્યોગ જગત માટે આવી (આઈપીઓ સંબંધિત સલાહકાર) કંપનીઓનો ઉદય મૂડીબજારોની ઈકોસિસ્ટમ પરિપક્વ બની રહી હોવાનું પ્રતીક છે. જે રીતે મર્ચન્ટ બેંકર્સ, રજિસ્ટ્રાર્સ અને કાનૂની સલાહકારો લિસ્ટિંગની પરંપરાગત કરોડરજ્જુ સમાન ગણાય છે તેવી જ રીતે, હવે આઈપીઓ-રેડિનેસ નિષ્ણાતો પણ એક મહત્ત્વની પ્રારંભિક જરૂરીયાતોને પૂરી કરી રહ્યા છે. એ સુનિશ્ચિત કરે છે કે આઈપીઓ લાવનારી કંપનીઓ મજબૂત પ્રણાલીઓ, સ્વચ્છ હિસાબ-કિતાબ અને જાહેર મંચ માટે યોગ્ય મેનેજમેન્ટ માનસિકતા સાથે આગળ વધે. જોકે રોકાણકારો માટે મહત્ત્વની વાત એ છે કે તેઓ આઈપીઓ લાવવામાં સહાય કે માર્ગદર્શન કરનાર કંપનીઓને જાણવા-જોવા ઉપરાંત આઈપીઓવાળી કંપનીઓના મેનેજેમન્ટ, ટ્રેકરેકોર્ડ, બિઝનેસ, ફંડામેન્ટલ્સ, સ્પર્ધા, સંભવિત જોખમો અને ભાવિ વિકાસની સંભાવનાને ધ્યાનમાં રાખીને જ રોકાણનો નિર્ણય લે એમાં તેમનું હિત છે.

બાકી રોકાણકારોને આકર્ષવા અનેક મધ્યસ્થી વર્ગ એકસપર્ટના નામ આવ્યા કરશે પછી એ રોકાણકારોના હિતોની કઈ રીતે રક્ષા કરે છે એ જાણવું-સમજવું મહત્ત્વનું રહેશે. ■

# તમારો ગુરુ કેવો છે?

હાસ્ય વિનોદ

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

જેનો ગુરુ બળવાન હોય એ જાતક ખાવા-પીવાનો (હા, પીવાનો પણ) શોખીન હોય. આ કારણે દાબીને ખાય. પરિણામે વિશાળ પેટવાળો બને. સો નહીં, લાખ કામ મૂકીને ખાવું એવી મનોવૃત્તિ હોવાને લીધે અકરાંતિયાની પેઠે ખાવાથી ડાયેરિયાની તકલીફ રહે. હા, કબજિયાત ન થાય. મીઠાઈ તરફ પ્રીતિ વધારે હોવાથી ડાયાબિટીસ વહેલો-મોડોય ઘર ભાળી જાય ખરો. મેદને લીધે ઊંઘ આવે, આથી ચોરોનું ભાગ્ય ખૂલે.

ગુરુથી પ્રભાવિત માણસની એક ખાસિયત એ હોય છે કે તે બેઠાં બેઠાં કાયમ પગ હલાવતો હોય - જરૂરી નથી કે તે દરજીકામ કે છરી-ચપ્પાને ધાર કાઢવાનો વ્યવસાય કરતો હોય. તે કોઈની સાથે વાત કરતો હોય ત્યારે જીભ કરતાં ચહેરાના હાવભાવની મદદ વધારે લેતો હોય. ટી.વી. પર આવી વ્યક્તિઓ બહેરા-મૂંગા માટેના સમાચારો કે કાર્યક્રમોમાં ખપમાં આવે. તે ઘણો લોભી હોય, ધુતારાને તેનું સરનામું આપવાની જરૂર ન રહે - એ લોકો આવી બાબતોમાં સ્વાશ્રયી હોય છે.

ગુરુથી પ્રભાવિત વ્યક્તિ શેખીખોર હોય છે. સાથે ભુલકણીય હોય છે. એથી તેણે મારેલી બડાશ વિશે ભૂલી જવાથી તે પકડાઈ જાય છે. પરિચિત લોકો તેની વાતમાંથી ચાલીસથી પચાસ ટકા બાદ કરીને વધેલી સિલકને જ સાચી માને છે, જો કે એમાંય તેને ફાયદો જ છે - પંદરથી ત્રીસ ટકા જેટલો.

પૃથ્વીવાસીઓ પર જેનો પ્રભાવ છે એ ગુરુ નામનો આ ગ્રહ, ચૌદસો પૃથ્વીઓ તેમાં સમાઈ શકે એટલો મોટો છે. ગુરુમાં જો ચૌદસો પૃથ્વીઓ રહી શકે એટલી મોકળાશ હોય તો ત્યાં જમીનના ભાવ ઘણા નીચા હશે. ડાઉન પેમેન્ટમાં કદાચ મફતથીય ઓછા ભાવે જમીન મળી શકે. કોન્ટ્રેક્ટરો અહીંની જેમ તકલાદી બાંધકામ કરીને નફો રળી શકે. સૂર્યની પ્રદક્ષિણા તે ૧૧.૮૬ વર્ષમાં કરે છે, લગભગ ૧૨ વરસ જ સમજો ને, પણ ત્યાં 'બાર વરસે બાવો બોલ્યો' જેવી કહેવતો, બાવાની વસતિ હશે તોય ચલમણાં નહીં હોય. ગુરુ પર એક નહીં, ચાર ચાર ચંદ્ર આવેલા છે, પણ આપણે ત્યાં માત્ર અમાસની રાતે જ ચાંદો ગાયબ હોય છે એમ ત્યાં ચારમાંનો કેલિસ્તે નામનો ચંદ્ર કાયમ અદૃશ્ય હોય છે, કેમ કે તે વાયુનો બનેલો છે.

ત્યાં માનવવસતિ હોય તો ચંદ્રના પ્રભાવને લીધે અહીં કરતાં ત્રણેક ગણા વધુ પાગલો ત્યાં હોવા જોઈએ. આમ હોય તો ત્યાં પાગલોની સંખ્યા કરતાં ડાહ્યા માણસોની સંખ્યા ઓછી હશે. તેથી પાગલોને સમાજમાં છૂટા મૂકીને ડાહ્યા માટે અલગ વ્યવસ્થા કરવી પડે. સર્ટિફાઈડ પાગલોને આપવામાં આવે છે એવાં સર્ટિફિકેટ ત્યાં શાણાઓને આપવાં પડે.

ગુરુ અર્થાત્ બૃહસ્પતિને દેવોના આચાર્ય ગણવામાં આવે છે. આ ગુરુ સાત્ત્વિક છે, જ્યારે શુક્ર રાજસી છે. શુક્ર અથવા તો ભૃગુઋષિને દાનવોના આચાર્ય ગણવામાં આવેલ છે. ગુરુ એટલે સરળતા, ઉદારતા, પવિત્રતા, નમ્રતા, સાદાઈ, ન્યાય, ધર્મ વગેરે વગેરે. અન્ય જે કંઈ ગુણો ગુરુ માટે વાપરવાના રહી ગયા હોય તે બધાનો સમાવેશ વગેરે વગેરેમાં કરી લેવો. જ્યારે શુક્ર એટલે શૃંગાર, કામુકતા, ભોગવિલાસ, ઉચ્છૃંખલતા, ઉડાઉગીરી, મોહ, આકર્ષણ ને પ્રેમ અથવા તો પ્રેમાભાસ. ગુરુને અધ્યાત્મ જોડે સંબંધ છે, એટલો શુક્રને પાર્થિવ ભોગવિલાસ અને સુખસમૃદ્ધિ સાથે છે. આમ તો બંને સામસામે છેડે છે, છતાં બંને ભેગા થાય તો સંભોગથી સમાધિ સુધી પહોંચી શકાય. આ કામ આપણે ત્યાં ભગવાન રજનીશે કર્યું છે. એ શુક્રને ગુરુની ઊંચાઈ સુધી લઈ ગયા છે. આ બંને ગ્રહોથી પ્રભાવિત હોય તેમનું મિત્રવર્તુળ બહોળું હોય છે. (શુક્રવાળાને સ્ત્રીમિત્રો વધારે હોય છે. ગુરુથી પ્રભાવિત જાતકો પણ શુક્રવાળાઓની ઈર્ષા કરતા હોય છે.)

રેશનલિસ્ટોને તમ્મર આવી જાય એવા ચમત્કારો બળવાન ગુરુને લીધે સર્જાય છે. આવા જાતકને કોઈ ને કોઈ ક્ષેત્રમાં સફળતા મળે છે અથવા તો તેને સફળતા મળી છે એવું લોકો માનતા થઈ જાય છે. તેની આબરૂ કરતાં તેની વગ વધારે હોવાથી લોકો પોતાનાં છોકરાંને પરીક્ષામાં પાસ કરાવવાથી માંડીને લાંચ લેતાં પકડાયેલા પોતાના સાળા કે સાઢુભાઈને છોડાવવા માટે દબાણ કરવા આવે. આ કારણે વ્યસ્તતા ઘણી રહે. 'પાઈની પેદાશ નહીં ને ઘડીની નવરાશ નહીં' જેવી કહેવતો આવા જાતકો માટે જ બનાવવામાં આવી હોય છે.

પણ જો કુંડળીમાં ગુરુ દૂષિત હોય તો એની અસર સૌ પહેલાં જાતકના શરીર પર પડે, શરીર પાતળું-કૃશ રહે, આર્થિક પ્રશ્નો તેને તથા તેના લેણદારોને સતાવ્યા કરે. 'એક સાંધતા તેર નહીં, તેત્રીસ તૂટે' જેવી નવી કહેવત સવારમાં ઊઠતાં તેમ જ રાત્રે સૂતી વેળાએ યાદ આવે. પુત્ર ન હોય તો તેની (ને હોય તો પણ તેની)ચિંતા પજવે. તનથી ન થવાય તો મનથી વ્યભિચારી થવાય. પોતાની પત્ની ગમે નહીં. લગ્નેતર સંબંધની ઇચ્છા સતત થયાં કરે (જો આ માત્ર દૂષિત ગુરુનો વાંક નથી, બધી જ રાશિવાળાને આવું થતું હોય છે.) પોતાની પત્ની સાથે ન મળે તેનાથી વધારે ઝડપથી પરસ્ત્રી સાથે મન મળી જાય.

નિંદાખોરી પ્રિય હોય - આ કારણે છાપાંમાં પત્રકારની નોકરી મેળવવા મન તડપે. કફની પ્રકૃતિ રહે. ખરાબ વિચારો આવવાને લીધે મોડી રાત સુધી ઊંઘ ન આવે, આથી અપચાની બીમારી લાગુ પડે. મગજની યાતના ઠેઠ પેટ સુધી પહોંચી જાય.

પરંતુ ગુરુ બીજા સ્થાને હોય તો તે વ્યક્તિ બચત સારી કરી શકે અને પોતાની (તેમજ અન્યની) અર્થવ્યવસ્થા સંભાળી શકે. આમ જેને પોતાનાં ને પારકાનાં ધન અંગે સમાન ભાવ હોય તેને નાણાંની તકલીફ જીવનપર્યંત રહેતી નથી અને પૈસાને જ સુખ ગણવામાં આવતું હોય તો તે શ્રેષ્ઠ સુખને પામે છે.

આપણાં શાસ્ત્રોએ સૂર્ય અને ચંદ્રની પેઠે ગુરુને પણ સાત્ત્વિક ગ્રહ તરીકે ઓળખાવ્યો છે, જ્યારે બુધ ને શુક્ર રાજસી પ્રકૃતિ ધરાવે છે અને મંગળ, શનિ તામસી ગણાય છે. ચંદ્ર અને ગુરુ એકબીજાથી કેન્દ્રમાં હોય એટલે ગજકેસરી યોગ થયો ગણાય. ચંદ્ર-ગુરુ ભેગા થાય કે સામસામે હોય, ચંદ્રથી ચોથા સ્થાને હોય કે દસમા સ્થાને હોય ત્યારે એવી સ્થિતિ રચાય છે અને ગુરુ અનુક્રમે મીન, વૃશ્ચિક, કર્ક કે ધનનો હોય તો આ યોગ જાતકને ન્યાલ કરી દે છે.

જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે આ યોગમાં જન્મ ધારણ કરનાર માણસ પહેલાં માણસની જેમ શત્રુઓ ઊભા કરે છે ને પછી સિંહની જેમ એ બધાને ખતમ કરે છે.

એ સભાઓમાં વિદ્વાન હોવાની છાપ ઊભી કરે છે - વિદ્વાન હોવા કરતાં વિદ્વાન હોવાની છાપ ઊભી કરવી કેટલી અઘરી છે એ આપણે જાણીએ છીએ. તે કેટલાક વિરોધાભાસી ગુણો પણ ધરાવતો હોય છે. દા. ત. સંતોષી અને લોભી. જે વ્યક્તિ સંતોષી હોય તે લોભી નથી હોતી. આ ઉપરાંત જે નમ્ર, ધૈર્યવાન, પ્રગતિશીલ હોય તેને મોટાઈનો મોહ હોય છે, તેના કુળ વિશે લોકો ગમે તે માનતા હોય, પણ ખુદનો મત ઘણો જ ઊંચો હોય. સહેજ ફૂલણજી હોય છે. એટલે કોઈ થોડાં સારાં-ખોટાં વખાણ કરે તો દાન પણ આપી દે છે. દાનવીર કહેડાવવાની તેની હોબી હોય છે. ઉપરાંત દાન માગવા આવનારાઓને સલાહ, શિખામણ અને ઉપદેશ આપવાનો વધારાનો શોખ પણ તે ધરાવે છે. દાનેચ્છુ લોકો પણ તેને પ્રેમથી સાંભળતા હોય છે અથવા તો એવો દેખાવ કરે છે. આમ ભલે તે દાનવીર હોય, પણ નાની પરચૂરણ બાબતોમાં કરકસરિયો હોય છે ને અમુક બાબતોમાં એ કંજૂસની જેમ વર્તે છે. તે થોડોઘણો 'બોર' પણ હોવાથી પોતાની જ વાતો કરીને બીજાંઓને કંટાળાથી થકવી નાખે છે.

ચંદ્ર માતાનો કારક હોવાથી આ યોગમાં જન્મેલા જાતકને પોતાની માતા તરફ અત્યંત મમત્વ ને લાગણી હોય છે, તેના માતૃપ્રેમને બિરદાવવાને બદલે તેની પત્ની કટાક્ષમાં તેને 'સન-માયકા' (માવડિયા)નું સંબોધન કરતી હોય છે. ને જાતક તેની મા પાસે બેઠો હોય ત્યારે કંટાળીને તેની અર્ધાંગિની તેને કહેતી હોય છે કે માના ખોળામાંથી હેઠા ઊતરો તો આપણે થોડું બહાર ફરી આવીએ. આ વૃત્તિ પુરુષોમાં જ નહીં, સ્ત્રીઓમાં પણ હોય છે. સાસરે વળાવેલી દીકરી પિયરની યાદ આવતાં રડવા માંડે છે.

જેને ગજકેસરી યોગ હોય તે વ્યક્તિમાં વફાદારીનો ઊંચો ગુણ જોવા મળે છે. જો કે શ્વાનોમાં વફાદારીનો ગુણ હોવા છતાં, તેમનામાં ગજકેસરી યોગ હોવાને લીધે જ વફાદારી છે એમ કહી શકાય નહીં, પણ તે ભારતના વડા પ્રધાન, રાષ્ટ્રપતિ કે અમેરિકન પ્રેસિડેન્ટનો પાળેલો શ્વાન હોય, તેમના ખોળામાં રમતો હોય તો તે ગજકેસરી યોગમાં જન્મ્યો છે એવું નિઃશંક માની શકાય.

જન્મસ્થાનથી ગુરુ ૩, ૮ કે ૧૨મા સ્થાને હોય તો એવા જાતકને વિદ્યાની સાધનામાં નાની-મોટી ઉપાધિઓ આવતી હોય છે. ટૂંકમાં ઉપાધિ મેળવવા માટે તેને ઘણી ઉપાધિ વેઠવી પડે છે ને કોઈ વાર પેપરસેટર કે એક્ઝામિનરનું પાકું સરનામું ન મળવાથી છેવટે કંટાળીને તે વિદ્યાભ્યાસ (જે શુદ્ધ ગુજરાતીમાં 'પાસ' થવું કહે છે તે) છોડી દે છે.

કુંભરાશિમાં અગિયારમે રહેલો સ્વગૃહી ધનનો ગુરુ સટ્ટો, જુગાર, લોટરી, રેસ કે પ્રેમલગ્નોથી આકસ્મિક ધનયોગ કરે છે. (કદાચ આથી જ લગ્નને જુગાર ગણવામાં આવે છે. મીનમાં પડેલી ગુરુવાળી સ્ત્રીઓ અતિ સુંદર નમણી, પણ લગ્ન બાદ સ્થૂળ (જેને ઠાવકી ગુજરાતીમાં જાજરમાન કહે છે.) સુશીલ, પ્રગલ્ભ, પ્રભાવશાળી ને સર્વ ગુણો ધરાવનારી હોય છે. દુર્ભાગ્યે તેમના પતિને આ સદ્‌ગુણો ક્યારેય દેખાતા નથી.

ગ્રહોમાં અપવાદ માત્ર એક રાહુ જ છે. રાહુ દાનવ છે એની તેને પોતાનેય ખબર છે એટલે તેનું કાયમી વર્તન શુદ્ધ દાનવ જેવું રહે છે. તે કોઈની સાડાબારી રાખતો નથી. ગુરુને પણ તે ગાંઠતો નથી. આથી કુંડળીમાં રાહુ કોઈની સાથે આમ તો ન જોડાય, પણ તેને ગુરુ જોડે જોડાવાનું થાય ત્યારે વિપ્રચાંડાલ નામક યોગ થાય છે. આ યોગને કારણે ગુરુને જ સહન કરવાનું થાય છે. ટ્રેક્ટર સાથે અથડાવાથી સાઇકલનો ભુક્કો થઈ જાય તેમ.

આ રાહુથી ખુદ ગુરુ જ પીડાય છે તો પછી આવા યોગવાળો જાતક આમાંથી કેવી રીતે બચી શકવાનો? આ યોગમાં સપડાયેલા માણસને સમાજમાં બદનામ કરવાની, તેનું ચારિત્ર્યહનન કરવાની એક પણ તક રાહુ જતી કરતો નથી. એ રીતે જોઈએ તો રાહુ એ 'યલો જર્નાલિઝમ'- પીળું પત્રકારત્વ - કરતાં તંત્રી જેવો છે , જેને બ્લેકમેઈલિંગમાં જ રસ છે. આવા કિસ્સામાં તો ગુરુ ધારે તો પણ જાતકને મદદ કરી શકતો નથી. એમ કરવા જતાં નાહકનો પોતે વગોવાઈ જાય. જાતકને, પોતાનાં નહીં, પણ રાહુનાં કારસ્તાનને લીધે અસહ્ય નાણાભીડ રહે, તેને કારણે નાણાકીય ગોટાળામાં નામ સંડોવાય, પણ પછી પુરાવાના અભાવે શકનો લાભ મળવાથી છૂટી જવાય અવળચંડાઈ કરી જાતકના જીવનમાં તેની ઇચ્છા નહીં હોવા છતાં આડા સંબંધો ઊભા કરે-કરાવે છે અને આ બધી કનડગત ગુરુ લાચાર નજરે જોયા કરે છે. જાતક તરફ સહાનુભૂતિ બતાવવા સિવાય બીજી મદદ તેને કરી શકતો નથી.

આમ તો ગૃહસ્થાશ્રમ ને વાનપ્રસ્થાશ્રમ જેવા ચાર વર્ણાશ્રમો બાદ કર્યા પછીના બધા જ આશ્રમો, મંદિરો, મઠો તેમાં રહેતા સાધુ, સંતો ને મહંતો વગેરે ગુરુના આધિપત્યમાં હોય છે. ગુરુનો જ આ ક્ષેત્રાધિકાર છે, પણ ગુરુની સાથે રાહુ જોડાવાથી આશ્રમ ભ્રષ્ટાચારનો અખાડો બની જાય છે. ચેલાઓને તેમના ગુરુ જેવી વિશિષ્ટ સેવાઓ કરવાનો લાભ નહીં મળવાથી તે ગુરુને છાપે ચઢાવે છે. ગુરુએ 'લાક્ષણિક' ઢબે પડાવેલી તસવીરો (તેમજ વીડિયો ફિલ્મ વગેરે) અખબારવાળાઓને, પ્રકાશનાર્થે, પ્રજાહિતાય મોકલી આપે છે. ગુરુઓની આ બધી પાપલીલાઓ ચેલકાઓ માત્ર રાહુની પ્રેરણાથી જ બહાર લાવતા હોય છે. પણ પછી તેમના ભક્તોની પ્રાર્થનાને લીધે આ સંતમહંતો મોટા ભાગે નિર્દોષ છૂટે છે. આમ તો દોષમુક્ત થઈ છૂટી જવાનો યશ ગુરુને જ આભારી છે, કેમ કે ગુરુની દૃષ્ટિમાં અમી છે.

હસ્તરેખાશાસ્ત્રની દૃષ્ટિએ જેનો ગુરુ બળવાન હોય તે જાતક (રાજકારણમાં ન પડ્યો હોય ત્યાં સુધી) આદર્શવાદી, પરોપકારી, ત્યાગી અને અધ્યાત્મવાદી હોય છે. તે કોઈને (તક મળે નહીં ત્યાં સુધી) છેતરતો નથી. વધારે ખોટું બોલતો નથી અને સત્ય નગ્ન હોય છે એની ખાતરી કરાવવા કેટલીક વાર તો એવી જ ભાષામાં સત્યનું ઉચ્ચારણ કરે છે.

શારીરિક, માનસિક અને આર્થિક હાલત સુધારવી હોય તેણે ગુરુની વીંટી પહેરવી. ગુરુની અંતર્દશા નિવારવા માટે ગુરુના નંગની વીંટી પોતાના ફેમિલી જ્યોતિષીની સલાહ પ્રમાણે પહેરી શકાય.

ગુરુના શત્રુ શુક્ર ને બુધ છે. શનિ સાથે તેને મૈત્રી પણ નથી કે દુશ્મનાવટ પણ નથી. બરાબર પોલીસ અને પ્રજાજનોના સંબંધો જેવું - ન ઉસકી દોસ્તી અચ્છી, ન ઉસકી દુશ્મની... ■

# કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com



ગુજરાતી સાહિત્યની અનેક રચના - કૃતિઓમાં ગજબનાક ભાષા લાલિત્ય ફેલાયેલું છે. કહેવતો અને રુઢિપ્રયોગો દ્વારા ગમ્મત સાથે જ્ઞાન, બોધ અને શીખ મળે છે. અનેક વાર જોવા મળ્યું છે કે કહેવતોમાં મૂળ હાર્દ જાળવી સામાન્ય ફેરફાર સાથેની રજૂઆત અલગ પહેલું દર્શાવે છે. લોકસાહિત્યનો ખજાનો ધરાવતી ઝવેરચંદ મેઘાણીની રચનાઓ પૈકી 'સૌરાષ્ટ્રની રસધાર'માં બહુ સરસ વાત છે કે **ભણતાં પંડિત નીપજે લખતાં લહિયો થાય, ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય.** અહીં ભણતરનો મહિમા ગવાયો છે. નિયમિત અભ્યાસ કરવાથી પ્રવીણ થઈ પંડિત થવાય એટલે કે કૌશલ આવે અને લખવાની આદત કેળવવાથી લેખનકાર્યમાં માહેર થવાય. મહાવરાનું મહત્ત્વ અહીં સમજાવવામાં આવ્યું છે. એક આદત, એક કોશિશ ફળમાં રૂપાંતરિત થાય એ જ વાત લાંબું અંતર કાપવાનું હોય ત્યારે ચાર ચાર ગાઉ ચાલી એ ઓળંગવામાં આસાની રહે એ બાબત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ જ કહેવતનો વિસ્તાર જીવનનું અલગ સત્ય સમજાવે છે. **ભણતા પંડિત નીપજે લખતાં લહિયો થાય, ચાર ચાર ગાઉ ચાલતાં લાંબો પંથ કપાય, પોપટ પણ અભ્યાસથી શીખે બોલતા બોલ, કાયર થઈ આળસ કરે તે નર ખરને તોલ.** અભ્યાસના મહાવરા પર ભાર આપી કહેવામાં આવ્યું છે કે માણસને બોલતો સાંભળી પોપટ પણ બોલતા શીખી જાય છે અને જે આળસ કરે છે, કોઈ જ પ્રકારના મહેનત - ઉદ્યમ નથી કરતો એ નર ખરને તોલ એટલે કે ગધેડા જેવો છે. ગધેડો એટલે અક્કલહીન પ્રાણી એવી સર્વસામાન્ય ઓળખ છે. કોઈ જગ્યાએ આ કહેવતનો અલગ વિસ્તાર પણ જોવા મળે છે જે સમાજ પર કટાક્ષ કરે છે. **લખતા લહિયો. ભણતા છૈયો, વાંચતા પંડિત હોય, લડતા શેઠિયો નીપજે, તેનું કૂળ ન પૂછે કોઈ.** અહીં પણ ભણતરનો મહિમા રજૂ થયા પછી સરસ્વતી સામે ક્યારેક લક્ષ્મી વધુ મહત્ત્વ પ્રાપ્ત કરે છે એવી અણિયાળી વાત કરવામાં આવી છે. ભણતર ન હોય પણ સંઘર્ષ કરી કે પછી થોડા આઘાપાછા કરી મૂડી કમાઈ શેઠ બની ગયો એ વ્યક્તિ કયા કૂળની છે એવો સવાલ નથી કરવામાં આવતો. ધનની ધજા ફરકે એ વાત સુપેરે સમજાય છે.

## मार्मिक म्हणी

ગુજરાતીની જેમ મરાઠી ભાષાની કહેવતોમાં પણ માહિતી અને ઉપદેશની હાજરી એ કહેવતોને અર્થસભર બનાવે છે. તળપદા શબ્દ પ્રયોગોને કારણે કહેવતને સૌંદર્ય પ્રાપ્ત થાય છે અને એ માર્મિક બને છે. એક મજેદાર કહેવત છે **हपापा चा माल गपापा.** આ કહેવતમાં નજરે પડતા હપાપા - ગપાપા એ બંને શબ્દ જોડણી કોશમાં જોવા નથી મળતા. એનો વિશિષ્ટ અર્થ સુધ્ધાં નથી. કોઈ પાસેથી ઝૂંટવી લીધેલી વસ્તુ કે સંપત્તિ કોઈ ત્રીજી જ વ્યક્તિ લઈ જાય એવો ભાવાર્થ છે. અન્યાયથી મળેલી વસ્તુ ટકે નહીં એ બોધ અહીં મળે છે. આવી જ સમાનાર્થી કહેવત ગુજરાતીમાં પણ છે ને કે અટાઉનો માલ બટાઉમાં જવો. બીજી એક કહેવત છે **अडली माय फटके खाय.** મોંસૂઝણાની વેળાએ ગાયનું ધણ પાછું વળી રહ્યા હોય ત્યારે જો એકાદી ગાય કોઈ કારણસર અટકી પડે તો એને ફટકારવામાં આવે જેથી એ દોડી રહેલી અન્ય ગાયો સાથે ફરી દોડતી થઈ જાય. મુશ્કેલીમાં હોય એ વ્યક્તિને હેરાન કરવામાં આવે એ એનો ભાવાર્થ છે. પડતાને પાટુ કહેવત તમે જાણતા જ હશો. **अन्नाचा मारलेला खाली पाही नि तलवारीचा मारलेला वर पाहिली.** આ કહેવત બળવાન - નિર્બળનો સંબંધ દર્શાવે છે. ભૂખ્યાને અન્ન આપો તો એ તમારી સાથે નમ્રતાથી પેશ આવશે, પણ જો એની સાથે અન્યાય કરો કે એનું નુકસાન કરો તો એ તમારો દુશ્મન બની જાય. જેવા સાથે તેવા જેવો ઘાટ થાય. **हात ओला तर मित्र भला.** આ પણ માર્મિક કહેવત છે. મિત્રતા પર વ્યંગ - કટાક્ષ છે. તમારી પાસે સંપત્તિ હશે અને તમારી પાસેથી કંઈક મળશે એવી આશા હશે ત્યાં સુધી જ દોસ્તી - મૈત્રી ટકી રહે છે. જેવું એ આશામાં કાણું પડે કે તરત મૈત્રીભાવનું પવિત્ર ઝરણું સુકાઈ જાય છે.

## हिंग्लिश VINGLISH
## Rent law का गम करें या Bill of Income का ?

ગયા સપ્તાહમાં આપણે Henry Louis Vivian Derozio રચિત અંગ્રેજી કવિતામાં છેક ૧૮૨૭થી હિન્દીના ઉપયોગથી વાકેફ થયા. અલબત્ત, એમની રચનામાં હિન્દીનો ઉલ્લેખ અછડતો હતો, વ્યાપક નહીં. હિન્દી સાહિત્યમાં ખડી બોલીને પદ્યમાં સ્થાપિત કરનારા કવિ અયોધ્યા પ્રસાદ ખત્રીની રચનામાં હિંગ્લિશનો વિસ્તારિત ઉપયોગ જોવા મળે છે. એમની એક રચનાની પંક્તિઓ પરથી મુદ્દો સ્પષ્ટ થાય છેઃ Rent law **का गम करें या** Bill of Income Tax **का? क्या करें अपना नहीं है** sense right now - a - days/ Darkness **छाया हुआ है हिन्दी में चारों तरफ/नाम की भी नहीं बाकी ना.** light now - a - days. ખત્રીજી અન્ય કવિઓને ખડી બોલીમાં લખવા પ્રોત્સાહિત કરતા હતા.

સપ્ટેમ્બર મહિનામાં નેપાળમાં જબરદસ્ત ઊથલપાથલ જોવા મળી હતી. સમગ્ર નેપાળમાં ભ્રષ્ટાચાર વિરોધી હિંસક દેખાવ જોવા મળ્યા જેનું નેતૃત્વ Gen Z તરીકે ઓળખાતી યુવા પેઢીના હાથમાં હતું. Gen Z means Generation Z. Gen Z refers to the demographic cohort born roughly between 1997 and 2012, who are known as "digital natives" because they grew up with the internet and smartphones. જેન ઝી (અંગ્રેજી ભાષાનું વિશેષ ચલણ ધરાવતા અનેક દેશમાં અંગ્રેજી આલ્ફાબેટના અંતિમ અક્ષરનો ઉચ્ચાર ઝેડ નહીં ઝી તરીકે થાય છે. એટલે જનરેશન ઝેડ જેન ઝી તરીકે વિદેશમાં ઓળખ ધરાવે છે. ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલા લોકો અને વિશેષ તો ઈન્ટરનેટ અને સ્માર્ટફોનના વપરાશ કરી ઉછરેલી આ પેઢી 'ડિજિટલ નેટિવ' (ડિજિટલ યુગની પેઢી) તરીકે પણ ઓળખાય છે. આપણા દેશના યંગસ્ટર્સમાં અને ખાસ કરીને મહાનગરોમાં **हिंग्लिश हिंदी English** નું મિશ્રણ) ચલણ વધુ જોવા મળે છે. શહેર, રાજ્ય અને દેશની સીમારેખાના ભેદ ભૂંસાઈ ગ્લોબલાઈઝેશનનો સ્વીકાર હિંગ્લિશની સ્વીકૃતિમાં નજરે પડે છે.




હિંગ્લિશના પ્રચાર અને પ્રસાર થકી એને લોકપ્રિય બનાવવામાં હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો મોટો ફાળો છે. ફિલ્મની વાર્તાનાં પાત્રો કોસ્મોપોલિટન (વિવિધભાષી) હોવાને કારણે તેમના આપસી વ્યવહારની ભાષા હિંગ્લિશ હોય છે. સોફેસ્ટિકેશન, મોડર્ન આઈડેન્ટિટી અને પ્રોગ્રેસીવ એટિટ્યૂડ (શાલિનતા, આધુનિક ઓળખ અને પ્રગતિવાદી વિચારધારા) આ ભાષાના ઉપયોગથી સિદ્ધ થાય છે. મહત્ત્વાકાંક્ષી લોકોની ભાષા બની ગઈ છે હિંગ્લિશ. ટૂંકમાં હિંગ્લિશ એ માત્ર આપસી બોલચાલમાં સરળતા જ નથી દર્શાવતી, સમકાલીન ભારતીય ઓળખનું પ્રતિનિધિત્વ કરે છે. આ વર્ણસંકર ભાષા જેન ઝી માટે એક મહત્ત્વનું પ્લેટફોર્મ બની ગઈ છે. ૧૯૯૦ના દાયકામાં હિંગ્લિશ પ્રયોગનું ચલણ વધવાની શરૂઆત વિજ્ઞાપન ક્ષેત્રે - એડવર્ટાઈઝિંગ ફિલ્ડથી શરૂ થઈ હોવાનું કહેવાય છે. **Come on girls, वक्त है shine करने का,** તેમજ **हर एक friend जरूरी होता है** જેવા સ્લોગન પરથી આ દલીલને સમર્થન મળે છે. ક્યાંક અંગ્રેજી વધુ, હિન્દીની માત્ર હાજરી તો ક્યાંક હિન્દી વધુ અને અંગ્રેજીની માત્ર હાજરી જોવા મળે છે. ■

# પ. પૂ. પિતાજી સંતાનોના કહ્યામાં નથી એટલે...!

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com



'વકીલ સાહેબ એક નોટિસ કાઢવી છે.' બન્ટી, બબલી અને ગુડુએ વકીલ અનિલભાઇ અડબંગને વિનંતી કરી.

'શેની નોટિસ કાઢવી છે?' કાળો કોટ પર ખુરશી પર ટાંગી વકીલે કડક ટાઇનોટ ઢીલી કરીને પૂછયું. વકીલ માટે નોટિસ લખવી એ તો ડાબા હાથનો ખેલ કહેવાય.

'સાહેબ, ખર્ચો કેટલો આવશે?' બન્ટીએ પૂછયું. કોઇ માણસ પોલીસ સ્ટેશન કે કોર્ટના ચક્કરમાં પડે એટલે પૂરો થઇ જાય. વહેલું કે મોડું ગમે ત્યારે હાથમાં શકોરું આવી જ જાય.

'જો તમારે બદનક્ષીની નોટિસ તૈયાર કરાવવી હોય તો લગભગ પંદર હજાર વતા ટાઇપિંગ, ઝેરોકસ અને અઢાર ટકા જીએસટી અલગ ગણી લેવાનો.' વકીલે ફીનો આંકડો કહ્યો. વકીલનું સરકારી ઓફિસો જેવું જ હોય. બજેટમાં તોપ ખરીદવા માટે અંદાજો રજૂ કરે તો લવિંગિયા ખરીદવા માટે બજેટ જોગવાઇ થાય. વકીલ મોટો આંકડો કહે. અસીલ રકઝક કરે. અડધા પૈસા ચૂકવે. અડધા પૈસા ભૂલવાડી દે. ભૂલચૂકે વકીલ કેસ હારી જાય તો ફીથી હાથ તો ધોવા પડે, પરંતુ અસીલોનો ટપલીદાવ કે ઘૂંસા પણ સહન કરવા પડે.

'અમારે બદનક્ષીની નોટિસ કાઢવી નથી.' બબલી કાબરની જેમ બોલી.

'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાઢવી હોય તો લગભગ લાખ રૂપિયા ઢીલા કરવા પડે. કેમ કે, તે નોટિસ તૈયાર કરતાં કરતાં આંખો ઓડ પર આવી જાય. કાયદાના થોથા, ચુકાદાના ઓલ ઇન્ડિયા રિપોર્ટ, સાઇટેશન, પ્રિસિડેન્ડસ કેસ વગેરે ડોકયુમેન્ટ એનેકસ કરવા પડે.' અનિલે પ્રોસેસ સમજાવી.

'ના, સર, અમારે એ પણ કઢાવવી નથી.' ગુડુએ નકારમાં નવ શેર માથું ધુણાવ્યું.

'સીઆરપીસી એટલે ક્રિમિનલ કોડ પ્રોસિજરની કલમ -૮૦ની નોટિસ આપવી છે.?' અનિલે પૂછ્યું. કોઇ પણ કોર્ટ કેસ શરૂ કરતાં પહેલાં સામેવાળાને આવી નોટિસ આપીને સચેત કરવામાં આવે છે. કોઇ પડતર માગ પૂરી ન કરવામાં આવશે તો નાછૂટકે કે નાઇલાજે અરજદારને કોર્ટ ન્યાય માટે માઇબાપને ગુહાર લગાવવી પડશે તેવી ગર્ભિત ધમકી હોય છે.

'સાહેબ, અમારે એવી પણ કાઢવી નથી.' બન્ટી, બબલી અને ગુડુએ આ વિકલ્પ પર પણ ચોકડી મારી.

'અમારા ફલાણા ઢીંકણા ગૂમ થયેલ છે. એમને કોઇ ખખડાવશે નહીં. પતો આપવારને સવા અગિયાર રૂપિયાનું જંગી ઇનામ આપવામાં આવશે.' આવી જાહેરાત તો કિફાયતી દરે કાઢી આપીશ. મારે નામ, સરનામું અને ફોટો જ બદલવાનો છે.' વકીલે ઓફર આપી.

'અમારો પ્રશ્ન જુદો છે.' બબલી બોલી.

'શું છે તમારો પ્રશ્ન?' વકીલે બન્ટી, બબલી અને ગુડુ સામે વિનંતીસૂચક અવાજે પૃચ્છા કરી.

'એ વડીલ અમારા કહ્યામાં નથી.' પેલા ત્રણેયે એક સાથે પોતાના પાનાં ખુલ્લા કર્યા.

'કોણ દાદાજી? એ તો ઉંમરલાયક હોય. ઘરડાંઓ તો બાળકો જેવા હેન્ડલ વીથ કેર હોય છે.' વકીલે અનુમાન રજૂ કર્યું.

'અમારા દાદાના ફોટા પર સુખડનો હાર લાગી ગયો છે.' બન્ટીએ દાદા વૈકુંઠવાસી હોવાની માહિતી આપી.

'ઓહ સોરી ... તો શું દીકરી કહ્યામાં નથી?' વકીલે પૂછ્યું.

'અરે અમારી દીકરી જ નથી. જો અમારે દીકરી હોય અને જાય તો સગા બાપથી તો તેવા સંજોગોમાં અમને ઓનર કિલિંગ કરતાં આવડે છે.' બન્ટી, બબલી અને ગુડુનાં વસ્ત્રો આધુનિક હતા, પરંતુ, વિચારસરણી પ્રાચીનતમ હતી.

'ઘણા ઘરમાં બા રિટાયર થતી નથી અને માથાભારે હોય છે. એ તેનો કકકો ખરો કરાવવા ઘરના સભ્યો પર ત્રાસ ગુજારી ત્રાહિમામ પોકારાવતી હોય છે. બા કહ્યામાં નથી?' અનિલને તેમના સંભવિત અસીલ ભેદભરમવાળા લાગ્યા.

'બા તો બાપડી ભગવાનના ઘરનું માણસ છે. ગરીબ ગાય જેવી છે. હા, ક્યારેક બાપુજીને ઢીંક મારી લે છે.' પેલા ત્રણેયે ફરી એક અવાજે સ્પષ્ટતા કરી.

'તો પછી વેવાઇ - વેવાણ કહ્યામાં નથી? એની દીકરીને તેના સાસરિયા વિરુદ્ધ સતત ચાવી ટાઇટ કરી દીકરીને સાસુસસરાથી અલગ થવા ચડવણી કરે છે?' વકીલ અનિલે નવો પાસો ફેંક્યો.

'સાહેબ, અમારા લગ્ન થયા નથી. તો વેવાઇ-વેવાણનો સવાલ ઊભો થતો નથી.' બન્ટી, બબલી અને ગુડુએ સ્પષ્ટતા કરી.

'જુઓ, મને તમારા કેસમાં ટપ્પો પડતો નથી. તમે લોકો કશું ખુલીને કહેતાં નથી. વૈદ-વકીલ ને વૈશ્યા પાસે કશું છુપાવાય નહીં. પેટછૂટી વાત કરવી પડે. નહીંતર હું તમારો કેસ લડી શકીશ નહીં.' વકીલે છેલ્લા પાટલે જઇ કેસની વિગતો આપવા કહ્યું.

'વકીલ સાહેબ, અમે સગા બે ભાઇ અને એક બહેન છીએ.' એ ત્રણે મુદ્દા પર આવી ગયા.

વકીલે શિર ધુણાવ્યું.

'અમારે એક બાપા છે.' ત્રણેયે કહ્યું.

'એમ? સગા છે કે સાવકા છે?

'સાહેબ,બાપા સગા છે, પરંતુ સાવકા બાપની જેમ વર્તે છે.' બન્ટી, બબલી અને ગુડુએ ખમચાઈને કહ્યું.

'હું સમજ્યો નહીં. તમે સમીકરણ જેવો કોયડો રજૂ કરો છો.'

' સાહેબ, તમારી આગળ કશું છુપાવવા માગતા નથી. અમે પેટછૂટી વાત કરીએ છીએ. અમારા બાપા અમારા કહ્યામાં નથી. બાપાઅમને ટેકન ફોર ગ્રાંટેડ ગણે છો. બાપા અમને ગાંઠતા નથી.' બન્ટી, બબલી અને ગુડુએ સમસ્યા જણાવી. લગભગ દરેક યુવાનયુવતીને એમના પરમ પૂજય અને પરમાદરણીય પિતાજી કહ્યામાં નથી તેવું લાગતું હોય છે.

'હે? તમે શું કહો છો? આમ, તો દીકરો કે દીકરી કપાતર હોય એવું બંને. આ તો ઉલ્ટી ગંગા વહેડાવવા જેવું કહો છો.' વકીલે તારણ કાઢ્યું.

'સાહેબ, આ હકીકત છે.'

'પણ એનું કારણ હશે ને?'

'સાહેબ, એક તો એમની ઉંમર થઇ. બે વરસ પહેલાં ઘરભંગ થયા. એમની દેખભાળ કરવા આવતી નર્સ સાથે સ્નેહાંકુર ફૂટ્યા છે.' બન્ટી, બબલી અને ગુડુએ કારણ રજૂ કર્યું.

'એટલે કે બાપા ઠરકી થઇ ગયા છે એમ જ ને?' વકીલે પિતાજીની ચાલ, ચલગત અને ચારિત્ર્ય વિષયક સવાલ કર્યો.

'લગભગ એવું જ.' બન્ટી, બબલી અને ગુડુએ માથું ઝૂકાવી કબૂલ કર્યું.

'હવે શું કરવું છે? જ્યારે કોઇ દીકરો કે પત્ની માથાભારે હોય ત્યારે મા-બાપ દીકરાને કે પતિ પત્નીને તેની મિલકતમાંથી બેદખલ કરે છે.' વકીલે સામાન્ય શિરસ્તો જણાવ્યો.

'આ આઇડિયા બરાબર છે.' બન્ટી, બબલી અને ગુડુ ખુશ થઇ ગયા. વકીલ અનિલને 'બાપા કહ્યામાં નથી' તેવી નોટિસ તૈયાર કરવા સૂચના આપી

વકીલે કાનૂની નોટિસ તૈયાર કરી :

'લો નમૂનો તમે પણ સાચવીને રાખજો. ભવિષ્યમાં જરૂર પડે તો બાપબાણ ઇલાજ થઇ શકશે.'

કાનૂની નોટિસ

'અમે નીચે સહી કરનાર અમારા અસીલની ફરમાઇશ (આ કંઇ બિનાકા ગીત માલા છે કે શ્રોતા ગીતની ફરમાઇશ કરે તેમ ફરમાઇશથી નોટિસ કાઢવાની?)થી નોટિસ કાઢવામાં આવે છે કે શ્રી અ બ-ક અમારા એકમાત્ર પરમ પૂજ્ય પરમાદરણીય રાજમાન રાજેશ્રી પિતાશ્રી કે તાત છે. જે બહેકી ગયા છે અને અમારા સહેજે કહ્યામાં નથી. (આમ તો અમો તેના કહ્યામાં નથી. જો કે, એ વાત અલગ છે.)આથી એમને સંતાનોપાર્જિત મિલકતમાંથી બેદખલ કરવામાં આવે છે. એમની સાથે કોઇ નાણાકીય કે લાગણીશીલ વ્યવહાર કરવો નહીં નહીંતર અમારી કોઇ જવાબદારી નથી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.'

લિખિતંગઃ

બન્ટી, બબલી અને ગુડુ (નઠારાં સંતાનો)

એડવોકેટ અનિલ અડબંગ મારફત ■

મતદાર યાદીના આક્ષેપો પર એમવીએ-મનસેનો 'સત્યાચા મોરચા'

# મરાઠી હિન્દુઓ માટે અમે એક થયા છીએઃ વિપક્ષોની ગર્જના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કૉંગ્રેસ, શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી) સહિતની મહા વિકાસ આઘાડીએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના સાથે મળીને શનિવારે મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કૂચ યોજી હતી, જેના પર વિપક્ષ સત્તાધારી ભાજપને મદદ કરવાનો દાવો કરી રહ્યો છે.

વિપક્ષે ભારતના ચૂંટણી પંચ પર મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ જેવી કે બહુવિધ એન્ટ્રીઓ, ખોટી રીતે નામ કાઢી નાખવા અને નામના ઉમેરા કરવા વગેરે પ્રત્યે આંખ આડા કાન કરવાનો આરોપ લગાવ્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું કે મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ આ ખામીઓ સુધાર્યા પછી જ થવી જોઈએ.

'સત્યાચા મોરચા' (સત્ય માટે કૂચ) બપોરે દક્ષિણ મુંબઈના ફેશન સ્ટ્રીટથી શરૂ થયો અને એક કિલોમીટર દૂર આવેલા બીએમસીના મુખ્યાલય પર સમાપન થયું હતું. આ અભૂતપૂર્વ કૂચમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે, એનસીપી (એસપી)ના સુપ્રીમો શરદ પવાર, મનસેના રાજ ઠાકરે અને કોંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાત સહિત અન્ય લોકોએ ભાગ લીધો.

બીજી તરફ રાજ ઠાકરેએ એવો આરોપ લગાવ્યો કે આ વર્ષે પહેલી જુલાઈ સુધી અપલોડ કરાયેલી મતદાર યાદી મુજબ 'મુંબઈમાં લાખો બેવડા મતદારો' છે.

'કલ્યાણ ગ્રામીણ વિધાનસભા (પડોશી થાણે જિલ્લામાં) અને મલબાર હિલ વિધાનસભા (દક્ષિણ મુંબઈમાં)માં મતદાન કરનારા લગભગ ૪૫૦૦ મતદારો છે. આ બોગસ મતદાર યાદી સાથે ચૂંટણીની શું જરૂર છે? તેને સાફ કરો અને પછી મતદાન કરાવો,' એમ મનસેના નેતાએ કહ્યું હતું.

સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પહેલાથી જ પાંચ વર્ષ માટે વિલંબિત છે અને જો તેને એક વર્ષ પાછળ ધકેલી દેવામાં આવે

(જુઓ પાનું ૪) ▸▸



**સત્યાચા મોરચાઃ** મતદાર યાદીમાં ગોટાળાના આક્ષેપ સાથે વિપક્ષો દ્વારા મતદારોના નામ અનેકવાર આવતા હોવાના કથિત પુરાવા રજૂ કરાયા હતા. (અમય ખરાડે)



## મતદાર યાદીમાં ડબલ રજિસ્ટ્રેશનની સમસ્યા છેલ્લાં ૨૫ વર્ષથી છેઃ બાવનકુળે

ચંદ્રપુરઃ મતદાર યાદીમાં મોટી ગરબડ છે અને એના આધારે વોટચોરી કરવામાં આવી છે એવો આરોપ કરી મનસે અને મહા વિકાસ આઘાડીએ મુંબઈમાં મોટો મોરચો કાઢ્યો હતો. ભાજપ નેતા અને રાજ્યના પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ એ મોરચાની ટીકા કરી જણાવ્યું હતું કે ડબલ વોટર રજિસ્ટ્રેશનનો મુદ્દો છેલ્લાં ૨૫ વર્ષથી ચાલી રહ્યો છે. આખી યાદી રદ નહીં થાય ત્યાં સુધી ડબલ વોટિંગમાં કોઈ ઘટાડો નહીં થાય. ઘરે ઘરે જઈને સંપૂર્ણ મતદાર યાદી નવેસરથી તૈયાર કરવી જોઈએ.

લોકસભાની યાદી અનુસાર જ વિધાનસભાની ચૂંટણીઓ યોજાય છે અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ વિધાનસભાની ચૂંટણીની સૂચિને આધારે થતી હોય છે. જોકે પરાજય નિશ્ચિત હોવાનું મહા વિકાસ આઘાડી જાણતી હોવાથી કામદારોનો વિશ્વાસ જાળવવાના ફાંફાં મારી રહ્યા છે એમ બાવનકુળેએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું

(જુઓ પાનું ૪) ▸▸

## રાજ ઠાકરેએ કરી લોકલ ટ્રેનમાં મુસાફરી

રાજ ઠાકરે, તેમના સમર્થકો અને પક્ષના સાથી બાળા નાંદગાંવકર સાથે દાદર સ્ટેશનથી ટ્રેનમાં ચઢ્યા અને ચર્ચગેટ પહોંચ્યા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં મુંબઈમાં એક સભાને સંબોધતા, રાજ ઠાકરેએ મનસે કાર્યકરોને સ્થળ સુધી પહોંચવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરવાની અપીલ કરી હતી. ■

## પાર્ટી ચોરી કર્યા પછી તેઓ મત પણ ચોરી રહ્યા છેઃ ઉદ્ધવ

મુંબઈઃ આ દેશમાં આપણી નજર સમક્ષ લોકશાહીની હત્યા થઈ રહી છે અને હત્યારાઓ ખુલ્લેઆમ ખુરશી પર બેઠા છે. હું મત ચોરી કરનારાઓને કહું છું કે આજે તમે ફક્ત એક ચિનગારી જોઈ રહ્યા છો, પરંતુ યાદ રાખો કે આ ચિનગારી ક્યારે જંગલમાં આગ બની જશે તે તમને ક્યારેય ખબર નહીં પડે. આ ચિનગારીમાં તમારા હૃદયને આગ લગાડવાની શક્તિ છે, એવા શબ્દોમાં શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પંચને ચેતવણી આપી હતી.

ઉદ્ધવ ઠાકરેએ ફરીથી અમિત શાહને એનાકોન્ડા કહીને તેમની ટીકા કરી હતી. 'શોલે' માંથી એક સંવાદ સંભળાવતા તેમણે 'એનાકોન્ડા' શબ્દનો ઉપયોગ કર્યો હતો.

'પચીસ કોસ દૂર જબ બચ્ચા રોતા હૈ તો મા

(જુઓ પાનું ૪) ▸▸

## આપણી શક્તિ શેરીઓમાંઃ રાજ-ઉદ્ધવનો એકસૂર

મતદાર યાદીમાં ગરબડગોટાળા અને મત ચોરી સામે મનસે પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે પહેલીવાર રસ્તાઓ પર ઉતર્યા હતા. છેલ્લા ઘણા વર્ષોથી મહારાષ્ટ્રના રાજકારણમાં આ ચિત્ર દુર્લભ હતું. જોકે, છેલ્લા ચાર મહિનામાં ઠાકરે ભાઈઓ વચ્ચે નિકટતા વધી ગયા પછી, શનિવારે બંને ભાઈઓ પહેલી વાર એક સાથે આવ્યા હતા, જેણે રાજકીય વર્તુળોનું પણ ધ્યાન ખેંચ્યું હતું.

ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ આ વિશાળ કૂચમાં પગપાળા ભાગ લીધો હતો. તેથી, મહાવિકાસ આઘાડી અને મનસેએ હવે ચૂંટણી પંચ સામે શેરી લડાઈ શરૂ કરી છે. મહાવિકાસ આઘાડી અને મનસે પ્રમુખ રાજ ઠાકરેએ પણ સર્વસંમતિથી માંગ કરી છે કે મતદાર યાદીમાં ગડબડ સુધારવામાં ન આવે ત્યાં સુધી ચૂંટણી ન યોજવી જોઈએ. ■

## ક્યા મતવિસ્તારમાં કેટલા ડુપ્લિકેટ મતદારો છે?

- ★ મુંબઈ ઉત્તર પૂર્વ ૯૨,૯૮૩
- ★ મુંબઈ ઉત્તર મધ્ય ૬૩,૭૪૦
- ★ મુંબઈ દક્ષિણ મધ્ય ૫૦,૫૬૫
- ★ દક્ષિણ મુંબઈ ૫૫,૨૦૫
- ★ નાશિક લોકસભા ૯૯,૬૭૩
- ★ માવળ ૧,૪૫,૬૩૬

## ભાજપનું મુંબઈમાં મૌન વિરોધ પ્રદર્શન

### એમવીએ પર ખોટી વાતો ફેલાવવાનો આરોપ લગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મતદાર યાદીઓમાં કથિત ગેરરીતિઓ સામે મહા વિકાસ આઘાડી (એમવીએ)ના 'સત્યાચા મોરચા'નો સામનો કરવા માટે મહારાષ્ટ્ર ભાજપે શનિવારે 'મૌન વિરોધ' કર્યો, જેમાં એવો દાવો કરવામાં આવ્યો કે વિપક્ષ પાલિકાની ચૂંટણીઓ પહેલા 'ફેક નેરેટિવ ફેલાવવાનો' પ્રયાસ કરી રહ્યો છે.

દક્ષિણ મુંબઈના ગિરગાંવ વિસ્તારમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ મોં પર કાળી પટ્ટી બાંધીને આંદોલન કર્યું હતું.

મહારાષ્ટ્ર ભાજપના પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે જણાવ્યું હતું કે આ વિરોધ પ્રદર્શનનો હેતુ

(જુઓ પાનું ૪) ▸▸

પવઇ બંધક ડ્રામા

# રોહિત આર્યએ ૮૦,૦૦૦ શાળામાંથી ગેરકાયદે ચાર કરોડ રૂપિયા એકઠા કર્યા હતા

મુંબઈઃ પવઇના સ્ટુડિયોમાં ૧૭ બાળકને બંધક બનાવ્યા બાદ પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર થયેલો રોહિત આર્ય સૌપ્રથમ ૨૦૧૩માં ગુજરાતમાં લેટ્સ ચેન્જ પ્રોજેક્ટ સાથે ચર્ચામાં આવ્યો હતો. ત્યાર બાદ તેણે ૨૦૧૪માં રાજ્યના સ્વચ્છતા અભિયાનમાં ભાગ લીધો હતો અને ૨૦૨૨-૨૩માં તેણે એ કન્સેપ્ટ મહારાષ્ટ્રના શિક્ષણ વિભાગ સમક્ષ રજૂ કર્યો હતો અને તેનું રિબ્રેન્ડિંગ સ્વચ્છતા મોનિટર તરીકે કરવામાં આવ્યું હતું.

શાળાના બાળકોમાં સ્વચ્છતા વિશે જાગૃતિ લાવવા (ખાસ કરી મોટી વયના લોકોને જાગૃત કરીને) માટેનો આ કન્સેપ્ટ અગાઉની એકનાથ શિંદેની આગેવાની હેઠળની સરકારના મુખ્યમંત્રી માઝી શાળા, સુંદર શાળા અભિયાન હેઠળ

(જુઓ પાનું ૪) ▸▸

## આર્યએ શાળા પાસેથી કેવી રીતે ભંડોળ એકઠું કર્યું?

શિક્ષણ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે આર્યએ ટેકાના દસ્તાવેજો વિના જાહેરાત, સંચાલન અને ટેક્નિકલ સપોર્ટ માટેના ખર્ચ દર્શાવતો બજેટ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જ્યારે આ પ્રસ્તાવ વિચારણા હેઠળ હતો, ત્યારે એજ્યુકેશન કમિશનર કાર્યાલયને કેટલીક શાળાઓ તરફથી ફરિયાદ મળી હતી કે સ્વચ્છતા મોનિટર ૨૦૨૪-૨૫માં ભાગ લેવા માટે આર્ય દ્વારા રજિસ્ટ્રેશન ફી તરીકે ૪૯૯ રૂપિયા વસૂલવામાં આવ્યા.

ફરિયાદોની તપાસ કરતી વખતે અમારા ધ્યાનમાં આવ્યું હતું કે કુલ ૧.૧૦ લાખ

(જુઓ પાનું ૪) ▸▸

## આર્યને ન મળેલા બે કરોડ રૂપિયા ગયા ક્યાં?

શિક્ષણ વિભાગે પ્રોજેક્ટના બે કરોડ રૂપિયા ન આપ્યા તેથી ૧૭ બાળકને બંધક બનાવનારા રોહિત આર્યનું એન્કાઉન્ટરમાં મોત થયા બાદ હવે સરકારે આર્યના પ્રોજેક્ટ માટે બે કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા તે ક્યાં ગયા એવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. શિક્ષણ વિભાગે મુખ્યમંત્રી સ્વચ્છ શાળા, સુંદર શાળા અભિયાનમાં સ્વચ્છતા મોનિટર ઉપક્રમ માટે બે કરોડની જોગવાઇ કરી. આવા કિસ્સામાં સંસ્થા પાસેથી સ્વરુચિ પત્ર મગાવવાનું અપેક્ષિત હોય છે, જોકે આવી કોઇ પ્રક્રિયા

(જુઓ પાનું ૪) ▸▸

## રોહિત આર્યના અંતિમસંસ્કાર પુણેમાં કરવામાં આવ્યા

પુણેઃ પવઇના સ્ટુડિયોમાં પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા રોહિત આર્યના અંતિમસંસ્કાર પુણેમાં શનિવારે વહેલી સવારે કરવામાં આવ્યા હતા.

પચાસ વર્ષના આર્યએ ૧૦થી ૧૨ વર્ષની વયના ૧૭ બાળકો સહિત ૧૯ જણને સ્ટુડિયોમાં બંધક બનાવ્યા હતા અને ત્રણ કલાક ચાલેલા બંધક ડ્રામા બાદ પોલીસે તમામ બાળકોને છોડાવ્યા હતા, જ્યારે આર્ય માર્યો ગયો હતો.

આર્યના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે. જે. હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો

(જુઓ પાનું ૪) ▸▸

# આજે રાતથી એલ્ફિન્સ્ટન બ્રિજનો રેલવેનો ભાગ તોડી પાડવાનું શરૂ કરાશે

મુંબઈઃ મહારાષ્ટ્ર રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન એમઆરઆઇડીસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર બ્રિટીશ યુગના એલ્ફિન્સ્ટન બ્રિજના રેલવે ભાગનું તોડી પાડવાનું કામ રવિવાર રાતથી શરૂ થવાનું છે અને જાન્યુઆરી સુધીમાં આ કામ પૂર્ણ થવાની શકયતા છે.

૧૧૨ વર્ષ જૂના આ પુલને ૧૨ સપ્ટેમ્બરના રોજ વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો, ત્યારબાદ છેલ્લા સાત અઠવાડિયામાં તેના એપ્રોચ રોડ તોડી પાડવામાં આવ્યા હતા. હવે રેલવે ટ્રેકની ઉપરથી પસાર થતો ૧૩૨ મીટરનો રસ્તો તોડવાનો બાકી છે.

આ રવિવારે અમે સક્રિય રેલવે લાઇનોની ઉપર રહેલા પુલના તોડી પાડવાનું કામ શરૂ કરવા માટે માણસો અને મશીનરીને એકત્ર કરીશું, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મધ્ય મુંબઈમાં ભીડભાડવાળા પરેલ અને પ્રભાદેવી વિસ્તારોને જોડતો આ પુલ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી એમએમઆરડીએ દ્વારા બનાવવામાં આવી રહેલા મુખ્ય પૂર્વ-પશ્ચિમ કનેક્ટર, શિવરી-વરલી એલિવેટેડ કોરિડોર માટે રસ્તો બનાવવા માટે તોડી પાડવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્ર સરકાર અને રેલવે મંત્રાલય વચ્ચેનું સંયુક્ત સાહસ, એમઆરઆઇડીસી, રેલવે લાઇનો પરથી પસાર થતા ભાગને તોડી પાડવા અને ફરીથી બનાવવા માટે જવાબદાર છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સપ્તાહના અંતે તોડી પાડવામાં આવેલા એપ્રોચ રોડ પરથી કાટમાળ સાફ થયા પછી આ કામ શરૂ થશે. બે ૮૦૦-મેટ્રિક-ટન ક્રેન સ્થળ પર પહોંચી શકે અને લોખંડના ગર્ડર દૂર કરવાનું શરૂ કરી શકે તે માટે સ્થળને સાફ કરવાની જરૂર છે.

મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવે તરફથી પાટાઓ પરથી પસાર થતા પુલના ભાગને તોડી પાડવા માટે કોર્પોરેશનને મંજૂરી મળી ગઈ છે. ■

# કૃષિ લોન માફીથી રાજ્ય સરકાર પર પડશે ₹ ૨૫ હજાર કરોડનો બોજો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારની સૂચિત કૃષિ લોન માફી પર આગામી વર્ષે ૩૦ જૂન સુધીમાં અમલમાં મૂકવાની છે, જેના કારણે રાજ્યની તિજોરીને ૨૫ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ થવાની સંભાવના હોવાનું સહકાર અને નાણાં વિભાગના અધિકારીઓએ જણાવ્યું છે.

૨૦૧૭ અને ૨૦૧૯માં અનુગામી રાજ્ય સરકારો દ્વારા જાહેર કરવામાં આવેલી અગાઉની બે માફી પર અનુક્રમે ₹૧૮ હજાર ૭૬૨ કરોડ અને ₹૨૦ હજાર ૪૯૭ કરોડનો ખર્ચ થયો હતો.

અધિકારીઓનો અંદાજ છે કે જો રાહતનો વિસ્તાર કરવામાં આવે તો આ વખતે નાણાકીય બોજ ₹૨૫ હજાર કરોડને વટાવી જશે. પ્રથમ બે લોન માફીમાં ખેડૂત દીઠ મર્યાદા અનુક્રમે ૧.૫ લાખ કરોડ રૂપિયા અને બે લાખ કરોડ રૂપિયા હતી. જો સરકાર નિયમિતપણે ચૂકવણી કરતા ખેડૂતોને કટ-ઓફ રકમ અને પ્રોત્સાહન વધારવાનો નિર્ણય લેશે તો કુલ બોજ વધી જશે જણાવી એમ સહકાર વિભાગના એક અધિકારીએ ઉમેર્યું હતું કે ખેડૂત નેતાઓએ પાક લોન ઉપરાંત અન્ય કૃષિ લોનને પણ સામેલ કરવાની માગ કરી છે. જો આ માંગ સ્વીકારવામાં આવશે તો બોજમાં વધારો થશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે બચ્ચુ કડુ અને રાજુ શેટ્ટી સહિતના ખેડૂત નેતાઓ સાથે બેઠક કર્યા બાદ ૩૦ જૂન, ૨૦૨૬ સુધીમાં લોન માફી અંગે નિર્ણય લેવાનું વચન આપ્યું હતું. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને મહાયુતિ ગઠબંધનમાં તેના સાથી પક્ષોએ ગયા વર્ષે તેમના ચૂંટણી ઢંઢેરામાં લોન માફીનો સમાવેશ કર્યો હતો. ■

# હર્બલ, તમાકુ-મુક્ત હુક્કા પીરસવા પર પ્રતિબંધ નથીઃ હાઇ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે તાજેતરમાં ચુકાદો આપ્યો હતો કે રેસ્ટોરાંને તમાકુ કે નિકોટિન ન હોય તેવા હુક્કા પીરસવાની પરવાનગી છે. આ વર્ષની શરૂઆતમાં કેટલાક રેસ્ટોરન્ટ માલિકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણીમાં જેમાં હર્બલ હુક્કા પીરસવા છતાં સતત પોલીસ દરોડા અને તેમના લાઇસન્સ રદ કરવાની ધમકીઓથી રાહત મેળવવાની માગ કરવામાં આવી હતી.

જ્યાં સુધી અરજદારો તમાકુ અને અન્ય ઉત્પાદનો અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈઓનું પાલન કરે છે અને હુક્કા પાર્લરમાં કોઈપણ પ્રતિબંધિત પદાર્થ પીરસતા નથી, ત્યાં સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરી શકાતી નથી, એમ કોર્ટે કહ્યું હતું.

જસ્ટિસ આરઆઈ ચાગલા અને ફરહાન દુબાશની ડિવિઝન બેન્ચે ૧૪ ઓક્ટોબરના રોજ સુનાવણી દરમિયાન ભાર મૂક્યો હતો કે કાયદામાં એક કલમ 'હુક્કા બાર' ને (જુઓ પાનું ૪) ▸▸

# પૂરગ્રસ્ત ખેડૂતોના પરિવારમાં લગ્નનો ખર્ચ આપવાની શિંદેની જાહેરાત

થાણેઃ રાજ્યમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે અને સોયાબીન, મકાઈ, કપાસ, ડાંગર અને ડુંગળી જેવા પાકને ભારે નુકસાન થયું છે. કેટલાક પાકની લણણી કરવાની છે તો કેટલાકની લણણી થઈ ગઈ હોવાથી વરસાદના કારણે ભીંજાવા લાગી છે, તો ઘણી જગ્યાએ પાકને ફણગો ફૂટ્યો હોવાથી ખેડૂતો નિરાશ થઈ ગયા છે. આ પૃષ્ઠભૂમિમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ખેડૂતોને રાહત આપતી મોટી જાહેરાત કરી છે.

ભગવાન વિઠ્ઠલની ૫૧ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ થાણેના પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોળકર ઉપવનઘાટ ખાતે કરવામાં આવ્યું ત્યારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ભારે વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને રાહત આપતી વખતે મોટી જાહેરાત કરી હતી. આ પ્રસંગે પરિવહન ખાતાના પ્રધાન પ્રતાપ સરનાઈક, સંસદસભ્ય નરેશ મ્હસ્કે, પૂર્વ વિધાન સભ્ય રવિન્દ્ર ફાટક, યુવા સેનાના કાર્યકારી પ્રમુખ પૂર્વેશ સરનાઈક સહિત અનેક મહાનુભાવો અને નાગરિકો હાજર રહ્યા હતા. મહા યુતિ સરકારે વારકરી સમુદાયની યાત્રાને ગ્રાન્ટ, વીમા અને વાહન ટોલ મુક્તિ આપી છે. પંઢરપુરમાં સ્વચ્છતા, પાણી, મોબાઈલની સુવિધા, શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. ભારે વરસાદને કારણે જે ખેડૂતોને નુકસાન થાય છે તેમને તો સરકાર મદદ કરશે જ, પરંતુ જેમના લગ્ન નક્કી થઈ ગયા છે એમના લગ્ન પૈસાના અભાવે નહીં થાય એવું નહીં બને. ■

# થાણેમાં ૧૩૨ ઈમારતની નીચેથી દોડશે મેટ્રો

## ૨૯ કિ.મી. લાંબો અને ૨૨ સ્ટેશનોઃ સરકાર તરફથી પ્રોજેક્ટને લીલીઝંડીઃ ₹ ૧૨૦૦૦ કરોડના ખર્ચને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે શહેરમાં ઝડપી મુસાફરી માટે રિંગ રોડની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, સરકારે થાણે રિંગ મેટ્રો પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. હવે આ પ્રોજેક્ટ અંગે એક મોટી અપડેટ સામે આવી છે.

લાંબી રાહ જોયા પછી લાખો થાણેકરોને થોડી રાહત મળી છે. વર્ષોથી અટકેલો થાણે રિંગ મેટ્રો પ્રોજેક્ટ હવે વાસ્તવિકતા બનવાના માર્ગે છે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું બાંધકામ નવેમ્બરમાં સત્તાવાર રીતે શરૂ થવાની અપેક્ષા છે. આ મેટ્રો પ્રોજેક્ટ મુસાફરીને ઝડપી અને વધુ અનુકૂળ બનાવશે જ, પરંતુ શહેરની સૌથી મોટી ટ્રાફિક જેમની સમસ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો કરશે.

થાણેમાં રિંગ મેટ્રોનું કામ નવેમ્બરમાં શરૂ થવાનું છે. થાણે રેલવે સ્ટેશન અને ન્યુ થાણે રેલવે સ્ટેશન વચ્ચે લગભગ દોઢ કિલોમીટર સુધી મેટ્રો ભૂગર્ભમાં રહેશે. આ મેટ્રો આ વિસ્તારની ૧૩૨ ઇમારતોની નીચેથી પસાર થશે. મહામેટ્રોએ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી આ ઇમારતોના પાયાની ઊંડાઈ વિશે માહિતી માગી છે.

**૧૨,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચઃ** થાણે રીંગ મેટ્રો પ્રોજેક્ટ મહારાષ્ટ્ર મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (મહા મેટ્રો) દ્વારા અમલમાં મૂકવામાં આવશે. ૧૨,૨૦૦ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે બનેલી આ નવી મેટ્રો લાઇન ૨૯ કિલોમીટર લાંબી હશે. આ મેટ્રો મુસાફરોનો સમય બચાવશે અને શહેરના મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકની ભીડ ઘટાડશે. કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૨૪માં આ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી હતી.

**૨૯ કિલોમીટરનો મેટ્રો રૂટ કેવો હશે?:** થાણે રીંગ મેટ્રો પ્રોજેક્ટ ૨૯ કિલોમીટર લાંબો છે. આ રીંગ મેટ્રો પ્રોજેક્ટનો ૨૬ કિલોમીટર એલિવેટેડ અને ૩ કિલોમીટર ભૂગર્ભમાં હશે. આ રૂટ પર ૨૨ સ્ટેશન હશે. તેમાંથી બે ભૂગર્ભમાં હશે. આમાંથી એક સ્ટેશન સીધું થાણે રેલવે સ્ટેશન સાથે જોડાયેલું હશે. એક અંદાજ મુજબ આ મેટ્રો દ્વારા દરરોજ અંદાજે ૭,૬૧,૦૦૦ મુસાફરો મુસાફરી કરશે.

**થાણે રિંગ મેટ્રો લાઇન પરના મુખ્ય સ્ટેશનોઃ** રાયલા દેવી, વાગળે સર્કલ, લોકમાન્ય નગર બસ ડેપો, શિવાજીનગર, નીલકંઠ ટર્મિનલ, ગાંધીનગર, ડો. કાશીનાથ ઘાણેકર થિયેટર, માનપાડા, ડોંગરીપાડા, વિજયનગરી, વાઘબીળ, પાટલીપાડા, આઝાદ નગર, મનોરમા નગર, કોલશેત ઇન્ડસ્ટ્રીયલ એરિયા, બાલકુમ નાકા, બાલકુમ પાડા, રાબોડી, શિવાજી ચોક, થાણે જંકશન અને નવીન થાણે. ■

# આજે મધ્ય અને પશ્ચિમ રેલવેમાં બ્લોક

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનમાં દરરોજ કરોડો પ્રવાસીઓ પ્રવાસ કરે છે. દર રવિવારની જેમ આ રવિવારે પણ સિગ્નલ મેઈન્ટેનન્સ અને ટ્રેક મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના કામ માટે મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. જેને કારણે ટ્રેનોના ધાંધિયા રહેશે.

મધ્ય રેલવેના અધિકારીના જણાવ્યા અનુસાર મધ્ય રેલવે પર રવિવારે સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક રહેશે. આ સમયે સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે લોકલ ટ્રેનો અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન લોકલ ટ્રેનો કુર્લા,

(જુઓ પાનું ૪) ▸▸

# શિવસેના ઠાકરેના પક્ષ તરીકે અને એનસીપી શરદ પવારના પક્ષ તરીકે ઓળખાય છેઃ ભાજપના પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના અને એનસીપી જૂથો વચ્ચે ચાલી રહેલા મૂળ પક્ષની માલિકીના સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા વિવાદ વચ્ચે, મહારાષ્ટ્રના ભાજપના પ્રધાન ચંદ્રકાંત પાટીલે અત્યંત ચોંકાવનારું નિવેદન કરતાં કહ્યું છે કે શિવસેના ઉદ્ધવ ઠાકરેના પક્ષ તરીકે ઓળખાય છે, એવી જ રીતે એનસીપી તેના સ્થાપક શરદ પવારના નામથી જ ઓળખાય છે.

તેમની આ ટિપ્પણીઓ શાસક મહાયુતિ ગઠબંધનને માટે શરમજનક સ્થિતિ નિર્માણ કરી શકે છે.

વાસ્તવમાં શુક્રવારે સાંગલીમાં એક જાહેર કાર્યક્રમમાં તેઓ પક્ષના કાર્યકર્તાઓને એ સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા કે ભાજપ કાર્યકર્તાઓના પક્ષ તરીકેની ઓળખ ધરાવે છે, જ્યારે રાજ્યના બાકીના પક્ષો જેમ કે શિવસેના અને એનસીપી તેના સ્થાપક નેતાઓના નામે ઓળખાય છે.

ભાજપમાં કાર્યકર્તાઓના મહત્ત્વને સમજાવવાના પ્રયાસમાં તેઓથી એવું નિવેદન થઈ ગયું હતું જેનાથી સ્થિતિ બગડી શકે છે. ભાજપ હાલમાં રાજ્યમાં મહાયુતિના ભાગ રૂપે એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ

(જુઓ પાનું ૪) ▸▸

# નવી મુંબઈમાં આજે નવું વર્લ્ડ ચૅમ્પિયન તો ભારત જઃ હરમનની ફોજ ફેવરિટ

## ▸ લૉરા વૉલ્વાર્ટની ટીમ પણ લડાયક છેઃ બપોરે ૨.૩૦ વાગ્યે ટૉસ અને ૩.૦૦ વાગ્યે ઐતિહાસિક જંગ શરૂ




નવી મુંબઈમાં ગઈ કાલે વર્લ્ડ કપની ટ્રોફી સાથે બન્ને ટીમની કૅપ્ટન હરમનપ્રીત કૌર અને લૉરા વૉલ્વાર્ટ. (પીટીઆઇ)

નવી મુંબઈઃ લૉર્ડ્સે ૧૯૮૩માં ભારતના રૂપમાં મેન્સ વન-ડે ક્રિકેટને નવું વિશ્વ વિજેતા આપ્યું એમ આજે નવી મુંબઈ વિમેન્સ ક્રિકેટને વન-ડેમાં ભારતના રૂપમાં નવું વર્લ્ડ ચૅમ્પિયન આપી શકે. વરસાદ પરેશાન નહીં કરે તો ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે આજે (બપોરે ૨.૩૦ વાગ્યે ટૉસ અને ૩.૦૦ વાગ્યે મૅચનો આરંભ) સમયસર મુકાબલો શરૂ થશે અને એ સાથે મહિલા ક્રિકેટના આ ઐતિહાસિક ફિનાલેમાં જોરદાર રસાકસીનો આરંભ થશે. આ પહેલો મહિલા વન-ડે વર્લ્ડ કપ છે જેની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ નથી. આજે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ૩૦,૦૦૦-પ્લસ ક્રાઉડ વચ્ચે જે ટીમ જીતશે એ સાથે મહિલા જગતને નવું વર્લ્ડ ચૅમ્પિયન મળશે.

હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતીય ટીમ આજે ફાઇનલ જીતવા માટે ફેવરિટ છે. લૉરા વૉલ્વાર્ટની કૅપ્ટન્સીમાં સાઉથ આફ્રિકાએ લીગ રાઉન્ડમાં સતત પાંચ મુકાબલા જીતી લીધા હતા અને સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડની મજબૂત ટીમને હરાવી હતી. જોકે ભારતે લીગ તબક્કામાં હારની હૅટ-ટ્રિક જોયા પછી જે કમબૅક કરીને નૉકઆઉટમાં (સેમિ ફાઇનલમાં) એન્ટ્રી કરી એ લાજવાબ હતી અને પછી તો ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાને સેમિમાં પછાડીને ભારતીય ટીમે ફાઇનલમાં ધમાકેદાર એન્ટ્રી કરી.

આ વર્ષે પુરુષોની વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ટેમ્બા બવુમાના નેતૃત્વમાં સાઉથ આફ્રિકાની ટીમે ચૅમ્પિયનપદ મેળવીને પોતાના દેશ માટે નવો ઇતિહાસ સર્જ્યો હતો. હવે મહિલાઓમાં લૉરા વૉલ્વાર્ટની કૅપ્ટન્સીમાં મહિલા ટીમ તેમના દેશ માટે નવો ઇતિહાસ રચી શકે. જોકે એની સંભાવના ઓછી છે, કારણકે હરમનપ્રીતના સુકાનમાં ભારતીય ટીમે પૉઇન્ટ્સ-ટેબલમાં જે રીતે કમબૅક કર્યું અને ન્યૂ ઝીલૅન્ડને લીગ રાઉન્ડમાં તેમ જ વર્લ્ડ નંબર-વન ઑસ્ટ્રેલિયાને હરાવ્યું એ જોતાં રવિવારની ફાઇનલ જીતવા માટે સાઉથ આફ્રિકા કરતાં ભારત વધુ ફેવરિટ છે.

સાઉથ આફ્રિકાની બોલર્સ હવે તો સ્મૃતિ મંધાના અને હરમનપ્રીત કૌર કરતાં સેમિ ફાઇનલની સુપરસ્ટાર જેમિમા રૉડ્રિગ્સને લક્ષ્યાંક બનાવવા વધુ સારી યોજના તૈયાર કરી હશે.

### હેડ-ટુ-હેડમાં કોણ આગળ

બન્ને દેશ વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૩૪ વન-ડે રમાઈ છે જેમાંથી ૨૦ ભારતે અને ૧૩ સાઉથ આફ્રિકાએ જીતી છે. બાકીની એક મૅચ અનિર્ણીત રહી હતી. ૬૦ ટકા મૅચ ભારત જીત્યું અને રવિવારની ફાઇનલમાં પણ સાઉથ આફ્રિકાના વિજયની ૪૦ ટકા શક્યતા સામે ભારતની જીતની સંભાવના ૬૦ ટકા કહી શકાય.

### બન્ને દેશની સંભવિત ટીમ

**ભારતઃ** હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), શેફાલી વર્મા, જેમિમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), અમનજોત કૌર, રાધા યાદવ/સ્નેહ રાણા, ક્રાંતિ ગૌડ, શ્રી ચરની અને રેણુકા સિંહ ઠાકુર.

**સાઉથ આફ્રિકાઃ** લૉરા વૉલ્વાર્ટ (કૅપ્ટન), તેઝમિન બ્રિટ્સ, ઍનેક બૉશ્ચ/મસાબાતા ક્લાસ, સુન લુસ, મૅરિઝેન કૅપ, સિનાલો જફ્તા (વિકેટકીપર), ઍનરી ડર્કસેન, ક્લો ટ્રાયૉન, નેડિન ડિ ક્લર્ક, ઑયોબૉન્ગા ખાકા, નૉનકુલુલેકો ઍમ્લાબા.


### વરસાદનું વિઘ્ન નડે તો શું?

નવી મુંબઈઃ છેલ્લાં કેટલાક દિવસથી મુંબઈ અને નવી મુંબઈમાં સાંજના સમયે વરસાદના ઝાપટાં પડે છે એ જોતા ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે રમાનારી ફાઇનલમાં જો મેઘરાજાનું વિઘ્ન નડશે તો કઈ રીતે વિનર નક્કી થશે?

આગાહી અનુસાર બીજી નવેમ્બરના વરસાદ પડવાની શક્યતા ૬૩ ટકા જેટલી છે. એમાં પણ સાંજે ચાર વાગ્યાથી લઈને સાત વાગ્યા સુધી વરસાદ પડવાની શક્યતા ૫૦ ટકાથી પણ વધારે છે. જો આજે વરસાદ પડે અને ફાઈનલ રદ થાય તો કઈ ટીમને ચેમ્પિયન જાહેર કરવામાં આવશે? તમારા આ સવાલનો જવાબ એવો છે કે જો બીજી નવેમ્બરના મેચ રદ થશે તો રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે. પરિણામે ત્રીજી નવેમ્બરના મેચ રમાશે. જો રિઝર્વ ડે પર પણ વરસાદને કારણે મેચ નહીં રમી શકાય તો લીગમાં સૌથી વધુ પોઈન્ટ ધરાવતી ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે. આવી સ્થિતિમાં વર્લ્ડ ચેમ્પિયન બનવાનું ભારતનું સપનું તૂટી જશે. દક્ષિણ આફ્રિકાએ લીગમાં સાતમાંથી પાંચ મેચ જિતીને ૧૦ પોઈન્ટ હાંસલ કર્યા છે, જ્યારે ભારતીય ટીમે સાતમાંથી ત્રણ મેચ જિતી છે અને ભારતીય ટીમ પાસે સાત જ પોઈન્ટ છે. સોમવારે પણ વરસાદ પડવાની શક્યતા ૫૦ ટકા જેટલી છે એટલે અમ્પાયરો રવિવારના જ મેચ પૂરી રમાય એવું ઈચ્છશે. પછી ભલેને ઓછી ઓવરની મેચ કેમ ના રમાય. ■

# ભારતના પુરુષોનો પ્રથમ વર્લ્ડ કપ ૧૯૮૩માંઃ હવે ૪૨ વર્ષે મહિલાઓ ઇતિહાસ સર્જશે?

## ▸ આજે વિમેન્સ વર્લ્ડ કપમાં બપોરે ૩.૦૦ વાગ્યાથી ભારત-સાઉથ આફ્રિકા વચ્ચે ટક્કર





૧૯૮૩માં કપિલ દેવ અને તેમની ટીમે લૉર્ડ્સમાં અપ્રતિમ સિદ્ધિ મેળવી એવી ઉપલબ્ધિ નવી મુંબઈમાં મેળવવા ભારતની મહિલા ખેલાડીઓ ઉત્સુક છે.

નવી મુંબઈઃ ૧૯૮૩માં કપિલ દેવના સુકાનમાં ભારતીય ટીમે પહેલી વાર વર્લ્ડ કપની ટ્રોફી પર કબજો જમાવ્યો હતો અને એ વિરલ સિદ્ધિને ૪૨ વર્ષ થઈ ગયાં બાદ હવે હરમનપ્રીત કૌર અને તેની સાથીઓ ભારતની મહિલા ક્રિકેટને રવિવારે વિશ્વ કપની પહેલી ટ્રોફી અપાવશે એવી ૧૪૦ કરોડ લોકોની અપેક્ષા છે.

ભારતની મહિલા ક્રિકેટરો ક્યારેય કોઈ વર્લ્ડ કપ ટ્રોફી નથી જીતી. પુરુષોમાં ભારતે ૧૯૮૩ના વન-ડે વર્લ્ડ કપ બાદ ૨૦૦૭માં ટી-૨૦નો વિશ્વ કપ, ૨૦૧૧માં વધુ એક વન-ડેનો વર્લ્ડ કપ અને ૨૦૨૪માં ફરી એક વાર ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો. એમ કુલ મળીને ચાર વર્લ્ડ કપ જીતી લીધા હતા. પુરુષ ક્રિકેટરોએ ચાર-ચાર વર્લ્ડ કપ ટ્રોફીથી બીસીસીઆઇના શૉ-કેસને શોભાવ્યો છે અને હવે મહિલાઓનો વારો છે. ભારતીય મહિલાઓ પુરુષોની તુલનામાં એક પણ વિશ્વ કપ નથી જીતી એટલે રવિવારે જીતીને ભારતીય ક્રિકેટમાં નવો અધ્યાય શરૂ કરી શકે છે.

### ફાઇનલમાં કેવી રીતે પહોંચ્યા

#### ભારત

(૧) ભારતનો શ્રીલંકા સામે લીગમાં ૫૯ રનથી વિજય, દીપ્તિ શર્મા પ્લેયર ઑફ ધ મૅચ

(૨) ભારતનો પાકિસ્તાન સામે લીગમાં ૮૮ રનથી વિજય, ક્રાંતિ ગૌડ પ્લેયર ઑફ ધ મૅચ

(૩) ભારતનો સાઉથ આફ્રિકા સામે લીગમાં ત્રણ વિકેટે પરાજય, નેડિન ડિ ક્લર્ક પ્લેયર ઑફ ધ મૅચ

(૪) ભારતનો ઑસ્ટ્રેલિયા સામે લીગમાં ત્રણ વિકેટે પરાજય, અલીઝા હીલી પ્લેયર ઑફ ધ મૅચ

(૫) ભારતનો ઇંગ્લૅન્ડ સામે લીગમાં ચાર રનથી પરાજય, હીધર નાઇટ પ્લેયર ઑફ ધ મૅચ

(૬) ભારતનો ન્યૂ ઝીલૅન્ડ સામે લીગમાં ૫૩ રનથી વિજય, સ્મૃતિ મંધાના પ્લેયર ઑફ ધ મૅચ

(૭) ભારત અને બાંગ્લાદેશની લીગ મૅચ અનિર્ણીત

(૮) ભારતનો સેમિ ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા સામે પાંચ વિકેટે વિજય, જેમિમા રૉડ્રિગ્સ પ્લેયર ઑફ ધ મૅચ

#### સાઉથ આફ્રિકા

(૧) સાઉથ આફ્રિકાનો ઇંગ્લૅન્ડ સામે લીગમાં ૧૦ વિકેટે પરાજય, લિન્સી સ્મિથ પ્લેયર ઑફ ધ મૅચ

(૨) સાઉથ આફ્રિકાનો ન્યૂ ઝીલૅન્ડ સામે લીગમાં છ વિકેટે વિજય, તેઝમિન બ્રિટ્સ પ્લેયર ઑફ ધ મૅચ

(૩) સાઉથ આફ્રિકાનો ભારત સામે લીગમાં ત્રણ વિકેટે વિજય, નેડિન ડિ ક્લર્ક પ્લેયર ઑફ ધ મૅચ

(૪) સાઉથ આફ્રિકાનો બાંગ્લાદેશ સામે લીગમાં ત્રણ વિકેટે વિજય, ક્લો ટ્રાયૉન પ્લેયર ઑફ ધ મૅચ

(૫) સાઉથ આફ્રિકાનો શ્રીલંકા સામે લીગમાં ૧૦ વિકેટે વિજય, લૉરા વૉલ્વાર્ટ પ્લેયર ઑફ ધ મૅચ

(૬) સાઉથ આફ્રિકાનો પાકિસ્તાન સામે લીગમાં ૧૫૦ રનથી વિજય, મૅરિઝેન કૅપ પ્લેયર ઑફ ધ મૅચ

(૭) સાઉથ આફ્રિકાનો ઑસ્ટ્રેલિયા સામે લીગમાં સાત વિકેટે પરાજય, અલાના કિંગ પ્લેયર ઑફ ધ મૅચ

(૮) સાઉથ આફ્રિકાનો ઇંગ્લૅન્ડ સામે સેમિ ફાઇનલમાં ૧૨૫ રનથી વિજય, લૉરા વૉલ્વાર્ટ પ્લેયર ઑફ ધ મૅચ

### શું તમે આ જાણો છો

★ મહિલાઓનો વન-ડે ફૉર્મેટમાં પહેલો વિશ્વ કપ ૧૯૭૩માં રમાયો હતો. એ સ્પર્ધા ઇંગ્લૅન્ડમાં રમાઈ હતી અને ઑસ્ટ્રેલિયાને પાછળ રાખીને ઇંગ્લૅન્ડની ટીમ સૌપ્રથમ વર્લ્ડ કપની ચૅમ્પિયન બની હતી. રૅચલ ફ્લિન્ટ ત્યારે ઇંગ્લૅન્ડનાં કૅપ્ટન હતાં. ૨૦૧૭માં ૭૭ વર્ષની ઉંમરે તેમનું નિધન થયું હતું.

★ ૧૯૭૩ના પ્રથમ વર્લ્ડ કપમાં ફાઇનલ નહોતી રમાઈ! ત્યારે ઇંગ્લૅન્ડે (૨૦ પૉઇન્ટ) ઑસ્ટ્રેલિયા (૧૭ પૉઇન્ટ)ને પૉઇન્ટ્સ-ટેબલમાં ટોચના બે સ્થાને ચડિયાતી સ્થિતિને પગલે માત્ર પૉઇન્ટને આધારે પાછળ રાખીને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. એ સ્પર્ધામાં જમૈકા અને ટ્રિનિદાદની ટીમ રમી હતી, પણ ભારતની ટીમ નહોતી રમી. ભારતે ૧૯૭૮ના બીજા વર્લ્ડ કપથી રમવાનું શરૂ કર્યું હતું.

★ પહેલી જ વખત મહિલાઓની વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ નથી. ૧૨ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટની ફાઇનલમાં આ બેમાંથી એક દેશની ટીમ હંમેશાં રમી છે. જોકે આ વખતે ભારત અને સાઉથ આફ્રિકાએ આ બે દેશનું સામ્રાજ્ય તોડી નાખ્યું છે.

★ અત્યાર સુધીમાં જે ૧૨ વર્લ્ડ કપ રમાયા છે એમાં સાત વખત ઑસ્ટ્રેલિયા, ચાર વખત ઇંગ્લૅન્ડ અને એક વખત ન્યૂ ઝીલૅન્ડ ચૅમ્પિયન બન્યું છે.

★ ભારત બે વખત ફાઇનલમાં આવીને હારી ગયું હતું એટલે આ વખતે થર્ડ ટાઇમ લકી? એવું કહી શકાય.

★ ખરેખર તો આ ૧૩મો વર્લ્ડ કપ છે અને ૧૩ નંબર સામાન્ય રીતે અપશુકનિયાળ મનાય છે, પરંતુ ભારતીય મહિલા ટીમ એ માન્યતાને ખોટી પાડીને ‘૧૩ ઇઝ લકી’ એવું સાબિત કરી શકે છે.

★ સાઉથ આફ્રિકા અગાઉ ક્યારેય ફાઇનલમાં નહોતું પહોંચ્યું.

★ ભારતની મહિલાઓને પહેલી જ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનવાની તક છે તો સાઉથ આફ્રિકાને આ વખતે પહેલી જ વાર ફાઇનલમાં પહોંચીને ચૅમ્પિયન બનીને નવો ઇતિહાસ સર્જવાનો એને મોકો છે.

★ સાઉથ આફ્રિકાની કૅપ્ટન લૉરા વૉલ્વાર્ટથી ભારતે ખાસ ચેતવું પડશે, કારણકે તે આ ટૂર્નામેન્ટમાં બે પ્લેયર ઑફ ધ મૅચ પુરસ્કાર જીતી ચૂકી છે.

★ રવિવારની ફાઇનલ માટે રિઝર્વ-ડે રાખવામાં આવ્યો છે. જો રવિવારે મૅચ વરસાદ યા અન્ય કોઈ કારણસર અધૂરી રહેશે તો જ્યાં અટકી હશે ત્યાંથી બીજા દિવસે (સોમવારે) શરૂ થશે.

★ આ વખતના વર્લ્ડ કપમાં ભારતીય ટીમ લીગ રાઉન્ડમાં લાગલગાટ ત્રણ મૅચ હારી હતી, જ્યારે સાઉથ આફ્રિકાની ટીમ સતત પાંચ મૅચ જીતી હતી.

★ લીગ રાઉન્ડને અંતે પૉઇન્ટ્સ-ટેબલમાં સાઉથ આફ્રિકા ૧૦ પૉઇન્ટ સાથે ત્રીજા સ્થાને અને ભારત સાત પૉઇન્ટ સાથે ચોથા નંબરે હતું. ■

# ભારતીય મહિલા ટીમ આજે વર્લ્ડ કપ જીતશે તો બીસીસીઆઇ કેટલા કરોડ રૂપિયાનું તોતિંગ ઇનામ આપશે, જાણો છો?

નવી દિલ્હીઃ ભારતની મહિલા ક્રિકેટરો નવો ઇતિહાસ સર્જી શકે એને ગણતરીના કલાકો બાકી રહ્યા છે અને જો તેઓ ભારતીય મહિલા ક્રિકેટમાં વિજેતાપદનું એ નવું પ્રકરણ શરૂ કરશે તો બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) તેમના પર કરોડો રૂપિયાના ઇનામની વર્ષા કરશે.

નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં આજે (બપોરે ૩.૦૦ વાગ્યાથી) ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે વન-ડે વર્લ્ડ કપની ફાઇનલ રમાવાની છે. ભારતીય મહિલાઓ ક્યારેય કોઈ વર્લ્ડ કપ નથી જીતી, પણ આ વખતે તેમને સુવર્ણ તક છે.







ડી. વાય. પાટીલ સ્ટેડિયમના ગ્રાઉન્ડમાં ગઈ કાલે સાઉથ આફ્રિકાની સુકાની લૉરા વૉલ્વાર્ટે પ્રૅક્ટિસ દરમ્યાન થોડી ક્ષણો બાજુમાં ઊભા રહીને હેર ઠીક કર્યા હતા. બીજી તરફ, સેમિ ફાઇનલની સુપરસ્ટાર જેમિમા રૉડ્રિગ્સ પાવરફુલ બૅટ સાથે પ્રૅક્ટિસ કરતી જોવા મળી હતી. જેમિમા તેમ જ બીજી સાથી ખેલાડીઓએ ડૉગી સાથે રમીને ફાઇનલના પ્રેશર વચ્ચે મન થોડું હળવું કરી લીધું હતું.

### બીસીસીઆઇની ‘સમાન નીતિ’

હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ભારતીય ટીમ પર પૈસાનો વરસાદ વરસાવવા બીસીસીઆઇએ બધી તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. એવું મનાય છે કે બીસીસીઆઇના ભૂતપૂર્વ સૅક્રેટરી અને આઇસીસીના ચૅરમૅન જય શાહ ‘સમાન નીતિ’ને અનુસરવાની પરંપરા ક્રિકેટ બોર્ડને આપી ગયા હોવાથી ગયા વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપમાં રોહિત શર્માના સુકાનમાં ચૅમ્પિયન બનેલી ભારતીય ટીમને જેટલી ઇનામીરકમ અપાઈ હતી એટલી જ રકમ આજે વિજેતા થનાર ભારતની મહિલા ટીમને અપાશે.

### પુરુષ ચૅમ્પિયનો જેટલું જ ઇનામ મહિલાઓને

બીસીસીઆઇના એક સૂત્રએ પીટીઆઇને નામ જાહેર ન કરવાની શરતે ગઈ કાલે કહ્યું હતું કે ‘બીસીસીઆઇ પુરુષો અને મહિલાઓ માટે એકસમાન ઇનામની નીતિમાં માને છે. જો ભારતની વિમેન્સ ટીમ રવિવારે ફાઇનલ જીતશે તો તેમને ઇનામ તરીકે મેન્સ ટીમથી એક પૈસો ઓછો નહીં મળે. જોકે તેઓ ફાઇનલ જીતે પહેલાં જ એની જાહેરાત કરવાનું ઉચિત ન લાગ્યું હોવાથી જાહેરાત નથી કરવામાં આવી.’ હરમનપ્રીતના સુકાનમાં રમનારી ટીમ જો આજે વર્લ્ડ ચૅમ્પિયન થશે તો તેમને પણ કદાચ કુલ ૧૨૫ કરોડ રૂપિયાનું જ ઇનામ મળશે.

### રોહિતની ટીમને ૧૨૫ કરોડ રૂપિયા મળેલા

૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ભારતીય મેન્સ ટીમને બીસીસીઆઇ તરફથી કુલ ૧૨૫ કરોડ રૂપિયાનું તોતિંગ ઇનામ આપવામાં આવ્યું હતું. ત્યારે ભારતે ફાઇનલમાં સાઉથ આફ્રિકાને હરાવ્યું હતું અને યોગાનુયોગ, મહિલાઓના વન-ડે વર્લ્ડ કપમાં આજે ભારતીય મહિલા ટીમને પણ સાઉથ આફ્રિકાને હરાવવાનો મોકો છે.

### ઇનામી રકમમાં ૧૦ ગણો વધારો

૨૦૧૭માં (આઠ વર્ષ પહેલાં) ભારતીય મહિલા ટીમ ફાઇનલમાં ઇંગ્લૅન્ડ સામે નવ રનથી હારી ગઈ હતી. ત્યારે રનર-અપ બનેલી ભારતીય ટીમની પ્રત્યેક મહિલા ખેલાડીને બીસીસીઆઇ તરફથી ૫૦ લાખ રૂપિયાનું ઇનામ અપાયું હતું. તુષાર અરોઠે ત્યારે ટીમના કોચ હતા. તેમને તેમ જ તેમના સ્ટાફ મેમ્બર્સને પણ મોટી ઇનામરકમ મળી હતી. જો આજે ભારતીય ટીમ ફાઇનલ જીતશે તો ટીમની દરેક પ્લેયરને ૨૦૧૭ની સરખામણીમાં લગભગ ૧૦ ગણી ઇનામીરકમ મળશે. ■

# એક એશિયા કપ ટ્રોફીનું કોકડું હજી ઉકેલાયું નથી ત્યાં બીજી ગૂંચ પડી શકે, ભારત-પાકિસ્તાન ફરી એક જ ગ્રૂપમાં

દુબઈઃ તાજેતરમાં ટી-૨૦ના એશિયા કપમાં ભારતે પાકિસ્તાનને ફાઇનલમાં હરાવીને ચૅમ્પિયનપદ મેળવી લીધું ત્યાર બાદ ભારતના હકની ટ્રોફીનું કોકડું હજી ઉકેલાયું નથી ત્યાં બીજા ટી-૨૦ એશિયા કપના આયોજનની તૈયારી થઈ રહી છે અને એમાં પણ ભારત-એ તથા પાકિસ્તાન-એ વચ્ચે ૧૬મી નવેમ્બરે ટક્કર થશે.

આ પણ એશિયન સ્પર્ધા હોવાથી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના બૅનર હેઠળ એ રમાશે અને એ સાથે એસીસીના પાકિસ્તાની ચૅરમૅન મોહસિન નકવી ફરી વિવાદમાં આવી શકે. સપ્ટેમ્બરના એશિયા કપમાં ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની પ્લેયર્સ સાથે હાથ મિલાવવાનો ઇનકાર કર્યો ત્યારથી આ ટૂર્નામેન્ટમાં મામલો શરૂ થયો હતો. ૨૮મી સપ્ટેમ્બરે દુબઈમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતીય ટીમ એશિયન ચૅમ્પિયન બની ત્યાર બાદ ભારતીય ટીમે નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી એટલે નફ્ફટ નકવીએ ભારતના હકની ટ્રોફી અને મેડલ ક્યાંક ગુમ કરી દીધાં હતાં.

કતારના દોહામાં આગામી ૧૪-૨૩ નવેમ્બરે ૨૦૨૫ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ક્રિકેટ સ્પર્ધા રમાવાની છે. આ ટૂર્નામેન્ટ અગાઉ ઇમર્જિંગ એશિયા કપ તરીકે ઓળખાતી હતી.

કતારની આ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં કુલ આઠ ટીમ ભાગ લેશે. એમાં ટેસ્ટ ક્રિકેટ રમતા ભારત સહિતના દેશોની ‘એ’ સ્તરની (દ્વિતીય સ્તરની) ટીમ તેમ જ આઇસીસીના સહાયક દેશોની સિનિયર ટીમનો સમાવેશ હશે. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં મૂકવામાં આવ્યા છે. સ્વાભાવિક છે કે આ બે કટ્ટર દેશની મૅચ જેમાં રમાવાની હોય એ સ્પર્ધાની લોકપ્રિયતા આપોઆપ વધી જાય છે અને કરોડો લોકો ટીવી પર એ મૅચ જોતાં હોય છે. ભારત-પાકિસ્તાન મૅચ ૧૬મી નવેમ્બરે રમાશે. એમના ‘બી’ ગ્રૂપમાં યુએઇ અને ઓમાન સામેલ છે. બીજા ગ્રૂપમાં બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને હૉન્ગ કૉન્ગ છે. લીગ રાઉન્ડમાં બન્ને ગ્રૂપમાં ટોચના બે સ્થાને રહેનારી ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે. ■

# રોહન બોપન્નાએ નિવૃત્તિ જાહેર કરી

## ▸ મહાન ટેનિસ ખેલાડી ગયા વર્ષે વર્લ્ડ નંબર-વન બન્યો હતો



બેંગલૂરુઃ ભારતના ટેનિસ ખેલાડી રોહન બોપન્નાએ પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિ જાહેર કરી છે અને એ સાથે તેની બાવીસ વર્ષની શાનદાર કરીઅર પર પડદો પડી ગયો છે. જોકે તે ટેનિસની રમત સાથે સક્રિયપણે જોડાયેલો રહેશે. તેણે મીડિયામાં લખ્યું છે, ‘અ ગુડબાય...બટ નૉટ ધ એન્ડ.’

બોપન્ના ૨૦૨૪માં ડબલ્સમાં વર્લ્ડ નંબર-વન બન્યો હતો. ૪૫ વર્ષનો બોપન્ના ગ્રૅન્ડ સ્લૅમ જીતનાર ભારતના ચારમાંથી એક ખેલાડી છે. ૨૦૨૪ની સાલમાં તે ડબલ્સમાં ૪૩ વર્ષની ઉંમરે વિશ્વનો સૌથી મોટી ઉંમરનો વર્લ્ડ નંબર-વન પ્લેયર બન્યો હતો. મહેશ ભૂપતિ અને લિએન્ડર પેસ પછીના ભારતના શ્રેષ્ઠ પુરુષ ટેનિસ ખેલાડીમાં બોપન્નાનું નામ અચૂક લેવાય છે. તેણે સાથી ખેલાડીઓ, પરિવારજનો જેમાં ખાસ કરીને માતા-પિતાનો તેમ જ બહેન રશ્મિનો અને પત્ની સુપ્રિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

બોપન્નાનો જન્મ માર્ચ, ૧૯૮૦માં બેંગલૂરુમાં થયો હતો. તે ડબલ્સની કરીઅરમાં કુલ ૯૪૮ મૅચ રમ્યો જેમાંથી ૫૩૯ મૅચ જીત્યો અને ૪૦૯ મૅચ હાર્યો. ૬ ફૂટ ચાર ઇંચ ઊંચા બોપન્નાએ ૨૦૦૩થી ૨૦૨૫ સુધીની કરીઅરમાં પ્રોફેશનલ ટેનિસ રમીને કુલ અંદાજે કુલ ૭૪, ૪૬, ૭૮૧ ડૉલર (૬૬.૧૧ કરોડ રૂપિયા) કમાયો છે. તે ૨૦૨૪માં ઑસ્ટ્રેલિયન ઓપનમાં ડબલ્સનું ટાઇટલ જીત્યો હતો. ૨૦૧૦ તથા ૨૦૨૩માં તે યુએસ ઓપનમાં ડબલ્સની ફાઇનલમાં હારી ગયો હતો. આખી કરીઅરમાં તે ડબલ્સના કુલ ૨૬ ટાઇટલ જીત્યો હતો. ‘સ્ટૉપ વૉર, સ્ટાર્ટ ટેનિસ’ના સૂત્ર સાથે પ્રચાર કરનાર બોપન્નાને ૨૦૧૯માં અર્જુન અવૉર્ડ તથા ૨૦૨૪માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો હતો. ■

# શ્રેયસ ઐયરને હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળ્યા

સિડનીઃ ભારતના મિડલ-ઑર્ડર બૅટ્સમૅન અને પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ ઐયરને સિડનીની હૉસ્પિટલમાંથી ડિસ્ચાર્જ મળી ગયા છે. ઑસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન-ડેમાં કૅચ ઝીલતી વખતે તેને પાંસળીમાં અને પેટમાં ઈજા થઈ હતી જેને પગલે નાની સર્જરી પણ કરવામાં આવી હતી. તેણે ફૉલો-અપ ચેક અપ માટે થોડા દિવસ સિડનીમાં જ રહેવું પડશે. તે વિમાનપ્રવાસ માટે ૧૦૦ ટકા ફિટ થશે ત્યારે જ ભારત પાછો આવશે. ■

# આજે ભારતની ત્રીજી ટી-૨૦ઃ મૅક્સવેલનું આગમન મુસીબત ઊભી કરી શકે

હૉબાર્ટઃ અહીં ઑસ્ટ્રેલિયા સામે આજે (ભારતીય સમય અનુસાર બપોરે ૧.૪૫ વાગ્યાથી) રમાનારી પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની ત્રીજી મૅચ જીતીને ભારત જો ૧-૧થી શ્રેણી બરોબરીમાં નહીં લાવે અને હારી જશે તો યજમાન ટીમ ૨-૦થી અપરાજિત સરસાઈ મેળવી લેશે અને એવું કરવામાં તેમને ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલ ખૂબ કામ લાગી શકે, કારણકે તે આ મૅચથી ટીમમાં કમબૅક કરી રહ્યો છે.

મૅક્સવેલને કાંડામાં ફ્રૅક્ચર થયું હતું જેને કારણે તેણે સર્જરી કરાવવી પડી હતી. મૅક્સવેલ સ્પિનર્સ સામે સારું રમી શકે છે એટલે વરુણ, કુલદીપ, અક્ષરની કસોટી થશે. મૅક્સવેલના આગમનથી ઑસ્ટ્રેલિયાની બૅટિંગ લાઇન અપ મજબૂત થઈ ગઈ છે. બીજું, મૅક્સવેલ એક વિકેટ લેશે એટલે ટી-૨૦માં તેની ૫૦ વિકેટ પૂરી થશે. હૉબાર્ટમાં ભારતની આ પહેલી જ ટી-૨૦ મૅચ છે. ઑસ્ટ્રેલિયા સામે ભારત ૨૦ ટી-૨૦ જીત્યું છે અને ૧૨ હાર્યું છે. ■

# પીળા વટાણાની આયાત પર 30 ટકા ડ્યૂટી

નવી મુંબઈઃ તાજેતરમાં કેન્દ્ર સરકારે પીળા વટાણાની આયાત પર ૩૦ ટકા ડ્યૂટી લાદવાનો નિર્ણય લીધો છે. નવી મુંબઈ સ્થિત ગ્રેઈન રાઈસ ઍન્ડ ઑઈલસીડ્સ મર્ચન્ટ્સ એસોસિયેશન દ્વારા રાષ્ટ્રીય વેપારી કલ્યાણ બોર્ડમાં સ્થાનિક વેપારીઓના હિતને ધ્યાનમાં રાખીને પીળા વટાણાની આયાત સામે ૫૦ ટકા ડ્યૂટી લાદવા માટે અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી. સરકારના આ નિર્ણયને આવકારતા ગ્રોમાના પ્રમુખ ભીમજીભાઈ ભાનુશાલીએ જણાવ્યું હતું કે સરકારની ડ્યૂટીમુક્ત આયાતની નીતિને કારણે સ્થાનિક સ્તરે પીળા વટાણાના ભાવ ૨૫થી ૪૦ ટકા જેટલા ઘટી આવ્યા હોવાથી ખેડૂતો અને વેપારીઓને ભારે નુકસાન ભોગવવું પડતું હોવાથી અમે પીળા વટાણાની આયાત પર ૫૦ ટકા ડ્યૂટી લાદવાનો કેન્દ્ર સરકારને રૂબરૂ તેમ જ લેખિતમાં અનુરોધ કર્યો હતો.

# ઑક્ટોબરમાં કૉલ ઈન્ડિયાના ઉત્પાદનમાં ૯.૮ ટકાનો ઘટાડો

કોલકતાઃ ગત ઑક્ટોબર મહિનામાં માગમાં ઘટાડો ઉપરાંત ચોમાસાની મોસમ પછીના પડકારોને ધ્યાનમાં લેતા કૉલ ઈન્ડિયાના ઉત્પાદનમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેતાં ઉત્પાદન વર્ષાનુવર્ષ ધોરણે ૯.૮ ટકા ઘટીને ૫.૬૪ કરોડ ટનની સપાટીએ તેમ જ ઉપાડ ૫.૯ ટકા ઘટીને ૫.૮૩ કરોડ ટનની સપાટીએ રહ્યું હતું. વધુમાં વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑક્ટોબર દરમિયાન કૉલ ઈન્ડિયા લિ.નું ઉત્પાદન ગત સાલના સમાનગાળાની સરખામણીમાં ૪.૫ ટકા ઘટીને ૩૮.૫૩ કરોડ ટન અને ઉપાડ ૨.૪ ટકાના ઘટાડા સાથે ૪૧.૫૩ કરોડ ટનની સપાટીએ રહ્યું હોવાનું કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું. દરમિયાન કૉલ ઈન્ડિયા લિ.એ પી. એમ પ્રસાદની નિવૃત્તિ બાદ આજથી કંપનીના સ્થાપરના દિનથી અથવા તો પહેલી નવેમ્બરથી અમલી બને તેમ કંપનીનાં વચગાળાના અધ્યક્ષ તેમ જ મેનેજિંગ ડિરેક્ટર તરીકે સનોજ કુમાર ઝાની નિયુક્તિ કરી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

# ટ્રમ્પ-જિનપિંગની સફળ મંત્રણા અને વ્યાજદરમાં કપાતની અનિશ્ચિતતાથી શાંત પડતી સોનાની તેજી

## તહેવારોની માગ ઓસરતા સ્થાનિકમાં સોનાના ભાવ સાત સપ્તાહ પછી પ્રીમિયમમાંથી ડિસ્કાઉન્ટમાં

કોમોડિટી

રમેશ ગોહિલ

ગત સપ્તાહે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને ચીનના પ્રમુખ શિ જિનપિંગ વચ્ચે થયેલી મુલાકાતમાં વેપાર અંગેનાં ઘણાંખરા મુદ્દાઓ પર સહમતી સધાઈ હતી, જેમાં ખાસ કરીને ચીન અમેરિકાથી સોયાબીનની ખરીદી પુનઃ શરૂ કરવા, મહત્ત્વપૂર્ણ ખનીજ અથવા તો રેર અર્થ મિનરલ્સની નિકાસ પરનાં નિયંત્રણો એક વર્ષ સુધી મોકૂફ રાખવા સહિતની ઘણી બાબતો પર સહમત થયું હતું તેમ જ અમેરિકાએ પણ ચીનથી થતી આયાત સામેની ટૅરિફ જે ૫૭ ટકા હતી તે ઘટાડીને ૪૭ ટકા કરી હતી.

આ ઉપરાંત ટ્રમ્પ આગામી એપ્રિલ મહિનામાં ચીનની અને ત્યાર બાદ શિ જિનપિંગ પણ અમેરિકાની મુલાકાત લેશે એવું નક્કી થયું હતું. આમ એક તરફ વેપાર અંગેનો તણાવ હળવો થયો હતો, જ્યારે બીજી તરફ ગત ૨૮ અને ૨૯ ઑક્ટોબરના રોજ યોજાયેલી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો હતો, પરંતુ બેઠક પશ્ચાત્ ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ઘટાડા અંગેની શક્યતાઓ પાતળી હોવાનો નિર્દેશ આપ્યો હતો. આમ એક તરફ વેપાર અંગેનો તણાવ હળવો થવાની સાથે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતની સંભાવના ઓછી થવાથી સોનામાં સલામતી માટેની માગ ઓસરતા ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું અને તેજી શાંત પડી હતી. દરમિયાન ગત સપ્તાહે સ્થાનિક ઝવેરી બજારમાં પણ વિશ્વ બજાર પાછળ બન્ને કિંમતી ધાતુઓમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. જોકે, સાપ્તાહિક ધોરણે સોના અને ચાંદીના ભાવની વધઘટમાં સામસામા રાહ જોવા મળ્યા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૪મી ઑક્ટોબરનાં રૂ. ૧,૨૧,૫૧૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૨૨,૪૦૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૧૮,૦૪૩ અને ઉપરમાં રૂ. ૧,૨૨,૪૦૨ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૦.૬૧ ટકા અથવા તો રૂ. ૭૪૮ના ઘટાડા સાથે રૂ. ૧,૨૦,૭૭૦ના મથાળે બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગત સપ્તાહના અંત અથવા તો ગત ૨૪મી ઑક્ટોબરના કિલોદીઠ રૂ. ૧,૪૭,૦૩૩ના બંધ સામે સુધારા સાથે રૂ. ૧,૪૮,૦૩૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૧,૮૯૬ અને ઉપરમાં રૂ. ૧,૪૯,૨૧૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૨૦૯૨ અથવા તો ૧.૪૨ ટકા વધીને રૂ. ૧,૪૯,૧૨૫ની સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આયાત પડતરોમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિકમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

એકંદરે ગત સપ્તાહે દિવાળીનાં તહેવારોની પૂર્ણાહુતિ સાથે સ્થાનિક સ્તરે માગ ઓસરી ગઈ હતી. તેમ જ ભાવમાં પણ ભારે ચંચળતા હોવાથી સપ્તાહ દરમિયાન રોકાણકારોની સિક્કા તથા લગડીમાં નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હોવાનું મુંબઈ સ્થિત એક હોલસેલરે જણાવ્યું હતું, એકંદરે સપ્તાહ દરમિયાન માગ મંદ પડવાથી સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૨ ડૉલર સુધીના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે સ્થાનિકમાં સતત સાત સપ્તાહ સુધી સોનાના ભાવ પ્રીમિયમમાં રહ્યા બાદ પહેલી વખત ડિસ્કાઉન્ટ જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

એકંદરે વૈશ્વિક સોનામાં ગત સપ્તાહે સતત બીજા સપ્તાહે ભાવમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હોવા છતાં માસિક ધોરણે સતત ત્રીજા મહિનામાં ભાવ વધી આવતાં ૩.૭ ટકા જેટલો વધારો નોંધાયો હતો. વાસ્તવમાં ફેડરલ રિઝર્વ દ્વારા આ વર્ષમાં હવે રેટ કટની ઓછી શક્યતા ઉપરાંત અમેરિકા અને ચીન વચ્ચે એક વર્ષ માટે સહમતી સધાઈ હોવાથી વેપાર અંગેની અનિશ્ચિતતાઓ અમુક અંશ સુધી હળવી થવાથી સોનામાં સલામતી માટેની માગમાં ઘટાડો, નફારૂપી વેચવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સોનાની માગ નબળી પડતાં ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, અત્યાર સુધીમાં વેપાર અંગેની અનિશ્ચિતતા, વૈશ્વિક ભૂરાજકીય તણાવ, ફેડરલ દ્વારા રેટકટનો આશાવાદ અને કેન્દ્રવર્તી બૅન્કોની સોનામાં લેવાલીને ટેકે વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૫૦ ટકા જેટલો ઉછાળો આવી ગયો છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની આંકડાકીય માહિતી અનુસાર વર્ષ ૨૦૨૫નાં ત્રીજા ત્રિમાસિકગાળામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી ૨૮ ટકા વધીને ૨૨૦ ટનની સપાટીએ રહી હતી, જેમાં સૌથી વધુ ખરીદી કઝાકિસ્તાનની રહી હતી, જ્યારે ચાર વર્ષના લાંબા સમયગાળા બાદ બ્રાઝિલની ખરીદી જોવા મળી હતી. એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું કે ગત સપ્તાહે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે આક્રમક નાણાનીતિના સંકેતો આપતા વિશ્વ બજારમાં ઈક્વિટી, સોના અને બોન્ડ્સમાં વેચવાલીનું દબાણ વધ્યું હતું. અમારા મતાનુસાર આગામી સપ્તાહે વૈશ્વિક સોનાના ભાવ માટે ઔંસદીઠ ૪૩૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક અને ૩૮૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થાય તેમ જણાય છે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૧૭,૦૦૦થી ૧,૩૦,૦૦૦ની રેન્જમાં રહે તેમ જણાય છે.

ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ખાસ કરીને આગામી ડિસેમ્બરનાં રેટ કટની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતા હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૦૧.૭૪ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ૩૯૯૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં સપ્તાહના અંતે ફેડરલ રિઝર્વ બૅન્ક ઑફ ક્લેવલેન્ડ પ્રમુખ બેથ હેમેકે જણાવ્યું હતું કે ગત શુક્રવારે વ્યાજદરમાં કરેલી કપાતનો મે વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે ફેડરલે ફુગાવામાં ઘટાડો લાવવા માટે અમુક નિયંત્રણો જાળવી રાખવા જોઈએ. તેમ જ વ્યાજદરમાં કપાતને કારણે વર્ષ ૨૦૨૬માં હેમેકના આ નિવેદનથી સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું એક મેટલ ટ્રેડર તાઈ વૉન્ગે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત બુધવારે અમેરિકી ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં બજારની અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ ડિસેમ્બરમાં રેટ કટની શક્યતા ઓછી હોવાના અહેવાલ વહેતા થતાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો જે અગાઉ ડિસેમ્બરમાં વ્યાજદરની કપાતની શક્યતા ૯૦ ટકા વ્યક્ત કરી રહ્યા હતા તે હવે ઘટીને ૬૩ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં ગત સપ્તાહે મોર્ગન સ્ટેન્લીએ આગામી વર્ષ ૨૦૨૬ના પહેલા છમાસિકગાળામાં સોનાના સરેરાશ ભાવ ઔંસદીઠ ૪૩૦૦ ડૉલર આસપાસની સપાટીએ રહે તેવો અંદાજ મૂક્યો હતો.

# બે દિવસીય ગ્લોબલ રાઈસ કોન્ફરન્સનાં પહેલા દિવસે ₹ ૨૫,000 કરોડના કોન્ટ્રાક્ટઃ આઈઆરઈએફ

નવી દિલ્હીઃ ગઈકાલ તા. ૩૦મી ઑક્ટોબરથી અત્રે શરૂ થયેલી બે દિવસીય ગ્લોબલ રાઈસ કોન્ફરન્સ (ચોખાના વૈશ્વિક પરિસંવાદ)નાં પહેલા જ દિવસે અંદાજે રૂ. ૨૫,૦૦૦ કરોડનાં કોન્ટ્રાક્ટ થયા હોવાનું ચોખાની નિકાસકાર સંસ્થા ઈન્ડિયન રાઈસ એક્સપોર્ટર્સ ફેડરેશને જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ફેડરેશન દ્વારા ૩૦-૩૧ ઑક્ટોબરના રોજ નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે ભારત ઈન્ટરનેશનલ રાઈસ કોન્ફરન્સ (બીઆઈઆરસી) ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ બે દિવસી કોન્ફરન્સમાં ૧૦,૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો જેમાં દેશભરના અંદાજે ૩૦૦૦ ખેડૂતો પણ સહભાગી થયા હોવાનું ફેડરેશનનાં પ્રમુખ પ્રેમ ગર્ગે પીટીઆઈને પરિસંવાદના પ્રથમ દિવસના અંતે પીટીઆઈને જણાવતા ઉમેર્યું હતું કે આ પ્રસંગે ૮૦ કરતા વધુ દેશોનાં ખરીદદારોએ ભાગ લીધો હતો. એકંદરે ભારતીય ખેડૂતો અને ટ્રેડરો ખરીદદારો સાથે સીધા જોડાઈ શકે તે માટે આ પ્લેટફૉર્મ તૈયાર કરવામાં આવ્યું છે.

વેપારની દૃષ્ટિએ આ પરિસંવાદને કેવો પ્રતિસાદ મળ્યો તેવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું હતું કે અમારા સાંભળ્યા અનુસાર પરિસંવાદના પ્રથમ દિવસે જ અંદાજે રૂ. ૨૫,૦૦૦ કરોડનાં કોન્ટ્રાક્ટ થયા છે. આ આયોજનને અપેડા (એગ્રિકલ્ચરલ ફૂડ ઍન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ ડેવલોપમેન્ટ ઑથૉરિટી) એ બિન નાણાકીય ટેકો આપ્યો છે. તેમ જ આ પ્રસંગે ચોખાના વૈશ્વિક આયાતકારો, નિકાસકારો, વૈજ્ઞાનિકો, અને નીતિ ઘડવૈયાઓ સહિત ૮૦ દેશનાં પ્રતિનિધિઓ એક છત્ર હેઠળ આવ્યા છે.

બીઆઈઆરસી ૨૦૨૫ની વિશેષ બાબત એ હતી કે વિવિધ રાજ્યોના ૧૭ ખેડૂતોનું આંતરરાષ્ટ્રીય ખરીદદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યત્વે ચોખાના વાવેતરમાં ગુણવત્તા, નવીનતા, ટકાઉપણું અને તેનાં યોગદાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ભારતે ૧૭૨ કરતાં વધુ દેશોમાં ૧૨.૯૫ અબજ ડૉલરના મૂલ્યના ૨.૦૧ કરોડ ટન ચોખાની નિકાસ કરી હતી. વધુમાં આ કાર્યક્રમમાં દેશની સૌપ્રથમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત ચોખાની છટણીની પ્રણાલીનો આરંભ થયો હતો. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બીગ ડેટા દ્વારા સંચાલિત નવી યંત્રણામાં વારાફરતી ચોખાના દાણાનો રંગ, કદ, આકાર અને ધાનની બાંધણીની રચનાનું વિશ્લેષણ કરી શકે છે. આ યંત્રણા વીજ વપરાશ અને માનવબળ ઘટાડીને ચોકસાઈ તથા કાર્યક્ષમતા પ્રદાન કરે છે, એકંદરે આ પગલું ભારતની કૃષિ પ્રક્રિયા ક્ષેત્રે મોટી છલાંગ દર્શાવે છે, એમ ગર્ગે ઉમેર્યું હતું.

# યુએઈ સાથેના કરાર હેઠળ સરકાર સોનાની આયાતના ક્વૉટા ફાળવશે

નવી દિલ્હીઃ ભારત અને યુએઈ વચ્ચે થયેલા કરાર હેઠળ સોનાની આયાત માટે ટૅરિફ રેટ ક્વૉટા (ટીઆરક્યુ) અંતર્ગત સ્પર્ધાત્મક બિડિંગ/ટેન્ડર પ્રક્રિયા મારફતે ક્વૉટાની ફાળવણી કરવામાં આવશે એમ ગત બુધવારે સરકારે જણાવ્યું હતું. કરાર અંતર્ગત ભારત યુએઈ પાસેથી એક ટકા રાહતના ટૅરિફ ધોરણે ટૅરિફ રેટ ક્વૉટા હેઠળ વર્ષે ૨૦૦ ટન સોનાની આયાત કરવા માટે સહમત થયું હતું.

જોકે, ભારત-યુએઈ કરાર હેઠળ ટૅરિફ રેટ ક્વૉટા હેઠળ થતી ફાળવણીની પ્રક્રિયામાં સુધારો કરવામાં આવ્યો હોવાનું ડિરેક્ટોરેટ જનરલ ઑફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી)એ એક ટ્રેડ નોટિસમાં જણાવતા ઉમેર્યું હતું કે કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ (સીઈપીએ) હેઠળ સોના માટે ટૅરિફ રેટ ક્વૉટાની ફાળવણી સ્પર્ધાત્મક બિડિંગ/ટેન્ડર પ્રક્રિયા મારફતે થશે. વધુમાં નોટિસમાં જણાવ્યું હતું કે યોગ્યતાપ્રાપ્ત અરજદાર હોલમાર્કિંગ અને જીએસટી માટે બ્યુરો ઑફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બિસ) હેઠળ રજિસ્ટર્ડ થયો હોવો જોઈએ. યોગ્યતાપ્રાપ્ત અરજદાર ડીજીએફટીની વેબસાઈટ પરથી અરજી કરી શકશે. જોકે, ટૅરિફ રેટ ક્વૉટા હેઠળ ગોલ્ડ ડૉર (રિફાઈન્ડ થયા વિનાનું સોનું)ની આયાત ધ્યાનમાં લેવામાં નહીં આવે.

નોટિસમાં જણાવ્યાનુસાર ટીઆરક્યુ અરજીઓ સુપરત કરવા માટે માન્યતાપ્રાપ્ત સમયગાળા અને સ્પર્ધાત્મક બિડિંગ/ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લેવા માટેની પદ્ધતિઓ અંગે દર વર્ષે ટ્રેડ નોટિસ દ્વારા જાણ કરવામાં આવશે.

એકંદરે ભારત-યુએઈ સીઈપીએ હેઠળ ટીઆરક્યુના માળખામાં કરવામાં આવેલા સુધારાઓમાં બિસ હોલમાર્કિંગ રજિસ્ટ્રેશનની અને જીએસટી રજિસ્ટ્રેશનની આવશ્યકતાનો સુધારો કરવામાં આવ્યો છે, જેથી પારદર્શકતામાં વધારો થવાની સાથે કરાર હેઠળ ટીઆરક્યુનાં વહીવટમાં અસરકારકતા વધે, એમ નોટિસમાં ઉમેર્યું હતું.

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૬.૯ અબજ ડૉલરનો ઘટાડો

મુંબઈઃ ગત ૨૪મી ઑક્ટોબરનાં રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૬.૯૨૫ અબજ ડૉલર ઘટીને ૬૯૫.૩૫૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૪૯૬ અબજ ડૉલર વધીને ૭૦૨.૨૮ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૩.૮૬૨ અબજ ડૉલરના ઘટાડા સાથે ૫૬૬.૫૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૩.૦૧ અબજ ડૉલર ઘટીને ૧૦૫.૫૩૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેનાં સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ પણ ૫.૮ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૬૪ અબજ ડૉલરના સ્તરે રહ્યા હતા, જ્યારે એકમાત્ર ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૬૦ લાખ ડૉલર વધીને ૪.૬૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# ટીન અને કોપરની અમુક વેરાઈટીઓમાં બાઉન્સબૅક

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી તેમ જ પાંખાં કામકાજો વચ્ચે ખાસ કરીને ટીન અને કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહેતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જેમાં મુખ્યત્વે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૩૨૯૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને અનુક્રમે રૂ. ૯૫૬ અને રૂ. ૯૪૪, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૬૫૫ અને કોપર વાયરબાર તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૦૪૪ અને રૂ. ૨૭૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૫૫ના મથાળે અને નિરસ માગે કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૯૧૯ અને રૂ. ૨૧૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે મુખ્યત્વે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૯૮, રૂ. ૩૦૮, રૂ. ૧૮૫ અને રૂ. ૧૩૬૦ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા.

# ખાદ્યતેલમાં નિરસ કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતા હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ માત્ર સચિન ઈન્ટરનેશનલનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, મહેશ ઓઈલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો સદંતર અભાવ રહ્યો હતો. જોકે, આજે સેલરિસેલ ધોરણે તેમ જ રવાનગીના છૂટાછવાયા કામકાજ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે ગઈકાલની શેષ ૨૩,૦૦૦ ગૂણી મગફળીના વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ ખાતે ૧૩,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૧૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, સિંગતેલના રૂ. ૧૪૧૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા તેમ જ ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૭૫માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

# ભારતનાં ૧૦ ટ્રિલ્યન ડૉલરના સ્વપ્નને સાકાર કરવા કૃષિ ક્ષેત્ર બમણું એક ટ્રિલ્યન ડૉલરનુ થવુ જરૂરીઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ આગામી વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશનાં અર્થતંત્રને ૧૦ ટ્રિલ્યન ડૉલરનું બનાવવાનું સ્વપ્ન સાકાર કરવા માટે ભારતનું હાલનું કૃષિ ક્ષેત્રનું કદ બમણું થઈને એક ટ્રિલ્યન ડૉલરનું થવું જરૂરી હોવાનું ઉદ્યોગના નિષ્ણાતોએ જણાવ્યું છે.

દેશની કુલ રોજગારીમાં કૃષિ ક્ષેત્ર ૪૬ ટકા જેટલો હિસ્સો ધરાવે છે, પરંતુ તેનું મૂલ્યવર્ધન કુલ જીડીપી અથવા તો કુલ સ્થાનિક ઉત્પાદનનાં અંદાજે ૧૫ ટકા જેટલું ઓછું રહે છે. જે નીતિવિષયક સુધારા અને ખાનગી રોકાણમાં વધારો કરવાની આવશ્યકતા પર ભાર મૂકવાનો નિર્દેશ આપે છે. જો આપણે ૧૦ ટ્રિલ્યન ડૉલરના અર્થતંત્રનો લક્ષ્યાંક હાંસલ કરવો હોય તો કૃષિ ક્ષેત્રનો હાલનો હિસ્સો જે અંદાજે ૪૫૦ અબજ ડૉલરનો છે તે વધારીને એક ટ્રિલ્યન ડૉલર સુધી પહોંચાડવો પડે, એમ કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડ્સ્ટ્રીઝની કૃષિ પરની નોર્ધર્ન રિજિનલ કમિટીનાં ચેરમેન અજય રાણાએ અત્રે યોજાયેલ ઉદ્યોગના એક પ્રસંગમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે તેઓ ફેડરેશન ઑફ સિડ ઈન્ડસ્ટ્રી ઑફ ઈન્ડિયાના અધ્યક્ષ પણ છે. તેમણે નિર્દેશ આપ્યો હતો કે ભારતે હાઈબ્રિડ મકાઈને અપનાવતા બે દાયકામાં ઉત્પાદન વૃદ્ધિ જે ૧૫થી ૨૦ ટકા હતી તે વધીને ૯૦ ટકા થઈ છે જે દર્શાવે છે કે ટેક્નોલૉજીને નીતિવિષયક ટેકો મળે તો ઉત્પાદકતા વધી શકે છે. જોકે, રાજ્ય સ્તરની અસંગત નીતિઓ અને પાકની ટેક્નોલૉજી પરનાં પ્રતિબંધો આ ક્ષેત્રમાં રોકાણ અવરોધી રહ્યા છે.

નપૉલિસી રિફોર્મ ટૂ ડ્રાઈવ ગ્રોથ ઈન એગ્રિકલ્ચરથ વિષય પર યોજાયેલા આ પરિસંવાદનું આયોજન સીઆઈઆઈ દ્વારા કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય આશય નીતિ ઘડવૈયાઓ, ઉદ્યોગના અગ્રણીઓ અને વૈજ્ઞાનિકો સુધારા અંગે ચર્ચા કરી શકે.

વધુમાં નિષ્ણાતોએ વિજ્ઞાન આધારીત નીતિ વિષયક માળખાની અને કેન્દ્ર તથા રાજ્યોના નિયમોનો સુમેળ સાધવા તથા બિયારણ અને પારની સલામતીના ઉત્પાદનો માટે સમય મર્યાદાઓ અને મંજૂરીઓ રજૂ કરવા રાષ્ટ્રીય કૃષિ ટેક્નોલૉજી કાઉન્સિલની રચના કરવાની હાકલ કરી હતી.

આ ઉપરાંત ફેડરેશન ઑફ સિડ ઈન્ડસ્ટ્રી ઑફ ઈન્ડિયના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર રાઘવન સંપથકુમારે સક્રિયતાનો પ્રભાવ, છાશવારે અથવા તો કામચલાઉ ધોરણે થતાં વિક્ષેપો અને કાયદાઓનું મનસ્વી અર્થઘટન સુધારા સામેનાં મુખ્ય ત્રણ અંતરાયો હોવાનું જણાવતા ઉમેર્યું હતું કે વિજ્ઞાને સંવેદના પર વિજય મેળવવો જ જોઈએ. વૈજ્ઞાનિક આધાર વિના સક્રિયતા અથવા તો અચાનક રાજ્ય સ્તરીય પ્રતિબંધો દ્વારા નીતિગત નિર્ણયો નક્કી નથી કરી શકાતા.

# નાણાકીય વર્ષ ૨૦૨૫માં દેશની કોપરની માગ ૯.૩ ટકા વધશેઃ અહેવાલ

નવી દિલ્હીઃ દેશમાં મજબૂત આર્થિક વૃદ્ધિ ઉપરાંત મહત્ત્વનાં ક્ષેત્રોમાં કોપરનાં વપરાશમાં થઈ રહેલા વધારાને કારણે વર્તમાન નાણાકીય વર્ષમાં દેશની કોપરની માગ આગલા નાણાકીય વર્ષનાં ૧૭૧૮ કિલો ટન સામે ૯.૩ ટકા વધીને ૧૮૭૮ કિલો ટનની સપાટીએ રહે તેવી શક્યતા ઈન્ટરનેશનલ કોપર એસોસિયેશન ઑફ ઈન્ડિયા (આઈસીએ ઈન્ડિયા)એ તાજેતરમાં જાહેર કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૫ના અહેવાલમા જણાવ્યું હતું.

ભારત સતત મોટાપાયાના માળખાકીય પ્રોજેક્ટો પર ધ્યાન આપી રહ્યું છે. તેમ જ બિલ્ડિંગોનાં બાંધકામ, ક્લિન એનર્જી ટ્રાન્ઝિશન અને ઊભરી રહેલી ટેક્નોલૉજીમાં ઔદ્યોગિક મટિરિયલની માગમાં સતત વધારો થઈ રહ્યો છે અને આ ક્ષેત્રમાં કોપર સક્ષમ ધાતુ તરીકે ઉભર્યું હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

વર્તમાન નાણાકીય વર્ષમાં કોપરની માગમાં વૃદ્ધિનાં મુખ્ય પરિબળોમાં બિલ્ડિંગ બાંધકામ અને માળખાકીય ક્ષેત્ર મુખ્ય રહેતાં તેનો માગ વૃદ્ધિમાં હિસ્સો અનુક્રમે ૧૧ ટકા અને ૧૭ ટકા આસપાસ રહેશે. વધુમાં દેશમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં વર્તમાન નાણાકીય વર્ષમાં સૌથી વધુ ઉત્પાદન ક્ષમતામાં ઉમેરો થયો છે, જ્યારે એરકન્ડિશનર, રેફ્રિજરેટર, પંખા અને વૉશિંગ મશીનની માગમાં વધારો થવાથી કન્ઝ્યુમર ડ્યુરેબલ ક્ષેત્રમાં ૧૯ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી છે.

એકંદરે ભારતની કોપરની વધી રહેલી માગ દેશનાં આર્થિક અને ઔદ્યોગિક વિકાસને પ્રતિબિંબિત કરે છે. વધુમાં દેશમાં રિન્યુએબલ એનર્જી, ટકાઉ ગતિશિલતા અને માળખાગત વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર બનાવાયેલી નીતિઓએ કોપરની માગને વેગ આપ્યો છે, જે રાષ્ટ્રનાં વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ સંસાધન તરીકેની ભૂમિકા પર ભાર મૂકે છે. કોપરની માગ વૃદ્ધિની ગતિ દેશનાં લાંબાગાળાના વિકસિત ભારત ૨૦૪૭નાં એજન્ડાને પરિપૂર્ણ કરવા માટે પર્યાપ્ત છે ?

# પાંખાં કામકાજે ખાંડમાં આગળ ધપતી નરમાઈ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૦ની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠની નરમાઈ આગળ ધપી હતી. નાકા ડિલિવરી ધોરણે પણ એકંદરે માગ શુષ્ક રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો નોંધાયો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. એકંદરે નિરસ માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બે અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૯૫૦થી ૪૦૦૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૩૯૭૨થી ૪૦૮૨માં થયા હતા. સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૬૦થી ૩૯૦૦ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૯૦૦થી ૩૯૪૦ના મથાળે રહ્યા હતા.

# લીલી પરિક્રમા બંધ છતાં જૂનાગઢમાં ભક્તોનું ઘોડાપૂર ઊમટ્યું



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા વરસાદના કારણે જૂનાગઢમાં લીલી પરિક્રમાનો સમગ્ર માર્ગ ખરાબ રીતે ધોવાઈ ગયો હતો અને અનેક જગ્યાએ રસ્તો બિસ્માર બની ગયો હતો.

આ રૂટ પર પગપાળા ચાલવું અત્યંત જોખમી બની શકે તેમ હોવાથી, જ્યાં સુધી વરસાદની સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી પરિક્રમા સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો હતો. કમોસમી વરસાદના કારણે લીલી પરિક્રમા સ્થગિત કરવામાં આવી હોવા છતાં જૂનાગઢમાં શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું.

શ્રદ્ધાળુઓએ માત્ર એક દિવસ માટે પરિક્રમા કરવાની છૂટ આપવામાં આવે તેવી માગ કરી હતી. ઉપરાંત જો પરવાનગી ન મળે તો ઘણા શ્રદ્ધાળુઓએ પ્રતીકાત્મક રીતે ગિરનાર પર્વત ચડીને પોતાની યાત્રા પૂર્ણ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. તંત્ર દ્વારા ભવનાથ ક્ષેત્રમાં આવેલો પરિક્રમાનો પ્રવેશદ્વાર, ઈટવા ગેટ બંધ કરી દેવાયો હતો અને પોલીસ તેમ જ વન વિભાગનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જોકે તેમ છતાં, લાખો શ્રદ્ધાળુઓ હજી પણ પરિક્રમા શરૂ થશે તેવી આશા સાથે ભવનાથ ક્ષેત્રમાં આવી રહ્યા છે.

ભક્તોના કહેવા મુજબ ગિરનારની લીલી પરિક્રમા માત્ર આસ્થાનું જ નહીં, પણ હજારો સેવાભાવી સંસ્થાઓ માટે સેવાનો અવસર છે. પરિક્રમા સ્થગિત થવાની ગંભીર અસર અન્નક્ષેત્રો, ઉતારા મંડળો અને સેવાકીય સંસ્થાઓ પર પણ પડી છે. ભાવિકોની સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખીને આ નિર્ણય લેવાયો હોવા છતાં, ગિરનારી બાપુ પરની આસ્થા અકબંધ છે અને ઘણા શ્રદ્ધાળુઓ હજુ પણ આશા સેવી રહ્યા છે કે આવનારા દિવસોમાં તંત્ર દ્વારા ઓછામાં ઓછા એક દિવસ માટે પણ પરિક્રમા કરવાની છૂટ આપવામાં આવશે. ■

# માવઠાના પગલે કચ્છમાં હિલ સ્ટેશન જેવો માહોલ, નલિયા, ભુજ સહિતનાં મથકોમાં ૨૨ ડિગ્રી તાપમાન

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: ઠંડી-ગરમી અને ભેજ સાથેના વિચિત્ર વાતાવરણના પગલે છેલ્લા કેટલાક સમયથી માવઠાનું ટોર્ચર સહન કરી રહેલા રણપ્રદેશ કચ્છમાં ધાબળિયા માહોલ સાથે લઘુતમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી જેટલું નીચું આવી જતાં સૂકા રણપ્રદેશમાં હિલસ્ટેશન જેવો હાલ માહોલ ખડો થવા પામ્યો હતો.

ઝાકળવર્ષા વચ્ચે પાટનગર ભુજનું લઘુતમ તાપમાન ૨૩ ડિગ્રી સેલ્સિયસ, મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી રહેવા પામ્યું હતું જયારે શિયાળાના દિવસોમાં સતત ‘આઈસ કૂલ’ રહેતા નલિયા ખાતે લઘુતમ ૨૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૨૯ ડિગ્રી નોંધાવાની સાથે રાજ્યના સૌથી ઠંડા મથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને સમગ્ર ઉત્તર ભારતમાં હિમ વર્ષાની શરૂઆત થઇ રહી છે જેથી આગામી દિવસોમાં ઠારની મારમાં વધારો થવાની સંભાવના હોવાનું હવામાન શાસ્ત્રીઓ જણાવ્યું હતું. ■

# માવઠાથી અસરગ્રસ્ત શિહોર તાલુકાના કરકોલિયા ગામની પ્રધાન પરષોત્તમભાઈ સોલંકીએ પ્રત્યક્ષ મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: જિલ્લામાં કમોસમી વરસાદની સ્થિતિને અનુલક્ષીને મત્સ્યોદ્યોગ રાજ્ય પ્રધાન પરષોત્તમભાઈ સોલંકીએ આજે તેમના ભાવનગર જિલ્લાના પ્રવાસ દરમિયાન શિહોર તાલુકાના અસરગ્રસ્ત કરકોલિયા ગામની પ્રત્યક્ષ મુલાકાત લઈ ખેડૂતોને મળી સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે ખેડૂતોના ખેતરમાં થયેલાં નુકસાન અંગે વિગતવાર માહિતી મેળવી હતી. આ પ્રસંગે પરષોત્તમભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદને લીધે ભાવનગર જિલ્લામાં ઘણું નુકસાન થયું છે. અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો છે. તેમણે કોળીયાક અને મહુવા વિસ્તારની મુલાકાત લઈ કહ્યું હતું કે, કમોસમી વરસાદને લીધે જે નુકસાન થયું છે તે પ્રમાણે આર્થિક સહાય આપવા અંગેનો પત્ર મુખ્ય પ્રધાને લખ્યો છે. મુખ્ય પ્રધાન પોતે પણ આ બાબતે ચિંતિત હોવાનું પ્રધાનએ જણાવ્યું હતું.તેમની સાથે શિહોર મામલતદાર, જિલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

# ભાવનગરના ઉમરાળામાં ૧.૫, વલ્લભીપુર અને પાલીતાણામાં એક, સિહોરમાં પોણો અને તળાજામાં અડધો ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: જિલ્લામાં સતત સાતમા દિવસે પણ કમોસમી વરસાદ પડ્યો હતો. જિલ્લામાં હળવા ઝાપટાથી લઈ દોઢ ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

ગોહિલવાડ પંથકમાં છેલ્લા એક અઠવાડિયાથી કમોસમી વરસાદ વરસી રહ્યો હોય ખેડૂતોની હાલત દયનિય બની છે. ખેતરમાં હજુ પણ પાણી ભરાયેલા છે. ખેડૂતોને મોટું નુકસાન થયું છે. શનિવારે સવારના ૬ થી સાંજના ૬ દરમ્યાન વલ્લભીપુરમાં ૨૧મી.મી. ઉમરાળામાં ૩૪ મિ.મી, સિહોરમાં ૧૯ મિ.મી.,પાલીતાણામાં ૨૧ મિ. મી. તળાજામાં ૧૧મિ.મી. મહુવામાં ૧ મિ.મી. અને જેસરમાં ૩ મિ.મી. વરસાદ નોંધાયો છે. ભાવનગર શહેરમાં સાંજના છ વાગ્યા સુધી વરસાદ પડ્યો નથી.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૩૧.૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે લઘુતમ તાપમાન ૩૧.૭ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ઝડપ ૧૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ■

# શેત્રુંજી ડેમમાં પાણીની સતત આવકથી ૨૦ દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભાવનગરમાં પંથકમાં પડી રહેલા કમોસમી વરસાદથી શેત્રુંજી ડેમમાં સતત પાણીની આવક થઈ હતી. જેના કારણે ૨૦ દરવાજા એક ફૂટ સુધી ખોલવામાં આવ્યા હતા. ઉપરવાસથી સતત પાણીની આવકમાં વધારો થતાં ડેમના દરવાજા એક ફૂટ ખોલવામાં આવ્યા હતા. શેત્રુંજી ડેમમાં ૧૮૦૦ ક્યુસેકની આવક સામે ૧૮૦૦ ક્યુસેકની જાવક થઈ હતી.

જિલ્લામાં ઘોઘા, ઉમરાળા, ભાવનગર, સિહોર, ગારીયાધાર, પાલિતાણા અને જેસર સહિતના તાલુકાઓમાં ઝરમર વરસાદ વરસ્યો હતો. સતત ૭ દિવસથી ભાવનગર જિલ્લામાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. સતત વરસાદના કારણે ખેડૂતનો પાક પણ ખરાબ થઈ ગયો હતો.

સાંજે ૬ વાગ્યા સુધીમાં ઉમરાળામાં ૧.૩૪ ઇંચ, વલ્લભીપુરમાં ૦.૮૩ ઇંચ, પાલિતાણામાં ૦.૮૩ ઇંચ,સિહોરમાં ૦.૭૫ ઇંચ, તળાજામાં ૦.૪૩ ઇં વરસાદ વરસ્યો હતો.ભાવનગર જિલ્લાનો જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ ૮મી વખત ઓવરફ્લો થયો હતો.

હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી વરસાદી આગાહીના પગલે ઉપરવાસમાં થયેલા સારા વરસાદના કારણે ડેમમાં સતત પાણીની આવક વધતા ડેમના દરવાજા ખોલવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા ડેમના નીચાણવાળા ગામોના રહેવાસીઓને નદીના પટ અને કાંઠા વિસ્તાર તરફ ન જવા ચેતવણી આપવામાં આવી હતી. તેમજ પાણીની આવક-જાવકને ધ્યાનમાં રાખીને નગરજનો તેમજ ગ્રામજનોને સુરક્ષિત સ્થાનો પર રહેવા અપીલ કરવામાં આવી હતી. ■

# જસદણ નજીક તુલસીવિવાહમાં જતી બસ પલટતાં ૨૨ શ્રદ્ધાળુ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના જસદણ નજીક તુલસીવિવાહમાં જતી બસ પલટી મારી ગઈ હતી. અકસ્માતની ઘટનામાં ૨૨ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગત પ્રમાણે, જસાપરથી નવાગામ ખાતે તુલસી વિવાહના પ્રસંગમાં જમણવારમાં જતી એક ખાનગી બસને જીવાપર ગામ નજીક અકસ્માત નડ્યો હતો. બસ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ પલટી મારી ગઈ હતી. અકસ્માતની ઘટનામાં બસમાં સવાર ઘણા ૨૨ શ્રદ્ધાળુ ઈજાગ્રસ્ત થયા હતા.

ઘટનાને પગલે સ્થાનિકો દોડી આવ્યા હતા અને તાત્કાલિક ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તો પૈકી બે લોકોને વધુ ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત અંગે આટકોટ પોલીસને જાણ કરવામાં આવતાં પહોંચીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# કમોસમી વરસાદ વચ્ચે જામ ખંભાળિયામાં ડીએપી ખાતર માટે લાઈન લાગી

## કમોસમી વરસાદ અને ખાતરની અછત ખેડૂતોની સમસ્યામાં વધારો કરી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામ ખંભાળિયામાં ખેડૂતો કમોસમી વરસાદ અને શિયાળુ પાક માટે જરૂરી ડીએપી ખાતરની અછત એમ બેવડી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. શિયાળુ પાક માટે ડીએપી ખાતર મેળવવા માટે ખેડૂતોએ વહેલી સવારથી જ લાંબી લાઇનો લગાવી હતી. બજારમાં ડીએપી ખાતરની અછત સર્જાતા ધરતીપુત્રોને ભારે મુશ્કેલી પડી હતી. કમોસમી વરસાદના કારણે ખેડૂતોને તેમના પાકમાં પહેલેથી જ નુકસાની ભોગવવી પડી છે, અને હવે ખાતરની અછતથી તેમની મુશ્કેલી વધુ વધી છે.ખેડૂતોને કુદરતી આફત પછી હવે ખાતરની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.

કમોસમી વરસાદના કારણે ખેડૂતો પહેલેથી જ મુશ્કેલીમાં છે, ત્યારે ખાતરની અછત તેમની સમસ્યામાં વધારો કરી રહી છે. તાલુકાના ગરીબ ખેડૂતો ખાતર માટે દોડધામ કરી રહ્યા છે, જ્યારે કેટલાક મળતિયાઓને સરળતાથી ખાતર મળી રહ્યું હોવાના આક્ષેપો છે. આ સ્થિતિને કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નેતાઓ અને અધિકારીઓ ખેડૂતોની સમસ્યાઓ સાંભળવા તૈયાર ન હોવાથી ખેડૂતોમાં અસંતોષ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે શિયાળુ વાવેતર માટે ડીએપી ખાતર મહત્ત્વનો ભાગ ભજવે છે. જિલ્લામાં સહકારી ભંડારના ખરીદ વેચાણ સંઘ કે મંડળીઓમાં ડીએપી ખાતર વગર ખેડૂતો લાંબી લાઈન લગાવી રહ્યા છે. ખાતર વગર ખેડૂતો બેબાકળા થયા છે અને ખેડૂતો દ્વારા તાત્કાલિક ધોરણે ખાતર આપવામાં આવે એવી માગ પણ કરવામાં આવી હતી. ■




રાજયના રેશનિંગ દુકાનદારો અનિશ્ચિત સમય માટેની હડતાળ પર ઊતર્યા છે, રાજકોટમાં પણ ૭૦૦ જેટલી સસ્તા અનાજની દુકાનો બંધ રહી હતી... (તસ્વીર: પ્રવીણ, સેદાણી, રાજકોટ)

# ભુજ પાસે વિરલ ‘વનઘોડો’ પક્ષી દેખાયું : પર્યાવરણ પ્રેમીઓ રોમાંચિત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: આગવી વન્યજીવ સૃષ્ટિ ધરાવતું ભાતીગળ કચ્છ પક્ષીઓ માટે જાણે સ્વર્ગ સમાન છે.

આ રણપ્રદેશમાં ખાસ કરીને શિયાળા દરમ્યાન અનેક દુર્લભ પક્ષીઓ જોવા મળી જાય છે, તાજેતરમાં ભુજની નજીક આવેલા કાંટાળા જંગલ વિસ્તારમાં વનદિવાળી ઘોડા તરીકે ઓળખાતું યાયાવાર પક્ષી જોવા મળ્યું હતું.

વનદિવાળી ઘોડો પક્ષી સામાન્ય રીતે જંગલોમાં શિયાળુ પ્રવાસી પંખી તરીકે વિચરે છે.

આ પક્ષી ઉપરના ભાગે લિલાશ પડતા બદામી,તેની આંખો સફેદ હોય છે,જ્યારે પાંખો પર કાળાશ પડતા બદામી રંગનાં ધબ્બા અને તેમાં બે પીડચટ્ટા મોટા પટ્ટા, કેડ અને ઢીંઢાનો ભાગ કાળાશ પડતો બદામી હોય છે,તો પૂંછડી પર ઘેરી બદામી અને તેની બીજી બાજુની સફેદ ધાર હોય છે.

ગળા નીચે કાળાશ પડતો પટ્ટો અને પડખાંમાં છાતી તરફ આવતા બદામી અડધા પટ્ટા, વનદિવાળી ઘોડાને પૂંછડી ડાબી-જમણી તરફ હલાવવાની ટેવ હોય છે. આ પંખી ગીરના જંગલ, ડાંગના જંગલ તથા જામનગરમાં જોવા મળે છે, સ્વ. ડો. સલીમઅલીના અંગ્રેજી પુસ્તક ‘કચ્છના પક્ષીઓ’ (૧૯૪૫)માં આ પક્ષી કચ્છમાં જોવા મળેલા નથી તેમ નોંધ્યું હતું પરંતુ કચ્છ રાજપરિવારના સ્વ.હિંમતસિંહજીએ આ પક્ષીને તા. ૧૦/૧/૧૯૬૭ ના તેમની ભુજની જ્યુબિલી ગ્રાઉન્ડની વાડીમાં જોયું હતું અને ત્યારબાદ તેઓએ તા. ૩૧/૧૨/૧૯૬૯ના કાઠડા ખાતેના પ્રસિદ્ધ વિજયવિલાસ પેલેસના બગીચામાં નોંધ્યું હતું. આ ઉપરાંત વર્ષ ૨૦૧૬ના ફેબ્રુઆરીમાં, નવેમ્બર ૨૦૨૨માં આ રૂપકડું પક્ષી ભુજ પાસે દેખાયું હતું. ■

# જામનગરમાં જાહેરમાં બાયોમેડિકલ વેસ્ટનો જથ્થો મળતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર શહેરમાં બાયોમેડિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કરાયાનો કિસ્સો સામે આવ્યો હતો. નંદનવન પાર્ક પાસે કચરાના ઢગલામાંથી ઇન્જેકશનની સિરીંજ અને દવાઓ સહિતનો બાયોમેડિકલ કચરો મળી આવ્યો હતો. આ કચરો રહેણાક વિસ્તારમાં ખુલ્લી જગ્યાએ ફેંકવામાં આવ્યો હતો, જેમાં દવાઓનો મોટો જથ્થો પણ હતો.

પ્રાથમિક તપાસ મુજબ, આ કચરો કોઈ હોસ્પિટલ અથવા મેડિકલ સંસ્થાનો હોઈ શકે છે. આ ઘટના અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓએ સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું, તેમ જ સ્થાનિક લોકોના નિવેદનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

આ સમગ્ર ઘટના અંગે આરોગ્ય તંત્રની કામગીરી અને દેખરેખ પર સવાલ ઊઠ્યા હતા. સ્થાનિકોએ આ પ્રકારનો કચરો ફેંકનારા સામે કડક કાર્યવાહી કરવાની અને આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરવાની માગ કરવામાં આવી હતી. જીપીસીબી દ્વારા કચરો કોના દ્વારા ફેંકવામાં આવ્યો હતો તેની શોધખોળ શરૂ કરી હતી. જીપીસીબીએ કચરાનો નમૂના એક્ત્ર કરી તપાસ માટે મોકલ્યા હતા. તપાસના આધારે જવાબદાર સામે યોગ્ય કાનૂની પગલાં લેવામાં આવશે. ■

# ભાવનગરમાં દેરાસરે દર્શન કરી ઘરે જતી મહિલાના ગળામાંથી સોનાના ચેનની ચીલ ઝડપ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: શહેરના વિદ્યાનગર વિસ્તારમાં રહેતા વૃદ્ધ મહિલા દેરાસરે દર્શન કરી પરત ઘરે આવતા હતા તે દરમિયાન બે અજાણ્યા શખ્સેએ સ્કૂટર ઉપર આવી મહિલાના ગળામાંથી સોનાના ચેનની ચીલ ઝડપ કરી નાસી છૂટ્યા હતા. બનાવની મળતી વિગતો મુજબ શહેરના વિદ્યાનગર વિસ્તારમાં આવેલ શ્રેયસ પ્લોટ ખાતે રહેતા કલ્પેશભાઈ હર્ષદભાઈ શાહની માતા રંજનબેન શાહ (ઉ.વ.૭૮) ઘરની પાસે આવેલ કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસરે દર્શન કરવા ગયા હતા.દર્શન કરીને પરત ઘરે આવતા હતા તે દરમિયાન દેરાસર નજીક ચિતરંજન ચોક તરફ થી એક કાળા કલરના સ્કૂટર ઉપર બે અજાણ્યા શખ્સો આવી રંજન બેને ગળામા પહેરેલ સોનાનો ચેન રૂ. ૧,૨૦,૦૦૦ની ચીલ ઝડપ કરી બન્ને નાસી છૂટ્યા હતા. બનાવ સંદર્ભે કલ્પેશભાઈએ બે અજાણ્યા શખ્સ વિરુદ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ■

# મોરબીમાં આવતીકાલે મુખ્ય પ્રધાન દાદા ભગવાનની જન્મજયંતી મહોત્સવનો પ્રારંભ કરાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે મોરબીમાં દાદા ભગવાનની જન્મજયંતી મહોત્સવનો પ્રારંભ કરાવશે. ૩ નવેમ્બરે સાંજે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં ઉદઘાટન સમારોહ યોજાશે. અણધાર્યા કમોસમી વરસાદને કારણે મુલાકાતીઓને મુશ્કેલી ન પડે અને તેમની સગવડ સારી રીતે સચવાય રહે એ ધ્યાનમાં રાખીને પૂજ્ય દાદા ભગવાનની ૧૧૮મી જન્મજયંતિ નિમિત્તે મોરબીમાં યોજાનાર કાર્યક્રમની તારીખોમાં નજીવો ફેરફાર કરવામાં આવ્યો હતો. હવે આ મહોત્સવ ૩ થી ૯ નવેમ્બર દરમ્યાન યોજાશે. આ મહોત્સવનો શુભારંભ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સોમવારે સાંજે યોજાશે. જેમાં રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. આ મહોત્સવ નિમિત્તે ખાસ ઊભી કરવામાં આવેલી જોવા જેવી દુનિયાની મુલાકાત ૩ થી ૯ નવેમ્બર દરમ્યાન સાંજે ૪.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી લઈ શકાશે. ■

# આદિવાસી વિસ્તારોના ઉત્થાન માટે કામ કરતા હસમુખભાઈ પટેલની જમનાલાલ બજાજ એવૉર્ડ માટે પસંદગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગ્રામીણ વિસ્તારોમાં રચનાત્મક પ્રવૃત્તિઓ માટે પરિશ્રમ કરાનારાઓને સંસ્થાઓને અપાતા પ્રતિષ્ઠિત જમનાલાલ બજાજ એવૉર્ડ ૨૦૨૫ માટે બનાસકાંઠાના હસમુખભાઈ પટેલ સંવેદના ટ્રસ્ટ, વીરમપુરની પસંદગી કરવામાં આવી હતી. ૧૯૭૭માં સ્થપાયેલા જમનાલાલ બજાજ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવતા આ એવૉર્ડમાં ૨૦ લાખ, ટ્રોફી અને માનપત્ર મળશે.

છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી બનાસકાંઠાના દુર્ગમ આદિવાસી વિસ્તારો અમીરગઢ-વાવમાં શિક્ષણ, આરોગ્ય, કુપોષણ વિરોધ, જળસંચય, કૃષિ સ્વાવલંબન અને કુરિવાજો સામેની લડાઈમાં સતત કાર્યરત હસમુખભાઈએ ગાંધી-વિનોબા-જેપીના વિચારોને અનુસરીને સામાન્ય માનવીના બહુમુખી વિકાસ માટે સંવેદના ટ્રસ્ટ દ્વારા કામ કર્યું છે. તેઓ નવનિર્માણ આંદોલન, જેપી મૂવમેન્ટ, મીસાવાસ, નર્મદા અસરગ્રસ્તોના પુનર્વસનમાં પણ સક્રિય રહ્યા છે. પ્રારંભમાં અમીરગઢ અને પછી વીરમપુરમાં પલાંઠીવાળીને બેઠેલા આ સમાજસેવીએ સામાન્યજન પ્રત્યે દયા નહીં પરંતુ આદર સાથે, તેના આર્થિક-સામાજિક વિકાસ માટે કામ કર્યું છે. વીરમપુરમાં સંવેદના ટ્રસ્ટના માધ્યમથી શિક્ષણ, આરોગ્ય, જળસંચય, કૃષિક્ષેત્રે સ્વાવલંબન, કુપોષણ અને કુરિવાજો સામેની લડાઈ જેવા મુદ્દે સાતત્યપૂર્ણ કામગીરી બજાવનારા હસમુખ પટેલ નવનિર્માણ આંદોલન, જેપી મૂવમેન્ટ કટોકટીકાળમાં મીસાવાસ, નર્મદા યોજના અને અસરગ્રસ્તોના પુનઃવસન માટેની કામગીરીની પશ્ચાદ ભૂ ધરાવે છે. ■

# ખાવડાના રિન્યુએબલ એનર્જી પાર્કમાં પવનચક્કી પરથી નીચે પટકાયેલા યુવા કામદારનું મોત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છના સીમાવર્તી ખાવડા નજીક આવેલા રિન્યુએબલ એનર્જી પાર્કમાં પવનચક્કી પરથી પટકાયેલા ગણેશ રામ ધુર્વે (ઉ.વ. ૨૭) નામના કામદારનું મૃત્યુ થયું હતું. ભુજ તાલુકાના સીમાવર્તી ખાવડા નજીક આવેલા રિન્યુએબલ એનર્જી પાર્કમાં સ્થિત પવનચક્કીના રખ-રખાવનું કામ કરનાર ગણેશ નામનો કામદાર એક પવનચક્કી પર ચડીને કામ કરી રહ્યો હતો, ત્યારે અકસ્માતે ઊંચાઇએથી નીચે પડી જતાં સારવાર મળે તે અગાઉ હતભાગીનું ગંભીર ઇજાઓને પગલે મૃત્યુ થયું હતું. ■

# પાલનપુરથી ભુજ તરફ આવતી માલગાડીના ડબ્બા એકાએક છૂટા પડયા: સદ્‌ભાગ્યે મોટી દુર્ઘટના ટળી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: પાલનપુરથી ભુજ આવી રહેલી માલવાહક ટ્રેનના ડબ્બા અચાનક છૂટા પડી જતાં સૌના શ્વાસ અધ્ધર થયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, ગત સાંજના અરસામાં દિયોદર તાલુકાના ધનકવાડા નજીક ફાટક નંબર ૫૪ પાસે પાલનપુરથી ભુજ આવી રહેલી માલવાહક ટ્રેનના રિંગ અલગ થઇ જતાં ડબ્બા ઓચિંતા છૂટા પડી ગયા હતા.

જો કે પાયલોટે સમયસર ટ્રેનને થોભાવી દેતાં મોટી દુર્ઘટના થતી સહેજમાં અટકી હતી. ઘટનાસ્થળે દોડી ગયેલા અધિકારીઓએ અલગ પડી ગયેલા ડબ્બાને ફરી પાછા જોઈન્ટ કરીને તેને ભુજ તરફ રવાના કરી દેવાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■